# તરાવીહ ટૂંકસાર

લે. મૌલાના મુહિયુદ્દીન અય્યૂબી

● અનુવાદ ●

અનવર ખાન એસ. બલૂચ

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રસ્તાવના | ૫ |
| પ્રથમ તરાવીહ | ૬ |
| બીજી તરાવીહ | ૯ |
| ત્રીજી તરાવીહ | ૧૩ |
| ચોથી તરાવીહ | ૧૭ |
| પાંમી તરાવીહ | ૨૧ |
| છઠ્ઠી તરાવીહ | ૨૫ |
| સાતમી તરાવીહ | ૨૯ |
| આઠમી તરાવીહ | ૩૩ |
| નવમી તરાવીહ | ૩૭ |
| દસમી તરાવીહ | ૪૧ |
| અગિયારમી તરાવીહ | ૪૫ |
| બારમી તરાવીહ | ૪૯ |
| તેરમી તરાવીહ | ૫૪ |
| ચૌદમી તરાવીહ | ૫૮ |
| પંદરમી તરાવીહ | ૬૩ |
| સોળમી તરાવીહ | ૬૮ |
| સત્તરમી તરાવીહ | ૭૨ |
| અઢારમી તરાવીહ | ૭૭ |
| ઓગણીસમી તરાવીહ | ૮૧ |
| વીસમી તરાવીહ | ૮૫ |
| એકવીસમી તરાવીહ | ૯૦ |
| બાવીસમી તરાવીહ | ૯૪ |
| ત્રેવીસમી તરાવીહ | ૯૮ |
| ચોવીસમી તરાવીહ | ૧૦૩ |
| પચ્ચીસમી તરાવીહ | ૧૦૭ |
| છવ્વીસમી તરાવીહ | ૧૧૨ |
| સત્તાવીસમી તરાવીહ | ૧૧૬ |

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# પ્રસ્તાવના

حٰمٓ ۚ تَنْزِيلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيمِ

**આ રહમાન અને રહીમ અલ્લાહની તરફથી નાઝિલ કરવામાં આવેલ કિતાબ છે.**

અલ્લાહનો આ કલામ કુર્આનમજીદ માહે રમઝાનની એક બરકતવંતી રાત "શબેકદ્ર"માં અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ પર નાઝિલ થવું શરૂ થયું. કુર્આનનું નાઝિલ થવું જ આપ ﷺ ને નબુવ્વત અર્પણ કરવાની ઘોષણા હતી.

આ જ તે કિતાબ છે જે આ દુનિયાના અસ્ત સુધી તમામ માનવો માટે માર્ગદર્શન અને શિખામણ છે, આ જ તે જીવંત સંદેશ છે જેને પાછળના યુગોમાં સહાબા રદિ. અને તાબઈન રહ. તેમજ ઉમ્મતના દાઈ પુરુષો અને સ્ત્રીઓએ પોતાની જીભ અને કલમ તેમજ પોતાના અમલ અને કિરદારથી લોકો સુધી પહોંચાડ્યો.

અલ્લાહના અંતિમ રસૂલ ﷺ ની અંતિમ વસિયતોમાં એક આ છે કે "તમે બે ચીજોને પકડી રાખશો તો ક્યારેય ગુમરાહ નહીં થાવ. એક અલ્લાહની કિતાબ અને બીજી મારી સુન્નત". ઉમ્મુલ મો'મિનીન હઝરત આયશા સિદ્દીકા રદિ.થી આપ ﷺ ના મૃત્યુ પછી કોઈકે પૂછ્યું કે આપ ﷺના અખ્લાક અને મામલાત કેવા હતા? હઝરત આયશા રદિ.એ ફરમાવ્યું કે, શું તમે કુર્આન નથી વાંચ્યું? આપ ﷺ સંપૂર્ણ કુર્આન હતા. આપ ﷺ ના અખ્લાક, આદતો, પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ તથા મામલાત કુર્આનનો નમૂનો અને તેનું અમલી અર્થઘટન હતું. કોઈ કામ, કોઈ મામલો, કોઈ કરાર, કોઈ વાતચીત અને કોઈ સમસ્યા એવી ન હતી જે વિષે આપ ﷺ કુર્આનની હિદાયત મુજબ વર્ત્યા ન હોય.

આ જ તે માર્ગદર્શન અને મજબૂત રસ્સી છે જેને પકડી રાખવાનો આદેશ અલ્લાહે આપ્યો છે અને જેની વસિયત આપ ﷺ એ કરી છે. "બધા ભેગા મળીને અલ્લાહની રસ્સીને મજબૂત પકડી રાખો અને વિખવાદમાં ન પડો." મજબૂત પકડી રાખવાનો અર્થ જ એ છે કે આપણે તેને પઢીએ, સમજીએ, તેના ઉપર અમલ કરીએ અને તેને ખુદાના બંદાઓ સુધી પહોંચાડીએ, અને આ જ રીતે એકમાત્ર માધ્યમ છે જેના દ્વારા આ ઉમ્મતને વિખવાદ અને કુસંપથી ન માત્ર બચાવી શકાય છે બલ્કે વર્તમાન પડતી અને પતન તેમજ દુર્દશામાંથી બહાર પણ કાઢી શકાય છે.

વિખ્યાત ઈસ્લામી શાયર અલ્લામા ઈકબાલ કેટલી હૃદયપૂર્વક વાત કહી ગયા,

## વો ઝમાનેમેં મોઅઝ્ઝિઝ થે મુસલમાં હોકર
## ઔર તુમ ખ્વાર હુએ તારિકે કુરઆં હોકર

જ્યારથી આ ઉમ્મતે કુર્આનને સમજીને પઢવાનું અને તેના ઉપર અમલ કરવાનું છોડી દીધું ત્યારથી તે અપમાનિત અને બર્બાદ થતી ગઈ અને હજુ થઈ રહી છે. આવો! આજથી આપણે એ વાતની પ્રતિજ્ઞા લઈએં કે અલ્લાહની આ કિતાબને મજબૂત રીતે પકડી રાખીશું, તેને સમજીને પઢીશું અને તેના ઉપર અમલ કરવાનો માહોલ બનાવીશું. પોતે પણ તેના ઉપર અમલ કરીશું અને અલ્લાહના બીજા બંદાઓ, આપણા દેશબંધુઓ સુધી તેને પહોંચાડીશું - તેમજ આપણા વંશ-વારસાઓને તેની તાલીમ મુજબ જ આગળ વધારીશું અને તેમને કુર્આનના હાફિઝ અને સંરક્ષક બનાવીશું.

માનનીય ભાઈ-બહેનો! આપ જાણો છો કે અલ્લાહના આખરી રસૂલ ﷺ પાસે હઝરત જિબ્રઈલ અ.સ. દર વર્ષે રમઝાન માસમાં ખાસ આવતા હતા. તેઓ આપ ﷺને કુર્આન સંભળાવતા અને આપ ﷺ હઝરત જિબ્રઈલ અ.સ.ને કુર્આન સંભળાવતા. આ જ રીતે આપ ﷺ એ ઉમ્મતને કુર્આન સાંભળવા અને સંભળાવવાની વ્યવસ્થા કરી, અને આપણા માટે તરાવીહની નમાઝની વ્યવસ્થા ઊભી કરવામાં આવી. જેના દ્વારા આપણે રમઝાનમાં કુર્આને હકીમને હાફિઝ સાહેબોથી દરરોજ તરાવીહમાં સાંભળીએ છીએ. તેનો ખરો હેતુ એ જ છે કે તે માર્ગદર્શક ગ્રંથ જેના ઉપર આપણે જીવનભર અમલ કરવાનો છે. વર્ષમાં એકવાર ઓછામાં ઓછું પૂરી રીતે દોહરાવી લઈએ. અને આ સાંભળવું ત્યારે જ લાભદાયક થઈ શકે છે જ્યારે આપણે તેને સમજવાનો પ્રયત્ન કરીએ.

આ મહાન ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આ એક નાનકડો પ્રયત્ન છે કે જેટલું કુર્આન દરરોજ તરાવીહમાં આપણે સાંભળીએ તેનો ટૂંકસાર આપણી પોતાની ભાષામાં થોડીક જ મિનિટોમાં આપણા સામે આવી જાય, જેથી હવે આ આપણી જવાબદારી છે બલ્કે ફરજ છે કે તરાવીહની નમાઝ પછી થોડા સમય રોકાઈને આ ટૂંકસારને સાંભળી લઈએ કે આપણા રબે આપણા માટે શું સંદેશ અને માર્ગદર્શન આપ્યું છે અને તે કઈ ચાવી છે જે આપણને દુનિયામાં ઈઝ્ઝત અને સર્વોચ્ચતા અર્પણ કરી શકે છે અને આપણે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આખિરતમાં સફળતા મેળવી શકીએ છીએ.

અલ્લાહ તઆલા સાચા અર્થમાં આપણને કુર્આન વાંચવા, સમજવા અને તેના ઉપર અમલ કરવાની પ્રેરણા અને તૌફીક અતા કરે. આમીન.! ●

ચેરમેન
ઈસ્લામી સાહિત્ય પ્રકાશન

# પ્રથમ તરાવીહ

આજની પ્રથમ તરાવીહમાં પ્રથમ સવા પારો પઢવામાં આવશે જે મોટેભાગે બીજા પારાના ૧/૪ ઉપર પૂરો થશે. એટલે કે સૂર:બકરહની ૧૭૬મી આયત ઉપર.

પ્રથમ સૂર:ને સૂર:ફાતિહા કહેવામાં આવે છે, અને આ સૂર: નમાઝની દરેક રકાતમાં પણ પઢવામાં આવે છે. વાસ્તવમાં આ એક દુઆ છે એના માટે જે આ ગ્રંથનું અધ્યયન શરૂ કરી રહ્યો છે. આમાં સૌ પ્રથમ અલ્લાહના મહત્ત્વના ગુણો ખાસ કરીને તમામ જગતોના રબ હોવા, સૌથી વધુ રહમાન (દયાળુ) અને રહીમ (કૃપાળુ) હોવા તેમજ સાથોસાથ ન્યાય કરનારની હેસિયતથી પ્રશંસા કરવામાં આવી છે અને તેના ઉપકારો અને ને'અમતોનો આભાર પણ માનવામાં આવ્યો છે. પછી પોતાની બંદગી અને વિનમ્રતાનો સ્વીકાર કરતાં તેનાથી જીવનના મામલાઓમાં સીધા માર્ગની હિદાયત માગવામાં આવી છે જે હંમેશાથી તેના ઈનામ-પ્રાપ્ત અને પ્રિય બંદાઓને પ્રાપ્ત રહી છે અને તેનાથી માત્ર એ લોકો જ વંચિત હોય છે, જેમણે તેના માર્ગને છોડી દીધો છે અથવા તેની કોઈ પરવા જ નથી કરી.

બીજી સૂર: બકરહ અલિફ લામ મીમથી શરૂ થાય છે જેમાં દુઆનો જવાબ આપવામાં આવ્યો છે કે અલ્લાહે સીધો માર્ગ બતાવવા માટે આ ગ્રંથનું ઉતરાણ કરી દીધું છે. તેમાં કોઈ જ શંકા-કુશંકાને સ્થાન નથી. પછી જણાવ્યું કે અલ્લાહ સમીપ માનવીના ત્રણ પ્રકાર છે. એક એ જે આ ગ્રંથ ઉપર ઈમાન લાવે અને તેના આદેશોનું આજ્ઞાપાલન કરે, એટલે કે નમાઝ કાયમ કરે, અલ્લાહના માર્ગમાં પોતાનું ધન ખર્ચ કરે, કુર્આન અને તેના પહેલાના ગ્રંથો ઉપર ઈમામ લાવે ચાહે એ બાહ્ય કે ભૌતિક રીતે તેને જાણી શકાય કે ન જાણી શકાય. જેમકે દોઝખ, ફરિશ્તાઓ, આખિરત અને બીજા ન જોયલા (ગેબી) સત્યો જે એ ગ્રંથોમાં વર્ણવાયા હોય, આ લોકો મો'મિન છે અને આ જ લોકો આ ગ્રંથથી ખરો લાભ ઉઠાવી શકશે.

બીજા એ લોકો છે જેઓ આ ગ્રંથનો હઠધર્મીપૂર્વક ઇન્કાર કરે, આ કાફિરો છે. ત્રીજા પ્રકારના એ લોકો છે જેઓ સામાજિક દબાણ કે દુન્યવી લાભો ખાતર પોતાને મુસલમાન કહેવડાવે છે પરંતુ હૃદયથી ઇસ્લામના મૂલ્યોને નથી માનતા,

બલ્કે ઈસ્લામના બળવાખોરો અને ઇન્કારીઓ પ્રત્યે ઝુકાવ ધરાવે છે. આ રીતે ઈસ્લામના માર્ગમાં અડચણો અને હરામ તથા નાજાઈઝ વાતોથી બચવાને કારણે પહોંચનારા જાહેરી નુકસાનોથી ડરી જઈને શંકા-કુશંકામાં પડેલા છે. આ બંને વર્ગો પોતાને બેવડા લાભમાં સમજે છે જો કે તેઓ સંપૂર્ણપણે નુકસાનમાં છે.

પછી તમામ માનવોને સંબોધીને તેમને કુર્આન પર ઈમાન લાવવાનું આમંત્રણ આપવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે પોતાને પેદા કરનાર અને ઉછેર કરનાર માલિક અને સ્વામીની બંદગી અપનાવો.

ગુમરાહીનું સૌથી મોટું કારણ આ જણાવાયું કે જે લોકો અલ્લાહથી કરેલ કરારનો ભંગ કરે છે અને જે સંબંધોને જોડવાનો હુકમ ખુદાએ આપ્યો છે તેમને કાપે છે અને એ કામ કરે છે જેનાથી માનવી નેકીને બદલે બૂરાઈ તરફ ચાલી નીકળે છે. આવા જ લોકો વાસ્તવમાં ફસાદી છે અને તેમનું ઠેકાણું જહન્નમ છે.

ત્યાર પછી માનવીની અસલ હેસિયતને સ્પષ્ટ કરવામાં આવી કે અલ્લાહતઆલાએ તેને પોતાના ખલીફા (નાયબ)ની હેસિયતથી પેદા કર્યો છે અને તેને દુનિયાની દરેક વસ્તુ વિષે જરૂરી જ્ઞાન, સમજ અને કાબેલિયત અર્પીને તમામ સર્જનો ઉપર શ્રેષ્ઠતા આપી છે. આ શ્રેષ્ઠતાનો ફરિશ્તાઓ અને તેમના દ્વારા બીજા સર્જનોએ એકરાર કર્યો પરંતુ શેતાને ગર્વ અને ઘમંડમાં આવીને ઇન્કાર કરી દીધો એટલા માટે એ ખુદાને ત્યાં તિરસ્કૃત થયો. પછી આદમ અને હવ્વાને જન્નતમાં રાખવાનો ઉલ્લેખ છે જેથી માલૂમ થાય છે કે મૂળ જગ્યા આદમની સંતાનની આ જ છે, પરંતુ શેતાનના ફરેબથી વાકેફ કરવા માટે અલ્લાહતઆલાએ આદમ અને હવ્વાને અજમાયશ માટે એક કાર્યથી મના કર્યા. પરંતુ બંને શેતાનના બહેકાવાથી અલ્લાહના આદેશને ભુલાવી બેઠા અને એ કાર્ય કરી બેઠા જેનાથી રોક્યા હતા. અલ્લાહે શેતાન અને આદમ-હવ્વા ત્રણેયને દુનિયામાં મોકલી દીધા અને ફરમાવ્યું કે અલ્લાહ તરફથી વારંવાર તેના રસૂલ હિદાયત (માર્ગદર્શન) લઈને આવતા રહેશે, જે એ હિદાયત ઉપર ચાલશે એ જ સફળ થઈને ફરીથી એ જ જગ્યાએ પાછા આવશે અને જે ઇન્કાર કરશે એ શેતાનની સાથે દોઝખનું ઈંધણ બનાવી દેવાશે.

આ પછી એ સમયના બે મોટા ધાર્મિક વર્ગો તરફ ધ્યાન દોરવામાં આવ્યું કે યહૂદી અને ઈસાઈ (ખ્રિસ્તી), જેમને કુર્આનથી પહેલાં તૌરાત અને ઇન્જીલ આપવામાં આવ્યા હતા, તેમણે (શેતાનના અનુસરણમાં) દુનિયાના ક્ષણિક

લાભો અને પોતાની મનેચ્છાઓ પૂરી કરવા માટે અલ્લાહની હિદાયતમાં વધારો-ઘટાડો કરી નાખ્યો, ગ્રંથોમાં ફેરફાર કરી નાખ્યો અને હવે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની રિસાલત અને કુર્આનને અલ્લાહનો ગ્રંથ માનવાનો ઇન્કાર કરે છે અને કહે છે કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ બની ઈસ્માઈલમાં જન્મ્યા છે એ કારણે અમે નથી માનતા. બની ઈસ્હાકમાં જન્મ્યા હોત તો અવશ્ય માની લેતા. આમ એ લોકોએ ખુદાના દીનને પણ વંશનો પાબંદ બનાવી દીધો એટલા માટે તેઓ અલ્લાહના ગઝબના હક્કદાર ઠર્યા. ત્યારબાદ તેમના બીજા ગુમરાહ કરનારા અકીદાઓનો ઉલ્લેખ કર્યો અને મુસલમાનોને ચેતવણી આપી કે તેમના જેવી હરકતો ન કરે નહિંતર તેઓ પણ ગુમરાહ થઈ જશે અને કુર્આનથી કોઈપણ હિદાયત નહીં મેળવી શકે.

હઝરત મૂસા અ.સ. અને તેમની કોમના અનેક મહત્ત્વના બનાવો વર્ણવવામાં આવ્યા છે કે કઈ રીતે અલ્લાહે તેમને પોતાના ઈનામોથી નવાજ્યા, પરંતુ તેઓ વારંવાર અપકારી, ખોટી દલીલો કરનારા અને દંભી પુરવાર થતા રહ્યા અને અલ્લાહના આદેશોને વિવિધ બહાનાઓથી ટાળતા રહ્યા. અંતે અલ્લાહે તેમને અઝાબ (પ્રકોપ)માં પકડી લીધા.

તમામ માનવોની હિદાયત માટે ગ્રંથવાળાઓ (યહૂદી અને ખ્રિસ્તી બંને)ના એક મહત્ત્વના રોગનો ઉલ્લેખ કરાયો છે કે તેઓ એકબીજાની મુક્તિના ઇન્કારી બની ગયા છે. યહૂદીઓ કહે છે કે ખ્રિસ્તીઓનો કોઈ પાયો નથી અને ખ્રિસ્તીઓ કહે છે કે યહૂદીઓનો કોઈ આધાર નથી. આ રીતે મુશ્રિકો પણ સમજ્યા-વિચાર્યા વિના આ વાત કહે છે કે બસ અમે જ હક (સત્ય) ઉપર છીએ અને અમારા સિવાય બધા અસત્ય પર છે. જો કે મુક્તિ-પ્રાપ્તિ માટે જન્નતના હકદાર હોવા માટે ઈસ્માઈલ અ.સ.ના વંશમાં હોવું, યહૂદી કે ઈસાઈ હોવું શરત નથી, બલ્કે શરત આ છે કે વ્યક્તિ એક તો "મુસ્લિમ" અર્થાત્ ખુદાની આજ્ઞાપાલક બને અને બીજું કે "મોહસિન" (ઉપકારક) બને અર્થાત્ નિયત અને અમલ બંનેમાં નિખાલસતા અને ઉપકારનો ગુણ તેનામાં જોવા મળે.

દીનને વડવાઓના વંશથી સંલગ્ન સમજવાને રદિયો આપતાં ભારપૂર્વક ફરમાવ્યું કે હઝરત ઇબ્રાહીમ અ.સ. અને ઈસ્માઈલ અ.સ બંને ખુદાના પૈગમ્બર હતા અને હઝરત ઈબ્રાહીમ અ.સ.ને જે ઉચ્ચ દરજ્જો

મળેલ હતો એ વંશ કે વારસાને કારણે મળ્યો ન હતો બલ્કે અલ્લાહે વિવિધ અજમાયશોમાં તેમને નાખ્યા હતા અને જયારે તેઓ તેમાં સફળ રહ્યા તો તમામ ઇન્સાનોની ઇમામત અને આગેવાનીનો હોદ્દો ઇનામ રૂપે એનાયત કર્યો અને ભવિષ્ય માટે પણ આ જ નિયમ નક્કી કર્યો કે આ હોદ્દો વારસામાં નહીં બલ્કે તેને લાયક હોવાની શરત સાથે મળશે. આ પ્રસંગે તેમના હાથે કા'બાતુલ્લાહના નિર્માણ (રચના)નું વર્ણન પણ કર્યું અને જણાવ્યું કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ આ પ્રસંગે તેમણે માગેલી દુઆનું પ્રગટીકરણ અને હવે કયામત સુધી ઇન્સાનોની હિદાયત, તાલીમ "તઝકિયા" માટે મોકલવામાં આવ્યા છે અને આ જ કારણે હવે બૈતલ મકદિસની હેસિયત ખતમ કરાઈ રહી છે અને કા'બતુલ્લાહને કિબ્લા ઠેરવવામાં આવે છે.

આ પછી ૧/૪ પારાના સમાપન સુધી તૌહીદનો વિષય વર્ણવામાં આવ્યો છએ જે દીનનો મૂળ પાયો છે. એટલે કે અલ્લાહ સિવાય કોઈપણ "ઉલૂહિયત" અને ખુદાઈ ગુણો નથી ધરાવતો. એ જ એકલો તમામ શક્તિઓનો માલિક અને સમગ્ર ભલાઈનો સ્રોત છે. અને પછી સૃષ્ટિ બનાવીને ક્યાંય કોઈ ખૂણામાં બેસી નથી ગયો બલ્કે તેનો વહીવટ પોતે જ ચલાવી રહ્યો છે અને જે રીતે સમગ્ર સૃષ્ટિ એક વ્યવસ્થિત અને પરસ્પર જોડાયેલ વ્યવસ્થાને તાબે છે એ જ રીતે માનવોની હિદાયત માટે તેણે પોતાના આદેશોની એક ગોઠવણ કરી દીધી છે અને તેને પોતાના રસૂલો અને ગ્રંથો દ્વારા માનવો સુધી મોકલ્યા છે. અને એ એક જ ખુદા દરેક યુગ માટે એક ગ્રંથ, એક રસૂલ, અને આદમની સંતાન તમામ માનવો માટે એક જ વિચારસરણી અને અમલની વ્યવસ્થા મોકલતો રહ્યો છે.

આ તૌહીદની સંપૂર્ણ વ્યવસ્થાને જેમાં ખાવા-પીવાથી લઈને સમજૂતી અને યુદ્ધ, કતલ થનારાઓના કિસાસ અને મૃત્યુ પછી લોકોના વારસાની વહેંચણી સુદ્ધાંના આદેશો આપ્યા છે. સ્વીકારી લો... અલ્લાહે આ ગ્રંથ હક (સત્ય) સાથે ઉતાર્યો છે અને જે લોકોએ આ ગ્રંથની બાબતમાં મતભેદ કર્યો એ વિરોધમાં ખૂબ જ દૂર નીકળી ગયા. ●

# બીજી તરાવીહ

આજે બીજા પારહની ૧/૪થી આગળ ત્રીજા પારાના અડધા સુધી તિલાવત કરવામાં આવી. કાલની તરાવીહમાં પઢાયેલ ભાગ તૌહીદના વિષય ઉપર સમાપ્ત થયો હતો. આજે તૌહીદના જરૂરી તકાદાઓ અને માનવીય જીવનમાં તેમના તમામ પરિણામોને સ્પષ્ટ કરવા માટે બતાવવામાં આવ્યું છે કે ખુદાની સાથે વફાદારી અને નેકીનો હક પૂર્વ અને પશ્ચિમ ભણી મોઢું કરીને નમાઝ પઢી લેવામાં અદા નહીં થાય, જેવું કે ગ્રંથવાળાઓએ સમજી લીધું છે. બલ્કે ઈમાનિયાત એટલે કે અકીદાઓના ખરા હોવાની સાથોસાથ અલ્લાહના માર્ગમાં સગા-સંબંધીઓ, અનાથો, મિસ્કીનો, મુસાફરો, કરજદારો અને કેદીઓની મદદ કરવી, નમાઝ કાયમ કરવી અને ઝકાત આપવી, પરસ્પરના કરારોને પુરા કરવા અને મુસીબતના સમયે, તંગીમાં, દુ:ખ, બીમારીમાં અને જ્યારે ખુદાના દુશ્મનો હુમલો કરે તો ધૈર્ય અને દ્દઢતાથી કામ લેવું, આ છે અસલ દીન, સત્ય અને તકવા (સંયમ). જે આવો નમૂનો કાયમ કરે તેઓ જ ખરા અર્થમાં દીનદાર, સાચા અને સંયમી છે. પછી આ બતાવ્યું કે એકબીજાના જાનમાલનો આદર કરવો પણ નેકી અને સંયમનો ભાગ છે. આથી કાતિલ (હત્યારો) સમાજનો સૌથી મોટો શત્રુ છે અને તેનો કિસાસ (આર્થિકદંડ) સૌના માથે છે. તેમાં જ સમાજનું જીવન છે. એ જ રીતે અશક્તોનો હક પચાવી પાડવો અને શક્તિશાળીઓનું ધ્યાન રાખવું એ જુલ્મ છે, બલ્કે નિર્બળ લોકોને તેમનો હક આપવો જોઈએ અને અપાવવો જોઈએ. વારસાના મામલા અને વસિયતને પૂરી કરવી જોઈએ. આના પછી રોઝાઓની શ્રેષ્ઠતાનો ઉલ્લેખ થયો અને તેના આદેશો બતાવાયા છે. અહીં રોઝાઓનું વર્ણન ઈબાદત, નમાઝ અને ઈન્ફાક સાથે નથી થયું બલ્કે મામલાઓ સાથે કરવામાં આવ્યું છે. આનાથી જણાય છે કે રોઝા વાસ્તવમાં ઈમાનવાળાઓને પોતાના જીવનના મામલા ન્યાય, અહેસાન અને સંયમ સાથે અદા કરવાનું પ્રશિક્ષણ આપે છે અને વ્યક્તિને લાલચ, લોભ અને આવી બીજી બૂરાઈઓથી બચવાનું શીખવે છે. આ જ પ્રસંગે લાંચ-રૂશ્વતની બૂરાઈ વર્ણવાઈ અને જણાવાયું કે હાકેમ-અધિકારીઓને રૂશ્વતની ચાટ સૌ પ્રથમ સમાજના લોકો જ લગાવે છે આથી તેમણે પોતાના પર કાબૂ રાખવો જોઈએ. પછી હજ્જ અને જેહાદનું વર્ણન કર્યું. કેમકે રોઝા ધૈર્ય શીખવે છે અને હજ્જ તથા જેહાદ પણ ધૈર્યના ઉચ્ચ પ્રકાર છે.

કેટલાક લોકો હજ્જને ફક્ત પોતાની દુનિયા બનાવવાનું સાધન-માધ્યમ બનાવી લે છે અને આખેરતના કામથી તેમના હૃદય ખાલી હોય છે. આથી ફરીથી દંભનો ઉલ્લેખ કર્યો કે જે લોકો દુનિયાના આટલા ઇચ્છુક હોય કે હજ્જની દુઆઓમાં પણ પોતાની દુનિયા જ બનાવવાની કોશિશ કરે તો તેઓ દંભી જ હોઈ શકે છે. આ દંભીઓ ઈમાન અને ઇસ્લામના ખૂબ જ દાવા કરે છે, પોતાને ઇસ્લામ અને મિલ્લતના શુભેચ્છક બતાવે છે પરંતુ સત્યના સૌથી ખરાબ દુશ્મન હોય છે. નિશાની આ છે કે જ્યારે આ લોકો જીવનના મામલા અંજામ આપે છે અથવા કોઈ જવાબદારી ઉપર નિયુક્ત કરાય છે તો પોતાના કર્મોથી સમાજમાં ફસાદ ફેલાવે છે, લોકોના હક મારે છે અને જ્યારે તેમને ટોકવામાં આવે છે તો હઠધર્મી સાથે અત્યાચાર પર દૃઢ રહે છે. તેમની સરખામણીમાં ઈમાનવાળા પોતાના નફસ (મનેચ્છા)ને ખુદાના હાથે વેચી દે છે અને તેની જ પ્રસન્નતા મેળવનારા કાર્યો કરે છે. હે ઈમાનવાળાઓ તમે પણ દંભીઓ જેવા ન થઈ જાવ બલ્કે ઇસ્લામમાં પૂરેપૂરા દાખલ થઈ જાવ (અને પોતાના જીવનનો કોઈપણ ભાગ તેનાથી બહાર ન રાખો). તમારો આદિકાળનો દુશ્મન શેતાન તમારી તાકમાં છે. તેનાથી સાવધ રહી જીવન ગુજારો ક્યાંક એ તમને બહેકાવવામાં સફળ ન થઈ જાય. આ પ્રસંગે શરાબ અને જુગારની મનાઈ ફરમાવવામાં આવી અને જણાવાયું કે જો કે તેમાં થોડાક ફાયદા પણ છે પરંતુ તેમના નુકસાન જે સમાજને પહોંચે છે એ તેમના લાભોથી વધારે છે. આમ શરીઅતની પ્રકૃતિ બતાવવામાં આવી કે જો કોઈ કામમાં નફા કરતાં નુકસાનનું પાસું (ખાસ કરીને નૈતિક દૃષ્ટિએ) વધુ હોય તો એ શરીઅતમાં પ્રતિબંધિત છે.

લોકોએ રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને પૂછ્યું કે અલ્લાહના માર્ગમાં કેટલું ખર્ચ કરીએ? જવાબ આપવામાં આવ્યો કે પોતાની અને બાળકોની જરૂરીયાતથી વધારે જે પણ બચી જાય એ બધું ખુદાનું છે અને તેના જ માર્ગમાં ખર્ચ કરી દેવું જોઈએ. પછી લગ્ન-વિવાહ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું કે સગપણ કાયમ કરવા (સ્થાપવા)માં દીનને મૂળ સ્થાન મળવું જોઈએ. ચાહે દીનદાર સ્ત્રી કે પુરૂષ (દીનદાર વિહોણાથી) દરજ્જા એટલે કે statusમાં નિમ્ન હોય. પછી સ્ત્રીઓની પાકી-નાપાકી અને તેમના સાથે વર્તનની બાબતો બતાવાઈ. એ જ રીતે નિકાહ અને તલાકના આદેશો જણાવતાં કહ્યું કે આ બધું અલ્લાહની નક્કી કરેલી હદો છે. તેમની સુરક્ષા ઈમાનનો તકાદો છો. આ જ રીતે બાળકોને ધવડાવવું કે ધવડાવવાના આદેશો, પતિના મૃત્યુની ઈદ્દત અને નિકાહ કરતી વખતે મહેરના

પ્રશ્નની ચર્ચા કરવામાં આવી અને એ તમામ સામાજિક આદેશોનું સમાપન આના પર કરાયું કે નમાઝની હિફાઝત કરો. એટલે સુધી કે પ્રવાસ અને ભયની સ્થિતિમાં પણ 'કસ્ર' નમાઝને છોડો નહીં. વાસ્તવમાં નમાઝ જ માનવીમાં ખુદાનું સંપૂર્ણ આજ્ઞાપાલન અને નિખાલસતા તેમજ વફાદારીની લાગણીને ઉછેરે છે.

યહૂદીઓના ઈતિહાસની એક ઘટના વર્ણવતાં જણાવ્યું કે ખુદાની યાદથી ગફલતે તેમને બુઝદિલ (દરપોક) બનાવી દીધા હતા. અને તેઓ એક પ્રસંગે ઘણી મોટી સંખ્યામાં હોવા છતાં પોતાના શત્રુઓથી ડરી જઈને નાસી છૂટ્યા અને આ રીતે તેમણે પોતાનું નૈતિક અને રાજકીય મૃત્યુ વ્હોરી લીધું. જાણે કે મુસલમાનોને બતાવ્યું કે મક્કાથી મદીના હિજરત શત્રુઓની બીકથી નહીં બલ્કે ઈસ્લામને બચાવવા અને પછી ફેલાવવા માટે છે. આથી આ જ કાર્ય સહાબાએ કિરામ રદિ.એ કર્યું. આ રીતે કયામત સુધી મુસલમાનોને માર્ગ બતાવ્યો કે તેમણે પણ ક્યારેક હિજરત કરવી પડે તો ઈસ્લામને કાયમ કરવાનું ધ્યેય નજરોથી અદશ્ય થવું ન જોઈએ. સાથે જ વિસ્તારપૂર્વક બની ઈસરાઈલની એક લડાઈનો કિસ્સો વર્ણવવામાં આવ્યો જે તાલૂત અને જાલૂતમાં થઈ હતી. આમ મુસ્લિમોને બતાવાયું કે તેમણે પણ આ જ તબક્કાઓમાંથી પસાર થવું પડશે. ખુદાને ત્યાં કામ આવનારી અસલ વસ્તુ તેની રાહમાં જાન અને માલની કુર્બાની છે. અલ્લાહે પોતાના ગ્રંથ અને પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મારફત ખુદાપરસ્તીનો રાહ બતાવી દીધો. હવે જેનું મન ચાહે એ અલ્લાહ સિવાયનાઓથી કપાઈને અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી લે અને જેનું મન ચાહે એ પોતે ઘડી કાઢેલા ખોટા આશ્રયોને પકડી રાખે અને પોતાની આખેરત બરબાદ કરી લે. પછી વ્યાજને હરામ કરવાનું એલાન કર્યું. કારણ કે વ્યાજુ-વ્યવસ્થા લોકોમાં દુનિયા પરસ્તી (ભૌતિકવાદ) અને ધન-પૂજાની ભાવના પેદા કરે છે. આથી જો સમાજમાં નેકીઓ (ભલાઈઓ) ફેલાવવી, ખુદાતરસી અને બંદાઓની ઈમ્દાદની વ્યવસ્થા લાવવી હોય તો વ્યાજુ-વ્યવસ્થા ખતમ કરવી પડશે. સૂરઃને એ જ જાણીતી દુઆ ઉપર સમાપ્ત કરવામાં આવી જે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને મે'રાજની રાત્રે શીખવાડવામાં આવી હતી. તેમાં મગફિરતની સાથે જ કાફિરોના મુકાબલામાં મદદ ફરમાવવાની દુઆ પણ કરવામાં આવી છે.

આ પછી ત્રીજી સૂરઃ આલે ઈમરાનના બે રુકૂઅ છે. આમાં બતાવાયું છે કે યહૂદી અને ખ્રિસ્તીઓએ અલ્લાહ તરફથી અવતરિત થયેલ ગ્રંથોમાં મતભેદ સર્જીને

મૂળ હકીકતને ગુમ કરી દીધી. હવે અલ્લાહે એ જ ખોવાયેલ હકીકતને સ્પષ્ટ કરવા માટે કુર્આન ઉતાર્યું છે જેનાથી લોકો મતભેદોની ભૂલ-ભુલામણીમાંથી નીકળીને હિદાયતના ધોરી માર્ગ પર આવી જાય. હવે જે લોકો આ ગ્રંથનો ઈન્કાર કરી દે તેમને માટે અલ્લાહને ત્યાં ભારે અઝાબ છે.

પછી અલ્લાહે એ રુકાવટોનો ઉલ્લેખ કર્યો જે કુર્આન અને તેના માનનારાઓ વચ્ચે શેતાન ઊભી કરી છે. અર્થાત્ દુનિયાની દિલચસ્પીઓ, સ્ત્રીઓ, પુત્રો, સોના-ચાંદીના ઢગલા, નિશાનવાળા ઘોડા, હથિયાર અને અન્ય પ્રાણીઓ વિ. પરંતુ આ બધી દુનિયાની ક્ષણિક વસ્તુઓ છે અને અલ્લાહ પાસે તેનાથી પણ ઘણી સારી વસ્તુઓ અને ઠેકાણું છે. જે લોકો તકવા (સંયમ) અપનાવશે તેમના માટે જન્નતો અને ખુદાની પ્રસન્નતા છે. આ એ લોકો છે જેઓ સબ્ર (ધૈર્ય) કરનારા, સાચા આજ્ઞાપાલક, ખુદાના માર્ગમાં ખર્ચ કરનારા અને સવારના તડકામાં પોતાના રબથી મગફિરતની દુઆઓ કરનારા છે. રહી ગયા કાફિર તો તેઓ દુનિયાની ધન-સંપત્તિ ઓલાદ અને શાન-શોકત વિ. તેમને ખુદાની પકડથી બચાવી નહીં શકે. તેમની હાલત એ જ થશે જે તેમનાથી પહેલાં ફિરઔન અને તેની કોમની થઈ. આ હકીકતનો પુરાવો તમને બદ્રના મેદાનમાં મળી ચૂક્યા છે કે હકનો પરચમ ઉઠાવનાર ૩૧૩ હતા અને તેમના મુકાબલે કાફિરો હજારથી પણ વધારે હતા. પરંતુ અલ્લાહે ફરિશ્તાઓથી ઈમાનવાળાઓની મદદ ફરમાવી હતી. આ ઘટનામાં સમજદાર લોકો માટે ઘણી મોટી નિશાનીઓ છે. •

# ત્રીજી તરાવીહ

આજે ત્રીજા પારા 'તિલ્કર્રુસુલ'ના અડધાથી ચોથા પારાના ૩/૪ રુકૂઅ સુધી તિલાવત કરવામાં આવી. સૂરઃઆલે ઈમરાન અહીં પૂરી થાય છે.

ગઈકાલની તરાવીહની છેલ્લી આયતોમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમથી કહેવડાવવામાં આવ્યું હતું કે "હે ગ્રંથવાળાઓ અને અન્ય ધર્મીઓ! હું અને મારા અનુયાયીઓ તો સાચા ઈસ્લામને દઢપણે માનનારા થઈ ચૂક્યા છીએ જે ખુદાનો અસલ દીન છે. હવે તમે જણાવો કે શું તમે પણ પોતાના અને પોતાના વડવાઓએ વધારેલા વધારાને ત્યજીને આ જ અસલ અને વાસ્તવિક દીન તરફ આવો છો?" દેખીતું છે કે હઠધર્મીઓ કોઈપણ રીતે પોતાનો તરીકો

છોડતા નથી. આથી ફરમાવ્યું કે જે લોકો અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા રહ્યા, તેના નબીઓને કત્લ કરતા રહ્યા અને એ લોકોના પ્રાણોના પણ દુશ્મન બની ગયા જેઓ લોકોમાં ન્યાયનું આમંત્રણ લઈને ઊઠ્યા. તો એવા લોકોને પીડાકારી અઝાબની ખુશખબરી આપી દો. આ લોકો પોતાના કરતૂકો ઉપર દુનિયામાં ગમે તેટલા ખુશ થતા રહે પરંતુ હકીકતમાં તો તેમના કર્મો અને કોશિશો બધું જ દુનિયા અને આખિરતમાં બરબાદ થઈ ગયા અને ખુદાની પકડથી તેમને બચાવનાર કોઈ નહીં હોય.

ગ્રંથવાળાઓના સતત ગુનહિત કૃત્યોનું કારણ આ બતાવાયું કે તેમના ઉપજાવી કાઢેલા અકીદાઓએ તેમને ગેરસમજમાં નાખીને ખુદાથી ન ડરનારા બનાવી દીધા છે. પછી મુસ્લિમોને ચેતવ્યા કે 'રાઝદારી'ની બાબતોમાં મો'મિનોને છોડીને કાફિરોને દોસ્ત ન બનાવો. સૌના માટે એલાન કરી દીધું કે હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ! ફરમાવી દો કે જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારૂં અનુસરણ કરો, અલ્લાહ પણ તમને દોસ્ત રાખશે, અને તમારા ગુનાહોને માફ કરી દેશે. બસ અલ્લાહનું આજ્ઞાપાલન કરો અને રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું અનુસરણ કરો. જો લોકો આનાથી ફરી જાય તો જ્ઞાત રહે કે અલ્લાહ કાફિરોને દોસ્ત નથી રાખતો.

પછી અલ્લાહે ખ્રિસ્તીઓની ગુમરાહી સ્પષ્ટ કરતાં હઝરત મરયમ અ.સ. અને હઝરત ઈસા અ.સ.ના ચમત્કારોને વર્ણવતા જણાવ્યું કે હઝરત ઈસા અ.સ.નો જન્મ પિતા વિના થયો એવો જ ચમત્કાર છે જેવો કે અલ્લાહે હઝરત આદમ અ.સ.ને મા-બાપ વિના પેદા કર્યા હતા. આ દલીલથી જણાયું કે જ્યારે હઝરત આદમ અ.સ. ખુદાઈમાં સામેલ નથી તો હઝરત મરયમ અને હઝરત ઈસા અ.સ.ને કઈ રીતે ખુદાઈમાં સામેલ કરો છો?

ગ્રંથવાળાઓ પર દલીલ પૂરી કર્યા બાદ ફરી તેમને આ રીતે ઈસ્લામનું આમંત્રણ આપવામાં આવ્યું કે "આવો આ કલમા ઉપર એકઠા થઈ જઈએ જે અમે અને તમે બંને માનીએ છીએ અને એ છે ખુદાની તૌહીદ..." જો તૌહીદનો ઈન્કાર કરો છો તો જાણે પાછલા ગ્રંથો અને નબીઓનો ઈન્કાર કરો છો. પછી ઈબ્રાહીમ અ.સ.નો હવાલો આપ્યો કે તેમને પોતાની ગુમરાહીઓમાં શા માટે સામેલ કરો છો. તેઓ ન તો યહૂદી હતા ન તો ઈસાઈ (ખ્રિસ્તી) હતા, બલ્કે સાચા અને એકાગ્ર મુસ્લિમ હતા. તૌરાત અને ઈન્જીલ તો એમના પછી આવી છે. હઝરત ઈબ્રાહીમ અ.સ.

સાથે સાચા સગપણ કે સંબંધોના હકદાર તો હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અને તેમનું અનુસરણ કરનારાઓ છે. કારણ કે એ જ લોકો તેમના દીનને લઈને ઊઠ્યા છે.

યહૂદીઓના કેટલાક પ્રપંચોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો જેથી મુસ્લિમો તેમના કાવતરાઓથી સાવધ રહે. તેમાંથી એક તો આ છે કે કેટલાક લોકો પહેલાં તો ઈસ્લામ અને મુસલમાનો ઉપર આક્ષેપો મૂકીને ઈસ્લામથી નીકળી જાય છે. તેમનો આખો ઈતિહાસ આ જ પ્રકારના પ્રપંચોથી ભરેલો પડયો છે.

યહૂદીઓના આલિમો અને નેતાઓને સંબોધીને કહેવામાં આવ્યું કે તમે પોતાની કોમની અંદર (ધાર્મિક) ભેદભાવને ઉશ્કેરો છો કે કોઈપણ ઈસરાયલી માટે જાઇઝ નથી કે ગેરઈસરાઈલીને નબી માને. જો કે અસલ માર્ગદર્શન તો અલ્લાહનું માર્ગદર્શન છે જેના ઈચ્છુક હોવું જોઈએ. ચાહે નબી બની ઈસ્હાકમાંથી આવે અથવા બની ઈસ્માઈલમાંથી. તમે જો સમજો છો કે કોઈને ઈજ્જત તમારા આપવાથી મળશે તો આ ખોટું છે. ઈજ્જત અને શ્રેષ્ઠતા અલ્લાહના હાથમાં છે જેને ચાહે આપે.

આ જ રીતે ખ્રિસ્તીઓ પર તેમના અકીદાની ભૂલ સ્પષ્ટ કરતાં સમજાવ્યું કે અલ્લાહે તમામ નબીઓથી આ વચન લીધું કે જ્યારે તમારી પાસે એક રસૂલ એ આગાહીઓનો નમૂનો બનીને આવે જે તમારી પાસે છે તો તમે એના પર ઈમાન લાવજો અને તેની મદદ કરજો. સૂરઃબકરહની જેમ સૂરઃઆલે ઈમરાનમાં પણ સ્પષ્ટતા કરવામાં આવી કે ખુદાની વફાદારીનો દરજ્જો માત્ર જૂઠી રસ્મ અને દેખાડાની દીનદારીથી પ્રાપ્ત નથી થતો. આથી મૂળ વસ્તુ આ છે કે ખુદાના માર્ગમાં એ વસ્તુઓમાંથી ખર્ચ કરો જે તમને પ્રિય છે.

ગ્રંથવાળાઓની ઝાટકણી કાઢવામાં આવી કે સીધો માર્ગ બતાવવા માટે તમો ખુદા તરફથી નિયુક્ત કરાયા હતા. આ કેટલા અફસોસની વાત છે કે તમે લોકો હવે તેનાથી રોકવા અને ભ્રષ્ટ કરવા માટે પોતાની કોશિશો કરી રહ્યા છો. બસ હવે તમને સસ્પેન્ડ કરવામાં આવે છે. અને આ અમાનત ઉમ્મતે મુહમ્મદિયા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને સોંપવામાં આવે છે. સાથે જ ઉમ્મતે મુહમ્મદિયા સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનને ખુશખબરી આપવામાં આવી કે ગ્રંથવાળા તમારા વિરોધમાં ગમે તેટલું જોર લગાવી લે તમારૂં કંઈપણ બગાડી નહીં શકે, એ શરતે કે તમે ધૈર્ય અને સંયમ ઉપર કાયમ રહો.

જંગે ઉહદમાં મુસલમાનોને પોતાની ભૂલથી જે તકલીફ પહોંચી (જો કે તેની

સંખ્યા બદ્રની સરખામણીએ ડબલથી પણ વધુ હતી) તેના પર નિષ્પક્ષ સમીક્ષા ફરમાવી અને જણાવ્યું કે દંભીઓના સાથ છોડી જવાથી કેટલાક લોકો હૃદય-ભગ્ન થઈ ગયા. જો કે ખરો ભરોસો તો અલ્લાહ ઉપર જ કરવો જોઈએ, જ્યારે કે એ અગાઉ પણ બદ્રમાં તમારી મદદ કરી ચૂક્યો છે, અને અલ્લાહે તો ત્રણસો દંભીઓના અધ-વચ્ચેથી કપાઈને ચાલ્યા જવાથી ત્રણ હજાર ફરિશ્તાઓથી મદદ ફરમાવી. આથી પહેલાં મુસલમાનો સફળ થઈ ગયા પરંતુ તેમની એક ટુકડીએ 'માલે-ગનીમત'ની લાલચમાં નબી સલ્લલ્લાંહુ અલૈહિ વસલ્લમના હુકમની અવજ્ઞા કરી જેના લીધે અલ્લાહે બોધપાઠ આપવા માટે વિજયને પરાજયમાં ફેરવી નાખ્યો.

આ જ પ્રસંગે વ્યાજને ભારે બૂરૂં ગણાવ્યું અને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા પર ઉભાર્યા અને કહ્યું કે અલ્લાહની બક્ષિસ અને તેની જન્નત માટે એકબીજાથી આગળ વધી જવાની કોશિશ કરો જેની વિશાળતા આકાશોથી પણ વધુ છે અને જે એ લોકો માટે તૈયાર કરવામાં આવી છે જે દરેક સ્થિતિમાં અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા, ક્રોધને કાબૂમાં રાખવા અને લોકોને દરગુજર કરવાવાળા છે. ગમે તેવા સંજોગોમાં પણ હતાશ ન થાવ, ન જ દુઃખી થાવ, જો તમે સાચા મો'મિન (મુસલમાન) બની ગયા તો તમે જ સર્વોપરી રહેશો.

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો એક મહત્ત્વનો ગુણ આ બતાવાયો જેનું અનુસરણ ઉમ્મતના તમામ રહેબરો (માર્ગદર્શકો કે અગ્રણીઓ)એ કરવું જોઈએ, કે આ અલ્લાહની કૃપા છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ લોકો સાથે નરમીથી વર્તનારા છે. જો સખત સ્વભાવના હોત તો પછી આ લોકો આપની આસપાસ ભેગા થઈ શકતા ન હતા. પછી ફરમાવ્યું કે આપ તેમનાથી મામલાઓમાં સલાહ લેતા રહો અને તેમની મગફિરતની દુઆ કરો. પછી મો'મિનો (ઈમાનવાળાઓ)ને જણાવ્યું કે તેમની અંદર મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને મોકલીને તેમના પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. આથી અજમાયશો અને કાફરોથી મુકાબલો કરવાથી ગભરાવો નહીં. કારણ કે અલ્લાહ આજમાયશો દ્વારા પાક લોકોને નાપાક લોકોથી અલગ કરીને રહેશે.

સૂરઃબકરહની જેમ સૂરઃઆલે ઇમરાનનું પણ અત્યંત અસરકારક દુઆ પર સમાપન કરવામાં આવ્યું છે. દુઆની પહેલાં આ હકીકત પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું છે કે અલ્લાહની કુદરત અને ડહાપણની નિશાનીઓ સમગ્ર વિશ્વમાં દરેક જગ્યાએ પ્રાપ્ત છે. જરૂરત આ વાતની છે કે માણસ આંખો ખોલે, અલ્લાહની

વાતો સાંભળવા માટે કાન લગાવે અને તેના ડહાપણ ઉપર મનન કરવા માટે દિલ-દિમાગનો ઉપયોગ કરે. અંતમાં મુસલમાનોને આદેશ આપ્યો કે ચાર વસ્તુઓ છે જે તમને દુનિયા અને આખેરત બંનેમાં સફળ બનાવશે. તેમને અપનાવો સબ્ર (ધૈર્ય), મુસાબરત એટલે કે દીનનો વિરોધ કરનારાઓના મુકાબલે દઢતા, દરેક સમયે સાવધ રહેવું અને દીનની રક્ષા કરવી અને તકવા (સંયમ) એટલે કે ખુદાની નક્કી કરેલી હદોનું પાલન. અલ્લાહતઆલા આપણે સૌને આ વાતો પર અમલ કરવાની તૌફીક (પ્રેરણા) આપે. •

# ચોથી તરાવીહ

આ તરાવીહમાં ચોથા પારા 'લનતનાલુ'ના બારમા રૂકુઅથી પાંચમા પારા 'વલ-મુહસેનાત'નાં સત્તરમા રૂકુઅ સુધી તિલાવત કરવામાં આવી. સૌ પ્રથમ અલ્લાહથી ડરતા રહેવાનું માર્ગદર્શન, જેણે સૌને એક જ જીવમાંથી પેદા કર્યા-બધા જ સ્ત્રી અને પુરૂષો એક જ આદમ અને હવ્વાના સંતાન છે. એ જ કારણે ખુદા અને લોહીનો સંબંધ બધા જ મનુષ્યો દરમ્યાન સમાન છે આ જ બે મૂળભૂત સિધ્ધાંતોના પાયા ઉપર ઇસ્લામી વ્યવસ્થાની ઈમારત ઊભી છે. અનાથોના હક્કો અદા કરવાની સૂચના આપવામાં આવી. આ સંદર્ભમાં કોઇપણ જાતની કચાશ રાખવામાં સખ્તાઇથી મનાઇ કરવામાં આવી. આ પ્રસંગે અનાથોના હક્કોની સુરક્ષા ખાતર તેમની માતાઓ સાથે લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી. આરબોમાં પત્નીઓની સંખ્યામાં કોઇ પ્રતિબંધ ન હતો. આ પ્રસંગે ચારની સંખ્યાને મર્યાદિત કરવામાં આવી અને એ શરત રાખવામાં કે તેમનાં હક્કોની અદાયગી અને મહેરમાં ઘટાડો ન થવો જોઇએ. વારસા વહેંચણીના સિધ્ધાંતોની વિગતવાર ચર્ચા કરવામાં આવી જેથી દરેકના હક્કો નિશ્ચિત થઇ જાય અને કોઇ શકિતશાળી અશકતને તેનાં હક્કોથી વંચિત ન કરી શકે અને આપસમાં જુલમ અને હક્ક ઝૂંટવી લેવાના ઝગડાઓને રોકી શકાય. એ વાતનો એલાન કે સ્ત્રી માલ અને વારસો નથી. આરબોમાં રિવાજ હતો કે ઓરમાન મા દિકરાને વારસામાં મળી જતી, તેની મનાઇ કરેવામાં આવી. અને એ પણ જણાવવામાં આવ્યું કે સ્ત્રીઓને આપવામાં આવેલો માલ તેમનાથી પાછો મેળવવા માટે તેમને હેરાન ન કરો. પછી તે સ્ત્રીઓની વિગત જેમની સાથે લગ્ન અવૈધ (નાજાઇઝ) છે. અને નિકાહની

શરતોનું વર્ણન છે જેથી સમાજ નિર્લજજતા, જુલ્મ અને વ્યભિચારથી પવિત્ર થઇ જાય. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે સુધારણા તેમજ મજબૂતાઇના તે મૂળ સિધ્ધાંતોમાં અલ્લાહે તે સગવડતાની પણ તકેદારી રાખી છે જે માનવ અશકિતના દષ્ટિકોણથી જરૂરી છે એટલા માટે ખબરદાર! ઇચ્છાઓના ગુલામોના બહેકાવવામાં ન આવતા તેઓ તમને પવિત્રતાના માર્ગથી હટાવીને ઇચ્છાઓની ગુલામીના અંધકારમાં ભટકાવી દેવા ઇચ્છે છે. મુસલમાનોને એકબીજાના માલને અવૈધ રીતે ખાવા અને એક બીજાના લોહી વહેવડાવવાની મનાઇ કરવામાં આવી અને જણાવ્યું કે ખુદા સ્વંય કૃપાળુ છે. એટલા માટે ઇચ્છે છે કે તેના બંદાઓ પણ આપસમાં એકબીજાને માટે કૃપાળુ હોય જે લોકો સમાજમાં જુલમનાં બીજ વાવશે તે બધા જ જહન્નમમાં નાખી દેવામાં આવશે. જો કે તે લોકોને જેઓ મોટા ગુનાહોથી જેને સામાન્ય રીતે ગુનાહે કબીરા કહેવામાં આવે છે, બચતા રહેશે તેમના નાના ગુનાહોને અલ્લાહ દરગુજર કરશે. ફરમાવ્યું શરીઅતમાં સ્ત્રીઓ અને પુરૂષોને માટે જે મર્યાદાઓ અને હક્કો નિશ્ચિત કરી દેવામાં આવ્યાં છે બધાને તેની અંદર રહેવું જોઇએ. પોતપોતાની હદમાં રહીને કરેલી દરેક મહેનતનો બદલો ખુદાને ત્યાં મળશે. ખાનદાન અને સમાજમાં કેન્દ્રીય સ્થાન પુરૂષને આપવામાં આવેલું છે કારણ કે પોતાના જન્મજાત ગુણ અને કુટુંબના ભરણપોષણનો જવાબદાર હોવાને કારણે તે જ તેનાં માટે યોગ્ય છે.નેક પત્નીઓ તેનું માન જાળવે અને જે સ્ત્રીઓથી દ્રોહની આશંકા હોય તો તેમનાં પતિ તેમને બોધ આપે જો જરૂર લાગે તો યોગ્ય ચેતવણી પણ આપી શકાય છે અને વિરોધ ખૂબ જ વધી જાય તો આવી સ્થિતિમાં પતિ અને પત્ની બંનેના ખાનદાનમાંથી એક એક લવાદ કરવામાં આવે જે સંજોગોની સુધારણાને માટે પ્રયત્ન કરે.

ખુદા, માતા-પિતા, ગરીબો, પાડોશી, મુસાફરો અને આશ્રિતો બધાના હક્કો પહોંચાડવા અને અદા કરવાની સૂચના આપવામાં આવી. ખુદાને તે જ બંદાઓ પસંદ છે જે સ્વભાવે મૃદુ હોય,તે એ લોકોને પસંદ નથી કરતો જે અકડનારા, કંજૂસ અને કંજૂસીની સલાહ આપનારા હોય. એ જ રીતે એ પણ પસંદ નથી જે ખુદાની પ્રસંન્નતા કરતાં લોકોને દેખાડવા અને નામના માટે ખર્ચ કરે. યાદ રાખો લોકોના હક્કો અદા કરવાવાળા અને ખુદાનાં માર્ગમાં ખર્ચ કરનારા કયારેય નુકસાનમાં નહી રહે. તેમના માટે ખુદાને ત્યાં મોટું વળતર છે.

એ લોકોને માટે ખૂબ જ અફસોસ વ્યકત કર્યો જે આખેરતથી તદન

લાપરવાહ થઇને તેના રસૂલ સ.અ.વ.ની નાફરમાની ઉપર હઠાગ્રહી છે તેમજ સત્કાર્યોનો માર્ગ ન હતો સ્વયં ગ્રહણ કરતા અને ન જ બીજાઓને ગ્રહણ કરવા દેવા ઇચ્છતા હતાં. પછી ચેતવણી આપી કે તે અંતિમ રસૂલ સ.અ.વ.ના માધ્યમથી તબ્લીગનો હક અદા થઇ ચૂકયો છે. જેઓ અત્યારે પણ નહી સાંભળે તેઓ વિચારી લે કે એક દિવસ એવો આવશે. જે દિવસે અલ્લાહ બધા જ રસૂલોને તેમનાં માટે સાક્ષી ઠેરવીને પૂછશે. અમે પોતાની ઉમ્મતને શું દાવત આપી અને તમણે શું જવાબ આપ્યો. પછી આ જ સવાલ તે અંતિમ ઉમ્મતનાં સંદર્ભમાં અંતિમ રસૂલ સ.અ.વ.થી પણ થશે. એ દિવસ એવો હશે કે ન તો કોઇના માટે કોઇ સુરક્ષિત જગ્યા હશે અને ન જ કોઇ વ્યકિત કોઇ વાત છુપાવી શકશે. આ ચેતવણી પછી ખુદાનો સૌથી મોટો હક નમાઝની કેટલીક શરતો અને ધ્યાન રાખવા યોગ્ય બાબતો જણાવી. યહૂદીઓની કેટલીક શરારતોનું વર્ણન કર્યું. ખાસ કરીને નબી વિષે એવાં શબ્દો બોલવાની ટેવ કે જે દ્વિઅર્થી હોય. અને મુસલમાનો જે અર્થ સમજે તે એનાથી વિરૂદ્ધ અર્થ કાઢે. જણાવ્યું કે આ હરકતો તેઓ ઈર્ષાના કારણે કરે છે પરંતુ અલ્લાહે નિર્ણય કરી લીધો છે કે તે રસૂલ સ.અ.વ.અને આપની ઉમ્મતને ગ્રંથ તેમજ હિકમત-બુધ્ધિમત્તા અને મહાન હકૂમત આપશે અને આ ઇર્ષ્યાળુ તેમનું કાંઇ જ નહી બગાડી શકે. પરિણામ સ્વરૂપે સંસારે જોયું કે આરબના બંધ્ગ્રા ઉઠયાં, રસૂલનું અનુસરણ કર્યું અને એંસી વરસ સંસારનું નેતૃત્ત્વ કર્યું. આ વિશાળ હકૂમત ઇસ્લામી સમાજ સ્થાપવાનું પરિણામ હતું.મુસલમાનોને શિખામણ આપવામાં આવી કે જયારે આ અમાનત યહૂદીઓથી લઇને તમને આપવામાં આવી રહી છે તો તમે તેમની જેમ અમાનતમાં ખયાનત ન કરતા બલ્કે તેનો હક યોગ્ય રીતે અદા કરજો અને દરેક સંજોગોમાં ન્યાય ઉપર તટસ્થ રહેજો.

અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. અને જે તમારામાંથી હાકેમ હોય તેમનું આજ્ઞાપાલન કરતા રહેજો અને જો તમારામાં અને હાકેમોમાં મતભેદ થઇ જાય તો અલ્લાહ અને રસૂલ સ.અ.વ. તરફ એ બાબતને ફેરવી દેજો જેથી ઝઘડાનો યોગ્ય ઉકેલ થઇ શકે. અને તમારી એકતા વિભાજીત ન થઇ જાય.

દંભીઓને ધિક્કારવામાં આવ્યા કે તેઓ રસૂલ સ.અ.વ.ના અનુસરણમાં એકત્ર થવાની જગ્યાએ ઈસ્લામ અને મુસલમાનોના શત્રુઓ સાથે સંબંધો રાખતા હતા ને તેમાં પોતાની બુધ્ધિચાતૂર્ય સમજે છે જો કે ત્યાં સુધી

ઈમાન સંપૂર્ણ જ નથી જ્યાં સુધી કે તેઓ સંપૂર્ણપણે સ્વયંને પયગંબરે ઈસ્લામને તાબે ન કરી દે અને દરેક બાબતો તેમનું અનુસરણ કરે.

મુસલમાનોને પોતાની સુરક્ષા અને દારૂલકુફ્રમાં ઘેરાયેલા, જુલમનો ભોગ બનેલા મુસલમાનોની સ્વતંત્રતાને માટે જેહાદની સૂચના આપવામાં આવી અને તેઓને ધિક્કારવામાં આવ્યા જેઓ જેહાદથી કતરાતા હતા. મુસલમાનોનો જુસ્સો નબળો પાડતા હતા અને જેહાદના લાભોમાં હિસ્સેદાર બનતા હતાં પરંતુ કોઈ જોખમ ઉઠાવવાને તૈયાર ન હતા. દંભીઓની આ સ્થિતિને પણ વખોડવામાં આવી કે જ્યારે જેહાદનો આદેશ આવ્યો ન હતો ત્યારે આગળ વધીને જેહાદની માંગણી કરતા હતા પરંતુ જ્યારે આદેશ આવી ગયો તો ઈસ્લામના શત્રુઓથી એવા ડરતા હતા જેમ ખુદાથી ડરવું જોઈએ. જો કે મૃત્યુથી કોઈ પણ બચી નથી શકતું. તે જ રીતે એ વાતને પણ નાપસંદ કરવામાં આવી કે લાભ થાય તો અલ્લાહની કૃપા સમજવામાં આવે પરંતુ જ્યારે નુકસાન થાય તો તેને રસૂલ સ.અ.વ. અને મુસલમાનોની દેણ સમજવામાં આવે, જો કે લાભ અને નુકસાન બંને અલ્લાહ તરફથી છે. હા બૂરાઈનો મોટો હિસ્સો દંભીઓના કૃત્યોનું પરિણામ હોય છે. અંતે નબીએ કરીમ સ.અ.વ.ને સાંત્વના આપવામાં આવી કે જેઓ તમારૂં આજ્ઞાપાલન કરવાવાળા છે તેઓ જ ખુદાના આજ્ઞાપાલક કહેવાશે અને જેઓ તમારી આજ્ઞાપાલનથી મોઢું ફેરવશે તેમનો મામલો અલ્લાહના હવાલે સોંપી દો, તમારા ઉપર તેમની જવાબદારી નથી.

એ પ્રસંગે દંભીઓની એ શરારતનું વર્ણન પણ કરવામાં આવ્યું કે જો તેમને જોખમના કોઈ સમાચાર મળે છે તો ખળભળાટ મચાવવા માટે તેને તુરત જ પ્રસરાવી દે છે. જો કે ખરી રીત આ છે કે તેને રસૂલ સ.અ.વ. અથવા જવાબદાર લોકો સુધી પહોંચાડવામાં આવે કે જેથી તેઓ વિચાર વિમર્શ કરીને તનો ઉકેલ શોધે. દંભીઓના આ કરતૂકો છતાં મુસલમાનોનું માર્ગદર્શન કરવામાં આવ્યું કે સમાજની અંદર તેમને હાસ્યાસ્પદ બનાવવાનાં પ્રયત્નો ન કરવામાં આવે બલ્કે તેમની સાથે સામાન્ય મુસલમાનોની જેમ જ વ્યવહાર કરવામાં આવે એટલે સલામ અને વાતચીતનો સંબંધ ચાલુ રાખવામાં આવે જેથી તેમના માટે તેમની ભૂલ સુધારવાની તક બાકી રહે

જેહાદને માટે દરેક પળે તૈયાર રહેવાનો આદેશ આપવામાં આવ્યો અને જોખમના પ્રસંગે નમાઝ પઢવાની પધ્ધતિ બતાવવામાં આવી. તે

મુસલમાનોને ચેતવણી આપવામાં આવી જે જાહેર થયેલાં દંભીઓની બાબતમાં પણ બધુ પડતું કૂણું વલણ ધરાવતા હતાં, ત્યાં સુધી કે કેટલીક વખત દંભીઓની તરફેણ કરવા લાગી જતા હતા. ફરમાવ્યું પયગમ્બર સ.અ.વ. અને ઈસ્લામની વિરૂધ્ધ દંભીઓની પ્રવૃતિઓ અને કરતૂતો અને ઈસ્લામનો માર્ગ ત્યજીને બીજો માર્ગ અપનાવવો કોઈ સાધારણ ગુનો નથી. આ પોતાની વસ્તુ પ્રકૃતિની દૃષ્ટિએ શિર્ક છે, ને શિર્ક અલ્લાહ કયારેય માફ નહીં કરે. ખુદાને ત્યાં ખોટી આકાંક્ષાઓ કામ આવનારી નથી બલ્કે ઈમાન અને સદ્કાર્યો કામ આવશે. અને સપ્તાઈપૂર્વક જણાવવામાં આવ્યું કે દંભ એટલો મોટો ગુનો છે કે દંભી અને કાફિરો બંનેનું સ્થાન જહન્નમ છે. ●

# પાંચમી તરાવીહ

આમાં પાંચમાં પારાના છેલ્લા રૂકૂઅથી સાતમા પારાના પાંચમા રૂકૂઅ સુધી તિલાવત કરવામાં આવી.

ચોથી તરાવીહમાં પઢાયેલી આયતોમાં એક વાત આ કહેવામાં આવી હતી કે જયારે કોઈ સલામ કરે એટલે કે "અસ્સલામુ અલયકુમ" કહે તો એનાથી વધુ સારો જવાબ આપવો જોઈએ નહિતર ઓછામાં ઓછામાં ઓછું એટલું જ પાછું વાળવું જોઈએ. આ એટલી મહત્ત્વની બાબત છે કે જો કોઈ સલામનો જવાબ સલામથી ન આપે તો જાણે કે તેણે તેનો સલામ પણ કબૂલ નથી કર્યો. આ વાતની જો છૂટ આપી દેવાય તો સમાજમાં એકબીજા પ્રત્યે નફરતો વધશે, વેર-વિખેરપણું વધશે અને સંગઠન ખત્મ થઈ જશે.આ તરાવીહમાં એ ગુનાથી સમાજને સુરક્ષિત રાખવા માટે છઠ્ઠા પારા 'લા યુહિબ્બુલ્લાહ'ને આ શબ્દોથી શરૂ કરવામાં આવ્યો છે કે અલ્લાહ બધું જ સાંભળનાર અને જાણનાર છે. મજલૂમ હોવાની સ્થિતિમાં જો કે બૂરાઈથી તેનું વર્ણન કરવાની છૂટ અપાઈ છે, પરંતુ જો તમે બાહ્ય અને અંતરમાં ભલાઈ જ કર્યે જાવ અથવા ઓછામાં ઓછું બૂરાઈથી દરગુજર કરો તો વધુ બહેતર છે, કેમકે અલ્લાહનો ગુણ પણ આ જ છે કે એ ખૂબ જ ક્ષમા કરનારો છે, જો કે સજા આપવાની સંપૂર્ણ શકિત ધરાવે છે. જેણે બતાવ્યું કે ક્ષમા અને દરગુજરની ટેવ નાખો. જે અલ્લાહથી તમે સમીપ થવા ઈચ્છો છો તેની શાન આ છે કે એ અત્યંત વિનમ્ર અને સહનશીલ છે. ભારેમાં ભારે ગુનેગારોને પણ રોજી આપે છે અને મોટામાં મોટા કસૂર પણ માફ

કરતો જાય છે. આથી તેનાથી સમીપ થવા માટે તમે પણ ઉચ્ચ નિર્ધાર અને વિશાળ દષ્ટિવાન બનો. પછી બતાવ્યું કે જે રીતે ખુલ્લંખુલ્લો ઇન્કાર કુફ્ર છે એ જ રીતે પોતાની શરતો પર ઇમાન લાવવું પણ કુફ્ર છે.એટલે કે અમે ઇમાન લાવીએ છીએ, અમુક રસૂલને માનીશું અને અમુકને નહીં માનીએ, અને ઇસ્લામ અને કુફ્રની વચ્ચે માર્ગ કાઢવાનો પ્રયત્ન વિ. પણ બધું કુફ્ર જ છે.

યહૂદીઓનો ઇતિહાસ દોહરાવ્યો કે એ કઇ રીતે ગુના પર ગુના કર્યે ગયા પરંતુ અમે એ છતાં પણ તેમની સાથે ક્ષમાનું વલણ અપનાવ્યું. આવા લોકોથી હવે ભલાઇની આશા રાખવી ન જોઇએ. પછી વિશિષ્ટપણે ખ્રિસ્તીઓને ચેતવ્યા કે અલ્લાહે કુર્આનના રૂપમાં જે નૂરે-મુબીન સર્જન (સૃષ્ટિ)ના માર્ગદર્શન માટે ઉતાર્યો છે, તેની કદર કરો અને ગુમરાહી ત્યજીને હિદાયત પર આવી જાવ. ઇસાઇઓને કહ્યું કે પોતાના દીનમાં અતિશયોકિત ન કરો, (અતિશયોકિત આ છે કે જે વસ્તુ નાની છે તેને મોટી કરી દેવામાં આવે. દીનમાં જે વસ્તુ સુન્નત છે તેને ફરજ અને વાજિબની દરજ્જો આપી દેવામાં આવે અને જે વ્યકિત 'ફકીહ' કે 'મુજતહિદ' છે તેને 'ઇમામે માસૂમ' બનાવી દેવામાં આવે, અને જેને અલ્લાહે રસૂલ અને નબી બનાવ્યા છે તેને ખુદાઇ ગુણોમાં સામેલ ઠેરવી દેવામાં આવે, અને આદરથી આગળ વધીને તેની ઇબાદત શરૂ કરી દેવામાં આવે). આ લોકો આ અતિશયોકિતને દીનની ખિદમત અને બુઝુર્ગોથી અકીદત સમજે છે, જોકે ખુદાની સમીપ આ ગુનો છે. ઇસાઈઓનું ઉદાહરણ અલ્લાહે આપ્યું કે તેમણે મસીહ ઇબ્ને મરયમને ખુદાના રસૂલથી આગળ વધારીને ખુદાનો પુત્ર બનાવી દીધો. મુસલમાનોએ પણ અતિશયોકિતથી બચવું જોઇએ.

સૂર:માઇદહમાં અલ્લાહતઆલાએ વર્ણન કર્યું છે કે તેણે અંતિમ ઉમ્મતની હેસિયતથી મુસલમાનોથી પોતાની અંતિમ અને સંપૂર્ણ શરીઅત ઉપર પૂરેપૂરા પાલનની સાથોસાથ કાયમ રહેવા અને તેને કાયમ કરવાનું વચન લીધું છે. આ જ વચન અગાઉ ગ્રંથવાળાઓ પાસે લેવામાં આવ્યુ હતુ પરંતુ તેઓ તેને લાયક પુરવાર ન થયા. હવે મુસલમાનો પાસે વચન લેવાઇ રહ્યુ છે કે તમે પાછલી ઉમ્મતોની જેમ ખુદાની શરીઅતની બાબતમાં નાફરમાન અને ગદ્દાર ન બની જશો, બલ્કે સંપૂર્ણ વફાદારી સાથે એ વચનને નિભાવજો. તેના પર પોતે પણ કાયમ રહેજો અને બીજાઓને પણ કાયમ રાખવાનો પ્રયત્ન કરજો. આ સંપૂર્ણ મહાનતા અને સાથે તમામ અજમાયશો અને ખતરાઓનો મુકાબલો કરજો.

સૌ પ્રથમ અલ્લાહ સાથે કરેલા વચન કે વાયદાના પાલનની તાકીદ કરી પછી હરામ મહિનાઓ અને દીની ઓળખ કે નિશાનીઓના આદરનો આદેશ આપ્યો અને ફરમાવ્યું કે દરેક નેકી અને તકવાના કાર્યમાં એકબીજાની મદદ કરો અને ગુના તથા અતિશયોકિતના કાર્યોમાં હરગિઝ કોઇની પણ મદદ ન કરો. ખાવાની જે વસ્તુઓ હરામ છે તેમને ગણાવી અને બતાવ્યું કે બીજાઓના કહેવાની કોઇ પરવા ન કરજો. અલ્લાહે ઠેરવેલ હરામ-હલાલની પરવા કરો. હવે આ દીન તમારા માટે સંપૂર્ણ કરી દેવાયો છે અને અલ્લાહે શરીઅતની ને'મત તમારા પર પૂર્ણ કરી દીધી છે, બસ તેનું જ અનુસરણ કરો.

પ્રશિક્ષિત કરેલા શિકારી જાનવરો દ્વારા શિકાર, ગ્રંથવાળાોના ખોરાક તેમજ તેમની સ્ત્રીઓ સાથે નિકાહ વિષે હુકમો બતાવ્યા. સાથે જ આ કેદ પણ લગાવી કે આ છૂટથી ફાયદો ઉઠાવનારે પોતાનાં ઇમાન અને નૈતિકતા પ્રત્યે સાવધ રહેવું જોઇએ. કયાંક એવું ન બને કે ગ્રંથવાળી સ્ત્રી ઇમાન અને તેના કોઇક તકાદાનું ઉલ્લંઘન કરે.

નમાઝ માટે વૂઝૂનો હુકમ અને મજબૂરીની હાલતમાં તયમ્મુમની છૂટ આપી. બની ઇસરાઇલ સાથે વચનનો ઉલ્લેખ કર્યો કે જયારે તેઓ શરીઅતના પાલનથી વિમુખ થઇ ગયા તો અલ્લાહે તેમના પર લા'નત વરસાવી. એ જ રીતે ઇસાઇઓથી પણ વચન લીધા હતા, પરંતુ તેમણે પણ એક ભાગ વિસારી દીધો. અર્થાત્ ઇબાદતોના નામે જે રસ્તો છે, તેમની નજીક એ તો દીનના ભાગો છે. પરંતુ બાકીની બાબતોમાં જે દુનિયાથી સંબંધિત છે તેમનામાં ખુદાઇ માર્ગદર્શનને પાબંદ નથી રહ્યા. એ કારણે અલ્લાહે તેમનામાં અહમ્ અને વિરોધની આગ ભડકાવી દીધી. તેઓ આખેરત સુધી તેની સજા ભોગવશે. જાણે કે મુસલમાનોને ચેતવવામાં આવી રહ્યા છે કે તેઓ વચનનું પાલન કરે. જો તેઓ યહૂદીઓ અને ઇસાઇઓના રસ્તે ચાલ્યા તો પછી તેમનો પણ અંજામ એ જ આવશે. આ આયતોના પ્રકાશમાં આપણે ઇતિહાસને જોઇ શકીએ છીએ અને પોતાના પતનના કારણો પણ જાણી શકીએ છીએ, અને તેમાંથી નીકળવાનો માર્ગ પણ મેળવી શકીએ છીએ.

પછી અલ્લાહતઆલાએ બની ઇસરાઇલની એ ઘટના દોહરાવી કે તેણે પોતાની કૃપાથી તેમને નવાઝયા અને વિજય તેમજ મદદના વાયદા સાથે ખુશખબરી આપી કે ફલસ્તીનની પવિત્ર ભૂમિ તમારી રાહ જોઇ રહી છે કે જાવ અને તેના પર

કબજો કરી લો. પરંતુ કોમમાં વાછડરાની પૂજા અર્થાત્ દુનિયાપરસ્તીએ એટલી બુઝદિલી પેદા કરી દીધી હતી કે તેઓ કહેવા લાગ્યા "હે મૂસા (અ.સ.), તૂ અને તારો રબ પહેલાં જઇને લડીને વિજય મેળવી લો તો અમે આવી જઇશું." આના પરથી તો અલ્લાહે ૪૦ વર્ષ માટે તેમના પર પવિત્ર ભૂમિને હરામ ઠેરવી દીધી અને તેમને ભટકવા માટે છોડી દીધા. અહીં જણાવ્યું કે અલ્લાહના ફેસલાઓ પણ કોમોના વલણોથી જોડાયેલ છે. મુસ્લિમોને તાકીદ કરી કે અલ્લાહની હદો ઉપર કાયમ રહે, અને શરીઅતના પાલનને અલ્લાહની નિકટતાનું સાધન બનાવે. મૂળ શબ્દો આ છે:

"હે ઇમાનવાળાઓ અલ્લાહથી ડરતા રહો અને તેની નિકટતાનું સાધન શોધતા રહો"

(સાધન અર્થાત્ માધ્યમ એ જ છે જેનું વર્ણન અલ્લાહે 'હુબ્બુલ્લાહ' અલ્લાહનો પ્રેમના નામથી કર્યો છે.) એટલે કે ઇસ્લામને મજબૂતીથી મળીને પકડી લો અને સંપૂર્ણ સજાગતાથી અલ્લાહના આદેશોનું પાલન કરો અને ખુદાના માર્ગમાં પોતાની શકિતઓ લગાવી દો. ખુદાના અઝાબથી આ જ વસ્તુ છુટકારો અપાવનારી છે. આના સિવાય કોઇ વસ્તુ ફાયદો નહીં પહોંચાડે.

ચોરીની સજા જણાવી કે ચોરનો હાથ કાપી નાખો અને એ સજાને કોઇપણ પ્રકારની બાંધછોડ વિના લાગુ કરો. સોગંદોને પૂરી કરવાની તાકીદ કરી અને જો (કોઇ ઉચિત કારણથી) સોગંદ તોડવી પડે તો તેનો કફ્ફારો (પ્રાયશ્ચિત) અદા કરવાનો હુકમ આપ્યો કે દસ મિસ્કીનોને મધ્યમ પ્રકારનું ખાવાનું ખવડાવો અથવા તેમને કપડા પહેરાવો અથવા એક ગુલામ આઝાદ કરો અથવા ત્રણ દિવસના રોઝા રાખો. પછી બતાવ્યું કે દારૂ, જુગાર અને ખુદા સિવાય કોઇને પણ ઇબાદત માટે ઘડી કાઢવું એ બધા શેતાની કાર્યો છે, જેથી શેતાન આ વસ્તુઓ દ્વારા મુસલમાનોની વચ્ચે અદાવત અને દ્વેષ નાખી દે અને તમને ખુદાની યાદ અન નમાઝથી રોકી દે છે.

નબી સલ્લાહુ અલૈહિ વસલ્લમને જણાવ્યું કે તમે સંપૂર્ણપણે નીડર થઇને ગ્રંથવાળાઓને કહી દો કે જો તમે તૌરાત, ઇન્જીલ અને કુર્આનને કાયમ ન કરો તો પછી અલ્લાહને ત્યાં તમારી કોઇ હેસિયત નથી. ખુદા સાથે ફકત એ લોકોને સંબંધ હશે જેઓ ઇમાન અને નેક કાર્યો સાથે સંબંધ સ્થાપશે.

"ઇસાઇઓના કુફ્રને વર્ણવ્યો કે તેમણે ઇસા અ.સ.ના શિક્ષણની તદ્દન વિરુદ્ધ 'હુલૂલ' અર્થાત્ ખુદાનું હઝરત ઈસા અ.સ. અને મરયમમાં ઊતરી આવવું

અને એ જ રીતે ત્રણ ખુદાઓનો અકીદો ઘડી કાઢયો." આ પછી હઝરત ઈસા અ.સ. અને મરયમનો અસલ દરજ્જો દર્શાવ્યો.

બની ઈસરાઈલ ઉપર હઝરત દાઊદ અ.સ. અને ઈસા અ.સ.ની લાનતનો હવાલો આપ્યો અને જણાવ્યું કે આ કેવા ગ્રંથ અને ઈમાનના દાવેદાર છે કે મુસ્લિમોના મુકાબલે મૂર્તિપૂજા કરનારા મક્કાના મુશ્રિકોને પ્રાથમિકતા આપે છે અને તેમને બહેતર જણાવે છે. આ બધું તેમની ઈસ્લામ દુશ્મની છે. આજે પઢવામાં આવેલ છેલ્લો રૂકૂઅ આનાથી આગળના રૂકૂઅની પશ્ચાદભૂમિ છે. આથી તેનો ભાવાર્થ ઈન્શાઅલ્લાહ આવતીકાલના રૂકૂઅ સાથે વર્ણવવામાં આવશે. •

# છઠ્ઠી તરાવીહ

આ તરાવીહમાં સાતમા પારાના છઠ્ઠા રૂકૂઅથી આઠમા પારાના સાતમા રૂકૂઅ સુધીની તિલાવત કરવામાં આવી.

સૂરઃ માઈદહના છેલ્લા બે રૂકૂઓમાં કયામતનું વર્ણન રજૂ કરાયું, કે અંબિયા પોતપોતાની ઉમ્મતો વિષે શહાદત આપશે કે તેમણે અલ્લાહ તરફથી લોકોને કઈ વાતો બતાવી હતી અને પોતાના માનનારાઓથી કઈ વાતોને ન કરવાનું વચન લીધું હતું. જેથી દરેક ઉમ્મત ઉપર દલીલ પૂરી પાડી શકાય કે જેણે કોઈ વચન-ભંગ કર્યો તો તેની તમામ જવાબદારી તેના પર છે. અલ્લાહના રસૂલ સ.અ.વ. તેનાથી મુક્ત છે. આ સાક્ષીનો પ્રકાર સ્પષ્ટ કરવા માટે ઉદાહરણ રૂપે હઝરત ઈસા અ.સ.ની સાક્ષીનો વિસ્તૃત ઉલ્લેખ કર્યો જેથી સ્પષ્ટ થઈ શકે કે તેણે પોતાના રસૂલો ઉપર સત્યની સાક્ષીની જે જવાબદારી નાખી છે તેના વિષે ઉત્તર આપવાનો રહેશે, અને તેમના દ્વારા તેમની ઉમ્મતોએ ન્યાય અને ઈન્સાફની વ્યવસ્થા સમાજમાં કાયમ કરવાનું જે વચન ઈમાન લાવીને આપ્યું છે, તેના વિષે તેમને પૂછવામાં આવશે. આખિરતમાં એ જ લોકો સફળતા અને ભલાઈના હક્કદાર હશે જે દુનિયામાં એ વચનને નિભાવશે અને તેની જવાબદારીઓ પૂરી કરશે.

સૂરઃમાઈદહ પછી છઠ્ઠી સૂરઃ અલ-અન્આમ શરૂ થાય છે જે મક્કી જિંદગીના બિલ્કુલ અંતિમ કાળમાં એ રાત્રે નાઝિલ થઈ જયારે મદીનાથી અન્સારની એક જમાઅત (સમુદાય) હજ્જ માટે આવેલ હતી અને આપ સ.અ.વ.એ તેમની સાથે ટેકરીઓમાં એક ગુફામાં મુલાકાત કરી હતી. આ સૂરઃમાં શિર્ક અને મક્કાના મુશ્રિકોના

વ્હેમો (અંધશ્રધ્ધાઓ)નું ખંડન કરવામાં આવ્યું છે જેની અભિવ્યક્તિ તેઓ ખાવા-પીવાની વસ્તુઓ અને પ્રાણીઓમાં કરતા હતા. ઈસ્લામ પરના તેમના વાંધાઓનો જવાબ આપવામાં આવ્યો છે અને એ મોટા મોટા નૈતિક સિદ્ધાંતોની તાકીદ કરવામાં આવે છે જેના પર ઈસ્લામ એક નવો સમાજ રચવા ચાહે છે. એ સિદ્ધાંતોના અનુસરણને સીધો માર્ગ ઠેરવવામાં આવ્યો છે, જેની દુઆ સૂરઃફાતેહા પઢતી વખતે બંદા કરે છે. ફરમાવ્યું તમામ પ્રશંસાઓ અલ્લાહ માટે જ છે, જેણે ધરતી અને આકાશ સર્જ્યા, અજવાળા અને અંધારા પેદા કર્યા, તેમ છતાં લોકો અન્યોને તેની સમકક્ષ ઠેરવી રહ્યા છે. એ જ તો છે જેણે તમને માટીમાંથી પેદા કર્યા છે, પછી તમારા માટે જીવનની એક મુદ્દત નિશ્ચિત કરી દીધી, અને એક મુદ્દત બીજી પણ છે જે તેને ત્યાં નિશ્ચિત થયેલી છે, એટલે કે કયામતની ઘડી, જયારે આ દુનિયામાં અખત્યાર કરેલા વલણનો હિસાબ લેવામાં આવશે અને નિર્ણય કરી દેવાશે.

શું તેમણે જોયું નથી કે તેમની અગાઉ કેટલીય કોમોને અમે નષ્ટ કરી નાખી જેમનો પોતપોતાના જમાનામાં રોબ-દબદબો રહ્યો છે. તેમને તો અમે ધરતીમાં એ સત્તા અર્પી હતી જે તમને નથી આપી. પહેલા અમે તેમના પર આકાશમાંથી અનેક ને'મતો ઉતારી પરંતુ જયારે તેઓ એ ને'મતોના અપકારી બન્યા તો અંતે અમે તેમના ગુનાઓની સજામાં તેમને નષ્ટ કરી દીધા અને તેમના સ્થાને બીજી કોમોને ઉઠાવી.

કાશ! તમે એ સમયની સ્થિતિ હમણાં જોઇ શકતા જયારે મુશ્રિકો દોઝખને કિનારે ઊભા કરાશે. ત્યારે એ લોકો કહેશે કે કાશ! કોઇ સ્થિતિ એવી સર્જાત કે અમને દુનિયામાં પાછા મોકલી દેવાત અને પોતાના રબની નિશાનીઓને ખોટી ન ઠેરવતા અને ઈમાન લાવનારાઓમાં સામેલ થઇ જતા. હકીકતમાં તો તેઓ આ વાત એ કારણે કહેશે કે જે વાસ્તવિકતા ઉપર તેમણે પર્દો નાખી રાખ્યો હતો તે એ સમયે બેનકાબ થઇને તેમની સામે આવી ચૂકી હશે. નહિતર તેમને પાછલા જીવન ભણી એટલે કે દુનિયામાં પાછા મોકલવામાં આવે તો તેઓ ફરીથી એ જ બધું કરે જેની તેમને મનાઇ ફરમાવવામાં આવી છે. નુકસાનમાં રહ્યા એ લોકો જેમણે આ સમજ્યું કે જીવન જે કંઇ પણ છે બસ આ જ જીવન છે અને અલ્લાહની સામે પોતાના હાજર થવાને ખોટું ઠેરવ્યું. જયારે અચાનક એ પળ આવી પહોંચશે તો તેમની સ્થિતિ આ હશે કે પોતાની પીઠો ઉપર પોતાના ગુનાઓનો બોજો લાદેલા હશે. જુઓ કેવો ખરાબ બોજો છે જે આ લોકોએ ઉપાડેલો છે. દુનિયાનું જીવન તો એક ખેલ-તમાશો છે. હકીકતમાં તો આખેરતની જગ્યા જ એ લોકો માટે બહેતર છે જેઓ નુકસાનથી

બચવા ચાહે છે. પછી શું તમે લોકો બુદ્ધિથી કામ નહી લો? લોકો અલ્લાહથી નિશાનીઓ માગે છે, ધરતી પર ચાલનારા કોઈ પ્રાણી અને હવામાં ઊડનાર કોઇ પક્ષીને જોઇ લો, આ સૌ તમારા જેવા જીવ છે. આ સૌ પોતાના રબની તરફ સમેટવામાં આવી રહ્યા છે. તમે પણ આમની જેમ જ પોતાના રબની તરફ સમેટવામાં આવશો. એટલે કે જે રીતે આખો દિવસ ચરવા-ચણવા અને ઊડતા રહેવા છતાં સાંજે આ સૌ પોતાના નિશ્ચિત ઘરોએ પાછા ફરે છે એ જ રીતે તમે પોતાની જિંદગી દુનિયામાં વિતાવીને અલ્લાહ તરફ જ પાછા ફરો છો, જયાં તમારૂં કાયમી ઠેકાણું છે. પરંતુ જે લોકો અમારી નિશાનીઓ ખોટી ઠેરવે છે તેઓ બ્હેરા અને મૂંગા છે, અંધકારમાં પડેલા છે.

હે નબી સ.અ.વ.! આમને પૂછો, તમે કયારેય આ પણ વિચાર્યું કે તમારી જોવા અને સાંભળવાની શકિત તમારાથી ઝૂંટવી લે અને તમારા દદયો ઉપર મ્હોર મારી દે તો અલ્લાહ સિવાય બીજો કયો ખુદા છે જે આ શકિતઓ પાછી અપાવી શકતો હોય. અમે જે રસૂલ મોકલીએ છીએ કે એ નેક-ચારિત્ર્યના લોકો માટે ખુશખબર આપનારા અને ખરાબ ચારિત્ર્યના લોકો માટે ડરાવનારા હોય. હે નબી સ.અ.વ.! તેમને કહો! હું તમને આ નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, ન જ હું ગેબનું ઇલ્મ ધરાવું છું, અને ન જ કહું છું કે હું ફરિશ્તો છું. હું તો ફકત એ વહીનું અનુસરણ કરૂં છું જે મારા પર નાઝિલ (અવતરિત) કરવામાં આવે છે. પછી તેમને પૂછો કે આંધળો અને આંખોવાળો (જોઇ શકનાર) બંને સમાન હોઇ શકે છે? શું તમે આટલું પણ વિચારતા નથી?

હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ! જયારે તમારી પાસે એ લોકો આવે જેઓ અમારી આયતો ઉપર ઇમાન લાવે છે તો તેમને કહો કે તમારી ઉપર સલામતી છે. તમારા રબે દયા અને કૃપાની ટેવ પોતાની ઉપર ફરજિયાત કરી લીધી છે. આ તેની દયા-કૃપા જ છે કે જો તમારામાંથી કોઇ નાદાની સાથે કોઇ બૂરાઇ કરી બેસ્યો હોય પછી ત્યારબાદ તોબા કરી લે અને સુધારણા કરી લે તો એ તેને માફ કરી દે છે અને નરમાશથી કામ લે છે.

શિર્કના રદિયામાં હઝરત ઇબ્રાહીમ અ.સ.ની ઘટના વર્ણવવામાં આવી છે કે કઇ રીતે તેમણે તારાની પૂજાને રદ કરી કે જે અસ્ત થઈ જાય અને પતન પામનાર (આથમનાર) હોય એ કયારેય ખુદા હોઇ શકે નહીં. મારો તો ખુદા એ જ છે જેણે ધરતી અને આકાશને સર્જ્યા છે અને હું શિર્ક કરનારાઓ પૈકીનો નથી.

હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ કહી દો કે "જુઓ, તમારી પાસે

તમારા રબની તરફથી દૃષ્ટિ-પ્રકાશ આવી ગયા છે, હવે જે દૃષ્ટિ થી કામ લેશે એ પોતાનું ભલું કરશે અને જે આંધળો બનેશે એ પોતે જ નુકસાન ભોગવશે, હું તમારા પર કોઇ રખેવાળ નથી."

મુશ્રિકોએ પોતે હલાલ-હરામ ઠેરવેલા પ્રાણીઓ અને વ્હમોનો ઉલ્લેખ કરીને તેમની મૂર્ખામીને સ્પષ્ટ કરી અને જે કંઇ અલ્લાહે હલાલ-હરામ ઠરવ્યું છે એ બતાવ્યું અને એલાન કર્યું કે અલ્લાહે તમારા જીવન માટે કઇ પદ્ધતિ ઉતારી છે, જેના પર ચાલવું જ સીધા માર્ગ પર ચાલવું છે.

ફરમાવ્યું: "હે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ! આમને કહો! આવો હું તમને બતાવું કે તમારા રબે તમને કઇ વાતો માટે પ્રતિબદ્ધ કર્યા છે કે:

(૧) તેની સાથે કોઇને ભાગીદાર ન બનાવો (૨) મા-બાપ સાથે સદ્‌વર્તન કરો (૩) પોતાના સંતાનની ગરીબીની બીકે હત્યા ન કરો. અમે તમને પણ રોજી આપીએ છીએ અને તેમને પણ આપીશું. (૪) નિર્લજ્જતા(ની વાતો)ની નજીક પણ ન જાવ, ચાહે એ જાહેર હોય કે છૂપી. (૫) કોઇ જીવને જેને અલ્લાહે આદરણીય ઠેરવ્યો હોય તેની હત્યા ન કરો પરંતુ હક સાથે (અર્થાત્ કાયદા-કાનૂન મુજબ.) (૬) અનાથના માલની નજીક ન જાવ પરંતુ એ રીતે જે ભલી છે, એટલે સુધી કે તે ઉંમરે પહોંચી જાય જયારે ભલા-બૂરામાં ભેદ કરવા લાગે. (૭) માપ-તોલમાં સંપૂર્ણ ન્યાય કરો. અમે દરેક વ્યકિત ઉપર જવાબદારીનો એટલો જ બોજો નાખીએ છીએ જે તેની શકિતમાં હોય. (૮) જયારે વાત કરો તો ન્યાયની કરો, ચાહે મામલો પોતાના સંગા-સંબંધીઓનો જ કેમ ન હોય (૯) અલ્લાહને આપેલ વચન પૂરૂં કરો.

આ વાતોનું સૂચન કે આદેશ અલ્લાહે તમને આપ્યો છે, કદાચ તમે ઉપદેશ કબૂલ કરો, અને આ પણ તેનું માર્ગદર્શન છે કે આ જ મારો સીધો માર્ગ છે, આથી તમે આના પર ચાલો અને બીજા માર્ગો પર ન ચાલો. તે તમને તેના માર્ગથી હટાવીને છિન્ન-ભિન્ન કરી દેશે.

સૂરઃ પૂરી થતાં જ ફરમાવ્યું કે કહી દો મારા રબે ચોક્કસપણે મને સીધો માર્ગ બતાવ્યો છે, તદ્દન ખરો જેમાં કોઇ વાંક (ખામી) નથી, ઇબ્રાહીમ અ.સ.ની રીત જેને એકાગ્ર થઇને તેણે અપનાવ્યો હતો અને એ મુશ્રિકો પૈકીનો ન હતો કહી દો મારી નમાઝ, મારી ઇબાદતની તમામ રીતો, મારૂં જીવવું અને મારૂં મરવું વિ. બધું જ અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે જેનો કોઇ ભાગીદાર નથી, આ જ વાતનો મને આદેશ આપવામાં આવ્યો છે અને સૌ પ્રથમ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવનારો હું છું.

કહી દો કે શું અલ્લાહ સિવાય કોઇ બીજો રબ શોધું, જો કે દરેક વસ્તુનો રબ એ જ છે. દરેક વ્યકિત જે કંઇ કમાય છે તેની જવાબદાર એ પોતે છે. કોઇ બોજો ઉપાડનાર બીજાનો બોજો નથી ઉપાડતો. પછી તમો સૌને પોતાના રબની તરફ પાછા કરવાનું છે. એ સમયે એ તમારા મતભેદોની હકીકત તમારી સમક્ષ ખોલી દેશે.

એ જ છે જેણે તમને ધરતીનો ખલીફા-નાયબ બનાવ્યો અને તમારામાંથી કેટલાકને કેટલાકની ઉપર ઉચ્ચ દરજ્જા આપ્યા જેથી કરી જે કંઇ તમને આપ્યું છે તેમાં તમારી અજમાયશ કરે. બેશક! તમારો રબ સજા આપવામાં પણ સખ્ત છે અને અત્યંત દર ગુજર કરનાર અને રહેમ કરનાર પણ છે.

બીજ અને ગોટલાને ફાડનાર પણ અલ્લાહ જ છે. એ જ જીવતાને મરેલામાંથી અને મરેલાને જીવતામાંથી કાઢે છે. સમગ્ર કાર્યો કરનાર તો અલ્લાહ છે. તો પછી તમે કઇ તરફ બહેકીને જઇ રહ્યા છો. રાતના પર્દાને ચીરીને એ જ સવાર કાઢે છે. તેણે જ રાત્રીને આરામનો સમય બનાવ્યો છે, તેણે ચંદ્ર અને સૂર્યના ઉદય અને અસ્ત થવાનો હિસાબ નિશ્રિત કર્યો છે અને એ જ છે જેણે તમારા માટે તારાઓને રણ-જંગલ અને સમુદ્રોના અંધકારમાં રસ્તો (દિશા) જાણવાનું સાધન બનાવ્યા છે, અને એ જ છે જેણે એક જીવમાંથી તમને પેદા કર્યા, પછી દરેકને માટે ચેન-શાંતિની જગ્યા છે અને એક સોંપવા(મૃત્યુ)ની જગ્યા. પછી એ જ છે જેણે આકાશથી પાણી વરસાવ્યું, પછીતેના દ્વારા દરેક પ્રકારની વનસ્પતિ ઉગાડી, તેણે લીલાછમ ખેતરો અને વૃક્ષો પણ ઉગાડયા, તેમાંથી પડ પર પડ ચઢેલા 'દાણાં' કાઢયા અને ખજૂરના ઝૂમખામાંથી ફળોના ઘણાં બધા ગુચ્છ પેદા કર્યા જે વજનથી લચી પડે છે; દ્રાક્ષ, ઝૈતુન અને દાડમના બગીચા ઉગાડયા જેના ફળ એકબીજાથી મળતા પણ આવે છે અને છતાં પણ દરેકની વિશિષ્ટતાઓ અલગ-અલગ છે. આ વસ્તુઓમાં નિશાઓથી છે એ લોકો માટે જેઓ ઇમાન લાવે છે. આમ છતાં લોકોએ જિન્નતોને અલ્લાહના ભાગીદાર ઠેરવી દીધા છે જો કે એ તેમનો સર્જનહાર છે, અને સમજયા-વિચાર્યા વિના અલ્લાહ માટે પુત્રીઓ અને પુત્રો ઘડી કાઢયા છે. જો કે પવિત્ર અને ઉચ્ચ છે તે એ વાતોથી જે આ લોકો કહે છે. એ તો ધરતી અને આકાશોનો સર્જક છે. તેનો કોઇ પુત્ર કઇ રીતે હોઇ શકે છે જયારે કે તેનો કોઇ જીવન-સાથી જ નથી. તેણે દરેક વસ્તુને પેદા કરી અને એ દરેક વસ્તુનું જ્ઞાન ધરાવે છે.

આ છે અલ્લાહ, તમારો રબ, કોઇ ખુદા તેના સિવાય નથી, દરેક વસ્તુનો સર્જનહાર, આથી તમે તેની બંદગી કરો... દષ્ટિ તેને પામી શકતી નથી, અને એ દષ્ટને પામી લે છે. એ અત્યંત સુક્ષ્મદષ્ટા અને દરેક વસ્તુને જાણનાર છે. •

# સાતમી તરાવીહ

આજે આઠમાં પારાના આઠમા રૂકૂઅથી નવમા પારાના ૧૪મા રૂકૂઅ સુધી સૂરઃઅલ આ'રાફ આખી તિલાવત કરવામાં આવી.

સૌ પ્રથમ હુજૂર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને સાંત્વન આપવામાં આવ્યું કે આ ગ્રંથ અંગે તમારી જવાબદારી ફક્ત આટલી છે કે તેના દ્વારા લોકોને ખબરદાર કરી દો જેથી અલ્લાહની દલીલ તેમના પર પૂરી થઇ જાય. તમારા પર આ જવાબદારી નથી કે લોકો આને કબૂલ પણ કરી લે. હકીકતમાં તો આ ગ્રંથથી લાભ તો ઈમાનવાળા જ ઉઠાવશે. સૌને ચેતવ્યા કે એક દિવસ એવો અવશ્ય આવનાર છે જ્યારે તમને તમારી જવાબદારીઓ વિષે પૂછવામાં આવશે અને રસૂલોને તેમની જવાબદારીઓ અંગે. એ દિવસ ઇન્સાફનું જે ત્રાજવુ સ્થાપવામાં આવશે એ દરેકના અમલોને તોલીને બતાવી દેશે કે કોની પાસે કેટલું સત્ય છે અને કેટલુ અસત્ય, એ દિવસે સફળતા ફક્ત તેઓ જ પામશે જેમના પલ્લા ભારે હશે. બાકીના સૌ નિષ્ફળ રહેશે, બલ્કે સંપૂર્ણપણે દેવાળિયા!

કુરૈશને અને તેમના દ્વારા સૌને વાકેફ કરવામાં આવ્યા કે તમને જે સત્તા પ્રાપ્ત થઇ છે એ ખુદાની અર્પેલ છે. તેણે જ તમારા માટે જીવન અને તેની સામગ્રી પેદા કરી છે. પરંતુ શેતાને તમારા પર વર્ચસ્વ મેળવીને તમને અપકારના માર્ગ પર નાખી દીધા છે. આદમ અને ઈબ્લીસની ઘટના વર્ણવીને સ્પષ્ટ કરવામાં આવ્યું કે જે રીતે તેણે આદમ અને હવ્વાને ધોખો આપીને જન્નતમાંથી કઢાવ્યા હતા, એ જ રીતે તેણે પોતાનો ફરેબ પાથરીને તમને પણ ફસાવી લીધા છે. તમે તેની ચાલોમાં આવીને તેની આશાઓ પૂરી ન પાડો. ખુદાએ દરેક બાબતમાં સત્ય અને ન્યાયનો હુકમ આપ્યો છે. પોતાની ઈબાદતનો હુકમ આપ્યો અને તૌહીદનો આદેશ આપ્યો. જ્યારે કે શેતાન નિર્લજ્જતાનો માર્ગ દેખાડે છે અને તમે તેના અનુસરણમાં પોતાની જાતને ફિત્નાઓમાં નાખી દીધી છે અને દાવો કરો છો કે આ જ સીધો માર્ગ છે. ખુદાએ નિર્લજ્જતાને લોકોના હક્કો મારવા અને બંડ પોકારવાને, શિર્ક અને અલ્લાહનું નામ લઈને પોતાના મનથી હરામ-હલાલ કરી લેવાને હરામ ઠરવ્યું છે. પરંતુ આજે તમે આ બધી હરકતો કરી રહ્યા છો. જો આ છતાં તમને તક-સમય મળી રહે છે તો તેનું કારણ આ છે કે ખુદાને ત્યાં દરેક ઉમ્મતની તબાહી માટે એક સમય નિશ્ચિત છે.

આ'રાફના મુકામથી જે જન્નત અને દોઝખ બંનેની વચ્ચે એક ઊંચી જગ્યા હશે, એક જૂથને દોઝખ અને જન્નત બંને પ્રત્યક્ષ રીતે બતાવવામાં આવશે જેથી તેઓ જોઇ લે કે ખુદાએ રસૂલો મારફત જે વાતોના સમાચાર આપ્યા હતા એ સૌ પૂરી થઇ. આ'રાફવાળા જન્નતવાળાઓને મુબારકબાદ આપશે અને દોઝખવાળાઓને ધિક્કારશે. દોઝખવાળા જ જન્નતવાળાઓને દરખાસ્ત કરશે કે તેઓ તેમના પર કંઈ કૃપા કરે અને તેમના પર થોડુંક પાણી નાખી દે અને જે રોજી તેમને મળી છે એમાંથી થોડીક તેમને પણ આપી દે. જન્નતવાળા જવાબ આપશે કે અલ્લાહે બંને વસ્તુઓ કુર્આનનો ઇન્કાર કરનારાઓ ઉપર હરામ કરી દીધી છે. અલ્લાહ તરફથી એલાન થશે, "જેમણે દુનિયામાં ખુદાની વાતોને અવગણીહતી આજે ખુદાએ તેમની ઉપેક્ષા કરી છે." કાફિરો પોતાના દુર્ભાગ્ય અને વંચિતતા ઉપર અફસોસ અને નિરાશ આરઝૂ સિવાય કંઈ કરી નહીં શકે.

આ વાતથી વાકેફ કરવામાં આવ્યા કે પેદા કરવું અને લોકોને આ આદેશ આપવો કે તેઓ શું કરે અને શું ન કરે આ બધું ખુદાનો હક છે. આથી આશા હોય કે નિરાશા દરેક સ્થિતિમાં તેને જ પોકારો, ધરતી ઉપર એ કાર્યો ન કરો જેનાથી ફસાદ-બગાડ ફેલાય, કયામત અવશ્ય આવનાર છે, મૃત્યુ પછીના જીવનનો નજરો નજર (પ્રત્યક્ષ) અનુભવ તમે પોતે આ દુનિયામાં સતત કરી રહ્યા છો કે એ મૃત ધરતીને વરસાદથી જીવંત બનાવી દે છે. ખુદાએ તો દરેક પાસાથી પોતાની નિશાનીઓ સ્પષ્ટ કરી દીધી.

નૂહ અ.સ., સાલેહ અ.સ., લૂત અ.સ., અને શુઐબ અલૈહિસ્સલામની કોમોની વિગતો સંભળાવી. આ એ વાતનો ઐતિહાસિક પુરાવો છે કે જે કોમો ધરતી પર બગાડ ફલાવે છે અને પોતાના રસૂલની દા'વત (આમંત્રણ)ને ખોટી ઠેરવે છે અલ્લાહતઆલા અંતે તેમને નષ્ટ કરી દે છે. જુલ્મી કોમોને નષ્ટ કરવાની ખુદાની કઈ રીત છે તેને સવિસ્તાર બતાવી કે કયારેય એવું નથી બન્યું કે અમે કોઈ વસ્તીના લોકોને પ્રથમ તંગી અને સખ્તીમાં સપડાવ્યા ન હોય. એ વિચારે કે કદાચ તેઓ નમ્રતા અપનાવે. પછી અમે તેમની બદહાલીને સમૃદ્ધિમાં પલ્ટી નાખી. એટલે સુધી કે તેઓ ખૂબ જ ફાલ્યા-ફૂલ્યા અને કહેવા લાગ્યા કે અમારા પૂર્વજોપર પણ સારા અને નરસા બંને પ્રકારના સમય આવતા રહ્યા છે. અંતે અમે તેમને એકાએક પકડી પાડયા. જો વસ્તીના લોકો ઈમાન લાવતા અને 'ખુદા-ખૌફી'નું વલણ અપનાવતા તો અમે તેમના માટે આકાશમાંથી અને ધરતીમાંથી બરકતોના દ્વાર ખોલી દેત. પરંતુ તેમણે તો ખોટુ

ઠેરવી દીધું. શું આજના લોકો આનાથી નિર્ભિક થઈ ગયા છે કે અમારી પકડ અચાનક, રાતના સમયે જ્યારે તેઓ ઊંઘી રહ્યા હોય અથવા દિવસના સમયે જ્યારે તેઓ પોતાની રમતો (પ્રવૃતિઓ)માં વ્યસ્ત હોય, નહીં આવી જાય? અલ્લાહની પકડથી એ જ કોમ નિર્ભય થઈ જાય છે જે બરબાદ થનારી હોય.

હઝરત મૂસા અ.સ. અને ફિરઔનની વાતચીત વર્ણવવામાં આવી કે ફિરઔને હઝરત મૂસા અ.સ.ને પરાજિત કરવા માટે એ તમામ રીતો અજમાવી જે તેના હાથમાં હતી. તેણે જાદૂગરોને ભેગા કર્યા. બની ઇસરાઇલના પુત્રોની હત્યા કરી. પુત્રીઓને દાસીઓ બનાવી અને જબરદસ્તી સત્તાનું પ્રદર્શન કર્યું. પરંતુ પરિણામ શું આવ્યું? અમે એવો બદલો લીધો કે મોટા લશ્કર સાથે સમુદ્રમાં ડૂબાડી દીધા અને જે લોકોને કમજોર બનાવીને રાખવામાં આવ્યા હતા તેમને પૂર્વ અને પશ્ચિમના બાદશાહ બનાવી દીધા. સૂરઃના અંતે લોકોને તેમનું પ્રાકૃતિક વચન યાદ દેવડાવવામાં આવ્યુ છે.

અને હે નબી સલ્લાહુ અલૈહિ વસલ્લમ! લોકોને યાદ દેવડાવો એ દિવસ જ્યારે તમારા રબે આદમની સંતાનના વંશોમાંથી તેમના વંશને કાઢયો હતો અને પૂછયું હતુ, "શું હું તમારો રબ નથી? તેમણે કહ્યું કે હા, અવશ્ય, તું જ અમારો રબ છે, અમે આ વાતની સાક્ષી આપીએ છીએ." અલ્લાહતઆલા ફરમાવે છે કે શું એ એલાનને ભૂલી ગયા, જેથી અન્યોને ખુદાઈમાં ભાગીદાર ઠેરવવા લાગ્યા છો? અત્રે આ બતાવવવાનો હેતુ છે કે દરેક વ્યક્તિ પ્રાકૃતિક રીતે અલ્લાહના રબ હોવાને જાણે છે તો પછી તેના આદેશોની વિરૂદ્ધ તેમના (અર્થાત્ જૂઠા ખુદાઓના) હુકમો પર ચાલવાની ભૂલ શા માટે કરે છે. મૂળ કારણ નફસપરસ્તી છે અને નફસની પાછળ ચાલનારાઓને અલ્લાહે કૂતરા સાથે સરખાવ્યા છે, જેની જીભ હંમેશ લટકતી જ રહે છે (એટલે કે ભૂખ અને જાતીય ઈચ્છા એમ બંને વસ્તુઓથી તેને સૌથી વધારે લગાવ હોય).

હકીકત આ છે કે અલ્લાહ જ છે જેણે તમને એક જીવમાંથી પેદા કર્યા અને તેની જાતિમાંથી જ એક જોડી બનાવી જેથી એ તેની પાસે રાહત મેળવે. પછી જ્યારે સ્ત્રી ભારે થઈ ગઈ તો સ્ત્રી અને પુરૂષ બંનેએ મળીને અલ્લાહ પાસે દુઆ કરી કે જો તે અમને સારૂં બાળક આપ્યું તો અમે તારા આભારી થઈશું. પરંતુ જ્યારે અલ્લાહે તેમને એક સારૂં બાળક આપ્યું તો તેઓ તેને આપવા બાબતે બીજાઓને સામેલ કરવા લાગ્યા કે આ તો ફલાણાએ આપ્યો છે. કેવા નાદાન

(મૂર્ખ) છે આ લોકો તેમને ખુદાનો ભાગીદાર ઠેરવે છે જેઓ કોઈ પણ વસ્તુને પેદા નથી કરતાં. બલ્કે ખુદ તેમને પેદા કરવામાં આવે છે, જેઓ ન તો એમની મદદ કરી શકે છે અને ન જ તેઓ ખુદ પોતાની મદદ કરવા માટે જ શક્તિમાન છે. તેમ છતાં હે નબી સ.અ.વ.! નરમાશ અને દરગુજરની રીત અપનાવો. નેકીઓની તાકીદ કરતા જાવ અને જાહેલોથી ન ઊલઝો. જો ક્યારેક શેતાન ઉશ્કેરે તો અલ્લાહની પનાહ માગો. એ બધું જ સાંભળનાર અને જાણનાર છે.

તબ્લીગની હિકમત (બુદ્ધિમત્ત, ડહાપણ) વર્ણવ્યા અને વિરોધીઓનો મુકાબલો ધૈર્ય અને સંયમ સાથે કર્યા બાદ અલ્લાહ સાથે પોતાનો સંબંધ વધારવાનો ઉપદેશ આપ્યો કે, "પોતાના રબને સવાર-સાંજ યાદ કર્યા કરો, મનમાં ને મનમાં અને ધીમા સાદે જબાનથી પણ રુદન અને ખૌફ સાથે. તમે એ લોકો પૈકી ન થઈ જાવ જે ગફલતમાં પડેલા છે. જે ફરિશ્તા તમારા રબની સમક્ષ નિકટતાનું સ્થાન ધરાવે છે, તેઓ ક્યારેય પોતાની મોટાઈના ઘમંડમાં આવીને તેની ઈબાદતથી વિમુખ નથી થઈ જતા, અને તેનું સ્મરણ કરતાં તેની આગળ ઝૂકેલા રહે છે. આથી તેમની જ રીત અપનાવો." •

# આઠમી તરાવીહ

આજની તરાવીહમાં નવમા પારાના પંદરમાં રૂકૂઅથી દસમા પારાના ૧૭માં રૂકૂઅ સુધી તિલાવત કરવામાં આવી. આ તરાવીહ સૂરઃ અનફાલથી શરૂ થાય છે. આમાં અલ્લાહતઆલાએ જંગે-બદ્રની સમીક્ષા ફરમાવી છે. આ પ્રથમ યુદ્ધ છે જે મક્કાના કાફિરો અને મુસલમાનો વચ્ચે ૧૭મી રમઝાન હિ.સ.માં બદ્રના મુકામે થયું. આની પશ્ચાદભૂમિ આ હતી કે મદીના તૈય્યબામાં હુઝૂર સ.અ.વ.ના આવી ગયા બાદ મુસ્લિમોને એક કેન્દ્ર મળી ગયું હતું. સમગ્ર આરબ પ્રદેશમાંથી મુસ્લિમો કે જેઓ એકલ-દોકલ કબીલાંમાં હતા આવી આવીને શરણ લઈ રહ્યા હતા અને મક્કાથી પણ મોટી સંખ્યામાં હિજરત કરીને અહીં આવ્યા હતા. આ રીતે મુસલમાનોની વિભાજિત શક્તિ એક જગ્યાએ એકત્ર થઈ ગઈ હતી અને કુરૈશ માટે આ વાત ખૂબ જ અપ્રિય હતી કે મુસ્લિમો આ રીતે એક મોટી શક્તિ બની જાય. આથી તેમણે નિર્ણય કર્યો કે પોતાના એક વ્યાપારિક કાફલાની સુરક્ષાને બહાને મદીના ઉપર હુમલો કરીએ અને

મુસ્લિમોના નાનકડા જૂથને ખતમ કરી દઈએ.

આ સંગીન પરિસ્થિતિમાં ૧૭મી રમઝાનના રોજ બદ્રના મુકામે મુકાબલો થયો. હુઝૂર સ.અ.વ.એ જોયું કે ત્રણ કાફિરોના મુકાબલે એક મુસલમાન છે અને એ પણ સંપૂર્ણપણે શસ્ત્રસજ્જ નથી, તો ખુદાની સામે દુઆ માટે હાથ ફેલાવ્યા અને અત્યંત એકાગ્રતા અને લીનતાથી અરજ શરૂ કરી:

"હે અલ્લાહ! આ કુરૈશ છે જે પોતાના ઘમંડના સાધનો સાથે આવ્યા છે જેથી તારા રસૂલને જૂઠા સાબિત કરે. ખુદાવંદ! બસ, આવી જાય તારી એ મદદ જેનું તે મને વચન આપ્યું હતું. હે અલ્લાહ! જો આજે આ નાનકડું જૂથ નષ્ટ થઈ જશે તો સમગ્ર ધરતી ઉપર આ પછી તારી ઇબાદત નહીં થાય!'

અંતે અલ્લાહ તરફથી મદદ આવી ગઈ પોતાના તમામ શસ્ત્રો અને શક્તિ છતાં આ સાધન-સામગ્રી વિહોણા પ્રાણ ન્યોચ્છાવર કરનારાઓના હાથે પરાજિત થઈ ગયા. કાફિરોના સિત્તેર માણસો માર્યા ગયા અને સિત્તેર બંદીવાન બનાવાયા. મોટા મોટા સરદારો અને અબૂજહલનો ખાત્મો થઈ ગયો, અને કાફિરોનો સમગ્ર સામાન માલે-ગનીમતના રૂપમાં મુસલમાનોના હાથમાં આવ્યો.

અલ્લાહતઆલાએ આ યુદ્ધ અને તેના સંજોગોની સમીક્ષા ફરમાવતાં ગર્વની અભિવ્યક્તિને બદલે મુસલમાનોની કમજોરીઓ પ્રત્યે અંગુલીનિર્દેશ કર્યો, અને જણાવ્યું કે આ વિજયમાં અલ્લાહનું સમર્થન અને મદદનો કેટલો મોટો ફાળો હતો. ફરમાવ્યું : જ્યારે તમે તમારા રબને ફરિયાદ કરી રહ્યા હતા ત્યારે જવાબમાં તેણે ફરમાવ્યું કે હું તમારી મદદ માટે એક હજાર ફરિશ્તા એક પછી એક મોકલી રહ્યો છું. બસ, હકીકત આ છે કે તમે તેમને કત્લ નથી કર્યા, બલ્કે અલ્લાહે તેમને કત્લ કર્યા. અને મો'મિનો (ઈમાનવાળાઓ-મુસ્લિમો)ના હાથ જે આ કાર્યમાં વપરાયા તો આ એટલા માટે હતું કે અલ્લાહ મો'મિનોને એક શ્રેષ્ઠ અજમાયશમાંથી સફળતાપૂર્વક પસાર કરી દે.

હે ઈમાનવાળાઓ! અલ્લાહ અને તેના રસૂલના પોકાર ઉપર લબ્બૈક કહો, જ્યારે તેનો રસૂલ સ.અ.વ. તમને એ વસ્તુ તરફ બોલાવે જે તમને જીવન બક્ષનારી છે, અર્થાત્ જેહાદ, અને બચો એ ફિત્નાથી જેનો પ્રકોપ ખાસ કરીને માત્ર એ લોકો સુધી જ સીમિત નહીં રહે. જેમણે તમારામાંથી ગુના કર્યો હોય. અને જાણી લો કે અલ્લાહ સખત સજા પણ આપનાર છે.

મક્કાનો એ સમય પણ યાદ રાખવા લાયક છે જ્યારે સત્યના ઇન્કારીઓ

તમારી વિરુદ્ધ ઉપાયો વિચારી રહ્યા હતા કે તમને કેદ કરી લે, અથવા કત્લ કરી નાખે. તેઓ પોતાની ચાલો ચાલી રહ્યા હતા અને અલ્લાહ પોતાની ચાલ ચાલી રહ્યો હતો. અને અલ્લાહ સૌથી સારી ચાલ ચાલનારો છે. એ વખતે તેઓ આ વાત પણ કરી રહ્યા હતા કે "હે ખુદા! જો ખરેખર હકીકત આ જ છે અને તારી તરફથી છે તો અમારા પણ પથ્થર વરસાવી દે, અથવા કોઈ બીજો અઝાબ લઈ આવ!" એ સમયે તો અલાહ તેમના પર અઝાબ લાવનાર ન હતો, કેમ કે તમો એમનામાં મોજૂદ હતા. આ અલ્લાહનો કાનૂન નથી કે તેનાથી તૌબા-ઈસ્તિગફાર કરનારા મોજૂદ હોય અને તે એમને અઝાબ આપી દે. પરંતુ શા માટે એ તેમના પર અઝાબ ન મોકલે, જ્યારે કે તેઓ મસ્જિદુલ હરામનો રસ્તો રોકી રહ્યા છે, જો કે તેઓ એ મસ્જિદના જાઈઝ (ખરા) ટ્રસ્ટી નથી. આના જાઈઝ કે સાચા મુતવલ્લી (ટ્રસ્ટી) તો ફકત તકવાવાળા (સંયમી) લોકો જ હોઈ શકે છે. હે ઈમાન લાવનારાઓ! આ કાફિરોથી જંગ કરો, એટલે સુધી કે ફિત્નો બાકી ન રહે, અને દીન પૂરેપૂરો અલ્લાહ માટે થઈ જાય. પછી જો તેઓ ફિત્નાથી રોકાઈ જાય, તો અલ્લાહ તેમના કર્મ જોનાર છે. અને જો ન માને તો જાણી લો કે અલ્લાહ તમારો વાલી છે અને એ શ્રેષ્ઠ મદદગાર છે.

આ પ્રસંગે આ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું કે માલેગનીમત વાસ્તવમાં લડનારાઓની પોતીકી મિલકત નથી, બલ્કે અલ્લાહનું ઈનામ છે આથી પોતાની મરજીથી તેના માલિક ન બનો. આથી તેનો પાંચમો ભાગ અલ્લાહ, તેના રસૂલ સ.અ.વ. અને તેમના સંબંધીઓ, અનાથો, મિસ્કીનો અને મુસાફરો માટે છે. બાકીના ચાર ભાગ યુદ્ધમાં ભાગ લેનારાઓ માટે છે. હે ઈમાન લાવનારાઓ! જ્યારે કોઈ જૂથ સાથે તમારો મુકાબલો થાય તો અડગ રહો અને અલ્લાહને મોટા પ્રમાણમાં યાદ કરતા રહો. અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો અને પરસ્પર લડો નહીં, નહીંતર તમારામાં કમજોરી આવી જશે. અને તમારી શાખધાક ખતમ થઈ જશે. ધૈર્યથી કામ લો, ચોક્કસપણે અલ્લાહ ધૈર્ય કરનારાઓની સાથે છે. અલ્લાહની આ સુન્નત (રીત) છે કે એ કોઈ પણ ને'મતને જે તેણે કોઈ કોમને આપી હોય, ત્યાં સુધી નથી બદલતો જ્યાં સુધી એ કોમ સ્વયં પોતાના વલણને બદલી નથી નાખતી. જે કાફિર કોમોથી કરાર થાય તેમના વિશે ફરમાવ્યું કે જો કોઈ કોમથી તમને ખયાનત (બેઈમાની)નો ભય હોય તો તેનો કરાર ખુલ્લેઆમ તેની સામે ફેંકી દો. નિઃશંક અલ્લાહ ખયાનત કરનારાઓને પસંદ નથી કરતો.

અને તમે લોકો જ્યાં સુધી સમર્થ હોવ કે વધુમાં વધુ શક્તિ અને પલાણેલા ઘોડા તેમના મુકાબલા માટે એકઠા કરી રાખો, જેથી તેના દ્વારા અલ્લાહના અને પોતાના શત્રુઓને અને એ બીજા શત્રુઓને ભયભીત કરી દો જેમને તમે જાણતા નથી, પરંતુ અલ્લાહ જાણે છે. હે નબી સ.અ.વ.! મો'મિનોને યુદ્ધ માટે ઊભારો. જો તમારામાંથી વીસ માણસો ધૈર્યવાન હશે તો એ બસ્સો ઉપર ભારે હશે.

જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે અલ્લાહના માર્ગમાં ઘરબાર છોડ્યા અને જદ્દોજહદ કરી અને જેમણે તેમને પનાહ આપી અને તેમની મદદ કરી તેઓ જ સાચા મો'મિન-મુસલમાન છે. તેમના માટે ભૂલોથી માફી છે અને શ્રેષ્ઠ રોજી છે. અને જે લોકો પાછળથી ઈમાન લાવ્યા અને હિજરત કરીને આવી ગયા અને તમારી સાથે મળીને દીનની સ્થાપના માટે જદ્દોજહદ (પ્રયત્નો કે સંઘર્ષ) કરવા લાગ્યા તેઓ પણ તમારામાં સામેલ છે.

સૂર:અન્ફાલ પછી સૂર:તૌબા છે. આ સૂર:માં પ્રથમ તો એ તમામ મુશ્રિકોથી છુટકારાનું એલાન કર્યું જેમણે પહેલાં તો શાંતિ-સમજૂતીના કરાર કર્યા હતા, પરંતુ પાછળીથી તેનું ઉલ્લંઘન કરી ભંગ કર્યો. જેમણે કરારો જાળવી રાખ્યા હતા તેમના વિષે આ જાહેરાત ફરમાવી કે મુદ્દત પૂરી થઈ ગયા બાદ આ કરારો પણ ખતમ કરી દેવામાં આવે. અને એ બધા સાથે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે જ્યાં સુધી તેઓ ઈસ્લામ અંગીકાર કરી ન લે. ગ્રંથવાળાઓ વિષે પણ એલાન ફરમાવ્યું કે તેમની સાથે પણ યુદ્ધ કરો. એટલે સુધી કે તેઓ તમારી તાબેદારી સ્વીકારી લે. અને તેમને જઝિયો (વેરો) અદા કરવા પ્રતિબદ્ધ થઈ જાય.

આ પછી વિગતવાર રીતે મુનાફિકો (દંભીઓ)ની ખબર લીધી. અને તેમના વિષે આદેશ આપ્યો કે હવે તેમનો સખ્તાઈથી હિસાબ લેવામાં આવે, અને તેમની સાથે કોઈ નરમાશ દાખવવામાં ન આવે. એટલે સુધી કે ક્યાં તો તેઓ સાચા મુસલમાન બની જાય ક્યાં તો પછી મુશ્રિકો અને ગ્રંથવાળાઓમાંથી જેમની સાથે પણ તેમનો સંબંધ છે તેમના અંજામમાં સામેલ થઈ જાય. જાણે કે આ પ્રસંગે એ ત્રણેય જૂથો વિષે જે એ વખતે મુસ્લિમોના ખુલ્લા કે છૂપા દુશ્મન હતા સ્પષ્ટ નીતિની જાહેરાત કરી દેવામાં આવી. પારાના અંતે ફરમાવવામાં આવ્યું, કાફિરો અને દંભીઓ સામે જેહાદ કરો અને તેમના પર સખ્ત બની જાવ. તેમનું ઠેકાણું જહન્નમ છે.

આમાં તે લોકો પણ છે જેમણે અલ્લાહથી વાયદો કર્યો હતો કે જો અલ્લાહ અમને પોતાની કૃપાઓથી નવાજ્યા તો અમે ખૂબ સદ્કો (દાન) કરીશું, અને ખૂબ જ વધુ નેકીઓ (સદ્કાર્યો) કરનારાઓમાંથી હોઈશું. પરંતુ જ્યારે અલ્લાહે તેમને પોતાની કૃપાઓ અર્પી તો તેઓ તેમાં કંજૂસ બની બેઠા અને વિમુખ થઈને મોઢું ફેરવી લીધું. તેની સજા રૂપે અલ્લાહે તેમના દિલોમાં કયામત સુધી દંભ બેસાડી દીધો.

આ જ સૂરઃમાં ઝકાતના ઉપયોગ નક્કી કર્યા જે આઠ છે :

(૧) ગરીબોની આઝાદી માટે (૨) મહોતાજો માટે (૩) ઝકાતની વ્યવસ્થામાં લાગેલ કાર્યકરો માટે (૪) તાલીફે કલ્બ માટે (૫) ગુલામોને મુક્ત કરાવવા માટે (૬) કરજદારોની મદદ માટે (૭) ખુદાના માર્ગમાં (૮) મુસાફરો માટે.

જેહાદ વિષે અશકતો, બીમારો અને એ લોકોને છૂટ આપવામાં આવી જેઓ ખર્ચ કરવા સમર્થ નથી. જ્યારે કે તેઓ અલ્લાહ અને તેના રસૂલના (દીનના) સાચા શુભેચ્છકો છે. અલ્લાહ અત્યંત દયાવાન-કૃપાળુ છે. અલ્લાહની નારાજગી તો એ લોકો ઉપર છે જેઓ છૂટ માગે છે. જોકે તેઓ ધનવાન છે. આ લોકો ઘરમાં રહેનારી સ્ત્રીઓ સાથે બેસવા પર સંમત (રાજી) થયા તો અલ્લાહે તેમના દિલો ઉપર મ્હોર મારી દીધી. હવે તેઓ એ હકીકતને સમજવાથી વંચિત થઈ ગયા છે કે તેમના આ વલણનું અલ્લાહને ત્યાં શું પરિણામ આવવાનું છે. ●

# નવમી તરાવીહ

આજે અગિયારમા પારાથી બારમા પારાના એક ચતુર્થાંશ સુધી તિલાવત કરવામાં આવી.

શરૂઆતમાં સૂરઃ તૌબાના બાકીના સાડા પાંચ રૂકૂઅ પઢવામાં આવ્યા જેમાં 'જંગે તબૂક' પ્રસંગે મુનાફિકો (દંભીઓ) એ જે વલણ અપનાવ્યું અને કેટલાક એવા મુસ્લિમોનું જે હતા તો નિખાલસ પરંતુ સુસ્તી અને આળસને કારણે જંગમાં સામેલ થવાથી પાછળ રહી ગયા એ સહુનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ આ વર્ણન કરવામાં આવ્યું કે જ્યારે તમે તબૂકના સફરથી પાછા ફરશો તો આ દંભીઓ પોતાના વલણ અંગે તમને સંતુષ્ટ કરવા માટે ઉપજાવી કાઢેલા બહાના રજૂ કરશે. તેમને સ્પષ્ટપણે કહી દેજો કે અમે તમારા ઉપજાવી કાઢેલા બહાના માનવાના

નથી. હવે અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. તમારા અમલને જોશે. તમે પોતાના અમલથી આ પુરવાર કરવાની કોશિશ કરો કે તમે ખરેખર અલ્લાહ અને રસૂલ સ.અ.વ. ઉપર ઈમાન રાખો છો. હમણાં તો ઇસ્લામ માટે બૂરૂં ઇચ્છવા અંગે તેમની હાલત આ છે કે પહેલાં તો તેઓ તેના માર્ગમાં કંઈ ખર્ચ જ નથી કરતાં. અને જો સંજોગવશ મજબૂર થઈને કંઈ ખર્ચવું પણ પડે તો તેને પોતાના પરનો જબરજસ્તીનો દંડ સમજે છે અને ઇચ્છે છે કે મુસ્લિમો ઉપર એવી મુસીબત આવી પડે કે જેથી તેમનાં જીવ તેઓથી છૂટી જાય. જો કે ખરેખર મુસીબત તો ખુદ તેમના પર છે અને મુસીબત પણ ખૂબ જ ખરાબ મુસીબત (અર્થાત્ આખેરતમાં નિષ્ફળતા)

કેટલાક અન્ય લોકો હતા જેમણે પોતાના ગુનાહોનો એકરાર કરી લીધો હતો, ફરમાવ્યું કે તેમની નેકીઓ અને બૂરાઈઓ બંને પ્રકારની કમાણી છે, તેમના પર આશા છે કે અલ્લાહ પોતાની રહમત-કૃપા કરશે. હે નબી સ.અ.વ. આપ તેમનાથી સદ્કો લઈને તેમને પાક કરી દો. અને તેમના માટે દુઆ કરો. આપની દુઆ તેમના માટે રાહતનું સાધન બનશે. અને તેમને આ પણ કહો કે હવે અલ્લાહ, તેમના રસૂલ સ.અ.વ. અને મો'મિનો (મુસ્લિમો) તમારા વલણને જોશે અને દરેક સ્થિતિમાં તમને અલ્લાહ સમક્ષ રજૂ કરાશે.

દંભીઓમાં એ લોકો પણ છે જેમણે એક મસ્જિદ બનાવી છે. ઇસ્લામને નુકસાન પહોંચાડવા, ઈમાનવાળાઓમાં ભાગલા પડાવવા ને એ લોકો માટે એક ગુપ્ત મથક પૂરૂં પાડવા માટે જેઓ અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. સાથે અગાઉ લડી ચૂક્યા છે, આપ તેમાં ક્યારેય ઊભા ન રહો. તમારા ઊભા રહેવા માટે સૌથી વધારે એ મસ્જિદ હકદાર છે જેનો પાયો પ્રથમ દિવસથી જ તકવા-સંયમ ઉપર નાંખવામાં આવ્યો છે.

દંભ ઉપર બાંધવામાં આવેલ ઈમારતનું ઉદાહરણ એવું છે જાણે કોઈએ સમુદ્ર તટમાં નીકળેલ કોર ઉપર ઇમારત બાંધી હોય. એ ગમે તે સમયે પોતાના રહેવાસી સાથે દોઝખમાં જઈ પડશે.

નિઃશંક અલ્લાહે ઈમાનવાળા પાસેથી તેમના જાનમાલ જન્નતના બદલામાં ખરીદી લીધા છે. તેઓ અલ્લાહના રાહમાં લડે છે તો મારે પણ છે અને મૃત્ય પણ પામે છે. જન્નતો વાયદો અલ્લાહના માથે એક સાચો વાયદો છે, તૌરાતમાં પણ, ઇન્જીલમાં પણ અને હવે કુર્આનમાં પણ. અલ્લાહ સાથે જન્નતનો આ સોદો કરનારા વાસ્તવમાં તૌબા કરતા રહેનારા, ઈબાદત કરનારા, આભાર માનનારા, પોતાની

સુધારણા અને દીનનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઘરોથી નીકળવાવાળા, અલ્લાહ સમક્ષ ઝુકનારા, નેકીનો હુકમ આપનારા અને બૂરાઈથી રોકનારા, અને અલ્લાહની હદોની રક્ષા કરનારા લોકો છે. આ જ સાચા મો'મિન (ઈમાનવાળા, મુસ્લિમ) છે, આવા મો'મિનોને ખુશખબર સંભળાવી દો.

સૂરઃ પૂરી કરતી વેળા મુસલમાનોને કેટલાક નિર્દેશો આપવામાં આવ્યા. પ્રથમ નિર્દેશ આ આપ્યો કે નબી સ.અ.વ. અને ઈમાનવાળાઓ માટે આ ઉચિત નથી કે તેઓ મુશ્રિકો માટે અલ્લાહથી મગફિરતની દુઆ માગે, ચાહે તે એમના સગા-સંબંધી જ કેમ ન હોય. આ નિર્દેશનો અર્થ આ છે કે મુસ્લિમોને શિર્કના દરેક અંશ સુદ્ધાંથી પાક કરીને માત્ર ખુદા માટે જીવવા અને ખુદા માટે મરવાના ધ્યેય ઉપર કાયમ કરી દેવામાં આવે. અને હક (સત્ય) સિવાય કોઈ અન્ય પ્રકૃતિનો અંશ સુદ્ધાં પણ તેમનામાં બાકી રાખવામાં ન આવે. કેમ કે માત્ર સગપણ અને સંબંધને આધારે જે હિમાયત (સમર્થન) થાય છે તેનાથી જ દંભ અને કુફ્રના માર્ગો ખુલે છે. જે મુસલમાનોનો સુસ્તી અને આળસને કારણે 'જંગે તબૂક'થી પાછળ રહી જવાને કારણે બહિષ્કાર કરવામાં આવ્યો હતો. તેમના તૌબાના સ્વીકારની ખુશખબરી સંભળાવવામાં આવી અને મદીનાવાસીઓ તથા બદ્દુઓમાંથી જેમણે સાચી તૌબા કરી લીધી તેમને ઉપદેશ આપવામાં આવ્યો કે હંમેશ સત્ય અને ન્યાય માટે જીવવાવાળાઓ સાથે સ્વયંને જોડેલા રાખો, જેથી તેમની સોબતમાં રહીને તમારી કમજોરીઓની સુધારણા કરી શકાય.

સૂરઃ યૂનુસમાં કુરૈશની એ સ્થિતિ ઉપર અફસોસ વ્યક્ત કરવામાં આવ્યો કે અલ્લાહે તેમનામાંથી જ એક વ્યક્તિના ઉપર આ હિકમત (ડહાપણ) વાળો ગ્રંથ ઉતાર્યો. હોવું તો આ જોઈતું હતું કે તેઓ આની કદર કરતા અને ઈમાન લાવતા. અલ્લાહ બંડખોરોને ઢીલ આપે છે. તેનું કારણ આ છે કે એ રહમત કરવામાં તો ઝડપ કરે છે, પરંતુ પ્રકોપ કરવામાં જલ્દી નથી કરતો. તે એવા લોકોને પૂરી તક આપે છે કે તેઓ બંડખોરીમાં પૂરી રીતે ભટકી લે, કોઈ તમન્ના બાકી ન રહી જાય, અને તેના માટે અલ્લાહ સમક્ષ કરવા કોઈ દલીલ બાકી ન રહે. નહીંતર એ જ્યારે ઇચ્છે તેમનો ખેલ ખતમ કરી દે. આ લોકો પાછલી ઉમ્મતનોના અંજામથી બોધ કેમ નથી લેતા?

કુરૈશની એક માગણી આ હતી કે આ કુર્આન ઉપરાંત કોઈ બીજુ કુર્આન લાવો, જેમાં કેટલીક અમારી વાતો પણ માનવામાં આવી હોય, અથવા હવે સુધારો

કરી લો, અને 'કંઇ આપો તથા કંઇ લો'ના સિદ્ધાંત ઉપર મામલો કરી લો. આનો જવાબ આપવામાં આવ્યો કે (હે નબી!) તમે બતાવી દો કે મને સુધારો કે ફેરફારની કોઈ સત્તા નથી. આ તો ખુદાના આદેશો છે જેને અમલમાં મૂકવા માટે હું આવ્યો છું. જો ખુદાનો આદેશ ન હોત તો હું હરગિઝ આને રજૂ ન કરત.

હુઝૂર સ.અ.વ.ને સાંત્વન આપવામાં આવ્યું કે જેમનામાં કાબેલિયત છે તેઓ આ ગ્રંથ ઉપર ઈમાન લાવી રહ્યા છે. રહ્યા એ લોકો જેઓ આંધળા અને બહેરા બની ચૂક્યા છે તો આ ખુદ એમના પોતાના કર્મોને કારણે આ હાલતે પહોંચ્યા છે. ખુદાએ તેમની સાથે કોઈ અન્યાય નથી કર્યો. જે અઝાબ અને આખેરતની તેમને ધમકી આપવામાં આવી રહી છે તેના વિષે માગણી કરી રહ્યા છે કે એ વહેલી તકે કેમ આવી નથી જતી? જો કે એ જ્યારે આવી જશે તો અનુભવશે કે એક પળ કે ક્ષણથી વધુ અમે દુનિયામાં સમય નથી વિતાવ્યો. હકીકત આ છે કે દરેક ઉમ્મત માટે એક માપદંડ નિશ્ચિત છે. જ્યારે એ માપદંડ ભરાઈ જશે તો તેને એક મિનિટની પણ મહેતલ નહીં મળે. આ લોકો જો આટલી બધી ઉતાવળ કરી રહ્યા છે તો તેમને પૂછો કે ખુદાના અઝાબ (પ્રકોપ)નો સામનો કરવા માટે તેમણે શું સામાન તૈયાર કરી રાખ્યા છે, એ વખતે તો તેમનું ઈમાન લાવવું પણ બેકાર નીવડશે. આ લોકો આખર પોતાના દુર્ભાગ્યને શા માટે નોતરી રહ્યા છે. અલ્લાહની એ મહાન ને'મત અને રહમતને શા માટે અપનાવતા નથી જે કુર્આનના રૂપમાં નાઝિલ થઈ છે અને જેની સામે દુનિયાના તમામ ખજાના તુચ્છ છે.

સૂરઃહૂદના ચાર રુકૂઅ પઢવામાં આવ્યા. તેમાં પ્રથમ તો પ્રસ્તાવનારૂપે કુર્આનની આ વિશિષ્ટતા વર્ણવવામાં આવી કે લોકોના શિક્ષણ-પ્રશિક્ષણ માટે અલ્લાહતઆલાએ તેને આ રૂપમાં ઉતારી છે કે પ્રથમ ફકત સિદ્ધાંતો અને મૂળભૂત વાતો ખૂબ જ વ્યવસ્થિત શૈલીમાં વર્ણવવામાં આવી. એટલે કે પ્રારંભિક સંપૂર્ણ સૂરઃઓ પાછળથી તબક્કાવાર વિસ્તૃત વર્ણવામાં આવી.

પ્રસ્તાવનારૂપ વાક્યો બાદ હુઝૂર સ.અ.વ.ના મુબારક મુખે આ પૈગામની સ્પષ્ટતા કરવામાં આવી કે એકમાત્ર અલ્લાહની બંદગી અને તૌબા-અસ્તગફાર કરીને એક અલ્લાહ તરફ પલટશે. અલ્લાહ એક નિશ્ચિત મુદ્દત સુધી તેમને જીવનની ને'મતો અને પોતાની કૃપાઓથી સમૃદ્ધ બનાવશે. અને જે લોકો આનાથી વિમુખ થશે તેમના માટે એક મોટા અઝાબનો દિવસ સામે છે. દુનિયામાં પણ અને આખેરતમાં પણ. (દુનિયામાં અઝાબથી અભિપ્રેત ઇસ્લામના મુકાબલે પરાજયની

આગાહી છે.) સજાના ઇન્કારીઓને તેમજ અઝાબનો મજાક ઉડાવનારાઓને ચેતવણી આપી કે આ દુનિયા બાળકોની રમત નથી. અલ્લાહે આને એટલા માટે બનાવી છે કે તે જુએ કે લોકો કેવા અમલ કરે છે. માનવીની વિચિત્ર સ્થિતિ છે કે જ્યારે ખુદાની પકડમાં આવી જાય છે તો સંપૂર્ણપણે નિરાશ અને હૃદયભગ્ન થઈ જાય છે, પરંતુ જ્યારે અલ્લાહ ઢીલ આપે છે તો અકડાઈ કરીને શેખી મારવા લાગે છે. થોડાક જ લોકો એવાં નીકળે છે જેઓ મુસીબતમાં સબ્રની અને નેઅમત મળે તો શુક્રની આદત અખત્યાર કરે છે. આવા જ લોકો માટે અલ્લાહના ત્યાં મગફેરત અને ઉચ્ચ બદલો છે. અને ઈમાનની તૌફીક માત્ર એ લોકોને મળશે જેમની પ્રકૃતિ વિકૃત નથી થઈ. તેઓ કુર્આનને પોતાના દિલનો અવાજ સમજશે. રહ્યા એ લોકો જેમની પ્રકૃતિનો પ્રકાશ ઓલવાઈ ગયો છે તો તેઓ દોઝખને જોઈને જ માનશે. આ બંને જૂથોનું ઉદાહરણ એવું છે જાણે એક જૂથ આંધળાઓ અને બહેરાઓનું હોય અને બીજું જૂથ એ આંખો એ કાન ધરાવનારાઓનું. શું આ બંને સમાન હોઈ શકે છે?

હઝરત નૂહ અ.સ. અને તેમની કોમની દાસ્તાન સંભળાવવામાં આવી, જેમાં મુહમ્મદ સ.અ.વ.ને બતાવવામાં આવ્યુ કે નૂહ અ.સ.ને પણ તમારી જેમ જ તેમની કોમ તરફ મોકલવામાં આવ્યા હતા અને તેમની કોમે પણ એ જ કર્યું હતું જે તમારી કોમ તમારી સાથે કરી રહી છે. અંતે તેમના પર ખુદાનો અઝાબ આવ્યો અને તેઓ સૌ તૂફાનમાં ડુબાડી દેવામાં આવ્યા. જો આ લોકો સુધરશે નહીં તો તેમનો અંજામ પણ આમના જેવો જ થશે. તમે ગભરાવ નહીં, અલ્લાહ તમને અને તમારા સાથીઓને સફળતા આપશે. શરત માત્ર આ જ છે કે તમામ વિરોધો છતાં સીધા માર્ગ પર દૃઢ રહે. હઝરત નૂહ અ.સ. કેટલા સમય સુધી, અર્થાત્ ૯૫૦ વર્ષો સુધી ધૈર્ય કરતા રહ્યા. •

# દસમી તરાવીહ

આજે બારમાં પારાના એક ચતુર્થાંશથી તેરમા પારાના અડધા સુધી તિલાવત કરવામાં આવી. નૂહ અ.સ.ની કોમનો અંજામ વર્ણવ્યા બાદ હવે હૂદ અ.સ.ની કોમ આદ અને સાલેહ અ.સ.ની કોમ સમૂદના ઇબ્રતનાક અંજામને વર્ણવવામાં આવ્યા, જેથી કુરૈશને ઇબ્રત અને કયામત સુધી આવનારા બંડખોરોને બોધ મળે. પછી લૂત અ.સ.ની કોમનો ઉલ્લેખ કરવામાં આવ્યો. એ હિસાબે કે કુરૈશના લોકો

ફરિશ્તાઓને ઉતારવાની માગણી કરી રહ્યા હતા. બતાવ્યું કે ફરિશ્તાઓનું આવવું કોઈ સાધારણ વસ્તુ નથી હોતી. તેઓ જ્યારે કાફિર કોમોની માગણી પર આવે છે તો પોતાની સાથે અઝાબ લાવે છે. પછી હઝરત શુઐબ અ.સ. અને હઝરત મૂસા અ.સ.ની ઘટનાઓનો ઉલ્લેખ કરતાં એ કિસ્સાઓને વર્ણવવાની તક આ શબ્દોમાં સ્પષ્ટ કરી.

"આ વસ્તીઓના કેટલાક બનાવો છે જે અમે તમને સંભળાવી રહ્યા છીએ. તેમનામાંથી કેટલીક હજુ બાકી છે અને કેટલીક ખતમ થઈ ચૂકી છે. અમે તેમના પર જુલમ નથી કર્યા, બલ્કે ખુદ તેમણે પોતાના પર જુલમ કર્યો તો તેમના બનાવટી ખુદા જેમને તેઓ અલ્લાહ સિવાય પોકારતા હતા, તારા રબનો અઝાબ આવ્યા પછી તેમને કોઈ પણ કામ ન આવ્યા. તારા રબની પકડ કે જ્યારે તે એ વસ્તીઓને તેમના જુલમમાં પકડે છે તો આવી જ હોય છે. નિઃશક તેની પકડ ખૂબ પીડાકારી અને સખત છે."

"અમે રસૂલોની દાસ્તાનોમાંથી એક તમને સંભળાવી રહ્યા છીએ, જેથી તમારા હૃદયને તાકત મળે, અને તેમની સ્થિતિનું ખરૂં જ્ઞાન મળી શકે અને મો'મિનો માટે તેમનામાં બોધ અને સ્મૃતિ છે. તમે સૌ તેની જ બંદગી કરતા રહો અને તેના પર ભરોસો રાખો. જે કંઈ તમે કરી રહ્યા છો તમારો રબ તેનાથી અજાણ નથી."

હવે સૂરઃ યૂસુફ શરૂ થાય છે. તેના ઉતરાણનું કારણ આ થયું કે કુરૈશ હુઝૂર સ.અ.વ.ને કતલ કરવા કે દેશવટો આપવા કે કેદ કરવા સંબંધે ખૂબ જ ગંભીરતાથી વિચારી રહ્યા હતા કે મદીનાના યહૂદીઓએ તેમને ઊંઠા ભણાવ્યા કે તેમને આ પૂછો કે બની ઇસરાઈલ તો સીરિયામાં રહેતા હતા, તેઓ (યૂસુફ અ.સ.) ઇજિપ્ત કઈ રીતે પહોંચી ગયા, કે હઝરત મૂસા અ.સ.નો સમગ્ર કિસ્સો ઇજિપ્ત સાથે સંબંધ ધરાવે છે. તેમની સમીપ હુઝૂર સ.અ.વ. કોઈને કોઈ રીતે યહૂદીઓનો સંપર્ક સાધીને આ વાત તેમનાથી જાણવાની કોશિશ કરતા તો જાણે આખી પોલ ખુલી જાત અને સજા કરવા માટે કુરૈશને મોકો મળી જાત. પરંતુ અલ્લાહ તઆલાએ તરત જ નબી સ.અ.વ.ના મોઢે યૂસુફ અ.સ.નો કિસ્સો સંભળાવી દીધો અને સાથે જ તેને કુરૈશ ઉપર લાગુ પણ પાડી દીધો કે તમે જે કંઈ પણ વર્ણવો છો એ અલ્લાહે બતાવેલી વાતો છે. આ રીતે જાણે કે તમે ચેતવી પણ દીધા કે આ જ અંજામ તમારો પણ આવનાર છે, કે એક દિવસે તમે પણ નબી સ.અ.વ.ની દયા કૃપા ઉપર હશો.

આ જ ઘટનામાં અલ્લાહે ઈસ્લામના આમંત્રણને રજૂ કરતાં સ્પષ્ટ કરી દીધું કે હઝરત ઈબ્રાહીમ અ.સ., હઝરત ઈસ્હાક અ.સ., હઝરત યા'કૂબ અ.સ. અને હઝરત યૂસુફ અ.સ.નો દીન પણ એ જ હતો જે મુહમ્મદ સ.અ.વ.નો છે. અને એ સૌ પણ એ જ જીવન પદ્ધતિનું આમંત્રણ આપતા હતા જેનું આમંત્રણ મુહમ્મદ સ.અ.વ. આપી રહ્યા છે. અલ્લાહે આ કિસ્સામાં એક બાજુ હઝરત યા'કૂબ અ.સ. અને હઝરત યૂસુફ અ.સ.નું ચારિત્ર્ય રજૂ કર્યું છે, તો બીજી બાજુ મિસ્ર (ઇજિપ્ત)ના (બાદશાહ) અઝીઝ, તેની પત્ની, ઇજિપ્તના બીજા મોટા ઘરાનાઓની બેગમો અને ઇજિપ્તના હાકેમોના ચારિત્ર્ય રજૂ કર્યા છે, અને બંનેમાં સરખામણી કરીને બતાવ્યું છે કે એક પ્રકારનું ચારિત્ર્ય એ છે જે ઇસ્લામ કબૂલ કરીને બને છે અને બીજું ચારિત્ર્ય એ છે જે દુનિયાપરસ્તી અને આખિરતથી ન ડરવાને લીધે પેદા થાય છે. હવે તમે પોતે પોતાના અંતરાત્માને પૂછી લો કે કયું ચારિત્ર્ય બહેતર છે. પછી અલ્લાહતઆલાએ આ વાત પણ સામે મૂકી દીધી છે કે વાસ્તવમાં અલ્લાહતઆલા જે કંઈ કરવા ચાહે છે એ પૂરૂં થઈને રહે છે. માનવી પોતાની યુક્તિઓથી તેની યોજનાઓને રોકવામાં ક્યારેય સફળ થઈ શકતો નથી. બલ્કે માનવી પોતાની યોજનાઓ માટે યુક્તિઓ અપનાવે છે. અલ્લાહ ચાહે છે તો તેની યુક્તિઓ દ્વારા પોતાની યોજનાઓ પૂરી કરાવી લે છે. યૂસુફ અ.સ.ના ભાઈઓએ હઝરત યૂસૂફ અ.સ.ને પોતાના માર્ગમાંથી ખસેડવા માટે કૂવામાં ફેંકી દીધા, પરંતુ આ કૂવો જ હઝરત યૂસુફ અ.સ.ની ઉન્નતિનું માધ્યમ બની ગયો.

આ જ રીતે મિસ્રના અઝીઝની પત્ની એ હઝરત યૂસુફ અ.સ.ને કારાવાસમાં મોકલીને એ વાતનુ વેર વાળ્યુ કે તેમણે તેના ગુલામ હોવા છતાં તેની ઇચ્છાઓને પૂરી કરવાથી ઇન્કાર કરી દીધો હતો, પરંતુ એ જ કેદખાનું તેમના સત્તાધીશ બનવાનું માધ્યમ બની ગયું અને તે સ્ત્રીએ ખુલ્લેઆમ એક દિવસે પોતાની નિર્લજ્જતા અને ગુનાનો એકરાર કરવો પડયો. આ અને આ જ પ્રકારની અનેક ઐતિહાસિક ઘટનાઓ એ વાતનું એલાન કરે છે કે અલ્લાહ જેને ઉઠાવવા ચાહે છે તેને આખી દુનિયા મળીને પણ પાડી નથી શકતી. આ જ રીતે અલ્લાહ જેને પાડવા ચાહે છે તેને આખી દુનિયા મળીને પણ ઉઠાવી નથી શકતી.

સૂરઃયૂસુફથી પહેલો બોધ માનવીને આ મળે છે કે તેણે પોતાના હેતુ અને યુક્તિ બંનેમાં અલ્લાહની નક્કી કરેલ હદોથી આગળ વધવું નહીં જોઈએ.

સફળતા અને નિષ્ફળતા બંને વાસ્તવમાં અલ્લાહના હાથમાં છે. જે વ્યક્તિ પવિત્ર હેતુ માટે સીધી સીધી જાઈઝ યુક્તિઓ અપનાવશે તો એ અહીં સફળ ન પણ થાય તો પણ કોઈ અપમાનનો સામનો કરવો નહીં પડે. પરંતુ જે વ્યક્તિ નાપાક હેતુ માટે ખોટી યુક્તિ અપનાવશે તેને આખેરતમાં ચોક્કસપણે અપમાનનો સામનો કરવો પડશે.

બીજો બોધ આ કિસ્સાથી આ મળે છે કે અલ્લાહ પર સંપૂર્ણ ભરોસો રાખો અને પોતાની જાતને તેને હવાલે કરી દો. જે લોકો હક અને સત્ય માટે પ્રયત્નો કરે છે, ચાહે દુનિયા તેમને મિટાવવા માટે તમામ રીતો અપનાવી લે તો પણ તે આ વાતને સામે રાખે છે કે બધું જ અલ્લાહના હાથમાં છે. આ વિશ્વાસથી તેમને અસાધારણ સંતોષ-રાહત મળે છે અને તેઓ તમામ મુશ્કેલીઓ અને અડચણોના મુકાબલે પોતાના કાર્યો સતત કર્યે જાય છે.

સૌથી મોટો બોધ આ કિસ્સાથી આ મળે છે કે એક મો'મિન (મુસલમાન) જો સાચી ઇસ્લામી સીરત અને ચારિત્ર્ય ધરાવતો હોય અને ડહાપણ (હિકમત)નો ગુણ પણ તેનામાં હોય તો એ એકલો પણ આખા દેશને ફતેહ કરી શકે છે. યૂસુફ અ.સ.ને જુઓ. સત્ત વર્ષની વય, એકલા-અટૂલા, સાધન-સામગ્રી વિહોણા, અજનબી દેશ, અને પછી કમજોરીની ચરમસીમા આ કે ગુલામ બનાવીને વેચવામાં આવ્યા. તેના પર વધુ જુલમ આ કે એક ખૂબ જ ઘૃણાસ્પદ નૈતિક ગુનાનો આરોપ મૂકીને તેમને કારાવાસમાં પૂરી દેવાયા, જેની કોઈ મુદ્દત પણ ન હતી. આટલી હદે પાડી દેવાયા છતાં તેઓ માત્ર પોતાના ઈમાન અને નૈતિકતાના આધારે ઊઠે છે અને આખા દેશ પર કબજો મેળવી લે છે.

જ્યારે યૂસુફ અ.સ.ના સ્વપ્નની તા'બીર (ફળ) પૂરી થાય છે, મા-બાપ મિસ્ર પહોંચી જાય છે, અને તેઓ મા-બાપને ઉઠાવીને પોતાની સાથે સિંહાસન પર બેસાડે છે અને તમામ લોકો કે જેમાં તેમના ભાઈઓ પણ સામેલ છે, આદરપૂર્વક તેમની સામે ઝૂકી જાય છે, તો હઝરત યૂસુફ અ.સ.ને પોતાનું સ્વપ્ન યાદ આવી જાય છે અને તેઓ પોતાના પિતાને કહે છે, "અબ્બાજાન, આ છે મારા એ સ્વપ્નની તા'બીર, જેમાં મેં સૂર્ય, ચંદ્ર અને અગિયાર તારાઓને સિજદો કરતા જોયા હતા."

આના ઉપર પણ તેઓ કોઈ ગર્વ કે મોટાઈ વ્યક્ત કરવાને બદલે અલ્લાહ

સામે વિનમ્રતા અને આભાર વ્યક્ત કરે છે અને ફરમાવે છે, "હે મારા રબ! હકૂમત પણ તેં જ અર્પણ કરી અને સ્વપ્નોના તા'બીરનું જ્ઞાન પણ તેં જ આપ્યું. હે ધરતી અને આકાશના સર્જક! દુનિયા અને આખેરત બંનેમાં મારો કાર્યસાધક તું જ છે. મને ઇસ્લામ ઉપર જ મોત આપજે અને મને નેક લોકોના વર્તુળમાં દાખલ કરજે."

સૂરઃયૂસુફ પછી સૂરઃ રઅ્દના બે રુકૂઅમાં બતાવવામાં આવ્યું કે આ અલ્લાહના ગ્રંથની આયતો છે, કોઈ હવામાંની વાતો નથી. આની દરેક વાત એક હકીકત છે. અને જે વાતોના સમાચાર આપવામાં આવી રહ્યા છે એ એક એક કરીને પૂરી થઈ રહેશે. પરંતુ મોટાભાગના લોકો જીદ પર ચડેલા છે, એવા લોકો ઈમાન નહીં લાવે.

પછી સૃષ્ટિની એ નિશાનીઓ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું જે કુર્આન દ્વારા વર્ણવાયેલ હકીકતોને સ્પષ્ટ કરનારી છે, અને આ વિશ્વાસ દેવડાવવા માટે પૂરતી છે કે એક દિવસે તેની સમક્ષ હાજર થવાનું છે. જાહેર અને છૂપી દરેક વસ્તુથી એ વાકેફ છે. દરેક વ્યક્તિની આગળ અને પાછળ તેના નક્કી કરેલા નિરીક્ષકો લાગેલા છે, જે અલ્લાહના હુકમોથી તેની દેખરેખ કરી રહ્યા છે.

કોમોને બદલવા વિષે આ હકીકત છે કે અલ્લાહ કોઈ પણ કોમની હાલતને ત્યાં સુધી નથી બદલતો જ્યાં સુધી એ પોતે પોતાના ગુણોને નથી બદલી નાખતી. અને જ્યારે અલ્લાહ કોઈ પણ કોમ ઉપર મુસીબત લાવવાનો નિર્ણય લઈ લે તો પછી કોઈના ટાળ્યે એ ટળી શકતી નથી. શું અલ્લાહના મુકાબલે કોઈ કોઈનો મદદગાર હોઈ શકે છે? સત્ય અને અસત્યના સંઘર્ષને વિચિત્ર ઉદાહરણ દ્વારા સમજાવ્યા કે અલ્લાહે આકાશમાંથી પાણી વરસાવ્યું અને નદી-નાળાં પોતાની શક્તિ મુજબ તેને લઈને ચાલી નીકળ્યા. પછી જ્યારે પૂર આવ્યું તો સપાટી ઉપર ફીણ પણ આવી ગયા અને આવા જ ફીણ એ ધાતુઓ ઉપર પણ ઉઠે છે જેમને ઘરેણાં અને વાસણ બનાવવા માટે ઓગાળવામાં આવે છે. જે ફીણ છે એ અર્થાત્ અસત્ય એ અંતે ઊડી જ જાય છે, અને જે વસ્તુ માનવી માટે નફાકારક છે એટલે કે હક-સત્ય એ ધરતીમાં રોકાઈ જાય છે. આ રીતે અલ્લાહ ઉદાહરણો દ્વારા પોતાની વાત સમજાવે છે. ●

# અગિયારમી તરાવીહ

આજની તરાવીહમાં તેરમા પારાના નવમા રુકૂઅથી ચૌદમા પારાના અઢારમા રુકૂઅ સુધી તિલાવત કરવામાં આવી. સૌથી પહેલા કુર્આનની દા'વત સ્વીકારીને અલ્લાહના માર્ગમાં ચાલી નીકળનારાઓ માટે પરિણામ રૂપે સફળતાની માહિતી આપી અને એના વિરોધી અને અવરોધ કરનારાઓ પર અલ્લાહના ધિક્કારની ખબર આપી. પછી આ શંકાનો જવાબ આપ્યો કે જો અલ્લાહના તમામ ઉપહારોના હકદાર માત્ર ઈમાનવાળાઓ જ છે તો તે લોકો શા માટે રિઝ્ક અને ફઝલના માલિક બની બેઠા છે. જેઓ દિવસ-રાત અલ્લાહ અને એના રસૂલ સ.અ.વ.ના વિરોધમાં પ્રવૃત્ત છે. ફરમાવ્યું, અલ્લાહ જેના માટે ચાહે છે રિઝ્કના દરવાજા ખોલી દે છે અને જેના માટે ચાહે છે સાંકડા કરી દે છે. જેના માટે મોકળાશ કરે છે એનાથી ઈચ્છે છે તે તેના રબનો ઉપકારી બંદો બને અને જેના માટે સંકળાશ કરે છે એનાથી એ ચાહે છે કે ધીરજ રાખે. એ જ ધીરજ અને આભાર પર દીનની આખી ઈમારત ઊભી છે. જે લોકો આ દુનિયાના કાંકરા-પથરા મેળવી ઘમંડમાં આખિરતને ભૂલાવી બેઠા છે. જ્યારે તે આખિરતના દિવસે ધીરજ રાખનારાઓ અને આભારી બંદાઓને જોશે ત્યારે તેમને અંદાજ થશે કે અત્યંત ક્ષુલ્લક વસ્તુ માટે તેમણે આખિરતની બાદશાહી ગુમાવી દીધી.

કાફિરોની વારંવારની એ માગણી પર કે કોઈ જબરદસ્ત એવો ચમત્કાર દેખાડવામાં આવે કે માન્યા વગર છૂટકો જ ન રહે. સ્પષ્ટ કરવામાં આવ્યું કે સૃષ્ટિ અને ખુદ માનવીના જીવનમાં જે દલીલો અને નિશાનીઓ અલ્લાહે મૂકી છે. જે લોકોને એનાથી સંતોષ થતો નથી તેઓ દુનિયાના ચમત્કારો જોઈ લે તો પણ આંધળા જ રહેશે કેમ કે ઈમાન અને હિદાયતનો માર્ગ અલ્લાહના કલામ અને એના રસૂલની વાતો પર લક્ષ આપવાથી જ ખુલે છે.

શિર્ક અને ખુદાની સાથે ઠરાવાયેલા ભાગીદારોની વાસ્તવિકતા વર્ણવી કે તેમની કોઈ બુનિયાદ નથી. આ માત્ર ઘડી કાઢેલી વાતો છે. આ છળમાં સપડાયા પછી જેમણે અલ્લાહના માર્ગમાં મુખ ફેરવ્યું તેઓ આ લોકમાં પણ પ્રકોપમાં સપડાશે અને આખિરતનો પ્રકોપ તો એનાથી કેટલાય ઘણો સખત હશે, કોઈ ભલામણ કરનાર અને ભાગીદાર તેમને બચાવનાર નથી.

સૂર:રઅ્દમાં અલ્લાહતઆલાએ શિર્ક અને ઇસ્લામના તફાવતને શ્રેષ્ઠ ઉદાહરણ આપી સ્પષ્ટ કર્યું કે શિર્કની જે વ્યવસ્થા ઉપર તમે જીવન વિતાવી રહ્યા છો (કે પોતાના મન-માન્યા આદેશો ચલાવી રહ્યા છો) તેનો કોઈ આધાર ન તો ધરતીમાં છે અને ન જ આકાશમાં... તેનું ઉદાહરણ ગંદકીના ઢગલા પર ઊગેલા એક નાપાક અને કાંટાળા છોડ સમાન છે જે નાની સરખી હરકતથી ઉખેડી ફેંકી શકાય છે. જો આ અત્યાર સુધી બાકી છે તો આ કારણે કે હજુ આવો કોઈ હાથ નથી આવ્યો જે આને ઉખાડી ફેંકે. હવે અલ્લાહે એ હાથ પેદા કરી દીધા છે તો તમે જોશો કે કેટલી જલ્દી બધું ખતમ થઈ જશે. આની સરખામણીમાં ઇસ્લામની દા'વતનું ઉદાહરણ એક પવિત્ર ફળાઉ વૃક્ષ સમાન છે જેના મૂળિયાં પાતાળમાં ઊતારેલા છે અને શાખાઓ આકાશમાં ફેલાયેલ છે. અલ્લાહતઆલા ઈમાનવાળાઓને દુનિયામાં મજબૂત અને દઢ કરશે અને આખિરતમાં સફળતા આપશે, એ શરત કે તેઓ ધૈર્ય અને મજબૂતીથી સત્ય પર અડગ રહે. અને આ માર્ગમાં આવનારી અજમાયશોનો અલ્લાહ પર ભરોસો રાખી સામનો કરે. આ હકીકતને ઇતિહાસના પ્રકાશમાં સ્પષ્ટ કરવા માટે હઝરત મૂસા અ.સ. અને બીજા અંબિયાએ કિરામના એ બનાવો રજૂ કરવામાં આવ્યા જેનાથી આ પાસા ઉપર પ્રકાશ પડે છે કે ધૈર્ય કરનારાઓ અને સત્ય-માર્ગમાં અડગ રહેનારાઓ સર્વોપરી રહ્યા અને વિરોધીઓને તબાહ કરી દેવાયા. પરંતુ આ પણ બતાવાયું કે સર્વોપરિતા એમને જ પ્રાપ્ત થશે જેઓ પ્રથમ તબક્કામાં ધૈર્ય અને દઢતા દાખવે.

ઈસ્લામના વિરોધીઓનો આખિરતમાં જે હાલ થશે તેને વર્ણવ્યો કે તેમનું બધું જ કર્યું કરાવ્યું ધૂળ અને રાખ થઈને ઊડી જશે. અગ્રણીઓ અને તેમના અનુયાયીઓ બધા જ એકબીજાને લા'નત મોકલશે. એટલે સુધી કે શેતાન પણ પોતાનું અનુસરણ કરનારાઓ સાથે પોતાનો કોઈ જ સંબંધ ન હોવાનું એલાન કરી દેશે, અને કહેશે કે મેં તો ફકત તમને મારી તરફ બોલાવ્યા હતા. આ તો તમે જ હતા કે મારી વાત માની લીધી, હવે મને ન ધિક્કારો. ખુદ પોતાની જાતને જ ધિક્કારો. ન તો હું તમારા કોઈ કામમાં આવી શકું છું અને ન જ તમે મારા કામમાં આવી શકો છો. નિ:શંક પોતાના પ્રાણો પર જુલમ કરનારાઓનો અંજામ પીડાકારી પ્રકોપ છે.

કુરૈશના અગ્રણી-સરદારોને ચેતવવામાં આવ્યા કે તેમણે અલ્લાહે આપેલ ને'મતોને કુફ્ર અને શિર્કના સાધન કે માધ્યમ બનાવી લીધા છે, અને આ રીતે

પોતાની કોમને જહન્નમના ઘાટ પર લાવી ઊભી કરી દીધી છે. આમાં આજના આગેવાનો માટે પણ શિખામણ છે. કાશ! તેઓ કુર્આનને સમજે. મુસલમાનોને શિખામણ આપવામાં આવી કે તેઓ નમાઝનું નિયમિત પાલન કરે, આ પહેલાં કે એ દિવસ આવી જાય જેમાં ન તો ખરીદ-વેચાણ હશે અને ન જ મિત્રતા કામ લાગશે. અલ્લાહને એ જુલ્મીઓના કરતૂતોથી અજાણ ન સમજો. એ તેમને બસ એ જ દિવસ માટે ટાળી રહ્યો છે જે દિવસે નજરો ફાટેલી ને ફાટેલી રહી જશે, અને તેઓ માથું ઉઠાવી ધુણી રહ્યા હશે, કીકીઓ થંભી ગઈ હશે અને તેઓ ગભરાયેલા હશે અને ફરિયાદ કરશે... "હે અમારા રબ! અમને થોડીક મહેતલ ઓર આપી દે. અમે તારી દા'વત કબૂલ કરી લઈશું. અને રસૂલોનું અનુસરણ કરીશું..." અલ્લાહ સર્વોપરી અને વેરની શક્તિ ધરાવનાર છે... એ દિવસને યાદ રાખો જ્યારે આ ધરતી બીજી ધરતીથી બદલી નાખવામાં આવશે અને આકાશ પણ અને સૌ એક અલ્લાહ અને કોપાયમાનની સામે હાજર થશે અને તમે ગુનેગારોને એ દિવસે સાંકળોમાં જકડાયેલા જોશો. તેમના પોષાક ડામરના હશે અને તેમના મોઢા પર આગ છવાયેલી હશે, જેથી અલ્લાહ દરેક જીવધારીને તેની કમાણીનો બદલો આપે. અને અલ્લાહને હિસાબ ચૂકતે કરવા કોઈ વાર નહીં લાગે. આ લોકો માટે એક એલાન છે જેથી તેમને આના દ્વારા વાકેફ કરી દેવાય અને તેઓ જાણી લે કે એ જ એક માત્ર મા'બૂદ (ઉપાસ્ય) છે અને બુદ્ધિ ધરાવનારાઓ આનાથી ભૂલેલું યાદ કરી લે.

સૂરઃઅલ હિજ્રમાં અલ્લાહના રસૂલ સ.અ.વ.ને સંબોધીને આ સંતોષ આપવામાં આવ્યો કે આ કુર્આન ખુદ પોતે જ એક સ્પષ્ટ દલીલ છે. જો આ લોકો આને નથી માની રહ્યા તો આ કોઈ નવી વાત નથી, હંમેશથી રસૂલોને જૂઠાડનારાઓનું વલણ આ જ રહ્યું છે. આપને તો જે કંઈ આદેશ મળ્યો છે તેને ખુલ્લેઆમ સંભળાવતા રહો અને મુશ્રિકોથી દામન બચાવતા રહો. અમે આપના તરફથી તેમના માટે પૂરતા છીએ. આપ તો પોતાના રબની તેની હમ્દ (પ્રશંસા) સાથે સ્તુતિ કરતા રહો અને સિજદા કરનારાઓની સાથે સામેલ રહો અને પોતાના રબના આજ્ઞાપાલન અને ઈબાદતમાં લીન રહો. એટલે સુધી કે એ ચોક્કસ સમય આવી જાય, અર્થાત્ મૃત્યુ કે કયામત.

સૂરઃનહ્લની શરૂઆત જ જબરજસ્ત ચેતવણીથી થઈ છે... બસ આવવાની તૈયારીમાં જ છે અલ્લાહનો ચુકાદો! હવે તેના માટે ઉતાવળ ન કરો. પાક છે અને

ઉચ્ચતર છે એ શિર્કથી જે આ લોકો કરી રહ્યા છે. તે એ રૂહ અર્થાત્ વહીને પોતાના જે બંદાઓ ઉપર ચાહે છે પોતાના હુકમથી ફરિશ્તાઓ દ્વારા નાઝિલ ફરમાવી (ઉતારી) દે છે, કે ચેતવી દો કે મારા સિવાય કોઈ મઅ્બૂદ નથી, આથી તમે મારાથી જ ડરો. ખરેખર, તેણે જ આકાશ અને ધરતીને પેદા કર્યા છે. તેણે માનવીને નાની સરખી બૂંદ (ટીપા)થી પેદા કર્યો અને જોતજોતામાં એ સ્પષ્ટરૂપે એક ઝઘડાખોર હસ્તી બની ગયો, અને એ તમામ નિશાનીઓને અવગણી નાખી કે અલ્લાહે તેના ખોરાક અને વિવિધ પ્રકારના અસંખ્ય લાભો માટે પ્રાણી પેદા કર્યા. સમુદ્ર જેવી મહાન અને ખતરાઓથી ભરેલ વસ્તુને તેને તાબે કરી દીધી. તો શું એ જેણે આ વસ્તુઓને પેદા કરી અને એ જેઓ કંઈ પણ પેદા નથી કરતા બંને સમાન છે? ખુદાને છોડીને લોકો જેમને પોકારે છે તેઓ પોતે જ મખ્લૂક (પેદા કરાયેલ) છે. તેઓ મૃત છે નહીં કે જીવંત, અને તેમને કંઈ જ ખબર નથી કે તેમને ક્યારે બીજીવાર જીવતા કરી ઉઠાડવામાં આવશે.

અમે દરેક ઉમ્મતમાં એક રસૂલ મોકલી દીધો અને તેના દ્વારા ચેતવી દીધા કે અલ્લાહની બંદગી કરો અને 'તાગૂત'ની બંદગીથી બચો. ત્યાર બાદ તેમનામાંથી કોઈને અલ્લાહે માર્ગદર્શન આપ્યું અને કોઈના પર ગુમરાહી છવાઈ ગઈ. જરા ધરતી ઉપર હરી-ફરીને જોઈલો કે ખોટું ઠેરવનારાઓનો શો અંજામ આવી ચૂક્યો છે?

શું આ લોકો અલ્લાહની પેદા કરેલી કોઈ પણ વસ્તુ ઉપર વિચાર-મનન નથી કરતા કે તેનો પડછાયો કેવી રીતે અલ્લાહ સમક્ષ સિજદો કરતાં ડાબે-જમણે પડે છે? તમામે તમામ આ રીતે પોતાની વિનમ્રતા વ્યક્ત કરે છે. ધરતી અને આકાશમાં જેટલી પણ મખ્લૂક (સૃષ્ટિ) છે અને જેટલા પણ ફરિશ્તા છે બધા અલ્લાહ સમક્ષ માથું નમાવેલ છે. તેઓ કદાપિ બગાવત નથી કરતા. પોતાના એ રબથી જે તેમની ઉપર છે ડરતા રહે છે, અને જે કંઈ હુકમ એ આપે છે તે મુજબ જ કાર્ય કરે છે.

આખિરતના અંજામથી ન ડરનારાઓને ચેતવવામાં આવ્યા છે. જો અલ્લાહ ક્યાંક લોકોને તેમના જુલ્મ-અત્યાચારો ઉપર તરત જ પકડી લેતો તો આખી ધરતી ઉપર કોઈ પણ જીવધારીને જીવતો ન રહેવા દેત. પરંતુ એ સૌને એક નિશ્ચિત મુદ્દત સુધી મહેતલ આપે છે. પછી જ્યારે એ સમય આવી જાય છે તો એક પળ પણ આગળ-પાછળ નથી થઈ શકતી.

આ ઇન્કારીઓને કંઈ ભાન પણ છે કે એ દિવસે શું થશે જ્યારે કે અમે દરેક ઉમ્મતમાંથી એક સાક્ષી ઊભો કરીશું, પછી ન તો ઇન્કારીઓને દલીલો રજૂ કરવાની

તક આપવામાં આવશે, અને ન જ તૌબા-અસ્તગફાર (ક્ષમા)ની, અને ન જ તેમના અઝાબમાં કોઈ કમી કરવામાં આવશે. હે મુહમ્મદ સ.અ.વ. તેમને એ દિવસથી ચેતવી દો જ્યારે આપને તેમની સામે સાક્ષી માટે ઊભા કરવામાં આવશે. આ એ જ સાક્ષીની તૈયારી છે કે અમે આ ગ્રંથ તમારા પર નાઝિલ (અવતરિત) કરી દીધો છે, જે હિદાયત-માર્ગદર્શન, રહમત અને ખુશખબરી છે એ લોકો માટે જેમણે પોતાનું માથું આજ્ઞાપાલનમાં ઝુકાવી દીધું છે. •

# બારમી તરાવીહ

આજની તરાવીહમાં ચૌદમા પારાના તેરમા રુકૂઅથી પંદરમાં પારા સુધી તિલાવત કરવામાં આવી. ગઈકાલે જે રુકૂઅ ઉપર સમાપન થયું હતું તેમાં બતાવાયું હતું કે જે લોકો પોતાને ખુદાને હવાલે કરી દે તેમના માટે આ ગ્રંથ 'સિરાતે મુસ્તકીમ' (સીધા માર્ગ) ભણી માર્ગદર્શન કરશે અને રહમત તથા ખુશખબરી પુરવાર થશે. હવે આગળ ફરમાવાયું કે તેના નિર્દેશન, રહમત અને ખુશખબરીનો આધાર આ છે કે અલ્લાહ હુકમ આપે છે ન્યાયનો ઉપકારનો અને નિકટના લોકોને આપતા રહેવાનો અને રોકો છે નિર્લજ્જતા, બંડથી. તમામ બૂરાઈઓના મૂળ આમાં જ છે. ન્યાય આ છે કે જેનો જે હક્ક થતો હોય અમે કોઈ પણ પ્રકારની વધ-ઘટ વિના તેને આપી દઈએ. ચાહે હકદાર કમજોર હોય કે શક્તિશાળી, અને ભલે અમે તેનાથી રાજી હોઈએ કે નારાજ. તેનો હક કોઈ પણ સ્થિતિમાં રોકીએ નહીં. 'અહેસાન' અદલ અને ન્યાયથી વધુ સારી વસ્તુ છે. અર્થાત્ કે આપણે સખાવતપૂર્ણ અને મહેરબાનીભર્યું વર્તન કરીએ. પછી સગાં-સંબંધીઓ ઉપર ન્યાય અને અહેસાન ઉપરાંત પોતાનું ધન ખર્ચો. આ જ રીતે દુષ્કૃત્યો, નિર્લજ્જતાના કાર્યોથી અને એ દરેક કાર્યથી જે એક સભ્ય સમાજમાં સારૂં નથી ગણાતું, આપણે બચવું જોઈએ. અને પોતાની શક્તિ અને પ્રભાવથી કોઈ અનુચિત લાભ ઉઠાવવો ન જોઈએ.

બે જૂથો-સમૂહનો ઉલ્લેખ થયો. એક એ જેમણે આખેરતની સરખામણીમાં દુનિયાના જીવન અને તેના એશ-આરામને વધુ પસંદગી આપી. તેમના વિષે અલ્લાહનો નિર્ણય છે કે તે તેમને સીધો માર્ગ નહીં દેખાડે, અને તેમના દિલો પર, કાનો પર અને આંખો ઉપર મ્હોર મારી

દેશે. ચોક્કસપણે આ લોકો ભારે નુકસાનમાં રહેશે.

બીજો સમૂહ એ લોકોનો છે જેઓ ઈમાન લાવવાને કારણે સતાવવામાં આવ્યા તો તેમણે ઘર-બાર છોડી દીધા, હિજરતની રાહેખુદામાં તકલીફો ઉઠાવી અને ધૈર્યથી કામ લીધું. તેમના માટે ચોક્કસપણે તમારો રબ ક્ષમવાન અને કૃપાળુ છે. લોકોને દીન તરફ બોલાવવા માટે નિર્દેશ આપવામાં આવ્યો કે પોતાના રબના રસ્તાભણી હિકમત અને સારા ઉપદેશ સાથે આમંત્રણ આપો અને ચર્ચા કરવી પડે તો આ રીતે ચર્ચા કરો જે પસંદપાત્ર છે. નિઃશંક તમારો રબ સારી રીતે જાણે છે કે કોણ તેના માર્ગથી ભટકી ગયેલો છે અને કોણ તેના માર્ગદર્શન ઉપર છે. જો તમે કોઈનાથી બદલો લો તો એટલો જ લો કે જેટલો જુલ્મ તમારી ઉપર કરવામાં આવ્યો અને જો તમે ધૈર્ય કરી લો તો આ વસ્તુ ધૈર્ય કરનારાઓ માટે ખૂબ જ બહેતર છે અને તેમને ધૈર્ય પ્રાપ્ત નથી શકતું. પરંતુ અલ્લાહ સાથેના સંબંધથી જ. અને તમે એ વિરોધીઓની હરકતોથી દુઃખી ન થાવ અને ન જ તેમના પ્રપંચોથી પરેશાન થાવ. ચોક્કસપણે અલ્લાહ તેમની સાથે છે જેમણે તકવા (સંયમ) અપનાવ્યો અને અહેસાન સાથે કામ કર્યું.

સૂરઃબની ઇસરાઇલમાં તેમને તેમના પોતાના ઇતિહાસના પ્રકાશમાં બતાવવામાં આવ્યું કે જો તમે આ ઘમંડમાં સપડાયેલા છો કે અલ્લાહના મહેબૂબ અને પ્રિય છો તો તે આત્મછળના છે. તમારો પોતાના ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે તમે ખુદા સામે બંડ પોકાર્યો તો તમારા પર માર પણ પડી અને ખુદાની કૃપાના હકદાર તમે ત્યારે બન્યા જ્યારે તમે સુધારણાનો માર્ગ અપનાવ્યો. સાથે જ મે'રાજની ઘટના વર્ણવીને મુશ્રિકો અને બની ઇસરાઈલ બેંને ઉપર આ સ્પષ્ટ કરી દીધું કે હવે મસ્જિદે હરામ અને મસ્જિદે અકસા બંનેની અમાનત તમે ખ્યાનત (બેઈમાની) કરનારાઓથી ઝૂંટવીને આ જ નબીએ ઉમ્મી સ.અ.વ.ને સોંપવાનો નિર્ણય થઈ ચૂક્યો છે. જેણે સફળતા મેળવવી હોય એ પોતાનું વલણ બદલીને આ રસૂલના માર્ગદર્શન મુજબ કરી લે, નહીંતર પોતાની જીદ અને બંડના પરિણામો ભોગવવા માટે તૈયાર થઈ જાય. આ જ સંદર્ભમાં નૈતિકતા અને સભ્યતાના એ મોટા મોટા સિદ્ધાંતો વર્ણવ્યા જેમના પર જીવન-વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા માટે મુહમ્મદ સ.અ.વ.ને આ અંતિમ ગ્રંથ આપવામાં આવ્યો. આ જાણે કે ઇસ્લામનો 'મેનિફેસ્ટો' છે જેને મદીનામાં ઇસ્લામી રાજ્યની સ્થાપના કરવાથી એક વર્ષ પહેલાં સૌની સામે રજૂ કરી દેવામાં આવ્યો. મક્કાના કાફિરો સામે પણ અને

ગ્રંથવાળાઓ સામે પણ (અને હવે તમામ માનવો માટે કયામત સુધીના સમય માટે પણ આ જ 'મેનિફેસ્ટો' પૂરતો છે.) ફરમાવવામાં આવ્યું કે તમારા રબે નિર્ણય કરી દીધો છે કે :

(૧) ઈબાદત માત્ર અલ્લાહની કરો. (૨) માતા-પિતા સાથે સદ્‌વર્તન કરો. (૩) સગા-સંબંધીઓ, મિસ્કીનો અને મુસાફરોને તેમનો હક આપો. (૪) ફાલતુ ખર્ચ ન કરો. (૫) જો કોઈની હાજત (જરૂરત) પૂરી ન કરો તો નમ્રતાથી જવાબ આપો. (૬) ન તો કંજુસાઈ કરો, ન જ ફાલતુ ખર્ચ, મધ્યમ માર્ગ અપનાવો. (૭) ગરીબીની બીકે પોતાની ઓલાદની હત્યા ન કરો. (૮) વ્યભિચારની નજીક પણ ન જાવ. (૯) કાનૂની (શરઈ) હદોની બહાર જઈ અનાથના માલની પાસે પણ ન જાવ. (૧૧) પરસ્પરના સંધિ-કરારનું પાલન કરો. (૧૨) માપ-તોલમાં ઓછું - વત્તું ન કરો. (૧૩) જે વાતનું તમને જ્ઞાન ન હોય તેની પાછળ ન પડો. (૧૪) ઘમંડ અને મોટાઈની ચાલ ન ચાલો, આ એ હિકમત (ડહાપણ-બુદ્ધિમત્તા)ની વાત છે જે તમારા રબે તમારા પર વહી કરી છે.

આ આખેરતના ઈન્કારીઓ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે અમે માટી થઈ ગયા પછી કેવી રીતે પેદા કરવામાં આવીશું. કહો જે રીતે પહેલીવાર પેદા કરવામાં આવ્યા હતા. તેમને અમારા અઝાબ (પ્રકોપ)નો વિશ્વાસ નથી. કહી દો! કોઈ વસ્તી એવી નથી કે એક સમય આવ્યે અમે તેને નષ્ટ કરી દીધી ન હોય, અથવા તેમના પર અઝાબ મોકલ્યો ન હોય. ત્યાર પછી શેતાનના કાયમી શત્રુ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો જેથી સમજમાં આવી શકે કે કુફ્ર, નાફરમાની અને અપકારનું વલણ એ શેતાનનું વલણ છે, તેમજ જે કોઈ આના પર ચાલશે એ જાણે કે શેતાનનું અનુસરણ કરશે.

જો કે આ વલણ ધોખા સિવાય કંઈ નથી. ચાલવું તો જોઈએ એ રબના કહેવા ઉપર જે તમારા બધાનો ખરો રબ છે, જે સમુદ્રોમાં નૌકા ચલાવે છે, જેથી તમે રોજી મેળવી શકો. શું તમે આ વાત પ્રત્યે નીડર થઈ ગયા છો કે એ તમને સૂકી ધરતીમાં ઉતારી દે અથવા તમારા પર પથ્થર વરસાવનાર કોઈ આંધી મોકલી દે અને તમે પોતાનો કોઈ સમર્થક ન મેળવી શકો.

સીધા માર્ગ ઉપર દૃઢતા માટે નમાઝના નિયમિત પાલનની તાકીદ કરી અને ફરમાવ્યું કે નમાઝ કાયમ કરો. સૂરત ઢળવાથી લઈને રાત્રિના અંધકાર સુધી. અને ફજના કુર્આન (પઠન)ની વ્યવસ્થા કરો. કારણ કે ફજમાં પઢવામાં આવનારા

કુર્આન માટે વિશિષ્ટપણે ખુદાના ફરિશ્તા સાક્ષી બને છે. અને રાત્રે તહજ્જુદ પઢો. આ તમારા માટે નફલ છે, જેથી તમારો ખુદા તમને ઉચ્ચ સ્થાને બેસાડે, અને દુઆ કરો કે પરવરદિગાર! તૂ મને જ્યાં પણ લઈ જા સત્ય સાથે લઈ જા, અને જ્યાંથી પણ કાઢે સત્ય સાથે કાઢ, અને પોતાની તરફથી એક સત્તાને મારી સહાયક બનાવ, અને એલાન કરાવડાવ કે સત્ય આવી ગયું છે અને અસત્ય મટી ગયું, અસત્ય તો છે જ મટવા માટે.

દરેક યુગની અજ્ઞાનતાઓમાંથી એક આ છે કે લોકો આ ગેરસમજમાં પડેલા રહ્યા છે કે 'બશર' (ઇન્સાન) ક્યારેય પેગમ્બર હોઈ શકે નહીં, આથી જ જ્યારે પણ કોઈ રસૂલ આવ્યો તો તેમણે આ જોઈને કે આ તો ખાય-પીએ છે, બાળ-બચ્ચાં ધરાવે છે, હાડ-માંસનો બનેલો છે, નિર્ણય કરી લીધો કે આ પેગમ્બર નથી. કારણ કે 'બશર' છે. અને જ્યારે એ વફાત પામ્યા (ગુજરી ગયા) તો એક સમય પછી તેના માનનારાઓમાં એવા લોકો પેદા થયા જે કહેવા લાગ્યા કે એ 'બશર' ન હતા. કારણ કે એ પયગંબર હતા. આથી કોઈએ તેને ખુદાનો પુત્ર કહ્યો અને કોઈએ તેને ખુદા બનાવી લીધો. કોઈએ કહ્યું કે ખુદા આમાં 'હુલૂલ' (પ્રવેશ) કરી ગયો છે. ટૂંકમાં આ કે 'બશરિયત' (ઇન્સાન હોવું) અને પયગંબરીનું ભેગા થવું (એકીકરણ) આ અજ્ઞાનીઓ સમીપ એક કોયડો બનેલો રહ્યો. જો કે વાત તદ્દન સ્પષ્ટ છે કે જો ધરતી પર ફરિશ્તા હરતા-ફરતા હોત તો અમે ચોક્કસપણે આકાશથી કોઈ ફરિશ્તાને જ પયગંબર બનાવીને મોકલતા. જ્યારે 'બશર' (માનવી) ધરતી ઉપર વસે છે તો તેમના માર્ગદર્શન માટે 'બશર'ને જ રસૂલ બનાવ્યા છે.

સૂરઃને પૂરી કરતાં ફરમાવ્યું કે હે નબી સ.અ.વ. આપને કહો, અલ્લાહ કહીને પોકારે કે રહમાન કહીને, જે નામથી પણ પોકારો, તેના માટે સૌ સારા જ નામ છે, અને કહો પ્રશંસા છે એ અલ્લાહ માટે જેણે ન તો કોઈને પુત્ર બનાવ્યો અને ન જ કોઈ તેની બાદશાહીમાં સામેલ છે. અને ન જ તે (નઉઝુબિલ્લાહ) વિવશ છે કે કોઈ તેનો સહારો બને, અને તેની મોટાઈ વર્ણવો, સંપૂર્ણ કક્ષાની મોટાઈ.

આ પછી સૂરઃ કહફ છે. યહૂદીઓની જેમ ઇસાઈઓએ પણ કુરૈશને ઉશ્કેર્યા કે તેમનાથી જરા કહફવાળાઓ અર્થાત્ ગુફાવાળાઓ વિષે પૂછો. તેમણે હઝરત મુહમ્મદ સ.અ.વ.ને તેમના હાલથી વાકેફ કર્યા કે કેટલાક નવયુવાનો જે ખુદાની તૌહીદ ઉપર ઈમાન લાવ્યા હતા. પોતાના મુશ્રિક સમાજના જુલ્મ-અત્યાચારોથી કંટાળીને વસ્તીમાંથી નીકળી પડ્યા અને પહાડની એક ગુફામાં શરણ લીધી.

અલ્લાહ દ્વારા તેમના પર લાંબી ગાઢ નિદ્રા છવાઈ રહી અને ગુફાના મુખ આગળ તેમનો કૂતરો પણ નિદ્રામાં એ જ રીતે બેસી રહ્યો કે જોનારાઓ તેને જીવતા સમજીને તેની નજીક પણ ન જઈ શક્યા. વર્ષો બાદ જ્યારે મુશ્રિક અને જુલ્મી હકૂમત બદલાઈ ગઈ તો અલ્લાહે તેમને નિદ્રામાંથી જગાડ્યા અને બહારની સ્થિતિથી વાકેફ થયા બાદ ફરીથી તેમના પર મોત છવાઈ ગઈ.

આ ઘટનાની આરસીમાં અલ્લાહે નબી સ.અ.વ. અને આપના સહાબા રદિ.ને બતાવી દીધું કે તમે અત્રે દા'વતના જે તબક્કામાં છો એ તબક્કામાંથી કહફવાળાઓને પણ પસાર થવું પડ્યું હતું. જો તમે ધૈર્યપૂર્વક આ જ માર્ગ પર ચાલતા રહ્યા તો અલ્લાહ તમારા માટે પણ આ જ રીતે માર્ગ કાઢશે જે રીતે તેમના માટે કાઢ્યો હતો. અલ્લાહ પોતાના માર્ગમાં ચાલનારાઓને ક્યારેય વેડફી નથી નાખતો.

નબી સ.અ.વ.નું આ પ્રસંગે ધ્યાન દોર્યું કે આ દુનિયાના લાલચુઓની સરખામણીમાં પોતાના ગરીબ અને નિર્ધન સાથીઓ તરફ વધુ ધ્યાન આપો, જેઓ જોકે દુનિયાની દોલતથી તો વંચિત છે પરંતુ ઈમાનની દોલત તેની પાસે બેહિસાબ છે. રાત-દિવસ અલ્લાહની યાદમાં અને આ દીનની દા'વતમાં સક્રિય છે. જે લોકો આ જ દુનિયાની સફળતાને સાચી અને વાસ્તવિક સફળતા સમજી બેઠા છે તેમને ખેતીના લીલાછમ થવા અને અંતે સુકાઈને ભૂરું બની જવાના ઉદાહરણ દ્વારા સમજાવ્યા કે આ દુનિયા અને તેની વસંત ઋતુઓ થોડાક દિવસોની છે. આમાંથી કોઈ વસ્તુ સાથે જનારી નથી. સાથે ફકત ઈમાન અને નેક અમલ કે સદ્કાર્યો જશે. આથી આ ધનને એકત્ર કરવાની ચિંતા કરો. ●

# તેરમી તરાવીહ

આજની તરાવીહમાં સોળમા પારાથી સત્તરમાં પારાના ચોથા રુકૂઅ સુધી તિલાવત કરવામાં આવી. આ આયતોમાં બતાવવામાં આવ્યું કે આ જગતમાં બાહ્ય રીતે જોતા બંડખોરો અને અવજ્ઞાકારીઓને ઢીલ આપવામાં આવે છે અને સત્ય અપનાવનારાઓને વિવિધ પ્રકારની અજમાયશો અને તકલીફોમાં સપડાવવું પડે છે. આ પરિસ્થિતિ જોઈને ઘણાં લોકો ઈમાન ખોઈ બેસે છે અને તેમના માટે ધૈર્યકરવું અને સત્ય પર અડગ રહેવું મુશ્કેલ બનીજાય છે. આ અજમાયશમાં ફત એ જ લોકો અડગ રહી શકે છે જેમના પર આ વાત સારી રીતે સ્પષ્ટ થઈ જાય કે

અહીં જે કંઈ થઈ રહ્યું છે એ બધું અલ્લાહના ઈરાદા હેઠળ થઈ રહ્યું છે અને તેના ડહાપણના તકાદાઓ અનુસાર થઈ રહ્યું છે. પરંતુ માનવીનું જ્ઞાન ખૂબ જ મર્યાદિત છે. તે અલ્લાહના ડહાપણ અને ઔચિત્યને આવરી નથી શકતું. આથી ખરી રીત આ જ છે કે માર્ગદર્શન-હિદાયતના માર્ગમાં માફક ન આવતા અને મુશ્કેલ સંજોગો પણ ઊભા થાય તો માનવી તેનાથી હિમ્મત ન હારે અને અલ્લાહના ડહાપણ-હિમ્મતને જાહેર થવાની રાહ જુએ, અને વિશ્વાસ રાખે કે જો આ દુનિયામાં સારા પરિણામો ન પણ ઊપજે તો આખેરતમાં તો તેને સારૂં સ્થાન મળીને રહેશે. આ વસ્તુ ખુદાની હિકમત-ડહાપણ ઉપર ઈમાન અને વિશ્વાસ તેમજ ધૈર્ય વિગેરે જ દીનનો પાયો છે. આ કારણે અલ્લાહતઆલાએ જ્યારે હઝરત મૂસા અ.સ.ને એક મહાન ઝુબેંશ અર્થાત્ ફિરઔનના મુકાબલા માટે ચૂંટી લીધા તો આપને ધૈર્યનું પ્રશિક્ષણ આપવા માટે એક ખાસ બંદા પાસે મોકલ્યા જેમને પ્રચલિત રીતે હઝરત ખિઝર કહેવામાં આવે છે. એટલા માટે કે આ વસ્તુ ફકત જાણવા માટે નથી બલ્કે અમલી પ્રશિક્ષણની મહોતાજ છે. અહીં આ ઘટના હઝરત મુહમ્મદ સ.અ.વ. અને આપના માધ્યમથી આપના એ સમયના સાથીઓને આ હેતુ માટે સંભળાવવામાં આવી કે અલ્લાહના બંડખોરો અને નફરમાનોને કે જેઓ મનસ્વી વર્તન કરી રહ્યા છે તેનાથી ભયભીત અને પ્રભાવિત ન થાવ. આ દુનિયામાં જો કોઈ ગરીબ અને મિસ્કીનની નૌકામાં કાણું પાડી દેવામાં આવે છે તો એમાં ભવિષ્યમાં તેની જ ભલાઈ સામેલ હોય છે. અને જો જુલ્મીઓની કોઈ વસ્તીમાં કોઈ પડી રહેલ દીવાલને ટેકો આપવામાં આવે છે તો એમાં પણ કોઈ મજલૂમ (જુલ્મનો ભોગ બનનાર) માટે ભલાઈ છુપાયેલ હોય છે, પરંતુ માનવીનું મર્યાદિત જ્ઞાન અલ્લાહના તમામ રહસ્યોને પામી કે આવરી નથી શકતું.

પછી એક પ્રશ્નના જવાબમાં એક ન્યાયી બાદશાહ ઝુલકરનૈનનો ઉલ્લેખ કરી કુરૈશને ઈબ્રત દેવડાવવામાં આવી છે કે એક મો'મિન બંદો ઝુલકરનૈન હતો જે પૂર્વ અને પશ્ચિમના બધા વિસ્તારોને જીતીને પણ દરેક સફળતા ઉપર અલ્લાહનો ઉપકારી કે આભારી (શુક્રગુજારનારો) બનતો હતો અને દરેક પગલું અલ્લાહની મરજી મુજબ જ ભરતો હતો અને એક તમે છો કે થોડીક સત્તા મળી છે તો તેના મદમાં ખુદા, તેના રસૂલ સ.અ.વ. અને આખેરત સૌનો મજાક ઉડાવો છો. વારંવાર ચમત્કારની માગણી કરવાના જવાબમાં ફરમાવ્યું કે જોનાર આંખો માટે તો આ સમગ્ર સૃષ્ટિ અને સ્વયં તમારા જીવનમાં ખુદાપરસ્તી, તૌહીદ અને આખેરતની

એટલી બધી નિશાનીઓ ભરેલી પડી છે કે જો સમુદ્ર શાહી બની જાય તો પણ અલ્લાહની વાતો પૂરી લખી શકાય નહીં. બસ, તો જે કોઈ આ સમજે છે કે તેણે એક દિવસે ખુદાસમક્ષ જવાનું છે, તેણે કોઈને પણ ખુદાની જાતમાં સામેલ કરવાને બદલે એક જ ખુદાની બંદગી અને તેના આદેશો મુજબ અમલ કરવો જોઈએ.

સૂરઃમરયમમાં સૌ પ્રથમ હઝરત ઝકરિયા અ.સ.ની એ દુઆને વર્ણવી જે તેમણે પોતાના ઘડપણમાં અને પત્નીના વંધ્યત્વ છતાં એક પુત્ર માટે કરી અને અલ્લાહે તેમની દુઆ કબૂલ કરીને તેમને હઝરત યાહ્યા અ.સ.ના જન્મની ખુશખબરી સંભળાવી. આ ઘટના હઝરત મરયમને ત્યાં ચમત્કારિક રીતે પિતા વિના હઝરત ઈસા અ.સ.ના જન્મની ઘટના વર્ણવતાં પહેલાં પ્રસ્તાવનારૂપે વર્ણવી છે કે હઝરત યાહ્યા અ.સ.નો જન્મ પણ સામાન્ય કાયદાથી અલગ પ્રકારનો છે, કે પુરુષ અત્યંત વૃદ્ધ થઈ ગયો હતો અને સ્ત્રી સંપૂર્ણપણે વાંઝ અને સંતતિ-જન્મ માટે કાબેલ ન હતી, પરંતુ જ્યારે ખુદાએ ઇચ્છયું તો તેમને ત્યાં ઓલાદ જન્મી. પરંતુ હઝરત યાહ્યા અ.સ.એ તો ખુદાઈનો દાવો નથી કર્યો અને ન જ કોઈએ તેમને ખુદા બનાવ્યો.

પછી હઝરત મરયમ અ.સ.નું પવિત્ર જીવન અને તેમની ખૂબ જ વધુ ઈબાદત કરવાનો ઉલ્લેખ છે. હઝરત ઈસા અ.સ.ના જન્મ વિષે જણાવ્યું કે લોકોના વાંધાઓના જવાબમાં ખુદ હઝરત ઈસા અ.સ.એ પારણામાં જ પોતાના બંદા હોવા અને ખુદા તરફથી નમાઝ અને ઝકાતની હિદાયત (માર્ગદર્શક કે નિર્દેશ) પ્રાપ્ત થવાની જાહેરાત કરી. પછી બતાવ્યું કે આ દુર્ભાગીઓની સ્થિતિ ઉપર અફસોસ છે કે આ સૌ જાણી-જોઈને અલ્લાહના એક આજ્ઞાપાલક બંદાને ખુદા અને તેની ખૂબ જ વધારે ઈબાદત કરનારી માને ખુદાની પત્ની બનાવી રહ્યા છે.

પછી હઝરત ઈબ્રાહીમ અ.સ.એ પોતાના પિતાને જે તૌહીદનું આમંત્રણ આપ્યું અને તેના પરિણામે તેમને જે રીતે હિજરત કરવી પડી તેનો હવાલો આપ્યો, અને જણાવ્યું કે હિજરત અને મુસીબતોના મુકાબલે ધૈર્ય રાખ્યા બાદ અલ્લાહે તેમને વૃદ્ધાવસ્થામાં ઔલાદ આપી. પછી હઝરત મૂસા અ.સ., હારૂન અ.સ., ઈસ્માઈલ અ.સ., અને ઇદ્રીસ અ.સ.ની પરિસ્થિતિ અને વિશિષ્ટતાઓ ટૂંકમાં વર્ણવી કે આ બધા આદમ અ.સ., નૂહ અ.સ., ઇબ્રાહીમ અ.સ., અને યાકૂબ અ.સ.ના વંશમાં ખૂબ મહાન અને દઢનિશ્ચયી અંબિયા (નબીઓ) અ.સ. થઈ ગયા છે. આ બધા ખુદાના હિદાયત-પ્રાપ્ત તેમજ તેના પ્રિય બંદાઓ હતા. તેમની

સ્થિતિ આ હતી કે જ્યારે ખુદાની આયતો સાંભળતા તો રડતાં રડતાં સિજદામાં નમી પડતા. પછી તેમની ઔલાદમાં એવા કપૂત પેદા થયા કે નમાઝ અને ઝકાત બધું જ વેડફી નાખ્યુ અને પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરવા લાગ્યા. આ લોકો પોતાની એ ગુમરાહીના અંજામને ટૂંકમાં જોશે. તેમનામાંથી 'નજાત' (મુક્તિ) તેઓ જ પામશે જેઓ તૌબા કરશે અને પોતાની સુધારણા કરી લેશે.

માનવી કહે છે કે જ્યારે હું મરી પરવારીશ તો ફરીથી જીવતો કરી ઉઠાવાઈશ? શું માણસ આ વાત નથી જાણતો કે જ્યારે તેને સૌ પ્રથમવાર પેદા કર્યો તો એ પહેલાં તે કંઈ પણ ન હતો. તમારા રબના સોગંદ! અમે તેમને પણ અને શેતાનોને પણ અવશ્ય એકઠા કરીશું. પછી તેમને જહન્નમની આસપાસ એવી રીતે હાજર કરીશું કે તેઓ ઘૂંટણિયે ઘેરો નાખી બેઠા હશે. અમે તેમને બતાવીશું કે તમારે હવે આ જહન્નમમાં આવશ્ય દાખલ થવાનું છે. પછી અમે એ લોકોને 'નજાત' (મુક્તિ) આપીશું જેમણે તકવા અપનાવ્યો હશે અને પોતાના પ્રાણો ઉપર અત્યાચાર કરનારાઓને ઘેરા-વર્તુળમાં ઉભડક બેસેલા છોડી દઈશું.

સૂરઃનું સમાપન થતાં ફરમાવ્યું કે અમે આ ગ્રંથને તમારી ભાષામાં એટલા માટે સરળ બનાવી ઉતાર્યો છે કે જેથી તમે ખુદાથી ડરનારાઓને ખુશખબર આપી દો અને ઝઘડાખોર કોમને ચેતવી દો કે તેમનાથી પહેલાં કેટલીય કોમોને અમે નષ્ટ કરી દીધી છે. શું તમે તેમનામાંથી આજે ક્યાંય કોઈ ગંધ પણ અનુભવો છો કે કોઈનું નિશાન સુદ્ધાં જુઓ છો?

સૂરઃ તાહામાં નબી સ.અ.વ.ને વિરોધીઓના મુકાબલે ધૈર્ય અને નમાઝની શીખ કે ઉપદેશ આપવામાં આવ્યો છે અને ફરમાવ્યું કે આપનું કાર્ય ફક્ત એ લોકોને યાદ દેવડાવવાનું છે જેમની અંદર ખુદાનો ખોફ બાકી છે. બાકી રહ્યા એ લોકો જેમના દિલ ખોફથી ખાલી થઈ ચૂક્યા છે તેમનામાં ઈમાન બેસાડી દેવું આપની જવાબદારી નથી. આ કુર્આન કોઈ માગનારની દરખાસ્ત નથી કે ભાઈ મારી સાંભળી લો, બલ્કે આ તો ધરતી અને આકાશના રચયિતા તેમજ આસ્માન અને જમીનના માલિકનું ફરમાન છે. આને તેના માન-મરતબા મુજબ રજૂ કરો. નગુણાં અને ઘમંડીઓના નાઝ-નખરા ઉઠાવવાની કોઈ જરૂર નથી. પોતાના રબ ઉપર ભરોસો રાખો. એ તમારા છૂપા અને જાહેર તમામ કાર્યોથી વાકેફ છે.

હઝરત મૂસા અ.સ.ની ઘટનાઓ વર્ણવી કે કેવી રીતે ફિરઔન જેવા શત્રુના

ઘરમાં તેમનો ઉછેર કરાવ્યો. હઝરત મૂસા અ.સ.ના હાથે એક કિબ્તીની હત્યા થઈ અને તેઓ મિસ્ર (ઇજિપ્ત)થી નીકળી ગયા પરંતુ તેને જ અલ્લાહે નુબુવ્વત મેળવવાનું માધ્યમ બનાવી દીધું. હઝરત હારૂન અ.સ.ને તેમના મદદગાર બનાવ્યા, અને ફિરઔન પાસે દા'વત આપીને મોકલ્યા. તેણે જાદુગરોને એકઠા કરીને તેમને નિષ્ફળ બનાવવાની કોશિશ કરી. પરંતુ જાદુગરો ઊલ્ટાને તેમના ઉપર ઈમાન લઈ આવ્યા પછી બની ઇસરાઇલને સાથે લઈને હિજરત કરી. ફિરઔને તેમનો પીછો કર્યો પરંતુ પોતાના તમામ લશ્કર સાથે સમુદ્રમાં ડૂબી ગયો. પછી ફિરઔનથી છુટકારો મળ્યા બાદ અલ્લાહે બની ઇસરાઇલ ઉપર જે ઇનામો વરસાવ્યા અને બની ઇસરઇલ જે રીતે વારંવાર અપકાર કરતા રહ્યા તેના પર ટિપ્પણી કરતાં નબી સ.અ.વ.ને સંબોધીને ફરમાવ્યું કે આ જે બનાવો અમે સંભળાવી રહ્યા છીએ એ કોઈ ભૂતકાળનો કિસ્સો નથી બલ્કે આ જ સંજોગો તમારી સામે આવી રહ્યા છે. તમે જલ્દી ન કરો ધૈર્ય સાથે ખુદાના ફેસલાની રાહ જુઓ. ઉતાવળ શેતાનને દખલગીરીની તક આપે છે. આદમ અ.સ. ઉતાવળને કારણે જ શેતાનની ચાલબાજીમાં આવી ગયા. આથી તમે ધૈર્યથી કામ કરતા રહો અને પરિણામ અલ્લાહ ઉપર છોડી દો. આ ધૈર્યની ટેવ માટે નમાઝની નિયમિતતા જાળવો.

સૂરઃ અંબિયાના ચાર રુકૂઅ પઢવામાં આવ્યા. આમાં એ હકીકત યાદ દેવડાવવામાં આવી કે હિસાબ-કિતાબનો સમય નજીક આવી ગયો છે, અને લોકોની હાલત આ છે કે ગફલતમાં પડેલા છે. અને જે તાજી યાદ અલ્લાહ તરફથી દેવડાવવામાં આવે છે તો તેનો મજાક ઉડાવવામાં આવે છે. શું આ લોકો સમજતા નથી કે અમે કેટલીય વસ્તીઓને નેસ્ત-નાબૂદ કરી નાખી છે, જેમના લોકો પોતાના પ્રાણો ઉપર જુલ્મ કરતા હતા. આથી જ્યારે તેમણે અમારા અઝાબની ચેતવણી સાંભળી તો ભાગી છૂટ્યા. અમે કહ્યું, "હવે ક્યાં ભાગો છો?" હાય, અમારી કમનસીબી! નિઃશંક અમે જ અમારા પ્રાણો ઉપર જુલ્મ કરનારા હતા તેઓ આ જ અફસોસ અને રુદન કરતા રહ્યા અને એટલે સુધી કે અમે તેમને ઘાસ-તણખલા તથા રાખ બનાવી દીધા.

માનવી ઉતાવળના ખમીરથી પેદા થયો છે આથી ઉતાવળ કરી રહ્યો છે, કહે છે! અંતે અઝાબનો વાયદો કયારે પૂરે થશે? આ કુફ્ર કરનારા જાણી શકતા એ સમયને જ્યારે આ દોઝખનો અઝાબ ન તો પોતાના ચેહરાઓથી દૂર કરી શકશે,

અને ન જ પીઠોથી, અને ન જ ક્યાંયથી મદદ મેળવી શકશે. બલ્કે એ ક્ષણ તેમના પર અચાનક આવી જશે અને તેમને સ્તબ્ધ બનાવી દેશે.

અમે મૂસા અ.સ. અને હારૂન અ.સ.ને સત્ય અને અસત્ય વચ્ચે ભેદ કરનારી કસોટી, પ્રકાશ અને યાદ એનાયત કરી એ લોકો માટે જેઓ ગેબમાં રહેવા છતાં રબથી ડરે છે અને તેઓ કયામતથી કાંપતા રહે છે. અને આ પણ એ બરકતવાળી યાદ છે જે અમે નાઝિલ ફરમાવી છે. તો શું તમે તેના ઇન્કારી બનેલા રહેશો?●

# ચૌદમી તરાવીહ

આજની તરાવીહમાં સત્તરમા પારાના પાંચમા રુકૂઅથી અઢારમાં પારાના આઠમા રુકૂઅ સુધી તિલાવત કરવામાં આવી. આજની આયતો હઝરત ઈબ્રાહીમ અ.સ.ના ઉલ્લેખથી શરૂ થાય છે. આ બતાવતાં કે અમે તેમને એ હિદાયત તથા 'મઅરિફત' (અધ્યાત્મક-ઓળખ) એનાયત કરી જે તેમના માન-મોભાને લાયક હતી, અને આમને આમ જ નો'તી આપી દીધી, બલ્કે ભારે કસોટીઓમાંથી પસાર કરીને આપી હતી, જેના દ્વારા તેણે પોતાને તેનો હકદાર પુરવાર કર્યો હતો. આ રીતે આ બતાવવાનો હેતુ એ છે કે તમે લોકો પોતાની અંદર હિંમત તો હઝરત ઈબ્રાહીમ અ.સ.ની કોઈ સુન્નત પર ચાલવાની પણ નથી રાખતા પરંતુ તેમની સાથે સંબંધના દાવેદાર છો અને એ સંબંધના આધારે પોતાને દુનિયા અને આખેરત બંનેમાં મોટામાં મોટા મરતબાના હકદાર સમજો છો. ફરમાવ્યું કે ખુદાને ત્યાં આ ખોટી ક્ષમાની કોઈ શક્યતા નથી. તે જેને પણ મઅરિફત અને હિકમત એનાયત કરે છે તેની પાત્રતા અને હિંમત જોઈને એનાયત કરે છે. પછી તેમની યુવાવસ્થાનો હાલ વર્ણવ્યો કે જો કે તેઓ એક બુતપરસ્ત-પૂર્તિપૂજક કોમ અને મુશ્રિક તેમજ મૂર્તિ બનાવનારા ખાનદાનમાં જન્મ્યા હતા. પરંતુ અલ્લાહતઆલાએ તેમને તૌહીદનું એક નૂર (તેજ) એનાયત ફરમાવ્યું કે જેના પ્રકાશથી દુનિયા આજ સુધી પ્રકાશિત છે અને કયામત સુધી પ્રકાશિત રહેશે. તેમણે સભાનતા કેળવતા જ પોતાના પિતા અને પોતાની કોમના લોકોને આમંત્રણ આપ્યું કે આ મૂર્તિઓ શું છે? જેમના પર તમે ધરણા ધરી બેઠા છો. આ નાની વયમાં અને એવા વાતાવરણમાં એ જ આ નારો લગાવી શકે છે જેને અલ્લાહની વિશિષ્ટ એનાયત પ્રાપ્ત હોય. આ પ્રશ્નનો તેમને પણ એ જ જવાબ મળ્યો જે હંમેશથી ગુમરાહ લોકો આપતા આવ્યા

છે કે અમારા બાપ-દાદા કે વડવાઓ આમની પૂજા કરતા આવ્યા છે. તેમણે સંપૂર્ણ નીડરતાથી કહ્યું, "તમે અને તમારા બાપ-દાદા (જે ખુદ હઝરત ઈબ્રાહીમ અ.સ.ના પણ બાપ-દાદા હતા) બધા જ સ્પષ્ટ ગુમરાહીમાં રહ્યાં અને તમે પણ છો. કોઈ ગુમરાહી આ દલીલથી હિદાયત નથી બની જતી કે એ બાપ-દાદાથી થતી ચાલી આવી છે." પછી તેમણે મોકો જોઈને બધા જ નાન-નાના બુતો (મૂર્તિઓ)ને ટુકડે ટુકડા કરી નાખ્યા અને મોટા બુત (મૂર્તિ)ને રહેવા દીધો. જ્યારે હઝરત ઈબ્રાહીમ અ.સ. ઉપર શંકા કરીને તેમને પૂછપરછ કરી તો તેમણે કહ્યું, "મને શું પુછો છો, આ બૂતોને પૂછો કે કોણે તેમની આ દશા કરી છે? બલ્કે હું તો સમજું છું કે આ મોટા બુતે આ દશા કરી હશે?" હઝરત ઈબ્રાહીમ અ.સ.એ પોતાની હિકમત-બુદ્ધિમત્તાથી સમગ્ર કોમને એવી જગ્યાએ લાવીને ઊભી કરી દીધી કે તેમણે પોતે એકરાર કર્યો કે "આ બોલી નથી શકતા" તો તેમણે કહ્યું "તો પછી આ કયા રોગની દવા છે, આવા લાચાર-વિવશ બુતોને તમે પૂજો છો." પોતાની ભૂલ સ્વીકારવાને બદલે કોમે ચીઢાઈને તેમને આગમાં નાખી દીધા. ભેદભાવ કે પક્ષપાતમાં લોકોની મતિ આમ જ મારી જાય છે. પરંતુ અલ્લાહે એ આગને હઝરત ઈબ્રાહીમ અ.સ. માટે શીતળ અને સલામતી બનાવી દીધી. અલ્લાહ માટે આ સ્હેજેય મુશ્કેલ નથી. એ જ દરેક વસ્તુમાં અસર પેદા કરે છે. શું જોતા નથી કે એક જ દવાથી કેટલા લોકો સાજા થઈ જાય છે. અને એ જ દવાથી જેના માટે મરવાનું લખ્યું હોય છે તેની તબિયત ઊલ્ટાની બગડી જાય છે. આમ છતાં પણ લોકોની આંખો ખુલી નહીં તો હઝરત ઈબ્રાહીમ અ.સ. તેમની પત્ની અને પિતરાઈ ભાઈ હઝરત લૂત અ.સ. હિજરત કરીને નીકળી પડ્યા અને અલ્લાહે બંનેને અલગ અલગ ઠેકાણા આપ્યા. પછી ગુણોના ક્રમ સાથે અંબિયા અ.સ.નો ઉલ્લેખ કર્યો જેઓ ધૈર્ય અને આભારની કસોટીઓમાંથી પસાર થયા અને તેમાં સૌ ટકા સફળ રહ્યા.

આથી પ્રથમ દાઊદ અ.સ. અને હઝરત સુલેમાન અ.સ.નો ઉલ્લેખ કરી બતાવવામાં આવ્યું કે તેમની જેમ જ આભારી બનવું જોઈએ અને સત્તા મેળવીને પણ ખુદાના હુકમ મુજબ જ મામલાઓ કરવા જોઈએ. પછી હઝરત ઐયૂબ અ.સ. ઈસ્માઈલ અ.સ. અને ઈદ્રીસ અ.સ. તેમજ ઝુલ્ કિફલ અ.સ.નો દાખલો આપીને નબી સ.અ.વ. તથા આપના મજલૂમ સહાબા રદિ.નો ઉત્સાહ વધારવામાં આવ્યો કે જે રીતે અલ્લાહના એ નેક બંદાઓએ ધૈર્ય અપનાવ્યુ અને અલ્લાહે ધૈર્યના બદલામાં પોતાની રહેમતોથી તેમને નવાજયા એ જ રીતે તમે પણ મુસીબતના મુકાબલે ધૈર્ય

દાખવો! અલ્લાહ તમને પણ પોતાની રહેમત-કૃપાઓથી નવાજશે. જાણે કે હવે કયામત સુધીના સમય માટે મુસલમાનોને પણ આ જ શીખ આપવામાં આવી રહી છે. કાશ! તેઓ આને સમજે!

આ જ રીતે હઝરત યૂનુસ અ.સ., ઝકરિયા અ.સ., યાહ્યા અ.સ. અને હઝરત મરયમ, હઝરત ઈસા અ.સ.નું ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું, જેમના માટે અલ્લાહે અત્યંત અંધકારમય અને નિરાશાજનક સંજોગોમાં પોતાની કુદરત અને હિકમતના ખૂબ જ આશ્ચર્યજનક ચમત્કાર પ્રગટ કર્યા જેથી વિશ્વાસ બેસે કે સંજોગો અને કારણો બધા જ અલ્લાહના અખત્યાર-સત્તામાં છે. આથી તેને રાજી કરવાની ચિંતા કરો. સૂર:નું સમાપન થતાં નબી સ.અ.વ. અને સહાબા રદિ.ને સંતોષ દેવડાવવામાં આવ્યો કે પોતાના કાર્યમાં લાગેલા રહો. જેઓ મતભેદ કરે છે તેમનો મામલો અમારા પર છોડી દો.

આના પછી સૂર:હજ્જ છે. આ મક્કી કાળની અંતિમ સૂર: છે, કે જ્યારે કુરૈશના જુલ્મ, અત્યાચારથી ત્રાસી જઈને મુસલમાનોએ મદીના હિજરત શરૂ કરી દીધી હતી અને નબી સ.અ.વ.ની હિજરતનો સમય પણ નિકટ આવી ગયો હતો તેમાં કુરૈશને ખુદાના પ્રકોપથી ડરાવતાં અને હઝરત ઈબ્રાહીમ અ.સ.નું આમંત્રણ અને બૈતુલ્લાહનું બાંધકામ કરવાના હેતુના પ્રકાશમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે આ ઘરના મુતવલ્લી હોવાના ખરા હકદાર મુશ્રિકો નહીં બલ્કે એ મુસલમાનો છે જેમને અહીંથી કાઢવા માટે તેમના પર અત્યાચારો ગુજારવામાં આવી રહ્યા છે. આ રીતે કુરૈશને ખુદાનો ગદ્દાર અને પચાવી પાડનાર ઠેરવવામાં આવ્યા અને મુસલમાનોને ખુશખબર આપવામાં આવી કે અલ્લાહ તેમનું રક્ષણ ફરમાવશે અને કુરૈશની જગ્યાએ તેમને પોતાની અમાનતનો અમીન (અમાનતદાર) બનાવશે.

સૂર: પૂરી કરતાં કુરૈશના મુશ્રિકો જેવા અકીદાઓની વિરુદ્ધ જબરજસ્ત દલીલો રજૂ કરી જે દરેક જમાનામાં વિચારપાત્ર છે. ફરમાવ્યું! જેમને તમે અલ્લાહ સિવાય પોકારે છો તેઓ એક માખી પણ પેદા નથી કરી શકતા, તેને બચાવી પણ નથી શકતા, જેમનાથી માગવામાં આવી રહ્યું છે અને જે માગી રહ્યા છે, બંને કમજોર છે. હકીકત આ છે કે આ લોકોએ અલ્લાહની જેવી કે તેનો હક છે, કદર જ નથી જાણી. નિ:શક અલ્લાહ સૌથી વધુ શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે. હે ઈમાન લાવનારાઓ! રુકૂઅ અને સિજદા અને પોતાના રબની બંદગી કરતા રહો,

જેથી ભલાઈ પ્રાપ્ત કરી શકો અને અલ્લાહના રાહમાં જદ્દોજહદ (સંઘર્ષ, પ્રયત્ન) કરો, જેવો કે તેનો હક છે. તેણે તમને આ જ કાર્ય માટે વીણી વીણીને (મદીના)માં એકઠા કર્યા છે અને દીનની કોઈ તંગી નથી રાખી. તમારા પિતા ઈબ્રાહીમ અ.સ.ની મિલ્લતને તમારા માટે પસંદ કરી છે. તેણે જ તમારૂં નામ મુસ્લિમ અર્થાત્ આજ્ઞાપાલક રાખ્યુ છે. પહેલાં પણ અને આ કુર્આનમાં પણ, જેથી રસૂલ તમારા માટે અલ્લાહના દીનનો નમૂનો બને અને તમે બીજાઓ માટે નમૂનો બનો. આથી નિયમિત નમાઝ પઢો, ઝકાત અદા કરતા રહો અને અલ્લાહને મજબૂતીથી પકડી લો, એ જ તમારો "મૌલા" (સ્વામી, માલિક) છે, અને એ જ છે તમારો મદદગાર, કેટલો સારો છે એ "મૌલા" અને કેટલો સારો છે મદદગાર. સૂરઃ હજ્જના અંતમાં મુસલમાનોને કહેવામાં આવ્યું હતું કે તેમને તમામ લોકો માટે દીનના સાક્ષી, અર્થાત્ નમૂના બનાવવામાં આવ્યા છે. આથી તેમણે નમાઝ, ઝકાત અને અલ્લાહ ઉપર ભરોસો રાખવા જેવા ગુણો પોતાનામાં પેદા કરવા જોઈએ. સૂરઃ અલ-મો'મિનૂનની શરૂઆત તેની વિસ્તૃત સમજૂતીથી કરવામાં આવી છે. ફરમાવ્યું : સફળ થઈ ગયા એ ઈમાનવાળા જેઓ (૧) પોતાની નમાઝોમાં એકાગ્રતા અખત્યાર કરે છે, (૨) નિરર્થક એટલે કે ફાલતુ અને બેકારની વાતો તથા કાર્યોથી દૂર રહે છે, (૩) પોતાના નફ્સ (મનેચ્છા), નૈતિકતા, જીવન અને ધન બધાની શુદ્ધિ કરતા રહે છે, (૪) પોતાના શરીરોના લજ્જાજનક ભાગોને છુપાવીને (ઢાંકીને) રાખે છે અને જાતીય બાબતોમાં સ્વછંદ અને નિરંકુશ નથી બનતા, (૫) પોતાની અમાનતો અને વચન-કરારનું પાલન કરે છે, (૬) પોતાની નમાઝોની રક્ષા કરે છે. આ જ લોકો એ વારસ છે જે વારસામાં ફિરદૌસ (જન્નત) મેળવશે અને તેમાં હંમેશા રહેશે.

માનવીના સર્જનમાં ખુદાની કુદરતની જે નિશાનીઓ છે તેનાથી મૃત્યુ પછી ફરીથી ઉઠાડવા (જીવિત કરવા) અંગે દલીલ આપી, અને સૃષ્ટિમાં ખુદાના પાલનહાર હોવાની જે નિશાનીઓ છે તેનાથી સજા અને વળતરના ફરજિયાત હોવાની દલીલ આપી. દરેક પ્રકારના મેવા, ફળ અને ખાવાની અન્ય વસ્તુઓ, જાનવરો અને તેમના દૂધ અને બીજા લાભોની વિગતો ગણાવીને ધ્યાન દોર્યું કે જે હસ્તી તમારી એક એક જરૂરત અને સુખ સાધનનો આટલી હદે ખ્યાલ રાખે છે, શું તમને અને આ વસ્તુઓને બનાવીને તે એક ખૂણામાં જઈ બેઠી છે અને એ વાતથી સંપૂર્ણપણે અસંબદ્ધ થઈ ગઈ છે કે તમે તેની દુનિયામાં શું કરી રહ્યા છો

અને શું નથી કરી રહ્યા? શું તેની ન્યાય-પ્રિયતાનો આ જરૂરી તકાદો નથી કે તે એક દિવસ એવો પણ લાવે જ્યારે તમારાથી તમારી જવાબદારીઓ વિષે પૂછવામાં આવે અને ખુદાની ને'મતોનો આભાર માનવા, તેના હક્કો અદા કરવાવાળાઓને વળતર અને અપકાર તથા જુલ્મ કરનારાઓને સજા આપવામાં આવે.

બતાવાયું કે તમામ અંબિયાને અલ્લાહ તરફથી એક જ દીન મળ્યો, અને તેઓ એક જ પેગામ લઈને આવ્યા, પરંતુ તેમની ઉમ્મતોએ તેમના લાવેલા દીનને ટુકડે ટુકડા કરી મૂક્યો અને હવે સૌ પોતપોતાની રીતોમાં તલ્લીન છે. નબી સ.અ.વ.ને ઉપદેશ કરવામાં આવ્યો કે ધૈર્ય કરો અને કેટલાક દિવસો તેમને પોતાની રીતોમાં તલ્લીન રહેવા દો. આ દુનિયાદાર અને દુનિયાપરસ્ત પોતાની આ જ દિલચસ્પીઓમાં ડૂબેલા રહેશે. એટલે સુધી કે જ્યારે અમે તેમને પકડીશું તો આ સૌ ચીસ અને બૂમ-બરાડા પાડશે, પરંતુ આ સૌ નિરર્થક હશે.

સૂરઃના સમાપન પર નાફરમાનો (અવજ્ઞાકારીઓ)ને અપાનારી ઇબ્રતનાક સજાની છબિ રજૂ કરતાં ફરમાવ્યું કે એ સમયે તેમને કહેવામાં આવશે કે તમે અમારા આજ્ઞાપાલકો અને અમારાથી મુક્તિ અને દયાની દુઆઓ કરનારાઓની હાંસી ઉડાવી. એટલે સુધી કે તેમના વિરોધમાં તમે આ પણ ભૂલી ગયા કે હું પણ કોઈ છું અને તમે તેમના પર હસતા રહ્યા. આજે તેમના ધૈર્યનું ફળ મેં આપ્યું છે કે તેમને સફળ બનાવી દીધા. પછી અલ્લાહતઆલા તેમને પૂછશે કે, "બતાવો, ધરતી પર કેટલા વર્ષ રહ્યા?" તેઓ કહેશે, "એક દિવસ અથવા તેનો કોઈ ભાગ" ઇર્શાદ થશે, "થોડીવાર રોકાયા છો ને! કાશ તમે આ વાત ત્યારે જ જાણી લીધી હોત! શું તમે આ સમજી રાખ્યું હતું કે અમે તમને ફાલતુ કે નિરર્થક જ પેદા કર્યા છે? અને તમારે અમારી તરફ ક્યારેય ફરવાનું જ નથી?"

હે મુહમ્મદ સ.અ.વ. દુઆ કરો, મારા રબ, દરગુજર ફરમાવ અને રહેમ કર! તું તમામ રહેમ કરનારાઓમાં સૌથી સારો રહેમ કરનાર છે.

સૂરઃનૂરમાં સૌથી પહેલાં વ્યભિચારની સજાનું વર્ણન કરવામાં આવ્યું કે દરેકને એકસો કોરડા મારવામાં આવે. પછી જૂઠા આરોપની સજા વર્ણવવામાં આવી કે તેને એંસી કોરડા મારવામાં આવે. અને હઝરત આયશા રદિ. ઉપર જે આરોપ મુનાફિકો (દંભીઓ)એ મૂક્યો હતો તેનાથી હઝરત આયશા રદિ.ને મુક્ત કરતાં ફરમાવ્યું : "તમે ત્યારે જ કેમ કહી ન દીધું કે આ તો સ્પષ્ટરૂપે ખોટો આરોપ છો." ●

# પંદરમી તરાવીહ

આજે અઢારમાં પારાના નવમા રુકૂઅથી ઓગણીસમા પારાના સોળમાં રુકૂઅ સુધી તિલાવત કરવામાં આવી.

સૂરઃ અન્નૂરના બે રુકૂઅ કાલે પઢવામાં આવ્યા હતા પરંતુ વિષયના મહત્ત્વ અને સાતત્યને જોતાં આખી સૂરઃની પશ્ચાદભૂમિ અને મુદ્દાઓ રજૂ કરવામાં આવી રહ્યા છે. સૂરઃમદની છે. આનાથી પહેલાંની સૂરઃ અલ-મો'મિનૂન મક્કી હતી. તેમાં ઈમાનના જે તકાદા, નમાઝોમાં એકાગ્રતા અને તલ્લીનતા, નિરર્થક બાબતો (જૂઠ વિ.)થી પરહેઝ, ઝકાત, શરમગાહો (ગુપ્તાંગો)ની રક્ષા અને જાતીય ભાવનાઓ (આવેગો)ને કાબૂમાં રાખવી, પોતાની અમાનતો અને કોલ-કરારનું પાલન, તેની અસરો વિ., દેખીતું છે કે મક્કામાં રહેતાં મુસલમાનોના વ્યક્તિગત જીવનમાં જ ઊભરી શકતા હતા. એટલા માટે કે મક્કામાં તેમની કોઈ સામૂહિક અને અસરકારક શક્તિ ન હતી. પરંતુ હિજરત પછી જ્યારે મુસલમાનો મદીનામાં એકઠા થઈ ગયા અને તેમનું એક સામૂહિક અને રાજકીય માળખું બની ગયું ત્યારે સમય પાકી ગયો કે ઈમાનના તકાદા તેમના સામાજિક જીવનમાં પણ વિશિષ્ટ રીતે દેખાઈ આવે. આથી જે ઝડપથી સંજોગો સાનુકૂળ થતા ગયા. સમાજની સુધારણાના આદેશો નાઝિલ થતા રહ્યા અને ઈમાનનો પ્રકાશ જે અત્યાર સુધી માત્ર વ્યક્તિઓ સુધી મર્યાદિત હતો એક આખા સમાજને પ્રકાશિત કરવા લાગ્યો.

સૂરઃનૂર આ જ સંબંધની એક સૂરઃ છે જેમાં ઈમાનવાળાઓને એ આદેશો અને માર્ગદર્શનથી વાકેફ કરવામાં આવ્યા છે જે તેમના નવ-રચિત સમાજને ઈમાનની અસરોથી સુશોભિત અને ઈમાન વિરોધી બૂરાઈઓથી સુરક્ષિત રાખવા માટે જરૂરી હતા.

આરંભમાં જ ફરમાવ્યું આ એક મહાન સૂરઃ છે. અમારા ઉતારેલા ફરમાન, જે આદેશો આપવામાં આવી રહ્યા તેમની હેસિયત ફર્ઝની છે જેમનું આજ્ઞાપાલન ચૂં કે ચાં કર્યા વિના કરવું જોઈએ. પછી વ્યભિચારની સજાનો ઉલ્લેખ કર્યો. કારણ કે સમાજના વેરવિખેરપણા કે અસ્તવ્યસ્તતા તથા બગાડમાં સૌથી વધુ દખલગીરી તેની જ છે. સમાજની દઢતાનો આધાર આ વાત પર છે કે દયાના સંબંધોની પવિત્રતા બાકી રાખવામાં આવે. તેમનો આદર કરવામાં આવે અને તેમને દરેક પ્રકારના

ખલેલ અને બગાડથી સુરક્ષિત રાખવામાં આવે. વ્યભિચાર આ પવિત્રતાને ખતમ કરીને અંતે સમાજને ઢોર-ઢાંખરનું એક ધણ બનાવી મૂકે છે, સંબંધો પરથી પરસ્પર વિશ્વાસ ઊઠી જાય છે. આથી જ ઈસ્લામે પ્રથમ દિવસથી આ વેર-વિખેરપણાને અટકાવવા માટે વિસ્તૃત રીતે આદેશો બહાર પાડયા અને વ્યભિચારની સજાને 'દીનુલ્લાહ' એટલે કે અલ્લાહનો દીન ઠેરવી. આજકાલ આ ફિલસૂફી ઘડવામાં આવી છે કે જે લોકો ગુના આચરે છે તેઓ માનસિક રોગને કારણે આવુ કરે છે. આથી તેઓ સજાને નહીં બલ્કે મહાનુભૂતિને પાત્ર છે, તેમની કેળવણી અને સુધારણા કરવી જોઈએ. આ ફિલસૂફીની બરકતથી ખુદાની ધરતી ગુંડા અને બદમાશોથી ભરાઈ ગઈ છે અને ચોરો તથા વ્યભિચારીઓની સહાનુભૂતિમાં લોકો એટલી હદે કે મુસ્લિમ સુદ્ધાં પણ (નઉઝુબિલ્લાહ) ખુદા કરતા પણ વધારે આ મામલામાં દયા દાખવનારી બની ગયા છે.

સમાજને ખરાબીઓથી બચાવવા માટે જે આદેશો આપ્યા છે તેમાંથી કેટલાક મહત્ત્વના છે : (૧) મુસ્લિમ પુરૂષ અને સ્ત્રીનો આ હક છે કે બીજા લોકો તેમના વિષે સારી ધારણાઓ રાખે અને જ્યાં સુધી દલીલપૂર્વક કોઈનું ખોટો હોવું પુરવાર ન થઈ જાય ત્યાં સુધી ફકત સાંભળેલી વાતો ઉપર કોઈ નિર્ણય લેવો ન જોઈએ. (૨) શરારતખોરોને પણ છૂટો દોર મળવો ન જોઈએ બલ્કે તેમને બૂરાઈથી અટકાવવા જોઈએ અને મસ્નૂન રીતોથી ઉપદેશ કે શીખ આપવી જોઈએ. (૩) બદમાશ લોકો સારા સમાજને સહન નથી કરી શકતા આથી નિર્લજ્જતાનો પ્રચાર કરતા રહે છે. પરંતુ આ વાત ખૂબ જ બૂરી છે. નિર્લજ્જતા ફેલાવનારાઓ માટે દુનિયા અને આખિરતમાં અપમાનિત કરનાર અઝાબ છે. (૪) પરવાનગી વિના એકબીજાના ઘરોમાં દાખલ થવું ન જોઈએ. ત્રણ વખત પરવાનગી માગવાથી પણ જવાબ ન મળે તો પાછા ફરી જવુ જોઈએ. (૫) સ્ત્રીઓ અને પુરૂષો બંને સામસામે મળે તો નજરો નીચી રાખવાનો આદેશ આપવામાં આવ્યો કેમ કે બંનેની વચ્ચે સૌ પ્રથમ આકર્ષણની આપ-લે નજરો દ્વારા જ થાય છે. (૬) જાતીય ઉત્તેજનાથી બચવા માટે પોષાક પહેરવા અને દુપટ્ટા ઓઢવાને જરૂરી ઠેરવ્યો જેનાથી માથું અને શરીરના જરૂરી ભાગોને ઢાંકવામાં આવે, એટલે સુધી કે છાતીનો ભાગ પણ ઢંકાઈ જાય. (૭) વિધવા સ્ત્રીઓ અને દાસીઓ-ગુલામો સુદ્ધાંનો નિકાહ કરવાની તાકીદ કરી અને કહ્યું કે જયારે કોઈ નિકાહની વયે પહોંચી જાય તો ફરજિયાત રીતે નિકાહનો બંદોબસ્ત થવો જોઈએ.

સૃષ્ટિની નિશાનીઓ ઉપર વિચાર-મનન કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું કે આ સૃષ્ટિમાં તમામ સત્તાઓ અને અધિકારીનો માલિક અલ્લાહ વહદહૂ લા શરીક (એક માત્ર અને જેનો કોઈ ભાગીદાર નથી એ) છે. દરેક વસ્તુ તેની જ પ્રશંસા અને સ્તુતિ કરે છે. આથી માનવીનું કર્તવ્ય છે કે તેના પર ઈમાન લાવે. તેની ઈબાદત અને આજ્ઞાપાલનમાં કોઈને સામેલ કરીને તેના પ્રકોપના અધિકારી ન બનીએ. અહીં એ વાત પ્રત્યે ઈશારો છે કે અલ્લાહના આદેશની વિરુદ્ધ કોઈનું પણ આજ્ઞાપાલન કરવામાં ન આવે. આપણે ત્યાં એક રોગ ફેલાયેલ છે કે પતિ જો બેપર્દગી અને બેહયાઈ ચાહે છે તો સ્ત્રી આ કહીને કે પતિ આવું ઈચ્છે છે, એ જ વલણ અપનાવી લે છે, તેની કોઈ ગુંજાઈશ નથી.

દંભીઓને ચેતવ્યા કે તેમણે જે વલણ અપનાવેલ છે કે પોતાનો સ્વાર્થ હોય ત્યાં સુધી ખુદા અને રસૂલ સ.અ.વ.નું કહેવું માને છે અને સ્વાર્થની વિરુદ્ધના તેમના આદેશોને ટાળી દે છે. આ વલણ હવે નહીં ચાલે. માનવું છે તો સંપૂર્ણ એકાગ્રતાથી ખુદા અને રસૂલ સ.અ.વ.નો હુકમ માનો, નહીંતર ખુદાને તમારી કોઈ જ પરવા નથી.

રસૂલ સ.અ.વ.ના સાચા સાથીઓને ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં ખુશખબરી આપવામાં આવી કે ધરતી પરની ખિલાફત (નાયબપણું) તમને મળશે, અને વિરોધીઓ તેમજ દીનના શત્રુઓ તમારૂં તથા તમારા દીનનું કંઈ પણ બગાડી નહી શકે. તમે નમાઝનું નિયમિત પાલન કરો, ઝકાત અદા કરતા રહો અને રસૂલ સ.અ.વ. ઉપર મનની સંપૂર્ણ એકાગ્રતાથી અડગ રહો. ટૂંકમાં જ એ સમય આવનાર છે કે ખુદા ખૌફની હાલતને શાંતિ અને સંતોષથી બદલી આપશે.

હવે સૂરઃ અલ-ફુર્કાન અત્યંત અસરકારક શૈલીમાં શરૂ થાય છે. ખૂબ જ બરકતવંતી છે એ જાત જેણે પોતાના બંદા ઉપર સત્ય અન અસત્ય વચ્ચે ભેદ કરનાર ગ્રંથ ઉતાર્યો જેથી તે દુનિયાવાળાઓને ચેતવી દે કે એ જાત આકાશો અને ધરતીની બાદશાહીની માલિક, કોઈનો પુત્ર કે બાદશાહીમાં કોઈના સામેલ હોવાથી પાક છે. તેણે દરેક વસ્તુને પેદા કરી, પછી તેની તકદીર નક્કી કરી. લોકોએ આવી હસ્તીને છોડીને તેમને મા'બૂદ (ઉપાસ્ય) બનાવી લીધા જે કોઈ પણ વસ્તુને પેદા નથી કરતા, બલ્કે ખુદ પોતે જ પેદા કરવામાં આવે છે. જે ન તો મારી શકે છે ન જ જીવાડી શકે છે.

સત્યના ઈન્કારીઓનો અંજામ જણાવતાં તેમના ઈન્કારનું મૂળ કારણ બતાવ્યું,

કેમ કે આ લોકો એકવાર આ પળને જૂઠાડી ચૂક્યા છે, આથી હવે જીદ પર અડેલા છે, પરંતુ એ પળ આવશે ત્યારે હાથ-પગ બાંધેલી હાલતમાં ભડકે બળતી આગમાં સાંકડી જગ્યાએ ઠોંસવામાં આવશે તો પોતાની મોતને પોકારવા લાગશે. એ સમયે તેમને કહેવામાં આવશે "આજે એક મોતને નહીં અનેક મોતોને પોકારો." તેમને પૂછો કે આ અંજામ સારો છે કે એ કાયમી જન્નત કે જેનો વાયદો ખુદાથી ડરાનારા લોકોને કરવામાં આવ્યો છે જે તેમના અમલનું વળતર અને તેમનાં સફરની અંતિમ મંઝિલ હશે. તે એનાયત કરવો તમારા રબને જિમ્મે જરૂરી વાયદો છે.

શું તમે ક્યારેય એ વ્યક્તિની સ્થિતિ ઉપર વિચાર કર્યો છે જેણે પોતાની મનેચ્છાને પોતાનો ખુદા બનાવી લીધો છે, શું તમે એવી વ્યક્તિને સીધા માર્ગ પર લાવવાની જવાબદારી લઈ શકો છો? આ તો જાનવરો જેવા છે, બલ્કે તેમનાથી પણ વધુ ખરાબ.

તડકા અને છાંયડાની વ્યવસ્થાને પોતાની પરિપૂર્ણ કુદરત અને તૌહીદના આમંત્રણના સત્ય હોવાની દલીલમાં રજૂ કરી કે તમારૂં સમગ્ર જીવન એ છાંયડાના વધવા-ઘટવાનો મહોતાજ છે. કારણ કે સૂર્યના પ્રકાશ અને ગરમી ઉપર સૌના જીવનનો આધાર છે અને છાંયડો તેના લીધે છે. જો હંમેશ છાંયડો રહે અથવા હંમેશ સૂર્ય નીકળે તો સમગ્ર સૃષ્ટિ તેના કિરણોથી બળીને ભસ્મ થઈને રહી જાત. આ તો એક હિકમતવાળા અને સંપૂર્ણ શક્તિશાળી હસ્તિ છે, જેણે ધરતી અને સંર્ય વચ્ચે એક એવો સંબંધ સ્થાપી રાખ્યો છે જે કાયદા પદ્ધતિથી ધીમે ધીમે છાંયડો નાખતો અને તેને ઘટાડતો-વધારતો રહે છે. આ ડહાપણભરી વ્યવસ્થા ન તો આપમેળે જ સ્થપાઈ શકતી હતી અને ન જ સત્તાવિહોણા (ખોટા) ખુદા તેને સ્થાપીને ચલાવી શકતા હતા.

સૂરઃના અંતમાં ખુદાના અસલ બંદા કહેવડાવવાને લાયક લોકોનું ચિત્રાંકન કરવામાં આવ્યું છે. રહેમાન (કૃપાળુ)ના અસલ બંદા એ છે જે વિનમ્ર ચાલ ચાલનારા, અજ્ઞાનીઓ સાથે વિવાદમાં ન પડનારા, ઈબાદત કરનારા, અઝાબથી બચવાની દુઆ માગનારા, મધ્યમ માર્ગે ખર્ચ કરનારા, ખોટી રીતે કોઈને ન મારનારા, બદકારી, જૂઠી સાક્ષી અને નિરર્થક વાતોથી બચનારા અને પોતાના રબની આયતોની ઊંડી અસરો કબૂલ કરનારા, આવા બંદાઓનું જન્નતોમાં શાનદાર સ્વાગત હશે.

સૂરઃશુઅરાનો પ્રારંભ આ શબ્દોથી થાય છે : હે મુહમ્મદ સ.અ.વ.! શું તમે તમારા પ્રાણ આ ગમમાં ખોઈ બેસશો કે આ લોકો ઈમાન કે નથી લાવતા. અમે

ઇચ્છીએ તો તેમની માગણી મુજબ આકાશમાંથી એવી નિશાનીઓ ઉતારી શકીએ છીએ કે તેમની ગરદનો તેમની આગળ ઝૂકી જાય, પરંતુ આ પ્રકારનું બળજબરીવાળું ઈમાન અમને નથી જોઈતું. અમે ઇચ્છીએ છીએ કે લોકો બુદ્ધિ અને સમજથી કામ લઈને ઈમાન લાવે.

છેલ્લા રુકૂઅમાં ચર્ચાને આટોપતાં કહેવામાં આવ્યું કે તમે લોકો જો નિશાનીઓ જ જોવા ઇચ્છો છો તો અંતે એ ભયંકર નિશાનીઓ જોવા માટે કેમ હઠાગ્રહ કરી રહ્યા છો જે નાશ પામેલ કોમોએ જોઈ છે. આ કુર્આનને જુઓ, તેને લાવનારને જૂઓ, તેના સાથીઓને જુઓ, શું આ વાણી કોઈ શેતાન કે જીનની વાણી હોઈ શકે છે? શું મુહમ્મદ સ.અ.વ. અને તેમના સાથી તમને એવા દેખાય છે જાણે કવિ અને તેમને પ્રોત્સાહન આપનારા હોય છે? ખોટી જીદ કે હઠાગ્રહની વાત તો જુદી છે, પરંતુ પોતાના દિલોને તપાસી જુઓ કે એ શું સાક્ષી આપી રહ્યા છે! જો દિલોમાં તમે પોતે જાણો છો કે જાદુ અને કવિતાનો આનાથી દૂરનો પણ કોઈ સંબંધ નથી. તો પછી આ પણ જાણી લો કે તમે જુલ્મ કરી રહ્યા છો અને જાલિમોનો અંજામ પણ જોશો.

સૂરઃ નમ્લનો ફકત એક રુકૂઅ પઢવામાં આવ્યો છે. તેનો ભાવાર્થ કાલની આયતોની સાથે વર્ણવવામાં આવશે. ●

# સોળમી તરાવીહ

આજે ઓગણીસમા પારાના સત્તરમા રુકૂઅથી વીસમા પારાના અંત સુધીની તિલાવત થઈ.

સૂરઃનમ્લમાં આ સ્પષ્ટપણે ફરમાવવામાં આવ્યું છે કે આ ગ્રંથને અલ્લાહે હિદાયત અને ખુશખબર બનાવીને નાઝિલ (અવતરિત) કર્યો છે. પરંતુ આના પર ઈમાન તેઓ જ લાવશે જેમના દિલોમાં આખેરતનો ખૌફ છે, જે લોકો આ દુનિયાના એશ-આરામમાં ડૂબેલા છે તેઓ પોતાના શોખ કે કાર્યોને છોડી નથી શકતા. તેમના કર્મો તેમની નજરોમાં એટલા ખૂબસૂરત બનાવી દેવાયા છે કે હવે કંઈ યાદ દેવડાવવું અને ડર તેમના માટે કારગત નીવડી શકે એમ નથી. આ અંગે ત્રણ પ્રકારની સીરતો (જીવન-ચરિત્ર)ના નમૂના સામે મૂકવામાં આવ્યા. એક નમૂનો ફિરઔન, સમૂદની કોમના સરદારો અને લૂત અ.સ.ની કોમના બંડખોરોનો,

જેમની સીરત આખેરતના ઉત્તરદાયિત્વની કલ્પનાથી ખાલી હતી. અને તેના પરિણામે તેમણે 'નફસ' (મનેચ્છાઓ)ની બંદગી કે ગુલામી અખત્યાર કરી, કોઈ નિશાનીને જોઈને પણ ઈમાન લાવવા માટે તૈયાર ન થયા. બલ્કે ઊલ્ટાના એ લોકોના દુશ્મન બની ગયા જેમણે તેમને નેકીની તરફ બોલાવ્યા. તેમણે પોતાની બદકારીઓ (કુકર્મો) ઉપર હઠાગ્રહ કર્યો તો અંતે તેમને અલ્લાહના અઝાબે આવી પકડયો, અને એક ક્ષણ પહેલાં સુધી તેમને હોશ ન આવ્યો.

બીજો નમૂનો હઝરત સુલેમાન અ.સ.નો છે, જેમને અલ્લાહે ધન-દૌલત, હકૂમત અને શાન-શૌકત કે માન-મોભાથી એટલી હદે નવાજ્યા હતા કે મક્કાના કાફિરો તેનું સ્વપ્ન પણ જોઈ શકતા ન હતા. પરંતુ તેમ છતાં તેઓ પોતાની જાતને ખુદા સમક્ષ ઉત્તરદાયી સમજતા હતા. અને તેમને એહસાસ હતો કે તેમને જે કંઈ પણ પ્રાપ્ત છે એ ખુદાની એનાયતને કારણે પ્રાપ્ત છે, અથવા તેમનું માથું હંમેશ એ સાચા ઈનામ આપનારની સામે ઝૂકેલું રહેતું હતું, અને 'નફસ'ના ઘમંડની જરા સરખી છાંયા પણ તેમની સીરતમાં જોવા મળતી ન હતી.

ત્રીજો નમૂનો સબાની રાણીનો છે જે આરબના ઈતિહાસની અત્યંત ધનાઢય કોમોની શાસક હતી. તેની પાસે એ તમામ સાધનો જમા હતા જે કોઈ પણ માનવીને ઘમંડ અને બંડમાં સપડાવી શકતા હતા અને કુરૈશના સરદારોની સરખામણીમાં લાખો ગણા વધુ પ્રાપ્ત હતા. પછી એ એક મુશ્રિક કોમથી સંબંધ ધરાવતી હતી, બાપ-દાદા (વડવા કે પૂર્વજો)ના અનુસરણના આધારે પણ અને પોતાની કોમમાં પોતાની સરદારી ટકાવી રાખવા ખાતર પણ. તેના માટે શિર્કના દીનને છોડીને તૌહીદના દીનને અપનાવવો એનાથી વધારે મુશ્કેલ કામ હતું જેટલું કોઈ સામાન્ય મુશ્રિક માટે હોઈ શકે છે. પરંતુ જ્યારે તેના પર સત્ય સ્પષ્ટ થઈ ગયું તો કોઈ વસ્તુ તેને સત્યને અપનાવવાથી અટકાવી શકી નહીં. કારણ કે ગુમરાહી ફકત એ કારણે હતી કે તેણે આંખ જ મુશ્રિકોના (શિર્કભર્યા) વાતાવરણમાં ખોલી હતી. પરંતુ 'નફસ'ની બંદગી અને મનેચ્છાઓની ગુલામીનો રોગ તેના પર છવાયેલો ન હતો. આથી ખુદા સામે જવાબ આપવાની ભાવના તેના અંતરાત્મામાં મોજૂદ હતી. અને આ જ કારણે તેને સત્ય કબૂલ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

આના પછી સૃષ્ટિની કેટલીક ખૂબ જ વિશિષ્ટ જાણીતી હકીકતો (સત્યો) તરફ અંગૂલિનિર્દેશ કરવામાં આવ્યા છે અને પૂછ્યું કે "અલ્લાહ બહેતર છે અથવા આ મા'બૂદ (ઉપાસ્યો) જેમને લોકો ખુદાના ભાગીદાર બનાવી બેઠા છે?" પછી

બનાવટી ખુદાઓ સંબંધે જે લોકો આ શ્રદ્ધા રાખે છે કે તેમને ગેબ (અદશ્ય)નું જ્ઞાન મળેલ છે, તેને રદિયો આપ્યો અને ફરમાવ્યું કે અલ્લાહ સિવાય આકાશ અને ધરતીમાં કોઈ પણ ગેબનું જ્ઞાન નથી ધરાવતું. અને જે બીજાઓ વિષે આ ધારણાઓ કરવામાં આવે છે કે તેઓ પણ ગેબનું જ્ઞાન ધરાવે છે, આ જ આધારે તેમને ખુદાઈમાં સામેલ ઠેરવવામાં આવ્યા છે, તે બિચારાઓને તો ખુદ પોતાના ભવિષ્યની પણ ખબર નથી. તેઓ નથી જાણતા કે કયામતની પળ ક્યારે આવશે, અને ક્યારે અલ્લાહતઆલા તેમને ફરીથી ઉઠાવી ઊભા કરશે અને એ દિવસે શું વીતશે જ્યારે સૂર ફૂંકવામાં આવશે. અને એ સૌ લોકો ભયભીત થઈ જશે જેઓ આકાશો અને ધરતીમાં છે, સિવાય એ લોકો કે જેમને અલ્લાહ ભયથી બચાવવા ઇચ્છશે. અને સૌ કાન દબાવી તેની સેવામાં હાજર થશે. આજે તમે પહાડોને જુઓ છો અને સમજો છો કે એ ખૂબ ખૂંપેલા છે. પરંતુ એ સમયે આ વાદળોની જેમ ઊડી રહ્યા હશે. આ અલ્લાહની કુદરતનો ચમત્કાર હશે જેણે દરેક વસ્તુને ડહાપણ સાથે સમતળ કરી છે. એ સારી પેઠે જાણે છે કે તમે લોકો શું કરી રહ્યા છો. જે વ્યક્તિ ભલાઈ લઈને આવશે તેને વધુ સારો બદલો મળશે, અને આવા જ લોકો એ દિવસે ભયથી સુરક્ષિત હશે. અને જે લોકો બુરાઈ લઈને આવશે, એવા બધા લોકો ઊંધા મોઢે આગમાં ફેંકી દેવામાં આવશે. શું તમે લોકો આ સિવાય કોઈ બીજો બદલો મેળવી શકો છો કે જેવું કરો તેવું ભોગવો.

તેમને કહી દો કે મને તો આ જ આદેશ આપવામાં આવ્યો છે કે આ શહેરના રબની બંદગી કરૂં જેણે આને હરમ બનાવ્યુ છે અને જે દરેક વસ્તુનો માલિક છે. મને હુકમ આપવામાં આવ્યો છે કે મુસ્લિમ એટલે કે આજ્ઞાપાલક બનીને રહું. અને આ કુર્આન પઢીને સંભળાવું હવે જે હિદાયત (માર્ગદર્શન) અપનાવશે અને જે ગુમરાહ થઈ જશે તેમને કહી દો કે હું તો બસ ખબરદાર કરનાર (ચેતવી દેનાર) છું.

સૂરઃ કસસમાં એ શંકાઓ અને વાંધાઓને દૂર કરવામાં આવ્યા છે જે મક્કાવાસીઓ નબી સ.અ.વ.ની રિસાલત ઉપર કરી રહ્યા હતા. અને તેમના એ બહાનાઓને રદ કરવામાં આવ્યા છે જે તેઓ ઈમાન ન લાવવા માટે રજૂ કરી રહ્યા હતા. આ હેતુ માટે હઝરત મૂસા અ.સ.નો કિસ્સો વર્ણવવામાં આવ્યો અને કેટલીક હકીકતો મનમાં બેસાડવામાં આવી. દા.ત. જે કંઈ અલ્લાહતઆલા કરવા ચાહે છે તેના માટે અસભાનપણે સાધનો અને માધ્યમો કે રીતો પૂરી પાડે છે. જે

બાળકના હાથે ફિરઔનનો તખ્તો (શાસન) પલટવો હતો તેને અલ્લાહે ખુદ ફિરઔનના ઘરમાં ઉછેરી મોટો કરાવડાવ્યો. અને ફિરઔન એ જાણી જ ન શક્યો કે કોનો ઉછેર કરી રહ્યો છે? આવા ખુદાથી લડીને કોણ જીતી શકે છે?

આ જ રીતે બતાવ્યું કે નુબુવ્વતની જવાબદારી કોઈને પણ મોટું જશ્ન મનાવીને અને ધરતી તથા આકાશમાં જબરજસ્ત એલાન કરીને આપવામાં નથી આવી. તમને આશ્ચર્ય થાય છે કે મુહમ્મદ સ.અ.વ.ને ચુપકીદીથી નુબુવ્વત કેવી રીતે મળી ગઈ. પરંતુ મૂસા અ.સ.ને પણ આ જ રીતે રસ્તે ચાલતાં અમે નુબુવ્વત આપી હતી, કે કોઈને સ્હેજેય ખબર પણ ન થઈ કે આજે સીના પર્વતની ખીણમાં કઈ ઘટના ઘટી ગઈ. ખુદ મૂસા અ.સ. પણ એક ક્ષણ પહેલાં જાણતા ન હતા કે તેમને કઈ વસ્તુ મળનારી છે. તેઓ આગ લેવા ગયા અને પયગંબરી મળી ગઈ. પછી આ કે જે બંદાથી ખુદા કોઈ કામ લેવા ચાહે છે કોઈ પણ મોટા સૈન્ય અને સાધન-સામગ્રી વિના કરી બતાવે છે. બાહ્ય રીતે જોતાં કોઈ મોટી શક્તિ તેની સહાયક નથી હોતી પરંતુ મોટા મોટા લશ્કરવાળા તેના મુકાબલે બેબસ (લાચાર) થઈ જાય છે. આજે જે સંબંધ તમે પોતાના અને મુહમ્મદ સ.અ.વ. વચ્ચે જોઈ રહ્યા છો તેનાથી પણ ઘણો મોટો ફેર હઝરત મૂસા અ.સ. અને ફિરઔનની શક્તિ વચ્ચે હતો. પરંતુ જોઈ લો કે કોણ જીત્યો અને કોણ હાર્યો?

સૂરઃના અંતમાં એલાન થાય છે કે દરેક વસ્તુ નાશ પામનારી છે, સિવાય એ જાત. શાસન તેનું જ છે, અને તમે સૌ તેની તરફ જ પલ્ટાવવામાં આવનાર છો.

સૂરઃઅન્કબૂત મક્કા મુઅઝ્ઝમાના એ કાળમાં નાઝિલ થઈ જયારે કે મુસલમાનો ઉપર અસંખ્ય અને અસીમ મુસીબતો ગુજારવામાં આવી રહી હતી. કાફિરો તરફથી ઈસ્લામનો વિરોધ ખૂબ જ પુરજોશમાં થઈ રહ્યો હતો. એવા સંજોગોમાં અલ્લાહતઆલાએ આ સૂરઃ સાચા મો'મિનો (ઈમાનવાળાઓ)માં નિર્ધાર, હિમ્મત અને દઢતા કે અડગતા પેદા કરવા માટે અને બીજા કમજોર ઈમાનવાળાઓને શરમ અપાવવા માટે નાઝિલ ફરમાવી. આની સાથે મક્કાના કાફિરોને પણ આમાં સખત ચેતવણી આપવામાં આવી કે પોતાના પક્ષમાં એ અંજામને આમંત્રણ ન આપે જે દરેક જમાનામાં દુશ્મની કરનારાઓનો થતો આવ્યો છે.

આ અંગે એ પ્રશ્નોનો પણ ઉત્તર આપવામાં આવ્યો છે જેનો કેટલાક

...નોને એ સમયે સામનો હતો. દા.ત. માતા-પિતા તેમના પર દબાણ નાંખતા હતા કે મુહમ્મદ સ.અ.વ.નો સાથ છોડી દો અને આપણા દીન ઉપર કાયમ રહો. જે કુર્આન ઉપર તમે ઈમાન લાવ્યા છો તેમાં તો આ જ લખ્યું છે કે મા-બાપનો હક્ક સૌથી વધુ છે, તેમનું કહેવું માનો. તેનો જવાબ આપવામાં આવ્યો, "અમે જ માનવીને હિદાયત આપી છે કે પોતાનાં મા-બાપ સાથે સદ્‌વર્તન કરો. પરંતુ જો એ તારા પર દબાણ નાખે કે તું મારી સાથે કોઈ એવા મા'બૂદ (ઉપાસ્ય)ને સામેલ ઠેરવે જેને તું (મારા ભાગીદારની હેસિયતથી) નથી જાણતો તો એમનું આજ્ઞાપાલન ન કર."

આ જ રીતે ઇસ્લામ અંગીકાર કરનારાઓને તેમના કબીલાના લોકો કહેતા હતા કે અઝાબ (પાપ) અને સવાબ (પુણ્ય) અમારા માથે, તમો તો અમારૂં કહેવું માનો... તેનો જવાબ આપવામાં આવ્યો, આ કાફિરો લોકો ઈમાન લાવનારાઓને કહે છે કે તમે અમારી રીતનું જ અનુસરણ કરો અને તમારી ભૂલો-ગુનાઓને અમે અમારી ઉપર લઈ લેશું. જો કે તેમની ભૂલો-ગુનાઓમાંથી કંઈ પણ તેઓ પોતાના માથે લેનારા નથી. તેઓ તદ્દન જુઠ્ઠું બોલે છે. હા, જરૂર તેઓ પોતાના બોજો પણ ઉઠાવશે અને પોતાના બોજાઓની સાથે સાથે બીજા અનેક બોજા પણ. અર્થાત્ એક બોજો પોતાની ગુમરાહીનો અને બીજો બોજો બીજાઓને ગુમરાહ કરવાનો અને કયામતના દિવસે ચોક્કસપણે તેમનાથી એ જૂઠ ઘડવા અંગે પૂછવામાં આવશે જેને તેમણે પોતાની ટેવ બનાવી લીધી છે.

ઈમાનવાળાઓ સામે હઝરત નૂહ અ.સ., ઇબ્રાહીમ અ.સ., મદ્‌યન, આદ, સમૂદ, કારૂન, ફિરઔન અને હામાનની ઘટનાઓ વર્ણવીને આ જ બાબત વધુ ઉજાગર કરવામાં આવી કે પાછલા અંબિયા અ.સ. ઉપર કેવી કેવી સખ્તીઓ વીતી અને કેટકેટલી મુદ્દતો સુધી તેઓ સતાવવામાં આવ્યા. પછી તેના તરફથી તેમની મદદ થઈ. આથી તમે ગભરાઓ નહીં, અલ્લાહની મદદ જરૂર આવશે. પરંતુ અજમાયશનો એક સમય વીતવો જરૂરી છે. સાથે જ મક્કાના કાફિરોને પણ એ કિસ્સાઓ મારફત ચેતવવામાં આવ્યા કે જો ખુદા તરફથી પકડ થવામાં મોડુ થઈ રહ્યું છે તો આ ન સમજી બેસો કે ક્યારેય પકડ થશે જ નહીં. પાછલી નાશ પામેલી કોમોના ખંડેરો તમારી સામે છે. જોઈ લો કો અંતે તેમની કમબખ્તી (દુર્દશા કે વિનાશ) આવીને રહી.

મુસલમાનોને હિદાયત કરવામાં આવી કે જો જુલ્મ અને અત્યાચાર સહેનશક્તિથી વધારે થઈ જાય તો ઈમાન છોડવાને બદલે ઘરબાર છોડીને નીકળી જાય. ખુદાની ધરતી વિશાળ છે, જ્યાં ખુદાની બંદગી કરી શકો ત્યાં જતા રહો અને કેટલી સારી શૈલીમાં કહ્યું છે કે, કેટલાય પ્રાણીઓ છે જે પોતાની રોજી પોતાની પીઠો ઉપર ઉઠાવીને નથી ફરતા. અલ્લાહ તેમને રોજી આપે છે, એ જ તમને પણ આપશે. એ બધું જ સાંભળે અને જાણે છે. •

# સત્તરમી તરાવીહ

આજે એકવીસમા પારા ઉતલુ મા ઉહિયાની તિલાવત કરવામાં આવી.

સૂરઃઅન્કબૂતની આયતોમાં ઈમાનવાળાઓમાં દઢ નિર્ધાર અને હિમ્મત પેદા કરવાની સાથે સાથે કાફિરોને સમજાવવાનું પાસું પણ છૂટ્યું નથી. તૌહીદ અને આખેરત બંને હકીકતો દલીલો સાથે તેમની સામે વર્ણવવામાં આવી.

ફરમાવ્યું, જો તમે એ લોકોને પૂછો કે ધરતી અને આકાશો કોણે પેદા કર્યા છે, અને ચંદ્ર તથા સૂર્યને કોણે તમારી સેવામાં લગાવ્યા છે તો અવશ્ય કહેશે કે અલ્લાહે! પછી આ લોકો કઈ રીતે ધોખો ખાઈ રહ્યા છે? જો તમે તેમને પૂછો કે કોણે આકાશમાંથી પાણી વરસાવ્યું અને ત્યારબાદ મૃત ધરતીને કોણે જીવિત કરી? તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે. કહો અલ્હમદુલિલ્લાહ! અર્થાત્ જ્યારે આ તમામ કાર્યો અલ્લાહ કરી રહ્યો છે તો પછી હમ્દ (સ્તુતિ) અને પ્રશંસા તેમજ ઈબાદતોનો હક્કદાર પણ એ જ છે. આ દુનિયાનું જીવન કંઈ નથી પરંતુ એક ખેલ અને મનનો બહેલાવો (ગમ્મત) છે. એટલે કે તેની હકીકત બસ આટલી જ છે જાણે થોડીવાર માટે ગમ્મત કરી લઈએ અને પછી પોતાના ઘરે પાછા ફરીએ. અહીં જે બાદશાહ બની ગયો એ હકીકતમાં બાદશાહ નથી બની ગયો. બલ્કે ફક્ત બાદશાહીનું નાટક કરી રહ્યો છે. એક સમય આવે છે જ્યારે તેની આ રમત પૂરી થઈ જાય છે અને એ જ રીતે ખાલી હાથે સ્ટેજ પરથી રવાના થઈ જાય છે, જે રીતે દુનિયામાં આવ્યો હતો. ખરા જીવનનું ઘર તો આખેરત છે, કાશ! આ લોકો જાણતા હોત!

શું આ લોકો નથી જોતા કે અમે ચારે બાજુ લૂંટમાર કરનારાઓની વચ્ચે મક્કાને શાંતિ-સલામતીપૂર્ણ હરમ બનાવી દીધું છે. તેમ છતાં આ લોકો બાતિલ (અસત્ય)ને માને છે અને અલ્લાહની ને'મતોનો ઈન્કાર કરે છે. શું એવા લોકોનું

ઠેકાણું જહન્નમ નથી? જે લોકો અમારી ખાતર મુજાહેદા (સંઘર્ષ) કરશે તેમને અમે પોતાના માર્ગની હિદાયત (માર્ગદર્શન, સદ્બુદ્ધિ) આપીશું. અને ચોક્કસપણે અલ્લાહ, દીનનું કાર્ય કરનારાઓની સાથે છે.

હવે સૂરઃ રૂમ શરૂ થાય છે, ૬૧૫ ઇસ્વીમાં ઇરાનીઓએ રોમનો ઉપર આધિપત્ય મેળવી લીધુ. એ જ વર્ષે મુસલમાનોએ હબ્શા હિજરત કરી. રોમ ઉપર અગ્નિ-પૂજકોના કબજાથી લોકોમાં ગુસપુસ થઈ કે આકાશીય ધર્મને માનનારા અગ્નિ પૂજા કરનારાઓથી પરાજિત થઈ ગયા. આ વાતને મુશ્રિકોએ પોતાના ધર્મના સત્ય હોવાની દલીલ સમજી. ઈરાનના બાદશાહ ખુશરૌ પરવેઝે બૈતલમકદિસ ઉપર કબ્જો કરીને હિરકલ (કે હરકલ)ને પત્ર લખ્યો "તુ કહે છે કે તને પોતાના રબ ઉપર વિશ્વાસ છે. તો તારા રબે શા માટે જેરૂસલેમને મારા હાથથી બચાવી ન લીધુ?"

આનાથી અંદાજો લગાવી શકાય છે અને આજે પણ આ જ થઈ રહ્યું છે કે જયારે અપાત્ર કે અધર્મ લોકોને દુનિયામાં સ્હેજ પણ સફળતા સાંપડે છે તો તરત જ ખુદા અને તેનાથી જોડાયેલા ધર્મની મજાક ઉડાવવા લાગે છે. આરબના મુશ્રિકો કહેવા લાગ્યા હતા કે મુસલમાનોનો દીન મિટાવી દેવામાં આવશે.

અલ્લાહે એ વાતની નોંધ લીધી અને આ સૂરઃ નાઝિલ કરી ફરમાવ્યું "હા! નજીકની ધરતી ઉપર રોમનો પરાજિત થઈ ગયા છે. પરંતુ થોડાક વર્ષોમાં તેઓ વિજયી પ્રભુત્વશાળી થઈ જશે. અને તે દિવસ એ હશે જયારે અલ્લાહે આપેલ વિજયથી ઈમાનવાળા રાજી થઈ રહ્યા હશે." આમાં બે વાતોની ભવિષ્યવાણી કરવામાં આવી. એક આ કે રોમનો વિજયી બનશે. બીજી આ કે મુસલમાનોને પણ વિજય પ્રાપ્ત થશે. કોઈને વિશ્વાસ બેસતો ન હતો કે આ ભવિષ્યવાણીઓ પૂરી થશે. આથી મક્કાના કાફિરોએ ખૂબ જ મજાક ઉડાવી અને આઠ વર્ષ સુધી રોમનો પણ પરાજય પર પરાજય પામતા રહ્યા. એટલે સુધી કે કૈસર કોન્સટન્ટીનોપલ (કુસ્તુનતુનિયા) છોડીને ટ્યુનિસમાં શરણ મેળવવા મજબૂર થઈ ગયો અને મુસલમાનો ઉપર મક્કાવાસીઓના જુલ્મ-અત્યાચારો પોતાની ચરમસીમાએ પહોંચી ગયા. ૬૨૨ ઇસ્વીમાં હુઝુર સ.અ.વ. હિજરત કરીને મદીના તશરીફ લાવ્યા. ૬૨૪ ઇસ્વીમાં હિરકલે આઝરબાયજાનમાં ઘુસીને ઇરાનીઓ ઉપર પાછળથી હુમલો કર્યો અને ઈરાનની અગિયારીને ખરાબ રીતે તોડી ફોડી નાંખીને ધ્વસ્ત કરી દીધી. આ બાજુ મુસલમાનો ઉપર મક્કાના મુશ્રિકોએ બદ્રના મુકામે હુમલો

કર્યો પરંતુ અલ્લાહે તેમની શક્તિ ભાંગી નાખી અને મુસલમાનોને ઇતિહાસનો શાનદાર વિજય પ્રાપ્ત થયો અને આ રીતે બંને ભવિષ્યવાણીઓ સાચી પુરવાર થઈ.

સૂરઃરૂમથી આ વાત સામે આવી ગઈ કે માનવી બાહ્ય રીતે એ જ વસ્તુ જુએ છે જે તેની આંખોની સામે હોય છે પરંતુ આ બાહ્ય પર્દાની પાછળ જે કંઈ છે તેની તેને ખબર નથી હોતી. જ્યારે આ બાહ્ય દૃષ્ટિ દુનિયાની નાની નાની બાબતોમાં ખોટી ધારણાઓનું કારણ બનીને કેટલીક વખતે માનવીને મોટા નુકસાનોમાં નાખી દે છે, તો પછી આખા જીવનની સમગ્ર મૂડી, ધન અને અન્ય મિલ્કત સૌને દાવ પર લગાવી દેવા ... કે ખુદાપરસ્તીને બદલે દુનિયાપરસ્તી પર ચાલવા લાગી જવું... કેટલી મોટી ભૂલ છે? રોમ અને ઇરાનની બાબતોની દિશા આખેરતના વિષય તરફ પલટાવતાં રીતસર સમજાવવામાં આવ્યું છે કે આખેરત શક્ય પણ છે, ઉચિત પણ છે અને તેની જરૂર પણ છે. માનવીની જીવન વ્યવસ્થાને બરોબર રાખવા માટે પણ આ જરૂરી છે કે માનવી આખેરતનો વિશ્વાસ રાખીને વર્તમાન જીવનની યોજના તૈયાર કરે, નહીંતર એ જ ભૂલ થશે જે બાહ્ય ઉપર વિશ્વાસ કરીને મોટા મોટા નિર્ણયો કરવાથી મોટે ભાગે થાય છે.

સૃષ્ટિની નિશાનીઓ પ્રત્યે ઇશારો કરતાં જણાવ્યું કે શિર્ક સૃષ્ટિ અને માનવી બંનેની પ્રકૃતિની વિરુદ્ધ છે. આથી જ્યાં પણ માનવીએ આ ગુમરાહીને અખત્યાર કરી ત્યાં ફિત્નો જાહેર થયો. આ બંને કોમોની લડાઈને કારણે જે મોટો ફિત્નો પેદા થયો એ પણ શિર્કના પરિણામોમાંથી છે.

સૂરઃલુકમાનમાં અલ્લાહે હઝરત લુકમાનના એ ઉપદેશો કે શિખામણો વર્ણવી છે જે તેમણે પોતાના પુત્રને આપી હતી. આરબના લોકો હઝરત લુકમાનનું ડહાપણ અને બુદ્ધિમત્તા ઉપર ગૌરવ લેતા હતા અને તેમના કિસ્સા તેમને ત્યાં જાણીતા હતા. અલ્લાહે તેના પરથી જ દલીલો આપતાં જણાવ્યું કે હઝરત લુકમાનએ પણ પોતાના પુત્રને એ જ ઉપદેશો આપ્યા જેનું આમંત્રણ આ ડહાપણભર્યો ગ્રંથ આપી રહ્યો છે. આ એ વાતનો પુરાવો છે કે સદ્‌બુદ્ધિ આ આમંત્રણના પક્ષમાં છે. અને જે લોકો વિરોધ કરી રહ્યા છે તેઓ વાસ્તવમાં સદ્‌બુદ્ધિ અને પ્રકૃતિથી જંગ કરી રહ્યા છે. સાથે જ એ વાત તરફ પણ નિર્દેશ થઈ ગયો કે હઝરત લુકમાન અ.સ. પોતાના પુત્રને જે વાતો ઉપર અમલ કરવા માટે દિલસોજી સાથે શિખામણ આપતા હતા, આજે એ જ વાતોથી રોકવા માટે પિતાઓ તરફથી પુત્રો ઉપર જુલમ ગુજારવામાં આવી રહ્યા છે. સૌથી મોટી વાત આ કે તેમને બતાવવામાં આવ્યું કે તેમની અંદર

પણ જે લોકો ખરૂં ચિંતન અને બુદ્ધિ ધરાવનારા થયા છે તેમણે પણ આ જ વાતોનું શિક્ષણ આપ્યું છે જે પયગમ્બર આપી રહ્યા છે. એટલે કે આ જ વાતો માનવ-પ્રકૃતિને અનુરૂપ છે. આજ પણ આ વાતનો ખ્યાલ રહે કે પશ્ચિમી તત્ત્વજ્ઞાનીઓ જ્યારે નૈતિકતા ઉપર ચર્ચા કરે છે તો તેઓ પણ તેનો પાયો સામાન્ય બુદ્ધિના જાણીતા અને સર્વસંમત નૈતિક સિદ્ધાંતો ઉપર જ રાખે છે, પરંતુ આખેરત અને ખુદાનો ઈન્કાર કરવાને લીધે તેઓ આ નથી બતાવી શકતા કે માનવીએ અંતે નેકી શા માટે કરવી જોઈએ અને બૂરાઈથી કેમ બચવું જોઈએ? મૂળ પાયાની વાત એટલે કે પોતાને પેદા કરનારને રાજી કરવો અને તેની નારાજગીથી બચવું... બસ આનાથી ભાગે છે. તેની સજા આ મળી છે કે તમામ નૈતિકતા નિરાધાર અને નિરર્થક બનીને રહી ગઈ છે. આ ફિલસોફરોએ આધાર આ બતાવ્યો કે ફાયદો પહોંચે, લિજ્જત મળે, ખુશી મળે અને વધુથી વધુ આ કે કર્તવ્ય ખાતર કર્તવ્ય એટલે કે આ એક 'ડ્યુટી' છે તેને 'ડ્યુટી' સમજીને અદા કરો. પરિણામે આ નીકળ્યું છે કે નફસપરસ્તી અને વાસનાને ખુશી કહેવામાં આવે છે અને તેને જીવનનો હેતુ બનાવી લેવામાં આવ્યો છે. પ્રેમનો સંબંધ પણ નિર્દોષપણું અને માનવતાથી ખાલી થઈ ગયા છે અને માત્ર મનેચ્છાઓ પૂરી કરવાનું નામ પ્રેમ રાખવામાં આવ્યું છે.

આ ફિલસૂફીએ તેમના સમગ્ર શિક્ષણની દશા બગાડી મૂકી છે. કૌટુંબિક વ્યવસ્થા અસ્ત-વ્યસ્ત થઈ ગઈ છે અને સ્વાર્થવૃત્તિ સિવાય કોઈપણ સંબંધ સન્માનને લાયક નથી રહ્યો. આનાથી વિરુદ્ધ કુર્આન માત્ર નૈતિકતાનો જ નહીં બલ્કે સમગ્ર દીનનો પાયો પ્રકૃતિ ઉપર રાખે છે, પરંતુ પ્રાણીઓની પ્રકૃતિ ઉપર નહીં બલ્કે માનવીય પ્રકૃતિ ઉપર જેના ગૂંચવાડા ઉકેલવા અને ગેરસમજોને દૂર કરવા માટે તેણે ગ્રંથો અને રસૂલ મોકલ્યા છે. અને ખરી માનવીય પ્રકૃતિને તેમના દ્વારા સ્પષ્ટ કર્યું છે તથા જણાવ્યું છે કે મૂળ વસ્તુ પોતાના રબને રાજી કરવો અને તેની નારાજગીથી બચવું છે.

આના પર મુશ્રિકો વાંધો ઉઠાવતા હતા કે આ હકીકતને જૂઠાડવાનો અંજામ કયામતના રોજ આવવાનો છે તો એ કેમ આવી નથી જતો? તેનો જવાબ સૂરઃના અંતમાં આપવામાં આવ્યો છે કે કયામત આવવાના સમયની અલ્લાહને ખબર છે. જો આમ ઈન્સાનને ખબર નથી તો તેનો અર્થ આ નથી કે એ વાસ્તવિકતા નથી. વરસાદ એક વાસ્તવિકતા છે. ખરી હકીકત

છે પરંતુ શું તમે બતાવી શકો છો કે જે વાદળ આવ્યા છે એ ચોક્કસ વરસશે જ અથવા આમ જ આગળ વધી જશે. એ જ રીતે સ્ત્રીને ગર્ભ રહેવાથી સંતાન થશે પરંતુ શું થશે તે કોણ કહી શકે છે? આવી જ સ્થિતિ મૃત્યુની છે જે જબરજસ્ત હકીકત છે. પરંતુ કોને ક્યારે મોત આવશે એ કોણ જાણે છે? જ્યારે આ વાતોનું જ્ઞાન નથી પરંતુ આ ખરી હકીકત કે વાસ્તવિકતા છે, તો પછી કયામતની જાણકારી ન હોય તો એ કઈ રીતે શંકાસ્પદ બની ગઈ? એ પળનું જ્ઞાન અલ્લાહ પાસે જ છે. જેવી રીતે વરસાદ જન્મનાર, સંતાન, કાલે શું થશે, અને કઈ જગ્યાએ માનવીને મોત આવશે એ બધું અલ્લાહ જ જાણનાર છે.

સૂરઃઅસ સજદામાં બતાવ્યું કે અલ્લાહની મોટી રહેમત-કૃપા છે કે એ માંનવીની ભૂલો ઉપર એકાએક એક અંતિમ અને નિર્ણાયક અઝાબમાં તેને પકડી નથી લેતો, બલ્કે તેનાથી પહેલાં નાની નાની તકલીફો, મુસીબતો અને નુકસાનો મોકલતો રહે છે અને આ રીતે હલ્કી હલ્કી થાપટો મારતો રહે છે જેથી તેને ચેતવણી મળે અને તેની આંખો ઊઘડી જાય. માનવી જો શરૂઆતની થાપટોથી હોશમાં આવી જાય તો આ તેના પક્ષ (હિત)માં બહેતર છે.

મક્કાના કાફિરોથી કહેવામાં આવ્યું કે બાહ્ય દેખાવથી ધોખો ન ખાવ. આજે તમે જોઈ રહ્યો છો કે મુહમ્મદ સ.અ.વ.ની વાત કેટલાક છોકરા અને કેટલાક ગુલામો તેમજ ગરીબ લોકો સિવાય કોઈ નથી સાંભળી રહ્યું અને દરેક બાજુથી તેમનો મજાક ઉડાડવામાં આવી રહ્યો છે તો સમજો છો કે આ વધુ ચાલવાનો નથી, પરંતુ આ માત્ર તમારી નજરોનો ધોખો છે. શું તમે રાત-દિવસ આ નથી જોતા કે આજે જે ધરતી પડતર પડી છે જેને જોઈને આ વિચાર પણ કોઈને નથી આવતો કે તેના પેટાળમાં હરિયાળીના ખજાના છુપાયેલા છે, પરંતુ કાલે એક જ વરસાદમાં તેના ખૂણેખૂણાથી લીલોતરી ફૂટી નીકળે છે. સૂરઃ અહઝાબમાં ત્રણ મહત્ત્વના બનાવો એવા સાતત્ય સાથે વર્ણવાયા છે કે તેમને આજે અને કાલે અલગ અલગ વર્ણવવાથી મૂળ વિષય સમજવામાં મદદ નહીં મળે. આથી આખી સૂરઃનું વર્ણન આગામી તરાવીહમાં કરાશે. ०

# અઢારમી તરાવીહ

આજના રજૂ કરાતા મુદ્દાઓ બાવીસમા પારાના 'વમન યકુનત' સાથે સંબંધ ધરાવે છે. સૂર:અહઝાબમાં મહત્ત્વપૂર્ણ પ્રસંગોની ચર્ચા કરવામાં આવી છે. એક ગઝવએ ખંદક બીજા ગઝવએ બની કુરૈઝા અને ત્રીજો હઝરત ઝૈનબ રદિ. સાથે હુઝુર સ.અ.વ.નો નિકાહ અર્થાત્ દત્તકપુત્રની તલાક આપેલ સ્ત્રી સાથે નિકાહ. જંગે ઉહદમાં હુઝુર સ.અ.વ.ની એક સૂચનાની અવગણના કરવાના કારણે પરાજય થયો એની અસર આરબો પર આ થઈ કે મુશ્રિકો, યહૂદીઓ અને મુનાફિકો ત્રણેની હિંમત વધી ગઈ અને તેઓ સમજવા લાગ્યા કે મુસલમાનોને ખતમ કરવા કંઈક વધુ મુશ્કેલ કામ નથી. આમ ઉહદના યુદ્ધને બે મહિના થયા હશે કે નજદના એક કબીલાએ મદીના પર હુમલો કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી. ત્યાર બાદ એક વર્ષ પછી ત્રણ કબીલાઓએ હુઝુર સ.અ.વ. પાસે દીન શીખવાડવા માટે માણસોની જરૂર જણાવી. હુઝુર સ.અ.વ.એ ૭૦ જેટલા પ્રચારકો એમના કબીલામાં મોકલ્યા. પરંતુ તે બધાને દગો કરી શહીદ કરી દેવાયા. જેના પર આપે સ.અ.વ. એક મહિના સુધી એ કબીલાઓ વિરુદ્ધ દુઆએ કુનૂતે નાઝિલા પઢી. એ સમયગાળામાં સવાલ, ૫ હિજરીમાં આરબના ઘણા કબીલાઓએ મદીના પર એક સામૂહિક લશ્કર સાથે હુમલો કરી દીધો. ત્રણ-ચાર હજારની વસ્તી પર જેમાં કેટલાય મુનાફિકો પણ સામેલ હતા. દસ-બાર હજારની ફોજે હુમલો કર્યો. જો આ હુમલો અચાનક થઈ જાત તો સખત વિનાશ વેરનારો હોત પરંતુ ઇસ્લામી ચળવળની હમદર્દ અને અસરગ્રસ્ત વ્યક્તિઓ જે વિરોધી કબીલાઓમાં રહેતી હતી આપને બધી ગતિવિધિઓની માહિતી આપતી રહેતી. આથી હુમલાના છ દિવસ પહેલાથી આપે મદીનાની બે બાજુએ ખંદક (ખાઈઓ) ખોદાવડાવી હતી અને ત્રણ હજારના સૈન્ય સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા હતા. કાફિરોના સ્વપ્રમાં પણ ન હતું તેમ તે ખંદકનો સામનો થશે, કેમકે આરબો આ પદ્ધતિએ ક્યારેય લડયા ન હતા. વિવશ થઈ અરબના મુશ્રિકોને શિયાળામાં ઘેરા માટે તૈયાર થવું પડ્યું. જેના માટે તેઓ પહેલાથી જ તૈયાર થઈને આવ્યા ન હતા. ૨૫ દિવસથી વધુ ઘેરો યથાવત રહ્યો. કંઈક તો ઘેરાની લંબાઈ, કંઈક હુઝુરત સ.અ.વ.ની વ્યૂહરચનાઓ અને એક રાત્રે અલ્લાહે એવું વાવાઝોડું ફૂંક્યું કે બધા જ તંબૂઓ ઉખડી ગયા અને કોઈ

એમનામાંથી થોભી શક્યો નહીં. આ સમય દરમ્યાન એકવાર જોરદાર હુમલો થયો હતો. જે સવારથી સાંજ સુધી જારી રહ્યો અને પાંચ વખતની નમાઝો રાત્રે નમાઝથી ફારેગ થઈ એક સાથે પઢવામાં આવી. મુસલમાનોએ અત્યંત નિર્ભયતાથી મુકાબલો કર્યો.

ખંદકનો ઘેરો પૂરો થયો તો જિબ્રાઇલ અ.સ.એ અલ્લાહનો આદેશ સંભળાવ્યો કે હજુ હથિયાર ન ખોલવામાં આવે બલ્કે યહૂદી કબીલા બની કુરૈઝા પર હુમલો કરીને ઠેકાણે પાડવામાં આવે. કેમ કે એમણે ગદ્દારી કરી હતી. તેથી તરત જ મુસલમાનો એમના પ્રદેશમાં પહોંચી ગયા અને યહૂદીઓના નિયુક્ત કરાયેલા મધ્યસ્થી હઝરત સા'દ બિન મુઆઝના ફેસલા અનુસાર એમના બધા જ પુરૂષોને કત્લ કરી દીધા અને સ્ત્રીઓને તેમજ બાળકોને ગુલામ બનાવી લેવામાં આવ્યા.

જંગે ઉહદથી જંગે ખંદક સુધીનો બે વર્ષનો સમયગાળો સખત સંઘર્ષમય પસાર થયો હતો પરંતુ એમાં સમાજની મજબૂતી અને સુધારણાનું કાર્ય પણ ચાલતું રહ્યું. મુસલમાનોના નિકાહ અને તલાકના કાયદાઓ આ જ સમય દરમ્યાન પૂર્ણ થયા. વારસાનો કાયદો અવતરિત થયો. શરાબ અને જુગારને હરામ ઠેરવવામાં આવ્યા. અને બીજા પણ અનેક પાસાઓ સંબંધે કાયદાઓ નાઝિલ થયા. આ સિલસિલાનો એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન જે સુધારણાનો તકાજો કરી રહ્યો હતો એ દત્તકપુત્રનો પ્રશ્ન હતો. જેને લોકો અસલ પુત્રની જેમ સમજતા હતા. એને વારસામાં ભાગ મળતો હતો. એની સાથે મતરાઈ મા અને મતરાઈ બહેન એ જ રીતે નિ:સંકોચ વર્તાવ કરતી જેવી રીતે સગી મા અને સગી બહેનો. આ જ રીતે જો તે મૃત્યુ પામે અથવા તેની પત્નીને તલાક આપી દે તો એની પત્ની સાથે સાવકો પિતા લગ્ન કરી શકતો ન હતો. આ વાત ડગલે-પગલે કુર્આનના આ કાયદા સાથે ટકરાતી હતી જે અલ્લાહે સૂર:બકરહમાં નિકાહ, તલાક અને વારસાના સંદર્ભે ઉતાર્યા છે. સાથે જ વાત ચારિત્ર્યની દૃષ્ટિએ પણ યોગ્ય હતી કે ગમે તેટલા સગાની જેમ સમજવામાં આવે છતાં પણ તે વાસ્તવિક (પોતાનો જ) પુત્ર કે ભાઈ ન હતો અને કેટલાય જણ નિ:સંકોચ વર્તનથી અનુચિત લાભ ઉઠાવી લેતા હતા. જરૂરત એ વાતની હતી કે એ બૂરાઈઓને રોકવામાં આવે. પરંતુ આ બૂરાઈઓને માત્ર કાયદાઓ થકી રોકી શકાતી નથી. આથી અલ્લાહે એવા સંજોગો પેદા કર્યા કે નબી સ.અ.વ.ને સ્વયં રસમને તોડવી પડી. આપની સાવકી (ફોઈની) બહેન હઝરત ઝૈનબ રદિ.ને આપના પતિ હઝરત ઝૈદ બિન હારિસા રદિ.એ તલાક આપી દીધી

જેઓ હુઝૂર સ.અ.વ.ના દત્તક પુત્ર હતા તો અલ્લાહે આદેશ આપ્યો કે આપ હઝરત ઝૈનબ રદિ. સાથે લગ્ન કરી લો. જ્યારે આપ હઝરત ઝૈદ રદિ. સાથે એમનો નિકાહ કર્યો હતો ત્યારે એ રિવાજ તૂટ્યો હતો કે, તે લોકો મુક્ત કરાયેલ ગુલામને તેમની સમકક્ષ સમજતા ન હતા, બલ્કે એની સાથે ગુલામો જેવો જ વ્યવહાર કરતા હતા. આપ સ.અ.વ.એ પોતાની ફોઈની દીકરી સાથે હઝરત ઝૈદ રદી.ના લગ્ન કરાવીને આ પુરવાર કર્યું હતું કે ઇસ્લામમાં મુક્ત કરેલ ગુલામ પણ ઉચ્ચ દરજ્જો ધરાવે છે. હવે અલ્લાહે ઇચ્છયું કે આ રિવાજને પણ તોડવામાં આવે અને દત્તકપુત્રને અસલ પુત્ર સમજવામાં ન આવે. આ જ રીતે પર્દાના આદેશો જારી થયા. અને નજીકના સંબંધીઓ ઉપરાંત પરપુરુષો સાથે મિત્રતા હરામ ઠરાવવામાં આવી. જો તેમણે વાત કરવી હોય અથવા કંઈક લેવું-આપવું હોય તો પર્દા પાછળથી લો અને સ્ત્રીઓ ધ્યાન રાખે અવાજમાં લચક પેદા ન થાય. નબી સ.અ.વ.ની પત્નીઓને તમામ મુસ્લિમોની મા ઠેરવવામાં આવ્યા અને આપની વફાત બાદ એમની સાથે નિકાહ હરામ ઠેરવવામાં આવ્યો. સામાન્ય મુસ્લિમ સ્ત્રીઓને હુકમ આપવામાં આવ્યો કે ચાદરો વડે પોતાને ઢાંકીને નીકળો અને ઘૂંઘટ રાખીને નીકળો.

આ જ મોકા પર એ વાતનું એલાન કરવામાં આવ્યું કે હુઝૂર સ.અ.વ. અંતિમ નબી છે અને કેમ કે આપના પછી કોઈ નબી આવનાર નથી. આથી તમામ બૂરાઈઓનો ખાત્મો કરાવાઈ રહ્યો છે. અને દરેક બૂરી રસમને બદલવામાં આવી રહી છે. જો અત્યારે કોઈ બૂરી રસમ બાકી રહી ગઈ તો કયામત સુધી એને બદલી નહીં શકાય. આપ સ.અ.વ. દ્વારા જે ઉપકારો અલ્લાહે ઉમ્મતે મુસ્લિમા પર કર્યા છે એમનું મહત્ત્વ આપની મહાનતાને પ્રગટ કરવા માટે મુસલમાનોને મુહમ્મદ સ.અ.વ. પર દરૂદ-વ-સલામ પઢવાનો હુકમ આપવામાં આવ્યો.

સૂરઃ સબામાં સૂરઃનમ્લની જેમ કાફિરોના વાંધાઓનો જવાબ આપવામાં આવ્યો છે. અને હઝરત સુલૈમાન અ.સ. બાદના ઘણાં સમયગાળા પછીના પ્રસંગો સંભળાવી બતાવવામાં આવ્યું કે બાદમાં કૌમે સબા ગુમરાહીમાં સપડાઈ, તો અલ્લાહે એ જ કોમને જેના પર સમગ્ર જગતથી વધારે ઇનામોની વર્ષા કરવામાં આવી હતી અને સીરિયાથી યમન સુધી નિરંતર બગીચાઓ અર્પણ કર્યા હતા, એવી તારાજ કરી કે આજ સુધી આ મધ્યનો વિસ્તાર વેરાન અને રણ બનેલ છે. અલ્લાહના હાથમાં છે કે વિષને વિષનાશક અને

વિષનાશકને વિષ બનાવી દે. આથી જ પોતાની શક્તિ અને ક્ષમતાઓ પર ઘમંડ ન કરો, બલ્કે અલ્લાહના ઉપકારી અને આજ્ઞાપાલક બનો.

સૂરઃ ફાતિરમાં ઘણા ડહાપણયુક્ત અંદાજમાં સમજાવાયું છે કે મૂર્ખાઓ! નબી સ.અ.વ. તમને જે માર્ગ પર બોલાવી રહ્યા છે એમાં તમારી જ ભલાઈ છે. તેમની વિરુદ્ધ દગાબાજીઓ, ચાલબાજીઓ અને એમને નિષ્ફળ બનાવવાના જે પ્રયત્નો વાસ્તવમાં એમની વિરુદ્ધ નહીં બલ્કે તમારી વિરુદ્ધ જ જઈ રહ્યા છે. એમનું કહેવું નહીં માનો તો પોતાનું જ કંઈ બગાડશો. જે તેઓ કહી રહ્યા છે એના પર લક્ષ આપો. આખરે એમાં ખોટું શું છે. તેઓ શિર્કનું ખંડન કરી રહ્યા છે. શું કોઈ વ્યાજબી કારણ દુનિયામાં શિર્કની વ્યવસ્થાને સાચી સાબિત કરવા માટે છે. તેઓ તૌહીદનું નિમંત્રણ આપી રહ્યા છે. શું આકાશો અને ધરતીને પેદા કરનારી હસ્તી અલ્લાહ સિવાય બીજી કોઈ છે, જે ખુદાના ગુણો અને અખત્યારો ધરાવતી હોય. તેઓ તમને કહે છે કે તમે આ ધરતી પર બિનજવાબદાર નથી બલ્કે તમને તમારા બધા કાર્યોનો હિસાબ આપવાનો છે. શું આમાં કોઈ આશ્ચર્યની વાત છે? શું તમે રોજ નથી જોતા કે નિર્જીવ ઈંડામાંથી ચૂં-ચૂં કરતું બચ્ચું નીકળી આવે છે અને જીવિત મરઘીમાંથી નિર્જીવ ઈંડુ પેદા થાય છે. નિર્જીવ ધરતીમાંથી લહેરાતી ઉપજ ઉત્પન્ન થાય છે પછી આ જ લહેરાતી ઉજપવાળી જમીન નિર્જીવ થઈ જાય છે. ધૂળ ઉડવા માંડે છે. તો અલ્લાહ માટે તમારા સૌને આ દુનિયા ખતમ થયા બાદ પુનઃ ઊભા કરવું શું મુશ્કેલ કામ છે?

જો તમે પોતાને લગામ વગરનો ઊંટ સમજીને જીવવા માંગો છો તો નબી સ.અ.વ.નું આમાં શું નુકસાન છે. પરંતુ વિચારો, મૃત્યુ બાદ જ્યારે ફરી ઉઠાવવામાં આવશો અને એ ખોટી વિચારસરણી અને ખોટા અમલનું પરિણામ ભોગવવા માટે દોજખમાં નાખવામાં આવશો ત્યારે શું થશે?

અંતે નબી સ.અ.વ.ને સમજાવવામાં આવ્યું કે જે લોકો નથી માનતા એમના વલણથી દુઃખી ન થાવ, જે લોકો આપની વાત માને એમની તરફ ધ્યાન આપો. પછી ઈમાન લાવનારાઓને સફળતાના શુભ સમાચારો પણ આપવામાં આવ્યા. જેથી તેઓ સત્ય માર્ગ પર દૃઢતાથી ચાલતા રહે.

સૂરઃયાસીનમાં સૃષ્ટિના સંકેતો અને સામાન્ય જ્ઞાનથી કામ લઈને તૌહીદ અને આખેરતના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. મુહમ્મદ સ.અ.વ.ની

રિસાલતની સત્યતા પર આ વાતથી દલીલ આપવામાં આવી કે આપ આ સર્વકામ નિઃસ્વાર્થ અને નિખાલસતાપૂર્વક કરી રહ્યા છે. અને તમારાથી એના બદલામાં કંઈ નથી માંગતા. પછી જે કંઈ રજૂ કરી રહ્યા છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ સચ્ચાઈઓ છે અને એને સ્વીકારવામાં તમારી ભલાઈ છે. આમાં જોરદાર રીતે ઈસ્લામનું નિમંત્રણ રજૂ કરવામાં આવ્યું છે. આપણે રૂહને સવાબ પહોંચાડવા અને મરનારાના પ્રાણ સહેલાઈથી નીકળે તે માટે એને પઢીએ છે. પરંતુ અનુવાદ અને સમજૂતીની સાથે પઢતા નથી. હુઝૂર સ.અ.વ.એ સૂરઃને કુર્આનમજીદનું હૃદય ઠેરવ્યું છે. અને મૃત્યુ સમયે માણસને સંભળાવવાનો આશય આ છે કે જો તે તેનો અર્થ સમજી લે તો એને ઈસ્લામની બુનિયાદી આસ્થાઓ યાદ આવી જાય અને તે પોતાના મગજમાં મરતી વખતે યાદ તાજી થઈ જાય અને ખુદા સમક્ષ એને યાદ કરતાં હાજર થાય જેથી તે એની તરફ તૌબા અને ઈસ્તિગફારમાં ગણાવી શકાય. આખો લેખ ઈન્શાઅલ્લાહ કાલે રજૂ કરવામાં આવશે કેમ કે સૂરઃનો મોટો ભાગ કાલની તરાવીહમાં પઢાવશે. •

# ઓગણીસમી તરાવીહ

આજે ત્રેવીસમા પારાની તિલાવત કરવામાં આવી. અલ્લાહના રસૂલ સ.અ.વ.ને અનેરા અંદાજમાં આશ્વાસન આપવામાં આવ્યું કે લોકો આપની વિરોધમાં જે કંઈ કહી રહ્યા છે એનું દુઃખ ન કરો. જે લોકો અલ્લાહ પર અટકળો કરવાનું ચૂકતાં નથી, જો તેઓ આપનો મજાક ઉડાવે તો આ કોઈ આશ્ચર્યની વાત નથી. એમનો મામલો અલ્લાહ પર છોડી દો, ફરમાવ્યું : શું માણસે વિચાર્યું નથી કે અમે એને એક પાણીના ટીપામાંથી પેદા કર્યો તો તે એક ખુલ્લો દુશ્મન બનીને ઊભો થઈ ગયો. અને એણે અમારા પર એક અટકળ કરી તેમજ તેના જન્મને ભૂલી ગયો. કહે છે કે, હાડકાઓને ફરી કોણ જીવિત કરી શકે છે જ્યારે કે તે કોહવાઈ જશે!

કહી દો! એમને એ જ જીવિત કરશે જેણે એમને પ્રથમવાર પેદા કર્યા હતા. એ જ જેણે તમારા માટે લીલાછમ વૃક્ષો પેદા કર્યો અને તમે એનાથી આગ પેટાવી લો છો. અર્થાત્ તમામ લીલાછમ વૃક્ષમાંથી બે ડાળીઓ લો છો અને એને પરસ્પર

ઘસીને આગ પેટાવી લો છો, તે ખુદા માટે રાખ અને માટીમાંથી જિંદગી પ્રગટ કરવામાં કેટલીવાર લાગે. એનો મામલો તો બસ એવો છે કે જ્યારે તે કોઈ વાતનો વિચાર કરે છે તો કહે છે થઈ જા અને તે થઈ જાય છે. પવિત્ર છે તે હસ્તી જેના હાથમાં દરેક વસ્તુનો અખત્યાર છે અને એની તરફ જ તમે પાછા વળવામાં આવશો.

સૂરઃ સાફફાતમાં મક્કાના કાફિરોને બતાવવામાં આવ્યું કે જે નબી સ.અ.વ.નો તમે વિરોધ કરી રહ્યા છો તેઓ ટુંક સમયમાં જ તમારા પર છવાઈ જશે અને તમે અલ્લાહના સૈન્યને સ્વયં પોતાના આંગણામાં ઉતરતું જોઈ લેશો. તો હે નબી સ.અ.વ. જરા કંઈક મુદ્દત સુધી તેમને તેમના હાલ પર છોડી દો. અને જોતાં રહો, નજીકના સમયમાં આ લોકો સ્વયં પણ જોઈ લેશે. પાક છે આપનો રબ એ વાતોથી જેઓ આ ઘડી રહ્યા છે. અને સલામ છે રસૂલો પર અને બધી જ પ્રશંસા અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે.

સૂરઃ સૉદની શરૂઆત આ સમીક્ષાથી થાય છે જે અલ્લાહે મક્કાના કુરૈશની વાતોથી કરી છે જે આપની રિસાલત, તૌહીદ અને દીનના નિમંત્રણના જવાબમાં એક ઝુંબેશની જેમ વસ્તીમાં કહેતા ફરતા હતા.

ફરમાવ્યું : તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું, શું એમનામાંથી જ એક શખ્સ કઈ રીતે ડરાવનારો બની ગયો. આ તો જાદુગર છે. (નઊઝુબિલ્લાહ) એણે તો બધા જ ખુદાઓને એક બનાવી નાખ્યા. આ તો વિચિત્ર વાત છે. ખરેખર આ વાત કોઈ અન્ય હેતુથી (અર્થાત્ પોતાનું રાજપાટ સ્થાપિત કરવા માટે) કહેવામાં આવી રહી છે. જો ખુદાને નબી મોકલવો જ હતો તો મોટા મોટા માલદારોમાંથી કોઈને મોકલવો હતો. અલ્લાહે જવાબ આપ્યો કે આ બધી વાતો એટલા માટે કરી રહ્યા છે કે તેમણે હજી મારા પ્રકોપનો સ્વાદ ચાખ્યો નથી. જો તેઓ એટલા મહત્ત્વના છે કે અમે એમનાથી સલાહ-મસલત કરીને નબી બનાવતા તો પછી અર્શે ઈલાહી પર ચડીને ફેસલો બદલાવી લો. આ તો એક નાનકડું જૂથ છે જે આ શહેરમાં પરાસ્ત થવાનું છે. આમનાથી પહેલાં નૂહ અ.સ.ની કોમ અને ઐકાવાળા પણ રસૂલોને ઈન્કારી ચૂક્યા છે. જૂથો અને ટુકડીઓ તો એ હતી એમની એમના સામે શી વિસાત છે. પરંતુ મારી સજાનો ફેસલો એમને લાગુ પડીને જ રહ્યો. આ લોકો બસ એક ધડાકાના પ્રતીક્ષક છે. ત્યાર બાદ બીજો ધડાકો નહીં થાય. આ લોકો ઈચ્છે છે કે હિસાબના દિવસ પહેલા જ એમનો હિસાબ ચૂકવી દેવામાં આવે.

સૂરઃસૉદ બાદ આ તરાવીહમાં સૂરઃઝુમરના ત્રણ રુકુઅ સામેલ છે. આ સૂરઃ મુસલમાનોના મક્કાથી હબશા હિજરત કરવાથી પહેલા ઉતરી છે, કેમ કે આ સૂરઃમાં કહેવામાં આવ્યું છે કે "અલ્લાહની ધરતી ખૂબ વિશાળ છે." જો એક દેશ કે ધરતી અલ્લાહની બંદગી કરનારાઓ પર તંગ કરી દેવાઈ છે તો બીજી જગ્યાએ જતા રહો. એમાં નબી સ.અ.વ.ના નિમંત્રણનો મૂળ ઉદ્દેશ સ્પષ્ટ કરી દેવાયા છે કે,

માનવી માટે જરૂરી છે કે માત્ર અલ્લાહની બંદગી કરે અને બીજા કોઈના આજ્ઞાપાલન અને ઈબાદતથી તેની ખુદાપરસ્તીને ભ્રષ્ટ ન કરે અને માત્ર દીન અર્થાત્ અજોડ આજ્ઞાપાલન માત્ર અલ્લાહનો હક છે. રહ્યા એ લોકો જેમણે એના સિવાય અન્ય સરપરસ્ત બનાવી રાખ્યા છે અને કહે છે કે અમે એમની ઈબાદત માત્ર એટલા માટે કરી રહ્યા છીએ કે તેઓ અલ્લાહ સુધી અમને પહોંચાડવાનું માધ્યમ છે. અલ્લાહ ખરેખર એમની વચ્ચે બધી વાતોનો ફેસલો કરી દેશે જેમાં તેઓ મતભેદ કરી રહ્યા છે. અર્થાત્ ખુદા સુધી પહોંચાડવાનું માધ્યમ બનનારાઓ સંબંધે પણ એમનામાં સંપ નથી. કોઈએ સૂર્ય, ચંદ્ર, તારાઓને દેવતા અને માધ્યમ બનાવી રાખ્યા છે. કોઈએ અન્ય કોઈને, એનું કારણ આ છે કે આમાંથી કોઈની પાસે જ્ઞાન નથી કે જેના કારણે તેઓના માબૂદો સુધી પહોંચાડવાના માધ્યમનો વિશ્વાસ થઈ શકે. અને ન જ ક્યારેય અલ્લાહ પાસે કોઈ નામોની યાદી આવી છે કે બધા એમને એ હેસિયતે માની લે. બસ આંધળી શ્રદ્ધામાં માત્ર પોતાની અટકળોથી પોતાના પૂર્વજોનું આંધળુ અનુકરણ કરતા આવ્યા છે. આથી મતભેદ થવો જરૂરી છે. પછી અલ્લાહે એમને કાફિર અને જૂઠા કહ્યા છે અને કહ્યું કે અલ્લાહ કોઈ એવા શખ્સને માર્ગદર્શન નથી આપતો જે જૂઠા અને હકના ઈન્કારી છે. અર્થાત્ એવા લોકો જૂઠી ઘડેલી શ્રદ્ધાઓ લોકોમાં ફેલાવે છે. પછી ફરમાવ્યું કે કોઈને પોતાનો પુત્ર બનાવે છે તો પોતાની મખ્લૂકમાંથી કોઈને એ સ્થાન આપે છે (પરંતુ સર્જક અને સર્જનમાં આ સંબંધ અશક્ય છે.) પરંતુ પાક છે તે ઝાત એનાથી કે કોઈને પોતાનો પુત્ર બનાવે - તે અલ્લાહ છે એકલો જબરજસ્ત - આ વાત કુર્આનના અમુક સ્થાનોમાંથી છે. એનો સ્પષ્ટ અર્થ આ છે કે ખુદા જેને પણ પુત્ર બનાવતો તો વાસ્તવમાં મખ્લૂક-સર્જન હોત અને મખ્લૂક ખુદાઈમાં સામેલ થઈ શકતી નથી. હા, તે માત્ર પાક બુઝુર્ગ હોઈ શકે છે. આથી અલ્લાહે કોઈને પુત્ર નથી બનાવ્યો. બનાવતો તો જરૂર ખબર કરતો. આથી પોતાના રસૂલોને પાક બુઝૂર્ગ કહ્યા છે, પરંતુ એ પણ બંદા અને રસૂલ છે. ખુદાઈમાં ભાગીદાર નથી.

ખુદા અને સૃષ્ટિના સાચા સંબંધ બાબતે સ્પષ્ટતા કરી કે એણે આકાશો અને ધરતીને

નિ:શંક પેદા કર્યા છે. એ જ દિવસ પર રાત અને રાત પર દિવસને લપેટે છે, એણે સૂર્ય અને ચંદ્રને એવા અંકુશિત કરી રાખ્યા છે કે દરેક એક નિશ્ચિત સમય સુધી ચાલ્યો જઈ રહ્યો છે. યાદ રાખો એ જબરદસ્ત અને દરગુજર કરનાર છે. એણે તમને એક જીવમાંથી પેદા કર્યા તે તે જ છે. જેણે એ જીવમાંથી એની જોડ પેદા કરી અને એણે તમારા માટે પશુઓથી આઠ નર અને માદા પેદા કર્યા. તે તમારી માઓના પેટોમાં ત્રણ-ત્રણ અંધારિયા પડદાઓમાં તમને એક પછી એક સ્વરૂપ આપતો જઈ રહ્યો છે. આ જ અલ્લાહ તમારો રબ છે. બાદશાહી એની છે. કોઈ ઉપાસ્ય એના સિવાય નથી, પછી તમે કઈ બાજુ ફાંફાં મારો છો, જો તમે કુફ્ર કરો તો અલ્લાહને તમારી કોઈ પરવા નથી. પરંતુ તે તેના બંદાઓ માટે કુફ્રને પસંદ કરતો નથી. અને જો તમે આભાર માનો તે તેને તમારા માટે પસંદ કરે છે. યાદ રાખો કોઈ બોજો ઉપાડનાર કોઈ બીજાનો બોજો નહીં ઉપાડે. અંતે સૌને તમારા રબની તરફ પાછા ફરવાનું છે પછી એ તમને બતાવી દેશે કે તમે શું કરતા રહ્યા છો. તે તમારા દિલોનો હાલ સુદ્ધાં જાણે છે.

હવે શું એ શખ્સ જેની છાતી અલ્લાહે ઈસ્લામ માટે ખોલી દીધી છે અને તે તેના રબ તરફથી એક શૈલી પર ચાલી રહ્યો છે એ શખ્સ જેવો હોઈ શકે છે જેણે એ વાતોથી કોઈ બોધ ગ્રહણ કર્યો નથી. બરબાદી છે એ લોકો માટે જેમના દિલ અલ્લાહની શિખામણ તરફથી સખ્ત થઈ ગયા છે, તેઓ ખુલ્લી ગુમરાહીમાં પડેલા છે.

અમે આ કુર્આનમાં લોકોને જાત-જાતનાં ઉદાહરણો આપ્યાં છે કે તેઓ ભાનમાં આવી જાય. એવું કુર્આન જે અરબી ભાષામાં છે જેમાં કોઈ વાંકપણું નથી જેથી તેઓ ખરાબ પરિણામથી બચે. અલ્લાહ એક ઉદાહરણ આપે છે એક વ્યક્તિ તો તે જેનાં માલિકો ખરાબ સ્વભાવવાળા હોય અને દરેક તેને પોતાની તરફ ખેંચી રહ્યા હોય કે તે તેની સેવા કરી લે અને જેનાં કારણે એકબીજાની વિરુદ્ધ આદેશ આપતાં હોય અને જેની સેવા કરવા અથવા આદેશ માનવામાં તેઓ ઉણપ રાખતા હોય તે જ તેને ધમકાવવા અને ધુત્કારવા લાગે અને સજા આપવાની હટ પકડે તેની વિરુદ્ધ તે વ્યક્તિ છે જેનો ફક્ત એક માલિક હોય અને તેણે માત્ર એકની જ સેવા કરવાની અને માત્ર તેને જ પ્રસન્ન કરવાનો હોય. શું તે બંનેની સ્થિતિ એક સમાન હોઈ શકે છે. વિચારો કોણ શાંતિ અને ચેનથી રહેશે એકનો ગુલામ અથવા અનેક માલિકોનો ગુલામ.

હે નબી સ.અ.વ. તમારે પણ ખુદાની સમક્ષ હાજર થવાનું છે, અને એ લોકોને પણ ત્યાં જ હાજર થવાનું છે, અને કયામતના દિવસે બધાં પોતાનાં રબની સમક્ષ પોતાનો કેસ રજૂ કરશે. ●

# વીસમી તરાવીહ

આજે ચોવીસમા પારા ફમન અઝલમુની તિલાવત કરવામાં આવી છે. આમાં સૂરઃ ઝુમરના ચોથા રુકૂઅથી વાત શરૂ થાય છે. આમાં કુર્આનના ઈન્કાર કરનારાઓની સ્થિતિનું વર્ણન કરતાં જણાવવામાં આવ્યું છે કે અલ્લાહને મૂકીને જે બીજા ભલામણ કરનારાઓ તેમણે માની લીધા છે કે તેઓ તેમને ખુદાની પક્કડથી બચાવી લેશે, તેમની કોઈ હકીકત નથી, ન જ તેઓ કોઈ વસ્તુ ઉપર અધિકાર ધરાવે છે, ન જ તેમને કોઈ ભાન છે. ભલામણનો સંપૂર્ણ અધિકાર તો અલ્લાહના જ હાથમાં છે, કે તેની આજ્ઞા વગર કોઈ કોઈની ભલામણ નહીં કરી શકે અને ન જ કોઈ મોટી વાત કોઈના પક્ષમાં કહી શકશે. બીજી વાત આ કે મુક્તિ અપાવવા વિશે ખોટા અકીદાઓ બાંધી લેવાને કારણે તેમનો ભરોસો તેમને ઘડી કાઢેલા ભલામણ કરનારાઓ ઉપર સ્થાપિત થઈ ગયો છે. એટલા માટે જ્યારે ફકત એક અલ્લાહનું વર્ણન કરવામાં આવે છે તો આખેરત (પરલોક) ઉપર વાસ્તવમાં ઈમાન ન રાખનારાઓનાં મન ધડકવા લાગે છે. કારણ કે આ રીતે તેની પકડનો વિચાર સામે આવી જાય છે. પરંતુ જ્યારે અલ્લાહ સિવાય બીજાઓનું વર્ણન કરવામાં આવે છે તો એકાએક આનંદિત થઈ ઉઠે છે. કારણ કે આ રીતે આખેરતના વિચાર વગરનું સ્વતંત્ર જીવન વ્યતીત કરવાનું લાયસન્સ મળી જાય છે. આ વાત સંસારના સમગ્ર કાફિરોને માટે સમાન છે અને દુર્ભાગ્યથી હવે મુસલમાનો પણ તેનો ભોગ બની ગયાં છે. મૌખિક રીતે તો કહે છે કે અમે અલ્લાહને માનીએ છીએ પરંતુ હાલત એ છે કે જ્યારે માત્ર એક જ અલ્લાહનું વર્ણન કરવામાં આવે તો તેમના મોઢા બગડવા (ચહેરા પર અપ્રસન્નતા દેખાવા) લાગે છે. કહે છે કે ચોક્કસ આ વ્યક્તિ બુઝુર્ગો અને ઔલિયાઓને નથી માનતી, ત્યારે જ તો માત્ર અલ્લાહ અને અલ્લાહની જ વાતો કરતા રહે છે. અને જો અન્યોનું વર્ણન કરવામાં આવે, તેમના ચમત્કારોનું વર્ણન કરવામાં આવે, પછી ભલેને તે અતિશયોક્તિભર્યા અને સાબિતી વગરના હોય, તેનાથી તેઓ આનંદવિભોર બની જાય છે. આવી વર્તણૂકથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તેમને વાસ્તવમાં કોની સાથે રૂચિ છે. તેથી કરીને આ બાબતમાં નિર્ણયાત્મક રીતે જણાવવામાં આવ્યું.

જણાવી દો "હે ખુદા આકાશ અને ધરતીને પૈદા કરવાવાળો, દશ્ય અને

અદૃશ્યનો જાણનારો તું જ તારા બંદાઓ વચ્ચે એ બાબતનો નિર્ણય કરજે કે જેમાં તેઓ મતભેદ કરી રહ્યા છે.

ફરમાવ્યું : એ સત્યનો ઈન્કાર કરનારાઓએ અલ્લાહની કદર જ ન કરી જેમ કે તેની કદર કરવાનો હક છે. તેની પરિપૂર્ણ કુદરત (સંપૂર્ણસત્તા)ની હાલત આ છે કે કયામતના દિવસે સમગ્ર પૃથ્વી તેની મુઠ્ઠીમાં હશે અને આકાશ તેનાં જમણા હાથમાં લપટાયેલાં હશે, પવિત્ર અને શ્રેષ્ઠ છે તે એ શિર્કથી જે આ લોકો કરી રહ્યા છે. અને તે જ દિવસે સૂર ફૂંકવામાં આવશે. તો તેઓ બધા જ બેહોશ થઈને પડી જશે. જે આકાશો અને ધરતીમાં છે. સિવાય તે લોકોના જેને અલ્લાહ જીવંત રાખવા ચાહે. પછી એક બીજો સૂર ફૂંકવામાં આવશે અને એકાએક બધા ઊભા થઈને જોવા લાગશે ધરતી પોતાનાં સર્જનહારના પ્રકાશથી ચળકી ઊઠશે. કર્મોના હિસાબનું પુસ્તક લાવીને મૂકી દેવામાં આવશે. અંબિયા અને તમામ સાક્ષીઓને હાજર કરવામાં આવશે. લોકોની વચ્ચે સત્યની સાથે યોગ્ય નિર્ણય કરી દેવામાં આવશે. અને તેમની ઉપર કોઈ જુલમ નહીં થાય. અને દરેકને જે તેણે અમલ કર્યું હતું તેનું પુરેપુરૂં વળતર ચૂકવી દેવામાં આવશે. લોકો જે કાંઈપણ કરે છે અલ્લાહ તેને સારી રીતે જાણે છે. આ નિર્ણય પછી જે લોકોએ કુફ્ર કર્યું હતું જહન્નમની તરફ ટોળે-ટોળા હાંકવામાં આવશે અને તેનાં પ્રતિનિધિઓ કહેશે, શું તમારી પાસે તમારાં લોકોમાંથી એવાં રસૂલ નહોતા આવ્યા જેમણે તમને તમારા રબની આયતો સંભળાવી હોય અને તમને એ વાતે ડરાવ્યા હોય કે એક દિવસે તમારે આ દિવસ પણ જોવો પડશે. તેઓ જવાબ આપશે. હા આવ્યા હતા. કહેવામાં આવશે દાખલ થઈ જાઓ જહન્નમના દરવાજામાં અહીં હવે તમારે હંમેશને માટે રહેવાનું છે. ખૂબ જ ખરાબ રહેઠાણ છે આ ઈન્કાર કરનારાઓ માટે! જે લોકો પોતાના રબની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી બચતા હતા તેમના સમૂહોના સમૂહને જન્નત તરફ લઈ જવામાં આવશે. ત્યાં સુધી કે જ્યારે ત્યાં પહોંચશે અને તેના દરવાજા અગાઉથી ખોલી દેવામાં આવ્યા હશે તો તેનાં વ્યવસ્થાપકો તેમને કહેશે, સલામ હો તમારા ઉપર, ખૂબ જ સારાં રહ્યાં. દાખલ થઈ જાવ તેમાં હંમેશ માટે અને તેઓ કહેશે આભાર છે તે ખુદાનો જેણે અમારી સાથે તેનો વાયદો સત્ય કરી બતાવ્યો અને અમને ધરતીના વારસદાર બનાવી દીધાં. હવે અમે જન્નતમાં જ્યાં ઈચ્છીએ ત્યાં અમારૂં સ્થાન મેળવી શકીએ છીએ. કેટલો સરસ બદલો છે અમલ કરનારાઓ માટે! અને તમે જોશો કે ફરિશ્તાઓ આકાશને ઘેરો નાખીને પોતાના

રબની પ્રશંસા અને સ્તુતિ કરી રહ્યાં હશે અને લોકોની વચ્ચે સત્યની સાથે યોગ્ય નિર્ણય કરી દેવામાં આવશે અને પોકારવામાં આવશે કે, પ્રશંસા છે ફકત અલ્લાહ રબ્બુલઆલમીન (સમગ્ર સૃષ્ટિના સર્જનહાર) માટે. સૂરઃઅઝ્ઝુમર પછી સૂરઃઅલ-મો'મિન છે અને તેના પછી જ ઉતરી પણ છે. તે સમયે મક્કાના કાફિરો હુઝૂર સ.અ.વ.ને કતલ કરવાના કાવતરાં પણ ઘડી રહ્યા હતાં. આથી ઉત્તરરૂપે ફિરઔનની સંતાનમાં એક વ્યક્તિનો કિસ્સો સંભળાવવામાં આવ્યો જે હઝરત મૂસા અ.સ. ઉપર ઈમાન લાવી હતી. આ કિસ્સામાં ત્રણ સમૂહોને બોધ આપવામાં આવ્યો.

(૧) મક્કાના કાફિરોને જણાવવામાં આવ્યું કે જે કાંઈ તમે મુહમ્મદ સ.અ.વ.ની સાથે કરવા ઇચ્છા રાખો છો, આવું જ બધું પોતાની શક્તિના આધારે ફિરઔન હઝરત મુસા અ.સ.ની સાથે કરવા ઇચ્છતો હતો. શું હવે એવી જ વર્તણૂંક કરીને તમે તે જ પરિણામ જોવા ઇચ્છો છો જે ફિરઔને જોયું.

(૨) મુહમ્મદ સ.અ.વ. અને આપની ઉપર ઈમાન લાવનારાઓને આ શિખામણ આપવામાં આવી. આ જુલમ દેખાવમાં ગમે તેટલા જબરદસ્ત કેમ ન હોય અને તમે મુકાબલામાં ગમે તેટલા અશક્ત અને નિઃસહાય કેમ ન દેખાવ પરંતુ તમારે વિશ્વાસ રાખવો જોઈએ કે જે ખુદાના દીનને તમે સ્થાપવાનું કાર્ય કરી રહ્યા છો તેની શક્તિ, અન્ય બીજી શક્તિ ઉપર પ્રભુત્વ ધરાવે છે. તેથી જેટલી મોટી ધમકી આ લોકો આપી શકે છે તેનાં જવાબમાં માત્ર ખુદાનું રક્ષણ માગી લો અને ત્યાર પછી એકદમ નીડર થઈને પોતાનાં કાર્યમાં લાગી જાઓ. અલ્લાહની મદદ ચોક્કસપણે આવશે.

(૩) આ બે સિવાય લોકોનો એક અન્ય સમૂહ પણ સમાજમાં અસ્તિત્વ ધરાવતો હતો. તે એ લોકોનો સમૂહ હતો જે પોતાનાં મનમાં આ જાણી ચૂક્યાં હતાં કે સત્ય નબી સ.અ.વ.ની સાથે જ છે, અને કુફ્ફાર સંપૂર્ણપણે અતિશ્યોક્તિ કે અત્યાચાર કરી રહ્યા હતાં. પરંતુ આ જાણી લીધા છતાં શાંતિથી આ તમાશો જોતાં હતાં. અલ્લાહે તે પ્રસંગે તેમનાં આત્માને ઢંઢોળ્યો છે. અને તેમને જણાવ્યું છે કે જ્યારે સત્યના દુશ્મન જાહેરમાં તમારી નજર સમક્ષ આટલું મોટું જુલ્મી પગલું ઉપાડવા તૈયાર થયાં જ છે તો! તુચ્છતા છે તમારી ઉપર કે તમે અત્યારે પણ ઘરે બેસીને તમાશો જોઈ રહ્યા છો જો તમારો આત્મા સંપૂર્ણપણે મરી નથી પરવાર્યો તો ઊભા થઈને તમે એ જ ફરજ અદા કરો. જે ફિરઔનના ભરેલા દરબારમાં તેના પોતાનાં દરબારીઓમાંથી એક સાચી વ્યક્તિએ અદા કરી હતી.

જયારે ફિરઔને હઝરત મુસા અ.સ.ને કતલ કરવાની ઈચ્છા કરી હતી તો જે કારણે તમને મોઢું ખોલવાથી રોકી રહ્યા હતાં તે જ કારણો તેમનો માર્ગ પણ રોકી રહ્યા હતા. પરંતુ તેણે હિંમતથી કહ્યું કે હું તો મારો મામલો અલ્લાહને સોંપુ છું અને તમામ કારણો ફગાવીને સત્યની વાત કહી નાંખી કે, શું તમે એક વ્યક્તિને એટલા માટે કતલ કરો છો કે તે કહે છે કે મારો રબ અલ્લાહ છે - અને ફિરઔન તેનું કાંઈ જ ન બગાડી શક્યો.

સૂરઃ હામીમ સજદહમાં જણાવવામાં આવ્યું ખુદા કૃપાશીલ અને દયાવાને આરબનાં લોકો ઉપર આ ઉપકાર કર્યો છે કે કુર્આનને અરબી ભાષામાં તેમના માટે ડરાવનાર અને ખુશખબર આપનાર બનાવીને ઉતાર્યો છે. આ ઉપકારનો બદલો એ હતો કે લોકો તેની કદર કરતાં પરંતુ આ - સાથે આ કૃપાને ઠુકરાવી રહ્યાં છે અને ઈમાન લાવવાના બદલે યાતનાઓની માંગણી કરી રહ્યાં છે. જેનાથી તેમને ડરાવવામાં આવી રહ્યાં છે. જવાબમાં તમે તેમને જણાવી દો કે મને જે તૌહીદ (એકેશ્વરવાદ)ની વહી થઈ હતી તે મેં તમને પહોંચાડી દીધી છે રહી યાતનાની બાબત તો આ વસ્તુ મારા અધિકારમાં નથી હું એક બંદો છું ખુદા નથી.

આ સૃષ્ટિમાં જે કુદરત, ડહાપણ, રહમત અને સાર્વભોમિકતા અને જે વ્યવસ્થા અને શિસ્તબદ્ધતા તમને જોવા મળે છે એ કોઈ ખેલાડીનો ખેલ નથી, ન વિભિન્ન દેવતાઓની પરસ્પર રમતનું મેદાન છે. બલ્કે એક પ્રભુત્વશાળી અને જ્ઞાન ધરાવનાર એક માત્ર ખુદાનાં ચોક્કસ આયોજન દ્વારા અસ્તિત્વમાં આવેલું કારખાનું છે. એટલા માટે જે લોકો પોતે બનાવેલાં ખુદાઓ અને ભલામણ કરનારાઓનાં ભરોસે ખુદા અને આખેરતથી ગાફેલ છે - કયામતનાં દિવસે દરેકનાં કાન, આંખ, હાથ-પગ સ્વયં તેમની વિરુદ્ધ સાક્ષી આપશે. અને તેમને જણાશે કે તેમની ગુમહારીનું એક કારણ આ હતું કે તેઓ સમજતાં હતા કે તેમના ઘણાં કાર્યોની જાણ ખુદાને પણ નથી થતી.

જે લોકો સમગ્ર વિરોધ અને કાવતરા છતાં તૌહીદ ઉપર વળગી રહેશે કયામતના દિવસે તેમની પાસે ફરિશ્તાઓ અલ્લાહની અસીમ કૃપાઓના શુભ સમાચાર લઈને આવશે અને કહેશે હવે ના તો કોઈ શંકા છે ના શોખ જન્નતમાં તમારા માટે દરેક વસ્તુ હાજર છે જેને તમારૂં મન ઈચ્છે અને જે તમે માંગો.

મુસમલાનોની ધીરજ અને મક્કમતાને બિરદાવવામાં આવ્યા કે જયારે દરેક

દિશાઓથી હતોત્સાહિત થવાનાં લક્ષણો જોવા મળ્યા તે સમયે એક વ્યક્તિ જાહેરમાં છાતી ઠોકીને કહે કે હું મુસલમાનોમાંથી છું અને અન્ય લોકોને પણ તે અલ્લાહ તરફ બોલાવે અને સત્કર્મ કરે તેનાથી વધીને ઉચિત વાત કોની હોઈ શકે છે.

નબી સ.અ.વ. સમક્ષ સૌથી મુશ્કેલ પ્રશ્ન આ હતો કે જ્યારે દાવતના માર્ગમાં મુશ્કેલીઓનાં એવા ખડકોનો અવરોધ છે તો માર્ગ કેવી રીતે શોધવામાં આવશે. આ પ્રશ્નનો ઉકેલ આ જણાવવામાં આવ્યો કે દેખાવ માત્રના ખડકો ભલેને કેટલાંય મોટા દેખાય પરંતુ શ્રેષ્ઠ ચારિત્ર્યનું હથિયાર એવું હથિયાર છે જે તેને તોડીને અને પિગળાવીને મૂકે દે છે. ધીરજથી કામ લો અને જ્યારે પણ શેતાન લાલચ આપે તો તેમાં ન ભોળવાઈ જાઓ બલ્કે ખુદાથી રક્ષણ માંગો અને ધીરજ અને ડહાપણથી કામ લો.

અંતે યાતનાઓ વિશે હોબાળો મચાવનારાઓની હાલત ઉપર અફસોસ વ્યક્ત કરવામાં આવ્યો કે તેમની - આ સ્થિતિ છે કે અલ્લાહે તેની કૃપાથી તેમને તૌબા અને સુધારણાની જે મુદ્દત આપી છે તો આ સમજે છે કે ફકત ધમકી છે. જો કે અત્યારે જરા પકડ કરવામાં આવે તો તેનાથી મુક્તિ મેળવવાને માટે લાંબી દુઆઓ માંગતા નહીં થાકે. ●

# એકવીસમી તરાવીહ

આજે પચ્ચીસમા પારા વઈલૈહિ યુરદ્દુની તિલાવત કરવામાં આવી.

સૂરઃ હામીમ સજદાનો જે ભાગ આજે પઢવામાં આવ્યો. આના પણ મુદ્દા પાછલી તરાવીહના ટૂંકસારમાં રજૂ થઈ ચૂક્યા છે. આજે સૂરઃ શૂરાના મુદ્દા રજૂ કરી રહ્યા છીએ. આ શૂરાનું નામ અશ્શૂરા હોવાનો અર્થ આ નથી કે આમાં ઈસ્લામની શૂરાઈ (સલાહ-મસ્લતવાળી) વ્યવસ્થા વર્ણવવામાં આવી છે, બલ્કે અન્ય સૂરઃઓની જેમ આનો અર્થ પણ આ છે કે એ સૂરઃ જેમાં શબ્દ 'શૂરા' આવ્યો છે. આથી આ સૂરઃમાં ઈમાનવાળાઓનો આ ગુણ વર્ણવવામાં આવ્યો છે કે "અમ્રહુમ શૂરા બૈનહુમ" અર્થાત્ તેઓ પરસ્પર મશ્વરા (સલાહ-મસ્લત)થી કામ કરે છે. શરૂઆત આ રીતે કરવામાં આવી છે કે તમે લોકો અમારા નબી સ.અ.વ.એ રજૂ કરેલી વાતો ઉપર આશ્ચર્ય વ્યક્ત કરો છો. આ કોઈ નવી વાત તો નથી કે કોઈ માનવી ઉપર અલ્લાહની વહી (વહ્ય કે દિવ્યવાણી) નાઝિલ થાય. આવી જ વહી અને જીવન ગુજારવાની

હિદાયત આમનાથી પહેલાં અનેક અંબિયાને અપાઈ ચૂકી છે. આ રીતે આ પણ આશ્ચર્યની વાત નથી કે આકાશો અને ધરતીના માલિકને જ મા'બૂદ માનવામાં આવે, બલ્કે આશ્ચર્યની વાત તો આ છે કે તેના બંદા હોઈ તેની ખુદાઈમાં રહેવા છતાં લોકો કોઈ બીજાને ખુદા અને હાકેમ માને. તૌહીદ પર ગુસ્સે થાવ છો, જો કે સમગ્ર સૃષ્ટિના માલિક અને સાચા રોજી આપનારની સાથે જ શિર્ક તમે કરી રહ્યા છો એ એટલો મોટો અપરાધ છે કે આભ આના પર ફાટી જાય તો કોઈ આશ્ચર્યની વાત નથી. તમારા આ દુસ્સાહસ ઉપર ફરિશ્તા પણ આશ્ચર્યચકિત છે અને દરેક સમયે ડરી રહ્યો છે કે શી ખબર ક્યારે તમારા પર ખુદાનો અઝાબ તૂટી પડે.

આના પછી જણાવ્યું કે નબી સ.અ.વ.નું કામ ફકત ગાફેલ લોકોને ખબરદાર કરવા અને ભટકેલા લોકોને રસ્તો બતાવવાનું છે. તેમની વાત ન માનનારાઓનો હિસાબ લેવો અને તેમને અઝાબ આપવો કે ન આપવો એ કામ અલ્લાહનું છે. તેમનું કામ આ પ્રકારના દાવા કરવાનું નથી જે પ્રકારના દાવા તમારી બનાવટી ધાર્મિક આગેવાનો અને પીર-ફકીર કરતા રહે છે કે જે પણ તેમની વાત નહીં માને તે તેને ભસ્મ કરી નાખશે. યાદ રાખો નબી સ.અ.વ. તમારી ભલાઈ માટે આવ્યા છે અને એટલા માટે જ તમને વારંવાર ખબરદાર કરી રહ્યા છે અને તમારી તમામ વાતોને સહન કરી રહ્યા છે.

પછી આ પ્રશ્નની હકીકત સમજાવી કે અલ્લાહે તમામ માનવોને જન્મથી જ સીધા માર્ગ પર કેમ લગાવી ન દીધા અને તેમનામાં આ મતભેદો શા માટે ચલાવી રહ્યો છે? તેનું કારણ આ જણાવ્યું કે આ જ મતભેદને કારણે તો આ વાતની શક્યતા પેદા થઈ શકે છે કે માનવી અલ્લાહની એ ખાસ રહમતને પામી શકે જે બીજી મખ્લુક (સૃષ્ટિ-સર્જન)ના ભાગમાં નથી આવી. જે વ્યક્તિ પ્રાણીઓની જેમ મજબૂર થઈને નહીં બલ્કે પોતાની સભાનતા અને અખત્યાર (મરજી)થી અલ્લાહને પોતાનો 'વલી' અને આકા સ્વીકારે, અલ્લાહ તેને સારા અમલ (સદ્‌કાર્યો)ની તૌફીક (પ્રેરણા) આપીને પોતાની વિશિષ્ટ કૃપામાં દાખલ કરી લે છે. અને જે વ્યક્તિ પોતાના અખત્યારનો દુરૂપયોગ કરીને તેમને વલી અને મદદગાર બનાવે છે જે હકીકતમાં વલી અને મદદગાર નથી, અને ન જ હોઈ શકે છે, તો એ અલ્લાહની રહમત (કૃપા)થી વંચિત થઈ જાય છે.

આના પછી બતાવવામાં આવ્યું છે કે જે દીન નબી સ.અ.વ. રજૂ કરી રહ્યા છે એ વાસ્તવમાં છે શું? આ એ જ દીન છે જે પહેલાં પણ હઝરત નૂહ અ.સ.,

ઈબ્રાહીમ અ.સ., મૂસા અ.સ., ઈશા અ.સ., લઈને આવી ચૂક્યા છે. એટલે કે અંબિયા અ.સ.ના સમગ્ર ઇતિહાસમાં ખુદા તરફથી આ જ એક દીન આવતો રહ્યો છે અને ફરમાવ્યું કે એ સહુને આ જ આદેશ આપવામાં આવ્યો હતો કે, અલ્લાહના દીનને કાયમ (પ્રસ્થાપિત) કરજો અને કાયમ રાખજો અને એ બાબતે વહેંચાઈ કે વિભાજિત ન થઈ જજો. અલ્લાહનો દીન કયો છે? ફરમાવ્યું, અલ્લાહની નજીક સાચો દીન ઇસ્લામ છે. એટલે કે હઝરત નૂહ અ.સ.થી લઈને હઝરત મુહમ્મદ સ.અ.વ. સુધી એક જ દીન આવ્યો છે. જો ફરક છે તો પરિસ્થિતિઓ અને કાળના હિસાબે કેટલાક અંશોમાં ફરક છે. તેનું ઉદાહરણ એવું છે જેવી રીતે બાળકના પુખ્ત થવા સુધી કદ અને મોટાપામાં ફરક થતો જાય છે. આ ફરકના હિસાબે કપડાં નાના-મોટા થતા જાય છે, પરંતુ મૂળભૂત બાંધો એક જ હોય છે.

સાથે જ બતાવવામાં આવ્યું કે તમને અહેસાસ નથી કે અલ્લાહના દીનને છોડીને ગેર-અલ્લાહ (અલ્લાહ સિવાયનાઓ)ના બનાવેલા દીન અને કાનૂનને અપનાવવો અલ્લાહના મુકાબલે કેટલી મોટી ધૃષ્ટતા છે? તમે આને મામૂલી વાત સમજો છો પરંતુ આ અલ્લાહની ગૈરતને લલકારનારી વાતો છે. અને આની સજા પણ તેમણે ભોગવવી પડશે, જેઓ આવું કરશે.

સૂરઃ અંઝ્ ઝખરૂફનો કેન્દ્રીય વિષય પણ તૌહીદ અને તેનું સત્ય હોવું છે. કયામતનો ઉલ્લેખ કરતાં મુશ્રિકોના એ અકીદાને પણ રદિયો આપ્યો છે કે તેઓ ફરિશ્તાઓને ખુદાઈમાં સામેલ સમજે છે અને તેમની ભલામણનો વિશ્વાસ રાખે છે. કાફિરોના કુફ્રનું મૂળ કારણ આ ઠેરવ્યું કે તેમની દુન્યવી સફળતાઓએ તેમને ધોખામાં સપડાવી રાખ્યા છે. અને તેઓ આ સમજે છે કે આખિરતમાં પણ તેઓ જ સફળ થશે. આ શૈતાનનો ધોખો છે. સાચી સફળતા તો આખિરતની સફળતા છે અને તેનું માપદંડ દુનિયામાં ધન-દૌલતના માલિક હોવું અથવા સત્તા કે શક્તિ મળી જતી નથી બલ્કે તેનું માપદંડ અલ્લાહના રસૂલ સ.અ.વ.એ બતાવેલા માર્ગ ઉપર ચાલવું છે.

પછી નબી સ.અ.વ.ને કાફિરો તરફથી કત્લ કરવાના કાવતરાઓ અંગે ચેતવણી આપતાં ફરમાવ્યું, તેમણે સમજી રાખ્યું છે કે અમે તેમની રહસ્યની વાતો અને ગુસપુસ સાંભળતા નથી. અમે બધું જ સાંભળી રહ્યા છીએ, અને અમારા ફરિશ્તા તેમની પાસે બેસી લખી રહ્યા છીએ. તેમને તેમની હાલત ઉપર છોડી દો અને કહી દો કે સલામ છે તમને, ટૂંકમાં જ ખબર પડી જશે કે અલ્લાહ શું કરનાર છે.

સૂરઃ અદ્‌દુખાનની પશ્ચાદભૂમિ આ છે કે જયારે કાફિરોનો વિરોધ તીવ્ર બનતો ગયો તો નબી સ.અ.વ.એ દુઆ કરી કે હે ખુદા યુસૂફ અ.સ.ના સમયના દુકાળ જેવા એક દુકાળથી મારી મદદ ફરમાવ. હુઝૂર સ.અ.વ.નો ખ્યાલ હતો કે જયારે તેમના પર મુસીબત આવશે તો તેમના હૃદય નરમ થઈ જશે અને આ લોકો તૌબા કરી લેશે. અલ્લાહતઆલાએ આપની દુઆ કબૂલ ફરમાવી અને એવો દુકાળ પડ્યો કે લોકો ચિત્કારી ઊઠ્યા. કુરૈશના કેટલાક સરદારો અને ખાસ કરીને અબૂ સુફયાન હુઝૂર સ.અ.વ. પાસે આવ્યા, અને દરખાસ્ત કરી કે પોતાની કોમને આ મુસીબતમાંથી છૂટકારો અપાવવા માટે અલ્લાહથી દુઆ કરો. એ પ્રસંગે અલ્લાહે આ સૂરઃ નાઝિલ ફરમાવી. તેમાં જે મહત્ત્વપૂર્ણ વાતો વર્ણવવામાં આવી છે તે આ છેઃ

પ્રથમ આ કે તમે આ કુર્આનને મુહમ્મદ સ.અ.વ.ની રચના (કૃતિ) સમજો છો તો આ પોતે સાક્ષી આપી રહ્યો છે કે આ કોઈ માનવીનો નહી બલ્કે ખુદાવન્દે આલમ (સમગ્ર જગત-સૃષ્ટિના માલિક)નો ગ્રંથ છે.

બીજું આ કે તમે આ ગ્રંથ પોતાના માટે એક મુસીબત સમજો છો કે આમાં તો બસ આ હરામ છે, આ શિર્ક છે, આ બિદ્‌અત છે, આ જ લખેલું છે. જો કે એ પળ અત્યંત મુબારક પળ હતી જયારે અલ્લાહે સંપૂર્ણપણે પોતાની રહમતના આધારે તમારે ત્યાં રસૂલ મોકલવા અને તેમના પર પોતાનો ગ્રંથ નાઝિલ કરવાનો નિર્ણય ફરમાવ્યો.

ત્રીજું આ કે તમે પોતાની નાદાનીથી આ સમજો છો કે આ રસૂલ સ.અ.વ. અને આ ગ્રંથથી લડીને તમે જીતી જશો, જોકે આ રસૂલની 'બુઅ્‌સત' (નિયુક્તિ કે આગમન) અને આ ગ્રંથનું ઉતરાણ એ વિશિષ્ટ ઘડીમાં થયું છે જયારે અલ્લાહતઆલા કિસ્મતોના ફેસલા ફરમાવે છે અને અલ્લાહના ફેસલા કમજોર નથી હોતા કે જેનું મન ચાહે ઊઠીને બદલી નાખે, અને ન જ એ કોઈ અજ્ઞાનતા કે નાદાની ઉપર આધારિત હોય છે કે તેમનામાં ભૂલ રહી જાય. એ તો સમગ્ર સૃષ્ટિના શાસકના પાકા અને અટલ ફેસલા હોય છે જે બધું જ સાંભળનાર, જાણનાર અને ડહાપણવાળો છે.

ચોથું આ કે અલ્લાહની 'રબૂબિયત' (રબ હોવાપણું) અને રહમતોનો માત્ર આ જ તકાદો નથી કે એ તમારૂં પેટ ભર્યા કરે, બલ્કે

આ પણ છે કે એ તમારા માર્ગદર્શનની વ્યવસ્થા પણ કરે. આથી એટલા માટે જ તેણે પોતાના રસૂલ મોકલ્યા અને ગ્રંથો નાઝિલ (અવતરિત) કર્યા છે.

અંતમાં અલ્લાહની અદાલતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે જે લોકો ત્યાં અપરાધી ઠરશે તેમનો અંજામ શું આવશે. અને જે લોકો ત્યાં સફળ ઠરશે તેમને શું ઈનામ મળશે.

ત્યાર બાદ સૂરઃ અલ જાસિયા છે. આમાં બતાવવામાં આવ્યું છે કે નિષ્પક્ષ અને થોડીક બુદ્ધિ ધરાવનાર પણ પોતાની ચારે બાજુ ફેલાયેલી નિશાનીઓને જોઈ લેશે તો પોકારી ઊઠશે કે ખુદા વિના આ સંપૂર્ણ શાનદાર વ્યવસ્થા અસ્તિત્વમાં આવી શકે નહીં. અને ખુદા પણ એક જ. પરંતુ જે હઠધર્મી કોઈ હેતુસર સોગંદ ખાઈને બેઠો હોય કે માનશે જ નહીં. તો તેને કોઈ નિશાની અને મો'જિઝા (ચમત્કાર) પણ વિશ્વાસ અપાવવા પૂરતો હોઈ શકે નહીં.

પછી ફરમાવ્યું કે આ ખુદાથી ન ડરનારા લોકો આપની સાથે જે અણછાજતું વલણ અપનાવી રહ્યા છે, આપ તેના પર સબ્ર કરો અને પોતાના કાર્યમાં લાગેલા રહો, ખુદા તેમને પોતે જ જોઈ લેશે. અને આપને મહાન વળતર એનાયત કરશે. આખિરત વિષે દલીલો આપતાં ફરમાવ્યું :

જેવી રીતે તમે આપમેળે જ જીવતા નથી થઈ ગયા, બલ્કે અમારા દ્વારા જીવતા કરવાથી જીવતા થયા છો. એવી જ રીતે તમે આપમેળે જ મૃત્યુ નથી પામતા, બલ્કે અમારા દ્વારા મોત આપવાથી મૃત્યુ પામો છો. અને એક સમય ચોક્કસ એવો આવવાનો જ છે જ્યારે તમે સૌ એકસાથે જ એકત્ર કરવામાં આવશો. આ વાતને તમે પોતાની જાહેલિયત (અજ્ઞાનતા)ને લીધે આજે નથી માનતા તો ન માનો, પરંતુ જ્યારે એ સમય આવી જશે તો તમે પોતે પોતાની આંખોથી જોઈ લેશો કે પોતાના ખુદાની સેવામાં હાજર છો અને તમારી સંપૂર્ણ કર્મ-નોંધ દરેક પ્રકારની વધ-ઘટ વિના તૈયાર છે, અને તમારા એક એક કરતૂકોની સાક્ષી આપી રહી છે. ત્યારે તમને ખબર થઈ જશે કે આખિરતના અકીદાનો આ ઇન્કાર અને તેની મજાક જે આજે તમે ઉડાવી રહ્યા છો એ તમને કેટલી મોંઘી પડી છે. ●

# બાવીસમી તરાવીહ

આજે છવ્વીસમા પારા 'હા મીમ'ની તિલાવત કરવા આવી. સૌ પ્રથમ સૂરઃ અહકાફ છે જે હિજરતથી ત્રણ વર્ષ અગાઉ એ.સમયે નાઝિલ કરાઈ જ્યારે કે હુઝૂર સ.અ.વ. તાઇફથી પાછા તશરીફ લાવી રહ્યા હતા. આ નુબુવ્વતનું દસમું કે અગિયારમું વર્ષ હતું. તેને 'આમુલ હુઝ્ન' અર્થાત્ રંજ-ગમનું વર્ષ કહેવાય છે. કેમકે આ જ એક વર્ષમાં હુઝૂર સ.અ.વ.ના કાકા હઝરત અબૂ તાલિબ અને હઝરત ખદીજતુલ કુબરા રદિ. બંનેનો ઇન્તેકાલ થઈ ગયો, જેના પછી કુરૈશના કાફિરો ખૂબ જ દિલેર થઈ ગયા, અને આપ સ.અ.વ.ને સતાવવા લાગ્યા, એટલે સુધી કે ઘરમાંથી નીકળવું મુશ્કેલ બનાવી દીધું.અંતે આપ સ.અ.વ. મક્કાથી તાઈફ પધારી ગયા કે કદાચ ત્યાંના ત્રણ મોટા સરદારોમાંથી કોઈ ઇસ્લામ અંગીકાર કરી લે. પરંતુ તેમણે પણ આપની કોઈ વાત માની નહીં. એટલું જ નહીં બલ્કે આપની પાછળ ગુંડા લગાવી દીધા અને તેઓ રસ્તાની બંને બાજુ દૂર સુધી આપને છંછેડી મ્હેણાં-ટોણાં મારતા, ગાળો બોલતા અને પથ્થરો મારતા ચાલતા રહ્યા. એટલે સુધી કે આપ ખૂબ જ જખ્મી થઈ ગયા, અને આપ સ.અ.વ.ના જોડાં લોહીથી ભરાઈ ગયા. આવી હાલતમાં આપ તાઈફની બહાર એક બગીચાની દીવાલથી ટેકો લગાવી બેસી ગયા અને પોતાના રબથી ફરિયાદ કરવા લાગ્યાઃ

હે સૌ કૃપાળુઓમાં સૌથી વધુ કૃપાળુ! તું બધા જ નિર્બળ લોકોનો રબ છે, અને મારો પણ, તું મને કોના હવાલે કરી રહ્યો છે? આના જવાબમાં હઝરત જિબ્રઈલ અ.સ. પહાડોના ફરિશ્તાને લઈને આવ્યા. તેણે અરજ કરી, આપ હુકમ કરો બંને બાજુના પહાડ તેમના પર ઉલ્ટાવી દઊં. આપ સ.અ.વ.એ ફરમાવ્યું, ના! બલ્કે હું આશા રાખું છું કે તેમની પેઢીમાંથી આવનાર (તેમની ઔલાદ) અલ્લાહ વહ્દહુ (એક અલ્લાહ), લાશરીક (જેનો કોઈ ભાગીદાર નથી)ની બંદગી કબૂલ કરી લેશે. આ પછી આપ કેટલાક દિવસ નહ્લા મુકામે રોકાયા. આપ સ.અ.વ. પરેશાન હતા કે મક્કા પાછા કઈ રીતે જાઉં. આ ખબર સાંભળીને તો ત્યાંના લોકો ઉત્સાહ ઓર વધી જશે. એ જ દિવસોમાં એક રાત્રે આપ નમાઝમાં કુર્આનમજીદની તિલાવત કરી રહ્યા હતા કે જિન્નાતોનો એક સમૂહ ત્યાંથી પસાર થયો. તેમણે કુર્આન સાંભળ્યુ, ઈમાન લાવ્યા અને પાછા જઈને પોતાની કોમમાં ઇસ્લામનો

પ્રચાર શરૂ કરી દીધો. અલ્લાહતઆલાએ નબી સ.અ.વ.ને આ સૂરઃ દ્વારા આ ખુશખબર સંભળાવી કે માનવી ભલે આપની દા'વત (આમંત્રણ)થી ભાગી રહ્યા હોય, પરંતુ ઘણાં બધા જિન્નાતો તેના પ્રશંસક બની ગયા છે અને તેઓ પોતાની જાતિમાં ફેલાવી રહ્યા છે. સાથે જ કાફિરોને તેમની ગુમરાહીઓના પરિણામોથી વાકેફ કર્યા અને ફરમાવ્યું કે ક્યારેય વિચાર્યું છે કે જો કુર્આન અલ્લાહનો કલામ છે તો તેના ઈન્કાર કરવાથી તમારો અંજામ શો થશે?

પછી આ સ્પષ્ટ કર્યું કે મા-બાપના હક્કોની અદાયગીની સભાનતા માનવીને ખુદાના હક્કોની સભાનતા ભણી અને મા-બાપના હક્કો અદા ન કરવાની આઝાદી ગુમરાહી ભણી લઈ જાય છે. ફરમાવ્યું, અમે માનવીને હિદાયત આપી છે કે તે પોતાના મા-બાપ સાથે સદ્‌વર્તન કરે. તેની માએ તકલીફો ઉઠાવીને તેને ઉદરમાં રાખ્યો અને તકલીફ ઉઠાવીને તેને જન્મ આપ્યો. અને ગર્ભ અને દૂધ છોડાવવામાં ત્રીસ મહિના લાગી ગયા. એટલે સુધી કે તે યુવાવસ્થા સુધી પહોંચી ગયો. હવે જો તે એ ને'મતોનો આભાર વ્યક્ત કરે છે જે અલ્લાહે તેને અને તેના મા-બાપને આપી હતી, અને નેક કાર્યો કરે છે, જેનાથી ખુદા રાજી થાય તો આવા લોકોથી અમે તેમના શ્રેષ્ઠ કર્મોને કબૂલ કરીએ છીએ અને તેમની ભૂલો પ્રત્યે અમે દરગુજર કરીએ છીએ. તેઓ જન્નતી લોકોમાં સામેલ થશે અને જેઓ નાફરમાન બનીને પોતાના માબાપ સાથે ઝઘડો કરે છે. ખાસ કરીને એ વાત પર કે તેઓ તેમને ખુદાનું અનુસરણ કરવાનું કહે છે. તેમના માટે અઝાબનો ફેસલો નક્કી થઈ ચૂક્યો છે. પછી જ્યારે આ નાફરમાનોને આગની સામે લાવીને ઊભા કરવામાં આવશે તો તેમને કહેવામાં આવશે કે તમે પોતાના ભાગની ને'મતો પોતાની દુન્યવી જિંદગીમાં ખતમ કરી ચૂક્યા અને તમે તેમની મોજ માણી લીધી. હવે જે ઘમંડ તમે ધરતી ઉપર કોઈપણ હક વિના કરતા રહ્યા અને જે નાફરમાનીઓ (અવજ્ઞાઓ) તમે કરી તેમના બદલામાં આજે તમને અપમાનનો અઝાબ આપવામાં આવશે.

તો હે નબી સ.અ.વ.! ધૈર્ય રાખો, જે રીતે દૃઢનિશ્ચયી રસૂલોએ ધૈર્ય રાખ્યું છે, અને તેમના મામલામાં ઉતાવળ ન કરો. જે દિવસે આ લોકો એ વસ્તુને જોઈ લેશે જેનાથી આમને ડરાવવામાં આવી રહ્યા છે, તો આમને એમ લાગશે કે જાણે દુનિયામાં દિવસની એક ઘડીથી વધુ રહ્યા ન હતા. વાત પહોંચાડી દેવામાં આવી, હવે શું અવજ્ઞાકારીઓ સિવાય કોઈ બીજો નાશ પામશે?

સૂરઃમુહમ્મદમાં અલ્લાહે કોઈ પણ પ્રસ્તાવના કે પૂર્વભૂમિકા વિના એલાન

કરી દીધુ કે જે લોકોએ કુફ્રનું વલણ અપનાવ્યું અને અલ્લાહના માર્ગથી રોક્યા અલ્લાહે તેમના તમામ કર્મો નષ્ટ કરી દીધા, અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સદ્કર્મો કર્યા અલ્લાહ તેમની બૂરાઈઓ દૂર કરી દીધી અને તેમની સ્થિતિ સુધારી દીધી. પછી ફરમાવ્યું કે જ્યારે એ કાફિરો સાથે તમારા મુકાબલાની નોબત આવે તો તેમની ગરદનો ઉડાવી દો. એટલે સુધી કે જ્યારે તેમને સારી પેઠે ચૂરચૂર કરી દો તો તેમને મજબૂતીથી બાંધી લો. પછી કયાં તો તેમને અહેસાન કરી છોડી દેવા છે, ક્યાં તો 'ફિદ્યો' લઈને. એટલે સુધી કે લડાઈ સંપૂર્ણ પૂરી થઈ જાય. અલ્લાહ ચાહતો તો પોતે જ વેર વાળી લેત. પરંતુ એ ચાહે છે કે એકને બીજાથી અજમાવે. હે ઈમાનવાળાઓ, જો તમે અલ્લાહની મદદ કરશો, એટલે કે તેના દીનની, તો એ તમારી મદદ કરશે અને તમારા કદમ સારી રીતે જમાવી દેશે. સૂરઃ પૂરી કરતાં હિદાયત આપી કે અલ્લાહ અને રસૂલ સ.અ.વ.ના દરેક હુકમનું પાલન કરો. જો તેમાં કમજોરી દાખવી તો તમારા કર્મો વેડફાઈ જશે. નિર્ધાર અને હિમ્મત સાથે આગળ વધો તો જીત તમારી છે, અલ્લાહ તમારી સાથે છે, આથી દુનિયાના મોહમાં સપડાઈને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી ખચકાટ ન અનુભવો. યાદ રાખો, જે અલ્લાહથી કંજૂસાઈ કરે છે, તે ખુદ પોતાની જાત સાથે કંજુસાઈ કરે છે. ખુદા કોઈના માલનો મોહજાત નથી. એ સંપૂર્ણ નિસ્પૃહ છે. તમે અલ્લાહના મોહતાજ છો. આ તમારી પરીક્ષા થઈ રહી છે. જો તમે એ પરીક્ષામાં નાપાસ થઈ ગયા તો અલ્લાહ તમારી જગ્યાએ બીજાઓને લઈ આવશે જે તમારી જેમ નક્કામા નહીં હોય.

સૂરઃ ફતહ પણ મદની છે. પાછલી સૂરઃમાં નિર્ધાર અને હિંમતથી કામ લેવાથી સફળતા અને શત્રુઓને અપમાનિત કરવાનો વાયદો કરવામાં આવ્યો હતો. આ સૂરઃમાં વાયદો પૂરો કરવાની ઘટનાકીય સાક્ષી રજૂ કરવામાં આવી છે. સૂરઃની શરૂઆતમાં સુલેહ હુદૈબિયાહની ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે બાહ્ય રીતે જોતાં તો દબીને કરવામાં આવી હતી પરંતુ હકીકતમાં મક્કા-વિજયની પશ્ચાદભૂમિકા હતી. આ સૂરઃમાં વિજય અને પ્રભુત્વ તથા આધિપત્યની એ આગાહીઓ અને ખુશખબરોનો પણ હવાલો આપવામાં આવ્યો છે જે આ ઉમ્મત માટે અલ્લાહે તૌરાત અને ઈન્જીલમાં વર્ણવી છે, જેથી ઈમાનવાળાઓ અને કાફિરો બંને સમક્ષ આ વાત સારી રીતે સ્પષ્ટ થઈ જાય કે જે કંઈ થઈ ગયું, જે કંઈ થઈ રહ્યું છે, અને જે કંઈ ભવિષ્યમાં થનાર છે, બધું જ અલાહતઆલાની યોજનામાં પહેલાંથી જ નક્કી

છે. અને એ યોજના પૂરી થઈને રહેશે. કોઈની તાકાત નથી કે તેને રોકી શકે. આથી સૂરઃના અંતિમ ભાગમાં એલાન કરવામાં આવે છે કે એ જ છે જેણે મોકલ્યા પોતાના રસૂલ સ.અ.વ. અને જે તેમની સાથે છે, તેઓ કાફિરો સામે સખ્ત અને આપસમાં રહેમદિલ છે. તેની કૃપા અને પ્રસન્નતાની ઇચ્છામાં રુકુઅ અને સિજદાઓમાં સક્રિય. તેમનું આ ઉદાહરણ તૌરાતમાં છે અને ઇન્જીલમાં, તેમનું ઉદાહરણ એવું છે જાણે એક ખેતી છે જેણે પહેલાં કૂંપળ કાઢી, પછી તેને પરિપુષ્ટ કરી, પછી તે ફાળી અને પાંગરી, પછી પોતાના થડ ઉપર ઊભી થઈ ગઈ. અલ્લાહે આ ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરી દીધું કે પ્રભુત્વ તો અવશ્ય મળશે પરંતુ ધીરે ધીરે જાહેર થશે. સાથે જ ચેતવણી આપી કે આ વાયદો આમનામાંથી એ લોકો માટે છે જેઓ ઈમાન અને અમલ બંનેમાં પાકા હશે.

સૂરઃ અલ હુજુરાત વાસ્તવમાં મુસલમાનોના ઉલ્લેખાયેલ ગુણ, પરસ્પર રહેમદિલ છે,ની તફસીર (વિવરણ-સમજૂતી) છે. આમાં બતાવવામાં આવ્યું છે કે મુહમ્મદ સ.અ.વ.ના કોઈપણ હુકમ ઉપર કોઈપણ મુસલમાન પોતાના મંતવ્ય-અભિપ્રાયને પ્રાધાન્ય આપવાની કોશિશ ન કરે. મુસલમાનોનો મામલો પરસ્પર બંધુત્વ અર્થાત્ ભાઈચારા ઉપર હોવો જોઈએ, નહીં કે પાર્ટી કે જૂથબંધીના આધારે. કોઈને પોતાનાથી નિમ્ન કક્ષાનો સમજવું. બૂરા નામોથી પોકારવા અને ગીબત-કુથલી કરવી દિલોમાં નફરત પેદા કરવાનું કારણ છે, તેનાથી બચો. કોઈના એબ-ખામીઓની તાકમાં ન રહો અલ્લાહને ત્યાં ઇજ્જત અને સન્માનનું માપદંડ માત્ર 'તકવા' (સંયમ) છે. ઈસ્લામ કબૂલ કરીને અલ્લાહ ઉપર ઉપકાર ન જતાવો. આ તો અલ્લાહનો અહેસાન છે કે તેણે ઇસ્લામ અને નેકીની તૌફીક (પ્રેરણા) આપી. જો તેનો હક અદા કરશો તો ભરપૂર વળતર મેળવશો.

સૂરઃ કૉફ અને ત્યારબાદ સૂરઃઝારિયાતના બે રુકુઅ પઢવામાં આવ્યા, જેમાં સૂરઃ કાફની જ વાતને આગળ વધારવામાં આવી છે. આ સૂરઃઓમાં કયામત-હશ્ર છે. કુર્આને જ્યારે લોકોને વાકેફ કર્યા કે મૃત્યુ પછીનું વર્ણન કરવામાં આવ્યું નવેસરથી તમને જીવતા કરવામાં આવશે, અને તમારે પોતાના રબની સામે પોતાના કર્મો અને કથનોનો જવાબ આપવો પડશે. તો કુરૈશના અગ્રણીઓને આ વાત ખૂબ જ ખરાબ લાગી, અને આજે પણ ખરાબ લાગે છે. ખાસ કરી મુસલમાન શાસકોને... તેઓ તરત જ કહે છે કે તમને આકાશોની પડી છે, ધરતી ઉપર શું થઈ રહ્યું છે તેની કંઈ જ ખબર નથી. ક્યારેય કહે છે કે તમને મૃત્યુ પછીની ચિંતા

છે; જિંદગીમાં શું થઈ રહ્યું છે તેનાથી કંઈ લેવાદેવા નથી. કહેવામાં આવ્યું કે તેમને ખબર હોવી જોઈએ કે તેઓ જેને બહુ દૂર સમજી રહ્યા છે એ બહુ નજીક છે. મોત આવતાં જ ખબર પડી જશે કે આ છે એ વસ્તુ જેનાથી તું દૂર ભાગતો હતો. એ જ કહ્યું કે જેને તમે એટલા માટે અશક્ય સમજી રહ્યા છો કે મૃત્યુ પછી બધા માટીમાં સડી-ગળી જાય છે. તો મૃત્યુ પછી ધરતી તેમના અવયવો (તત્ત્વો કે ભાગો)ને હજમ કરી લે છે. અલ્લાહને એ તમામ તત્ત્વોની જાણ છે અને લોકોના કર્મો અને કરણીનો રેકોર્ડ સુરક્ષિત રાખવા માટે તેની પાસે એક રજિસ્ટર પણ છે. શું આ નથી જોતા કે જે કોમ ઉપર પણ વિનાશ આવે છે તો તેના આગેવાનો તબાહ અને આમ લોકો વેર-વિખેર કરી દેવામાં આવે છે. (અને હવે તો આ બાબત રોજેરોજ અને વારંવાર તેમજ દરેક જગ્યાએ મળે છે). યાંદ રાખો, લોકો સમક્ષ હિસાબ-કિતાબના દિવસનું આવવું ગમે તેટલું મુશ્કેલ હોય પરંતુ ખુદાને માટે આ વસ્તુ એટલી જ સરળ છે જેટલું તમારા માટે કોઈ શબ્દ મોઢેથી કહી દેવો. •

# ત્રેવીસમી તરાવીહ

આજની તરાવીહમાં સત્તાવીસમા પારા કાલ ફમા ખત્બુકુમની તિલાવત કરવામાં આવી. સૂરઃ ઝારિયાતની બાકીની આયતોમાં પોતાની શાન-શૌકત ઉપર ઘમંડી પાછલી કોમોના વિનાશની ઘટનાઓ વર્ણવ્યા બાદ કુર્આનના મૂળ પૈગામનું પુનઃરાવર્તન કર્યું છે અને લોકોનું ધ્યાન દોર્યું છે કે તેમના જીવનનો હેતુ શું છે. ખુદાએ તેમને શા માટે પેદા કર્યા છે. જ્યારે કે કેટલાક ફિલસૂફીઓ કહે છે કે ખુદા પોતાની શક્તિઓનું પ્રગટિકરણ ઇચ્છતો હતો કે લોકો તેની વિવિધ મખ્લૂકો (સૃષ્ટિ કે સર્જન) જોઈને તેની પ્રશંસા કરે અને તે રાજી થાય જેવી રીતે નિમ્ન કક્ષાનો માનવી ઇચ્છતો રહે છે અથવા એ તમાશો જોવા ઇચ્છે છે... ના... ફરમાવ્યું, મે જિન્નાતો અને માનવોને માત્ર એટલા માટે પેદા કર્યા છે કે મારી બંદગી કરે, ઇબાદત કરે, ન તો હું તેમનાથી આ ચાહું છું કે તેઓ રોજીની વ્યવસ્થા કરે અને ન જ આ ચાહું છું કે તેઓ મને ખવડાવે-પીવડાવે. નિઃશંક અલ્લાહ જ રોજી આપનાર છે અને શક્તિ પૂરેપૂરી તેની પાસે જ છે.

શું શબ્દ-ચિત્ર રજૂ કર્યું છે અહીં. મોટા મોટા જાદૂગરો અને હુન્નરમંદ પોતાની કારીગરી એટલા માટે દેખાડે છે કે પાછળથી જોનારાઓ અને તમાશો જોનારાઓ

પાસેથી પૈસા વસૂલ કરે જેનાથી પોતાના જીવનની જરૂરિયાતો પૂરી કરી શકે. કમબખ્તો અલ્લાહને પણ આવો જ સમજી બેઠા છે કે અમારાથી નઉઝુબિલ્લાહ ઈબાદતની માગણી એ (અલ્લાહ) પોતાની જરૂરત માટે કરી રહ્યો છે. ના, એ તો નિસ્પૃહ છે. એ તો ઈબાદતની માગણી ખુદ તમારી ભલાઈ, તમારી નજાત (મુક્તિ) અને પોતાને ત્યાં તમારા દરજ્જાઓને ઉચ્ચ કરવા માટે કરી રહ્યો છે. તેને આ વસ્તુઓની શી જરૂરત છે?

સૂરઃ તૂરમાં અઝાબના પાસાને વધુ ઉભારવામાં આવ્યો છે અને સ્પષ્ટ રીતે આ ધમકી આપવામાં આવી છે કે નિઃશંક તારા રબનો અઝાબ આવીને રહેશે અને કોઈપણ તેને અટકાવી કે દૂર કરી નહીં શકે. રાત્રી, ધરતી, આકાશ અને સમુદ્ર બધા જ વારંવાર સાક્ષી આપી ચૂક્યા છે કે જ્યારે અઝાબ આવે છે તો કોઈ તેને ટાળનાર નથી હોતું. ત્યારબાદ મુહમ્મદ સ.અ.વ. અને ઈમાનવાળાઓને પ્રોત્સાહન આપતાં કહ્યું કે બસ તમે યાદ આપતા રહો, પોતાની રબની કૃપાથી. ન તો તમે કોઈ જાદુગર છો, ન જ કોઈ દિવાના. શું આ લોકો કહે છે કે આ તો માત્ર એક કવિ છે જેના માટે અમે કોઈ ચક્રની રાહ જોઈ રહ્યા છીએ જે આનાથી અમારો પીછો છોડાવી દે. આમને કહી દો કે તમે પણ રાહ જુઓ હું પણ તમારી સાથે રાહ જોઉં છું.

હવે તેમને સમજાવવાથી કોઈ ફાયદો નથી. જો આ લોકો અઝાબને આકાશથી ઊતરતો જોઈ લેશે ત્યારે પણ આ જ કહેશે કે આ તો વાદળ છે જે 'અબ્રે કરમ' (કૃપા-વાદળ) બનીને અમારી વસ્તિઓમાં વરસનાર છે. જોકે એ તેમને તબાહ-બરબાદ કરનાર હશે. જેવી રીતે સમૂદની સાથે થયું. હવે તેમને તેમના હાલ પર છોડી દો. એટલે સુધી કે આ લોકો પોતાના એ દિવસને પહોંચી જાય જ્યારે મારી નાખવામાં આવશે.

હે નબી સ.અ.વ.! પોતાના રબનો ફેંસલો આવવા સુધી ધૈર્ય રાખો. તમે અમારી નજરમાં છો. તમે જ્યારે પણ ઉઠો તો પોતાના રબની પ્રશંસા સાથે સ્તુતિ કરો, અને રાત્રે પણ. સૂર્ય ઢળવાના સમયે અને અસ્ત થવાના સમયે પણ.

સૂરઃનજમમાં ભલામણ સંબંધે કાફિરોની ખોટી ધારણાને રદિયો આપવામાં આવ્યો છે. જો ભલામણનો અર્થ આ લેવામાં આવે કે જે હસ્તીઓ સાથે અમારે સંબંધ થઈ ચૂક્યો છે, હવે અમે કંઈ પણ કરીએ તેઓ ખુદાની પકડ અને અઝાબથી અમને અવશ્ય છોડાવી લેશે. તો આ સંપૂર્ણ વ્યવસ્થા, ગ્રંથો ઉતારવાની, રસૂલો

મોકલવાની અને અઝાબથી ડરાવવાની, બધી જ નિરર્થક બની જાત. જ્યારે આ મા'બૂદોની ખુશામત અને સંબંધોને કારણે મોટા મોટા અપરાધીઓ અને ગુનેગારો બક્ષી દેવામાં કે માફ કરી દેવામાં આવશે, અને તેમને કોઈ બીક નહીં હોય, તો પછી આ તકવા (સંયમ) અને નેકીના ચક્કરમાં પડનારા કઈ રીતે બુદ્ધિશાળી ગણાશે કે દુનિયાની મોજ-મજા અને ઐય્યાશીઓથી વંચિત રહે. મુસીબતો અને મુશ્કેલીઓ સહન કરે અને છતાં પણ તેમની સમાન બની જાય જેમણે આ દુનિયામાં મોજ-મજા માણવામાં કોઈ કચાશ બાકી નથી રાખી.

આકાશોમાં અસંખ્ય ફરિશ્તા છે જે અલ્લાહની ખૂબ પવિત્ર મખ્લૂક છે કે એક ક્ષણ માટે પણ તેની સ્તુતિથી ગાફેલ નથી થતા. તેની અવજ્ઞાની છાયા સુદ્ધાં પણ તેમનામાં નથી. પરંતુ તેમની ભલામણ પણ કોઈને ખુદાની પકડથી બચાવી નહીં શકે. હા, અલ્લાહ જેને ઇચ્છશે અને જેને માટે ઇચ્છશે તેને ભલામણની પરવાનગી આપશે. આથી ભલામણનો છેડો અલ્લાહના જ હાથમાં થયો, તમારી મરજીમાં નહીં.

જે લોકો સામાન્ય રીતે પોતાની ખૈરાત (દાન) અને કેટલીક નેકીઓ ઉપર ઘમંડ કરીને પોતાને મોટા મુત્તકી (સંયમી) અને પવિત્ર સમજે છે આના કારણે સત્યનું આમંત્રણ આપનારાઓને કંઈ પણ ગણત્રીમાં જ નથી લેતા, તેમને ચેતવ્યા. એ તમને સારી પેઠે જાણે છે, જ્યારે કે તેણે તમને જમીન (માટી)થી પેદા કર્યા અને જ્યારે કે તમે પોતાની માતાઓના ઉદરોમાં લોહી (ના લોચા)ના રૂપમાં રહ્યા, તો પોતાને પવિત્ર ન ઠેરવો. તે એ લોકોને પણ સારી પેઠે જાણે છે જેમણે ખરેખર સંયમ અપનાવી રાખ્યો છે.

જે લોકો હઝરત મૂસા અ.સ., ઈસા અ.સ. અને ઇબ્રાહીમ અ.સ. સાથે વંશ કે નામના સંબંધના આધારે ગેરસમજમાં પડેલા છે, તેમને ચેતવ્યા કે તેમની સાથે આ મૌખિક શાબ્દિક સંબંધ અમારો બોજો હલ્કો નહીં કરી શકે. આ પેગમ્બરોના માધ્યમથી મોકલવામાં આવેલા સહીફાઓ (લખાણો)માં પહેલાં જ લખી દેવામાં આવ્યું છે કે કોઈ બોજ ઉઠાવનાર કોઈ બીજાનો બોજો નહીં ઉપાડી શકે. અને માનવી માટે એ જ કંઈ છે જે તેણે કમાણી કરી હશે. અને આ કે તેની કમાણી ટૂંકમાં જ જોવામાં આવશે. પછી તેને પૂરેપૂરે બદલો આપી દેવામાં આવશે.

સૂરઃ અલ કમરમાં ચેતવ્યા કે અઝાબની ઘડી ખૂબ જ નજીક આવી પહોંચી છે, અને ચંદ્ર બે ટુકડા થઈ ગયો છે, પરંતુ આ લોકો તેમ છતાં માનતા નથી.

આ લોકો ગમે તેવી પણ નિશાની જોઈ લે, આ જ કહેશે કે આ તો જાદૂ છે. વાસ્તવમાં તો આ કોઈ પણ દલીલ અને પુરાવાઓના અનુયાયી નથી બલ્કે પોતાની ઇચ્છાઓના ગુલામ છે. હવે આ તમારો પોકાર સાંભળનાર નથી. તેમનો મામલો પોકારનાર ઉપર છોડી દો, જે તેમને જહન્નમ માટે પોકારશે અને પછી આ લોકો પોતાની કબરોમાંથી એવી રીતે નીકળશે જેવી રીતે વિખરાયેલા તીડ આવી જાય છે. આ સૂરઃમાં વારંવાર આ વાત દોહરાવવામાં આવી છે કે અમે કુર્આનને સરળ બનાવી દીધું છે, તો છે કોઈ આનાથી શીખ-બોધ ગ્રહણ કરનાર?

સૂરઃ રહમાનમાં આ વાતને વારંવાર દોહરાવવામાં આવી છે કે પોતાના રબના કયા કયા કરિશ્માનો ઇન્કાર કરશો. અને બતાવવામાં આવ્યું છે કે અલ્લાહતઆલા કૃપાળુ છે કે તેણે તમારા શિક્ષણ માટે કુર્આન નાઝિલ કર્યું. જ્યારે અલ્લાહે તમને બોલવાની કાબેલિયત આપી છે તો તમે વાત સમજી પણ શકો છો. આથી જ આ ઉચ્ચ લાયકાતને તમારા શિક્ષણનું માધ્યમ બનાવવામાં આવે, નહીં કે અઝાબની લાઠીને. પરંતુ તમારી કમનસીબી આ છે કે તમે આ ને'મતથી ફાયદો ઉઠાવવાને બદલે તબાહીની નિશાની માગી રહ્યા છો.

સૂરઃ વાકિઆમાં બતાવવામાં આવ્યું કે તમારો સામનો એવા જગતથી ચોક્કસ થવાનો છે જેમાં ઇજ્જત અને અપમાનના માપદંડો એ ધોરણોથી તદ્દન જુદા હશે જે આ જગતમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાય છે. ત્યાં ઇજ્જત અને ઉચ્ચતા કે સફળતા ઈમાન તથા સારા કામોની કમાણીની હશે. એવા લોકો નિકટના લોકો અને 'અસ્હાબુલ યમીન' (જમણી બાજુવાળાઓ)નો દરજ્જો પામશે. જન્નતની તમામ સફળતાઓ અને એશ-આરામ એમના જ ભાગમાં આવશે, રહ્યા એ લોકો જેઓ આ દુનિયાના જ એશ અને મોજ-મજામાં તલ્લીન છે તેઓ અસ્હાબુશ્શુમાલ (ડાબી બાજુવાળા) હશે. તેમને દોઝખમાં કાયમી અઝાબનો સામનો કરવો પડશે.

સૂરઃના અંતમાં કુરૈશને ચેતવવામાં આવ્યા કે આ કુર્આન અલ્લાહતઆલાની ઇજ્જતવાળી વાણી છે, જે શેતાનોની દખલગીરીથી સંપૂર્ણપણે સુરક્ષિત છે. આને ફક્ત પવિત્ર લોકો જ હાથ લગાવે છે. તો શું તમે લોકો એ વાણીથી મોઢું ફેરવી રહ્યા છો જે વાસ્તવમાં હિદાયત છે.

સૂરઃહદીદમાં મુસલમાનોને સંબોધીને તેમને સાબિકૂન અવ્વલૂનની હરોળમાં પોતાનું સ્થાન બનાવવા માટે પ્રેરણા આપી છે. એટલે કે એ લોકો જેઓ સત્ય પહોંચતા જ સૌથી આગળ વધીને આને કબૂલ કરે છે. અને આની રીત બતાવી છે કે જે જમાનામાં સત્ય પરાજિત છે અને તેના પ્રભુત્વશાળી કે વિજયી બનવાની દૂર દૂર સુધી શકયતા નથી. એ જ જમાનામાં પોતાના જાન-માલ તેના માટે ખપાવી દો. એવા લોકોને દરજ્જો એવા લોકોથી ઘણો ઊંચો હશે જેઓ સત્યને વિજયી બનતો જોઈને તેના માટે ખર્ચ કરશે અથવા પ્રાણો સોંપી દેશે. જો કે અલ્લાહનો વાયદો બંને સાથે સારો છે. પરંતુ અલ્લાહનું સામિપ્ય મેળવવા માટે બંનેમાં મોટો ફરક છે.

તમામ મુસલમાનોને સંબોધીને કહ્યું કે જો દુનિયાના મોહમાં પડીને તમે આખેરતની કાયમી બાદશાહી મેળવવાનો ઉત્સાહ ખોઈ બેઠા તો યહૂદીઓની જેમ તમારા હૃદય પણ સખ્ત થઈ જશે. અને તમારો અંજામ પણ એ જ આવશે જે તેમનો આવ્યો. એ લોકોના વિચારોને રદિયો આપ્યો જેઓ ધર્મની માન્યતા હેઠળ જેહાદ અને તેના માટે ખર્ચ કરવાને દુનિયાદારી સમજતા હતા, અને મુસલમાનોને જેહાદના શોખ (રૂચિ) ઉપર મ્હેણાં-ટોણા મારતા હતા. ફરમાવ્યું : બેશક, અમે પોતાના રસૂલોને સ્પષ્ટ દલીલો અને હિદાયતો (સૂચનો, માર્ગદર્શન) સાથે મોકલ્યા, તેમની સાથે ગ્રંથ અને શરીઅત ઉતાર્યું જેથી લોકો ન્યાય ઉપર પ્રસ્થાપિત થઈ શકે. અને લોખંડ પણ ઉતાર્યુ જેમાં ખૂબ જ શક્તિ પણ છે અને લોકો માટે બીજા અનેક લાભો પણ છે. અને આનાથી અલ્લાહે આ પણ ઈચ્છયું કે તે આ લોકોને અલગ તારવી દે જેઓ અલ્લાહ અને તેના રસૂલોને મદદ કરે છે. એટલે કે લોખંડની તાકતથી તેમના દીનને કાયમ (પ્રસ્થાપિત) કરે છે. બેશક અલ્લાહ ખૂબ જ શક્તિશાળી અને પ્રભુત્વવાળો છે.

હઝરત ઈસા અ.સ. અને તેમની ઉમ્મતનો ઉલ્લેખ કરતાં ફરમાવ્યું કે ઈસા બિન મરયમ અ.સ. અને એ લોકોના દિલોમાં જેમણે અલ્લાહનું અનુસરણ કર્યું, દયા અને રહેમત રાખી અને વૈરાગ્ય તેમણે પોતે જ શરૂ કર્યું તો અમે તો તેમના પર ફકત અલ્લાહની પ્રસન્નતાની ઝંખના ફર્ઝ કરી હતી, તો તેમણે તેની હદોનું જેવું ધ્યાન રાખવું જોઈતું હતું રાખ્યું નહીં. ●

# ચોવીસમી તરાવીહ

સૂરઃ મુજાદલામાં એક કુટુંબ સમક્ષ આવનાર મુશ્કેલીઓનો ઉકેલ બતાવતાં બોધ આપવામાં આવ્યો કે જો કોઈને ઇસ્લામના કોઈ આદેશને કારણે જીવનમાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તો તે ખૂબ નિખાલસતાપૂર્વક અલ્લાહ અને તેના રસૂલ સ.અ.વ. સમક્ષ અરજ કરે. આશા છે કે તેની મુશ્કેલીઓ હલ થવાનો માર્ગ નીકળી આવશે. નબી સ.અ.વ. પછી આ જ કાર્ય એ ખુદાથી ડરનારા આલીમો અને ફિકહવેત્તાઓ દ્વારા પૂરુ થઈ શકે છે જે જનસાધારણની મુશ્કેલીઓને સમજવા અને ઉકેલવાની કાબેલિયત પણ ધરાવતા હોય. તેનો અમલી દાખલો આ છે કે એક સ્ત્રીના પતિએ એકવાર ગુસ્સામાં આ કહી દીધું કે જો હું તને હાથ અડાડું તો એવું છે જાણે મેં મારી માતાને હાથ અડાડ્યો. આરબોમાં આ શબ્દોથી તલાક થઈ જતી હતી. આથી મહિલા ખૂબ જ પરેશાન થઈ કે આધેડ વયમાં પતિ અને બાળકોથી અલગ થઈને ક્યાં જશે? તેણે આવીને સમગ્ર બીના હુઝુર સ.અ.વ. સામે વર્ણવી, અને ખૂબ જ વિનમ્રતાથી દરખાસ્ત કરી કે આનો કોઈ ઉકેલ કાઢો. પરંતુ ત્યાં સુધી વહીથી આવી વાત અંગે કોઈ ફેંસલો આવ્યો ન હતો. આથી આપ ખામોશ રહ્યા. મહિલા વારંવાર ધ્યાન દોરતી રહી. અંતમાં વહી નાઝિલ થઈ કે અલ્લાહે એ સ્ત્રીની વાત સાંભળી લીધી જે તમારાથી ઝઘડતી હતી. તમારામાં જે લોકો પોતાની પત્નીઓને માતા કહી બેસે તો આ કહેવાથી તે માતાઓ નથી થઈ જતી. અલબત્ત આ પ્રકારના લોકો એક અપ્રિય અને જૂઠી વાત કહે છે. હવે જો તેઓ પાછા પલટવા ચાહે તો તેમને હાથ લગાવતા પહેલા પ્રાયશ્ચિતરૂપે એક ગુલામ આઝાદ કરવાનો રહેશે. જો ગુલામ પ્રાપ્ત ન હોય તો સતત બે મહિનાના રોઝા રાખે અને તેની શક્તિ ધરાવતા ન હોય તો સાંઈઠ મિસ્કીનોને ખાવાનું ખવડાવે. આ પછી કેટલાક મજલિસના જરૂરી શિષ્ટાચારની તાકીદ કરવામાં આવી છે. ખાસ કરીને આ કે ગુના, જુલ્મ, અત્યાચાર અને રસૂલ સ.અ.વ.ની અવજ્ઞા માટે ચોરી છૂપેથી વાતો કરવી અલ્લાહ સમીપ કુફ્રની વાત છે. આવી વાતો કે હરકતો પણ કરવી ન જોઈએ જેનાથી લોકો માટે ટૂંકા મનની અભિવ્યક્તિ થાય અથવા તકલીફ પહોંચે.

સૂરઃ હશ્રમાં મુનાફિકો (દંભીઓ)થી સંબોધન છે, તેમને ચેતવવામાં આવ્યા કે તેઓ આ ઘટનાઓથી બોધપાઠ લે. જે શત્રુઓને તે અપરાજિત સમજતા હતા

એટલે કે મદીનાના યહૂદીઓએ કઈ રીતે એ સંજોગો પેદા કરી દીધા કે તેઓ પોતે જ પોતાના ઘર ઉજાડીને મદીના છોડવા માટે મજબૂર થઈ ગયા અને કોઈ પણ તેમના કામ આવી ન શક્યું. સાથે જ તેમના દિલોમાં નમ્રતા પેદા કરવા માટે બતાવ્યું કે આ કુર્આન એ વસ્તુ છે કે જો પહાડ પર નાઝિલ (અવતરિત) કરવામાં આવત તો એ પણ અલ્લાહના ડરથી ટુકડે ટુકડા થઈ જાત. જો આ પણ તમારા દિલો ઉપર અસર નથી કરી રહ્યું તો એનો અર્થ આ કે તમારા હૃદય પથ્થરથી પણ વધુ સખ્ત બની ચૂક્યા છે અને તમે પોતાને પાષાણ-હૃદયની સજાને પાત્ર બનાવી રહ્યા છો.

સૂરઃ મુમ્તહિનામાં એ મુસલમાનોને સંબોધન છે જેમણે હિજરતના તકાદાઓને સારી રીતે સમજ્યા નથી તેમને બતાવવામાં આવ્યું કે હિજરત એ રીતે થાય છે જે રીતે હઝરત ઈબ્રાહીમ અ.સ.એ હિજરત કરી હતી કે વીતી ગયેલા વાતાવરણથી સંપૂર્ણપણે સંબંધો તોડીને ફકત અલ્લાહ અને તેના રસૂલ સાથે જોડાઈ જાવ. ફરમાવ્યું મારા અને પોતાના શત્રુઓને મિત્ર ન બનાવો. તમે તે લોકોની સાથે પ્રેમાલાપ વધારો છો જેઓ ઇચ્છે છે કે તમે ઊલ્ટાના કાફિર થઈ જાવ. તમારા સગપણ ને સંબંધો અને સંતાનો કયામતના દિવસે કંઈપણ તમારા કામમાં નહીં આવે. પછી આ સ્પષ્ટતા કરી કે કાફિરો સાથે હાર્દિક મિત્રતા રાખવા માટે મના કરવામાં આવતી રહી છે. ખાસ કરીને એ લોકોથી જેમણે દીનની બાબતમાં તમારી સાથે લડાઈ કરી હોય. અલ્લાહ તમને એ લોકોની સાથે સદ્વર્તન અને ન્યાય કરવાથી નથી અટકાવતો જેમણે દીનની બાબતમાં ન તો તમારી સાથે લડાઈ કરી છે અને ન જ તમોને ઘરોમાંથી હાંકી કાઢ્યા છે. એ જ રીતે આ પણ એલાન કરવામાં આવ્યું કે મુસ્લિમ સ્ત્રીનો કાફિર પતિ સાથે અને મુસ્લિમ પુરૂષનો મુશ્રિક સ્ત્રી સાથે નિકાહ હલાલ નથી. પછી હિદાયત આપી કે જે સ્ત્રીઓ ઈસ્લામ અંગીકાર કરે તેમનાથી આપ સ.અ.વ. મોટી મોટી બૂરાઈઓથી બચવાની પ્રતિજ્ઞા લે જે એ સમયે આરબ સમાજમાં ફેલાયેલી હતી.

સૂરઃ સફ્ફમાં એ મુસલમાનોને સંબોધન છે જે પયગમ્બર સ.અ.વ. સાથે આજ્ઞાપાલનની પ્રતિજ્ઞા કરી ચૂક્યા બાદ અલ્લાહના માર્ગમાં જેહાદથી દૂર ભાગતા હતા. તેમને ચેતવ્યા કે જો આજ્ઞાપાલનની પ્રતિજ્ઞા અર્થાત્ કલમો પઢ્યા બાદ પણ તમારૂં વલણ આ જ રહ્યું તો તમારી હાલત પણ એ જ થશે જે યહૂદીઓની થઈ કે અલ્લાહે તેમના હૃદય વિકૃત બનાવી દીધા અને તેઓ હંમેશ માટે હિદાયતથી

વંચિત કરી દેવાયા. જ્યારે હઝરત ઈસા અ.સ. તેમની પાસે આવ્યા તો ચમત્કારો છતાં તેમનો ઇન્કાર કરી દીધો અને હવે ઇસ્લામનો વિરોધ કરી રહ્યા છે. જો કે ઇસ્લામ તેમની અને મુશ્રિકો મરજી વિરુદ્ધ આ ધરતી પર તમામ પ્રકારના દીન ઉપર પ્રભુત્તવશાળી બનીને રહેશે. કમજોર મુસલમાનોને ખરો માર્ગ અપનાવવાની શીખ આપી કે દીનના માર્ગમાં જાન-માલથી જેહાદ કરો, સફળતાનો આ જ માર્ગ છે, આખેરતમાં પણ અને દુનિયામાં પણ. અલ્લાહની મદદ અને તેની જીતને ભેટશો જે હવે આવનારી જ છે અને જે તમારી તમન્ના પણ છે જે રીતે હઝરત ઈસા અ.સ.ના હવ્વારીઓ સાથે થયું હતું કે તેમને અલ્લાહના માર્ગમાં પોકારવામા આવ્યા તો તેમણે લબ્બૈક (અમે હાજર છીએ) કહ્યું.

સૂરઃ જુમ્આમાં હઝરત ઇબ્રાહીમ અ.સ.ની દુઆ પ્રત્યે ઈશારો કરીને મક્કાના મુશ્રિકો ઉપર સ્પષ્ટતા કરી કે નબી સ.અ.વ.ની નિયુક્તિના રૂપમાં અલ્લાહે જે મહાન ને'મતથી તેમને નવાઝ્યા છે તેની કદર કરે અને યહૂદીઓના કાવતરાઓના ભોગ બનીને પોતાને એ મહાન કૃપાથી વંચિત ન કરે. પછી મુસ્લિમોના એક વર્ગને વખોડવામાં આવ્યો કે તેણે દુન્યવી કારોબારની લાલચમાં જુમ્આ અને રસૂલ સ.અ.વ.નો આદર જાળવ્યો નહીં. તેનો અર્થ થયો કે તેમણે એ સોદાની હકીકતને સમજી નહીં જે તેમણે કલ્મો પઢીને પોતાના રબ સાથે કર્યો છે.

સૂરઃમુનાફિકૂનના પ્રથમ રુકુઅમાં મુનાફિકો (દંભીઓ)નું ચારિત્ર્ય બતાવ્યું છે કે સોગંદ ખાઈ-ખાઈને પોતાનું ઈમાન જતાવે છે. જો કે ઈમાન સોગંદ ખાઈને જતાવવાની નહીં બલ્કે અમલ કરવાની વસ્તુ છે. પરંતુ તેમની હાલત આ છે કે આ લોકો દુનિયાના મોહમાં સપડાયેલા છે. બીજા રુકુઅમાં મુસલમાનોને ચેતવવામાં આવ્યા છે કે તેઓ ધન અને ઔલાદના મોહમાં સપડાઈને અલ્લાહની યાદથી ગાફેલ ન થઈ જાય. આજે જો તેમણે અલ્લાહના રાહમાં માલ ખર્ચ ન કર્યો તો મૃત્યુ સમયે પસ્તાવા સિવાય બીજું કંઈ હાથ નહીં લાગે. જાણે કે દંભનું જે મૂળ કારણ છે તેનાથી બચવાની તાકીદ કરી છે.

સૂરઃ તગાબુનમાં બતાવવામાં આવ્યું કે આ દુનિયાનું જીવન જ સંપૂર્ણ જીવન નથી બલ્કે ખરૂં જીવન તો આખેરતનું જીવન છે જે ચોક્કસપણે આવીને રહેશે, અને આ ફેસલો ત્યાં જ થવાનો છે કે આ દુનિયામાં આવીને કોણ હાર્યો અને કોણ જીત્યો. તો જે આખેરતમાં સફળતા મેળવવાની હિંમત/ નિર્ધાર ધરાવતો હોય તેના માટે જરૂરી છે કે એ અલ્લાહ અને રસૂલ સ.અ.વ.ની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના

માર્ગમાં દરેક કુર્બાની માટે તૈયાર રહે અને કોઈની પણ વખોડણી કે શિખામણની પરવા ન કરે.

આજની તરાવીહમાં છેલ્લી બે સૂરઃઓ સૂરઃ તલાક અને સૂરઃતહરીમ છે. બંનેમાં બતાવાયું છે કે નફરત અને પ્રેમ બંને પ્રકારની સ્થિતિઓમાં ખરૂ વલણ શું છે. આથી સૂરઃ તલાકમાં બતાવ્યું છે કે જો પત્ની સાથે કોઈક કારણસર મતભેદ અને નફરત પેદા થઈ જાય તો આ બાબતમાં કઈ રીતે અલ્લાહની હદોની પાબંદી કરવી જોઈએ. અને સૂરઃતહરીમમાં આ સ્પષ્ટ કર્યું કે પ્રેમમાં કઈ રીતે પોતાની જાતને અને પત્નીઓને અલ્લાહની હદોના પાબંદ રાખવાના પ્રયત્નો કરવા જોઈએ. પતિ-પત્નીના સંબંધો ઉપર જ સમગ્ર સમાજનો પાયો છે અને દરેક વ્યક્તિને આનો સામનો કરવો પડે છે, પરંતુ આ સંબંધોની નાજુક હદોનો પ્રથમ તો અહેસાસ જ નથી હોતો અને જેમને હોય પણ છે તો તેઓ પણ નફરત કે પ્રેમની ઉથલપાથલમાં યથાયોગ્ય ધ્યાન નથી રાખી શકતા. જુદાઈમાં શરીઅતના તમામ આદેશોની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે. આ જ રીતે પ્રેમના આવેશમાં ખુદાના આદેશોને એ પ્રેમ ઉપર કુર્બાન કરી દેવાય છે. આ બંને વાતો શરીઅતથી વિમુખ થવા સમાન છે, જેમનું પરિણામ આખેરતની તબાહી છે.

આથી સૂરઃ તલાકમાં આ વાતની સ્પષ્ટતા કરવામાં આવી કે જો કોઈને તલાક આપવાની નોબત આવી જાય તો આ ઉચિત નથી કે એ પત્નીને તલાકના બે શબ્દો કહીને તાત્કાલિક ઘરેથી કાઢી મૂકે. બલ્કે તેણે અલ્લાહે નક્કી કરેલ કાનૂન અને નિયમોનું પાલન કરવું જોઈએ. આ પાલન કરવું અમીર-ગરીબ દરેકને માટે અનિવાર્ય છે. જે લોકો ગરીબ હોવા છતાં આ આદેશોનું પાલન કરશે એટલે કે ઇદ્દતના સમયમાં તેમના ખર્ચ ઉઠાવવા, પોતાના જ ઘરમાં પત્નીને રહેવા દેવી વિ. તો અલ્લાહ તેમની મુશ્કેલીઓ આસાન કરી દેશે. અને જેઓ ધનના મોહમાં અલ્લાહની હદોનું ઉલ્લંઘન કરશે તેઓ અલ્લાહનું કંઈ પણ બગાડી નહીં શકે, બલ્કે પોતે જ ગુનેગાર બનશે. સૂરઃ તહરીમમાં આ બતાવ્યું હતું કે પ્રેમાવશ છતાં કઈ રીતે અલ્લાહની હદોની રક્ષા કરવી જોઈએ. આથી નબી સ.અ.વ.ની પૃચ્છા/પકડ એવા અમલ માટે કરી લીધી કે જે ખરેખર તો એટલા માટે આચરાયો હતો કે કમજોરો ઉપર નરમી અને પત્નીઓ પ્રત્યે મોટું મન દાખવવામાં આવે. પરંતુ અલ્લાહે આની ઉપર પણ પકડ કરી લીધી. કેમ કે અલ્લાહનો રસૂલ આખી ઉમ્મત માટે નમૂનો અને આદર્શ હોય છે. ફરમાવ્યું, હે નબી તમે પોતાની પત્નીઓના

મન રાખવા માટે એ વસ્તુ શા માટે પોતાના પર હરામ કરી બેઠા જે અલ્લાહે તમારા માટે હલાલ અને વૈદ્ય ઠેરવી છે. એ જ રીતે નબી સ.અ.વ. પોતાની એક પત્નીને એક રહસ્યની વાત કરી અને તેણે તેની જાણ બીજીને કરી દીધો તો અલ્લાહે તેમની આ હરકતથી પયગમ્બર સ.અ.વ.ને વાકેફ કરી દીધા અને પત્નીઓને સંબોધીને કહ્યું કે જો તમે બંને અલ્લાહથી તૌબા કરો તો આ જ વાત તમારા દરજ્જાને અનુરૂપ છે.

અહીં પકડ આ વાત ઉપર કરવામાં આવી છે કે પ્રેમમાં પણ અલ્લાહ અને રસૂલે બતાવેલ હદોનો ખ્યાલ રાખવો જોઈએ. પછી આમ મુસલમાનોને ચેતવ્યા છે કે તમે પણ પોતાની જાતને અને પોતાના ઘરવાળાઓ (બાળ-બચ્ચાં)ને દોઝખની આગથી બચાવવાની ચિંતા કરો. પછી અલ્લાહે ત્રણ સ્ત્રીઓનાં ઉદાહરણો આપીને સમજાવ્યું છે કે ખરાબથી ખરાબ વાતાવરણમાં પણ માનવી ઉપર પોતાના ઈમાનની રક્ષા કરવી જરૂરી છે. આના માટે અલ્લાહે ફિરઔનની પત્ની હઝરત આસિયા, હઝરત મરયમ અ.સ. અને હઝરત લૂત અ.સ.ની પત્નીના ઉદાહરણો આપ્યા છે કે પ્રથમ બે સ્ત્રીઓએ પોતાના ઈમાનની રક્ષા કરી અને અલ્લાહના ત્યાં મોટો દરજ્જો પ્રાપ્ત કર્યો. જ્યારે ત્રીજી સ્ત્રી ઈમાનના તકાદા પુરા ન કર્યા તો અઝાબનો ભોગ બની. જો કે એ નબીની પત્ની હતી. સાથે જ આ વાત પણ સ્પષ્ટ કરી દીધી કે સ્ત્રી પણ પોતાના જંન્મનાં હિસાબે નેકી અને બદી (બૂરાઈ) બંને પ્રકારની ભાવનાઓ અને વલણો ધરાવે છે. આ ખરૂં નથી કે બૂરાઈનો સ્રોત સ્ત્રીને જ ઠેરવવામાં આવે. ●

# પચ્ચીસમી તરાવીહ

આજની તરાવીહમાં ઓગણત્રીસમાં પારા 'તબારકલ્લઝી'ની તિલાવત કરવામાં આવી. સૌ પ્રથમ સૂરઃ અલ મુલ્કની શરૂઆત જ અલ્લાહની મહાનતા દ્વારા વ્યક્ત કરવામાં આવી. ખૂબ જ મહાન અને બરકત વાળી છે અલ્લાહની જાત જેના કબજામાં આ સૃષ્ટિની હકૂમત છે અને તે દરેક વસ્તુ ઉપર પ્રભુત્વ ધરાવે છે, જેણે પેદા કર્યા મૃત્યુ અને જીવનને, જેથી પરીક્ષા લે કે તમારામાંથી કોણ શ્રેષ્ઠ કર્મો કરનાર પુરવાર થાય છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરનારાઓને ચેતવ્યાં છે, શું તમે નીડર થઈ ગયાં છો કે હવે તમારા માટે જમીનમાં ધસાવવાની અને આકાશમાંથી પથ્થરો વરસાવવાની યાતના નહીં આવી શકે? બતાવો તમારી પાસે એ કયું લશ્કર

છે કે કૃપાળુ ખુદાની સામે તમારી મદદ કરી શકે? બતાવો કોણ છે જે તમને રોજી આપી શકે, જો તે તેની રોજી રોકી લે. તેમને પૂછો કે જો તમારૂં આ પાણી જમીનમાંથી નીચે ઉતારી દેવામાં આવે તો કોણ છે જે તમારા માટે આ ચોખ્ખું અને સ્વચ્છ પાણી કાઢી આપે. કહી દો તે કૃપાળુ છે અમે તેની ઉપર ઈમાન લાવ્યા છીએ અને તેની ઉપર જ અમે વિશ્વાસ મૂક્યો છે. તમે ટૂંક સમયમાં જ જાણી લેશો કે ગુમરાહીમાં કોણ છે?

સૂરઃ અલકલમમાં નબી સ.અ.વ.ની દા'વત આપ દ્વારા લાવેલ ગ્રંથ અને આપના ઉચ્ચ ચારિત્ર્યની તુલના કુરૈશના ગુનાઈત નેતાઓનાં ચરિત્ર સાથે કરીને એ દર્શાવવામાં આવ્યું છે કે એ સમય દૂર નથી જ્યારે સમર્થકો અને વિરોધીઓ બંને ઉપર સ્પષ્ટ થઈ જશે કે કોની લગામ ફિતનામાં પડેલા નેતાઓના હાથોમાં છે જે તેમને તબાહીના માર્ગે લઈ જઈ રહ્યાં છે અને કયા લોકો છે જે હિદાયતના માર્ગ ઉપર છે અને તેઓ જ સફળ થનારાં છે. નબી સ.અ.વ. સંબંધે સાક્ષી આપવામાં આવી કે આપ એક ઉચ્ચ ચારિત્ર્ય ઉપર બિરાજમાન છે અને કુરૈશના ચારિત્ર અંગે જણાવ્યું કે જૂઠી સોગંધ ખાનારા, ધિક્કારેલાં, ઈશારા કરનારા, ભલાઈના માર્ગથી રોકનારા, મર્યાદાને ઓળંગનારા, લોકોના અધિકાર ઝૂંટવનારા, પાષાણ હૃદયી અને શેખી મારનારા અને આ બધું એટલા માટે કે અલ્લાહે તેમનેં સંપત્તિ અને સંતાન આપ્યાં છે. આ પ્રસંગે એક બાગનું ઉદાહરણ આપીને સમજાવવમાં આવ્યું કે એ ધોકામાં ન રહો કે તમારા એશ-આરામમાં કોઈ ખલેલ પહોંચાડનાર નથી. જે ખુદાએ તમને આ બધું અર્પણ કર્યું છે તેના અધીકારમાં છે કે તેને છીનવી પણ લે. આખેરતના અંજામ તરફ ધ્યાન દોરતાં પ્રશ્ન કરવામાં આવ્યો કે આ લોકોએ ખુદાને આટલો અન્યાય કરનાર કેવી રીતે સમજી લીધો છે. કે તે નેકી કરનારાઓ અને બદી કરનારાઓમાં કોઈ તફાવત નહીં કરે. સાથે જ હુઝૂર સ.અ.વ.ને સાંત્વના આપવામાં આવી કે આજે જે વાતો આ લોકો ઘડી રહ્યાં છે તેનો શોક ન કરો, ધીરજની સાથે પોતાના રબના નિર્ણયની રાહ જુઓ. અને એ રીતે ઉતાવળા ન થાઓ જે રીતે હઝરત યુનુસ અ.સ. થયા હતાં અને તેમને સમજાવવામાં આવ્યાં હતાં.

સૂરઃ અલહાક્કામાં રસૂલોની દા'વતને જૂઠાડનારાઓના અંજામ દર્શાવતાં કયામતનું ભયાનક ચિત્રણ કરવામાં આવ્યું છે. ફરમાવ્યું, યાદ રાખો જ્યારે સૂરમાં એક જ ફૂંક મારવામાં આવશે અને પહાડોને ઉખેડીને એક જ ઝાટકામાં ચૂરે ચૂરા

કરી દેવામાં આવશે એ દિવસે તમને રજૂ કરવામાં આવશે અને તમારી એક પણ વાત છુપાયેલી નહીં રહે. રજૂથવાનાં દિવસે જેને જમણાં હાથમાં કર્મનોંધ મળશે તેના આનંદની કોઈ સીમા નહીં રહે અને જેને ડાબા હાથમાં કર્મનોંધ મળશે તે અભિલાષાથી મૃત્યુ ઇચ્છી રહ્યાં હશે. અવાજ આવશે કે તેને પકડો અને તેના ગળામાં ફાંસો નાખો, તેને જહન્નમમાં નાખી દો અને એક સાંકળમાં જેની લંબાઈ સિત્તેર હાથ છે બાંધી દો. આ છે તે લોકો જેઓ મહાન ખુદાની ઉપર ઈમાન રાખતા ન હતા અને ન જ ગરીબોને ભોજન આપવા માટે પ્રોત્સાહિત કરતા હતાં.

સૂરઃ અલ મઆરિજમાં નબી સ.અ.વ.ને ધીરજની શિખામણ આપવામાં આવી છે, કે આ ખૂબ જ સુક્ષ્મ દ્રષ્ટિ ધરાવતા નબળા મનના લોકો છે. આ સમયે ખુદાએ એમના જે ઢીલો દોર આપ્યો છે તો તેમના પગ જમીન ઉપર નથી ઠરતાં. જરાક પકડમાં આવશે તો બધી શેખાઈ ભૂલી જશે અને ઇચ્છા કરશે કે કદાચ તે દિવસની યાતનાથી બચવા માટે પોતાના સંતાનો, પત્નીઓ, પોતાના ભાઈઓ અને પોતાના કુટુંબને કે જે તેનું પીઠબળ રહ્યું છે અને તમામ પૃથ્વીવાસીઓને બદલામાં આપીને પોતાનો જીવ છોડાવી લે.

સૂરઃ નૂહમાં નબી સ.અ.વ.ને પાછલી સૂરઃમાં જે ધીરજની શિખામણ આપવામાં આવી હતી તેના ઉદાહરણ સ્વરૂપે હઝરત નૂહ અ.સ.નો કિસ્સો વર્ણવવામાં આવ્યો કે તેમણે કેટલાં લાંબા ગાળા સુધી એટલે સાડા નવસો વર્ષ સુધી ધીરજની સાથે પોતાની જાતિને દા'વત આપી અને આટલી લાંબી ધીરજ અને રાહ જોયા પછી તેમની જાતિને યાતનાનો ભોગ બનાવવામાં આવી. એ રીતે સત્ય ધર્મ પ્રચારકને જણાવી દેવામાં આવ્યું કે પોતાના ધ્યેયને સિદ્ધ કરવાના છેલ્લા તબક્કા સુધી કેટલી ધીરજ અને રાહ જોવી પડે છે. સાથે જ આ બાબત પણ સ્પષ્ટ કરી દીધી કે અલ્લાહ તઆલા ઉતાવળ કરનારાઓની ઉતાવળ અને મેણાં-ટોણાં છતાંય તેમને એક લાંબા ગાળા સુધી ઢીલોદોર આપે છે. પણ પછી અંતે એક દિવસે પકડી લે છે અને જ્યારે તે પકડી લે છે ત્યારે કોઈ છોડાવનાર નથી હોતો.

એક મહત્ત્વની વાત હઝરત નૂહ અ.સ.ની દા'વતમાં એ પણ જાણવાં મળી કે વાસ્તવમાં ખુદાના માર્ગદર્શનનું આજ્ઞાપાલન દુનિયામાં પણ ખુશહાલી અને બરકતોનું માધ્યમ છે પરંતુ તેમની જાતિની મોટી સંખ્યાએ, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, મશ્કરી કરી અને તે લોકોનું અનુસરણ કર્યું કે જેમની સંપત્તિ અને સંતાને તેમની ગુમરાહીમાં વધારો કર્યો જેથી તેઓ એક દિવસ તેમના ગુનાહોની સજા રૂપે

પાણીના તોફાનોમાં ગરકાવ થઈ ગયાં અને તે જ રાત્રીથી આગમાં દાખલ કરી દેવામાં આવ્યા. એ સમયે કોઈ તેમની મદદે ન આવ્યાં જેને તેઓ ખુદા સિવાય પોકારતા હતાં.

સૂર:જિનમાં કુરૈશને ગૈરત દેવડાવવામાં આવી કે કુર્આન વાસ્તવમાં જીન્નાતોને સંબોધન નથી કરતો. તેઓ જયારે માર્ગમાંથી પસાર થતા તેને સાંભળી લે છે તો દ્રવી ઉઠે છે અને પોતાની જાતિની અંદર તેના પ્રસાર માટે તત્પર થઈ જાય છે, અને એક તમે છો કે ખાસ તમારા માટે તેને (કુર્આનને) ઉતારવામાં આવી રહ્યું છે અને તેની કૃપાઓથી અભિભૂત કરવાને માટે અલ્લાહના રસૂલ સ.અ.વ. દિવસ-રાત અથાગ પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ તમારી કૃતઘ્નતા કે તેની તરફ ધ્યાન આપવાને બદલે તમે ઊલ્ટાં તેમના શત્રુ બની ગયા છો. સૂર:અલમુઝ્ઝમ્મિલ અને અલ:મુદ્દસ્સિર બંને સૂરતોનો પ્રારંભ "હે ચાદર લપેટવાવાળા" દ્વારા થયો છે. તેનાથી આ સ્પષ્ટ કરવાનો હેતુ છે કે અંબિયાએ કિરામ અ.સ. ખુદાના બંદાઓ માટે અત્યંત કૃપાળુ તેમજ સ્નેહાળ અને પોતાના રબ તરફથી સોપવામાં આવેલી જવાબદારીના સંદર્ભમાં ખૂબ જ સંવેદનશીલ પુરવાર થાય છે કે તેઓ પોતાના જીવતોડ પ્રયત્નો છતાંય જયારે જુએ છે કે લોકોની શત્રુતા તેમનાથી વધતી જઈ રહી છે તો તેમને એ વિચાર આવે છે કે ક્યાંક તેમના કાર્યમાં જ કોઈ ઉપણ તો નથીને અને આ ચિંતા તેમને ખૂબ જ શોકમગ્ન કરી મૂકે છે અને તેઓ ચાદર લપેટીને પોતાના સમાજથી એકાંત ગ્રહણ કરીને આંતરિક ઉપાયોની શોધ આદરે છે, સૂર:મુઝ્ઝમ્મિલમાં ચાદર ઓઢવાવાળાનું સ્નેહ ભર્યું સંબોધન નબીએ કરીમ સ.અ.વ.ને કરીને આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે કે રાત્રિના સમયે તેની સમક્ષ બંદગી માટે ઊભા રહો. તેમાં રોકાઈને કુર્આન પઢો. તેનાંથી હૃદયને એકાગ્રતા કે સ્થિરતા પ્રાપ્ત થશે અને આગળની જવાબદારીઓનો ભાર ઉપાડવાની શક્તિ મળશે.

સૂર: અલ મુદ્દસ્સિરમાં પણ આ જ સંબોધનથી સંબોધીને માર્ગદર્શન કર્યું કે બસ ચાદર કાઢી નાખો અને લોકોને ડરાવવા અને ચેતવવાને માટે કમર કસી લો. ઊભા થઈ જાઓ, પોતાના રબની મહાનતા વર્ણવો પોતાના ચારિત્ર્યને દરેક પ્રકારના મેલથી પવિત્ર રાખો અને પોતાનો પુરૂષાર્થ કરતાં

રહો. વિરોધ છતાં સત્યને વળગી રહો. અલ્લાહ તઆલા તમારા પ્રયત્નોનું પરિણામ ચોક્કસ જાહેર કરશે.

સૂરઃ અલકિયામામાં અલ્લાહ તઆલાએ કયામતની સાબિતી રૂપે માનવ અંતરાત્મા રજૂ કર્યો છે અને સ્પષ્ટતા કરી છે કે માનવી સ્વયં નાના સ્તરે એક દુનિયાની હેસિયત ધરાવે છે. તેથી આ નાની દુનિયામાં સ્વયં ટોકનાર કે ધિક્કાર કરવાવાળી ઈચ્છા શક્તિનું હોવું આ વાતની દલીલ છે કે સમગ્ર સૃષ્ટિમાં પણ બુરાઈ ઉપર ટોકનાર કોઈ શક્તિ છે અને એ જ શક્તિ કયામતના દિવસે તમામ લોકોના સમગ્ર જીવનના કર્મોનો હિસાબ કરશે.

સૂરઃ અદ્દહરમાં કયામતની આ દલીલ આપવામાં આવી છે કે અલ્લાહતઆલા મનુષ્યની અંદર સાંભળવા અને જોવાની અને તેના દ્વારા સત્ય અને અસત્યને પારખવાની જે શક્તિ આપી છે. તેનો તકાદો છે કે એવો દિવસ આવશે જેમાં લોકોને તેમના કર્મોનું ફળ મળશે. નહીં તો પછી સત્કર્મ અને દુષ્કર્મોનો તફાવત જણાવવાની જરૂર જ શું હતી?

સૂરઃઅલ મુરસલાતમાં ઝડપી ફૂંકાતા પવનની સાક્ષી આપવામાં આવી છે કે આ દરેક સમયે કયામત આવવાની યાદ અપાવે છે. જયારે અલ્લાહ તેની લગામ છોડી દે છે તો આ આંધળી દોટ મૂકે છે અને વાદળોને ફેલાવી દે છે. ક્યાંક વરસાદ વરસાવીને તબાહી મચાવે છે તો ક્યાંક વાદળોને ઉડાવીને લઈ જઈ લોકોને તબાહીથી બચાવી લે છે. અને આ જ રીતે ક્યાંક આજ્ઞાના ઉલ્લંઘનની યાતનામાં ગ્રસ્ત કરવાની યાદ અપાવે છે અને ક્યાંક અલ્લાહનો અભાર એની મહાનતા અને માનવીને ઉત્તરદાયિત્વની જવાબદારી યાદ દેવડાવે છે. બસ તે જ રીતે એક દિવસ આકાશ ફાટી પડશે; પહાડોના ભુક્કે-ભુક્કા થઈ જશે, તે જ દિવસ નિર્ણયનો દિવસ હશે: જૂઠાડનારાઓને કહેવામાં આવશે કે ચાલો તે ધુમાડા તરફ જે ત્રણ દિશાથી છવાયેલો હશે અને માત્ર એક જ દિશા ખુલી હશે જે તરફ આરોપીઓને ઢસડીને લાવવામાં આવી રહ્યા હશે. આ છે નિર્ણયનો દિવસ, અમે તમને પણ અને તમારી અગાઉનાં લોકોને પણ એકઠા કરી લીધા છે, તો છે આજે તમારી પાસે બચાવને માટે કોઈ દલીલ? અહીં જયારે તેમને કહેવામાં આવે છે કે પોતાના રબની સામે નમો, તો નથી નમતા. હવે આની પછી તેઓ કઈ વસ્તુ ઉપર ઈમાન લાવશે?

# છવ્વીસમી તરાવીહ

આજે ત્રીસમા પારા અમ્મ ય ત સા અલૂનના વીસ રુકૂઅની તિલાવત કરવામાં આવી. સૂરઃ નબામાં જમીન અને તેના ઉપર પહાડ, સ્વયં મનુષ્યમાં સ્ત્રી અને પુરૂષની જોડી, મહેનત અને પુરૂષાર્થનો થાક ઉતારવા માટે ઊંઘ, આરામ માટે રાત અને કમાવવા માટે દિવસ, માથે સાત મજબૂત આકાશ અને તેમાં એક અત્યંત પ્રકાશિત દીવો, પાણીથી ભરેલા વાદળો અને તેના દ્વારા પાક, વનસ્પતિ અને ગીચ બગીચાઓની ઉપજ; શું આ બધી વસ્તુઓ સાક્ષી નથી આપી રહી કે આ સમગ્ર સંસારનું પણ એક જોડું હોવું જોઈએ. એટલે કે આખેરત અને તે જ છે નિર્ણયનો દિવસ, તે દિવસે બધું જ ઉથલ-પથલ થઈ જશે અને જહન્નમ અચાનક વિદ્રોહીઓનું ઠેકાણું બનીને સામે આવી જશે અને જેમણે બદલાના દિવસ (કયામત)થી ડરીને જીવન વિતાવ્યું હશે તેઓ બેહિસાબ એશમાં હશે અને તેમની નેકીઓનો પૂરેપૂરો બદલો મેળવશે. તે દિવસે અલ્લાહને ત્યાં કોઈ તેની પરવાનગી વગર કોઈના માટે પણ ભલામણ કરવાની હિંમત નહીં કરે, અને જે પરવાનગી પછી બોલશે તો પણ સત્ય અને સત્ય જ બોલશે. વિદ્રોહીઓ તે દિવસે માથું ફુટી લેશે કે કાશ અમે માટીમાં જ ભળી રહ્યા હોત, અમારૂં અસ્તિત્વ જ ન હોત! "સૂરઃનાઝિઆત"માં છે કે વિદ્રોહીઓ ફકત ત્યાં સુધી જ તેની યાતનાઓથી સુરક્ષિત છે જયાં સુધી તેણે મહેતલ આપી રાખી છે. તે જયારે આદેશ આપશે. એ જ પવન અને વાદળ જે જીવન માટે અનિવાર્ય છે. અલ્લાહનો પ્રકોપ બની જશે. સૂરઃ અબસમાં છે કે જેઓ ઇચ્છે છે કે તેઓ જયારે મળવા આવે તો આપ સ.અ.વ. ગરીબોને પોતાની પાસેથી હટાવી દે તો આપ તેમને રાજી કરવા આવું ન કરો. ઈચ્છાથી આવનારાઓને શિક્ષણ આપવું એ આપની ફરજ છે. સૂરઃતકવીરમાં છે કે જયારે દરેક બાજુ પોતપોતાની જ ચિંતામાં લોકો પડેલા હશે, કોઈને કોઈની ખબર નહીં હોય, મનુષ્ય અને પશુ, મિત્ર અને શત્રુ ભયના માર્યા એકઠાં થઈ જશે, અને જયારે જહન્નમ ધખાવવામાં આવશે, અને જન્નતને પાસે લઈ આવવામાં આવશે તે સમયે દરેક મનુષ્ય જાણી લેશે કે તે શું લઈને આવ્યો છે.

સૂરઃ ઈન્ફેતારમાં છે કે આવો દિવસ અચૂક આવશે જયારે આ સમગ્ર વ્યવસ્થા ભયાનકતા સાથે નષ્ટ થઈ જશે. અહીં ગુનેગારોએ મહેતલથી ધોકો ન ખાવો

જોઈએ. આ તો અલ્લાહની કૃપાને કારણે છે કે જેથી તે સ્વયંની સુધારણા કરી લે. ખુદાએ તમારા કર્મોને લખનારા ફરિશ્તાઓ નિયુક્ત કર્યા છે જે તમારા દરેક કાર્યને જાણે છે. નિઃશંક સત્કાર્ય કરનારાઓ એશમાં હશે અને વિદ્રોહીઓ દોઝખમાં. તે દિવસે કોઈ જીવ અન્ય જીવ માટે કાંઈ જ નહીં કરી શકે. આ નિર્ણય એ દિવસે સંપૂર્ણપણે અલ્લાહના અધિકારમાં હશે.

સૂરઃમુતફફિકિનમાં એ બેઈમાની ઉપર પકડ કરવામાં આવી છે કે બીજાઓથી લેતી વખતે તોલ પૂરેપૂરો કરો છો અને બીજાઓને આપતી વખતે ઓછું આપો છો. આ બેઈમાની આખેરતના વિશ્વાસની ગફલતનું પરિણામ છે. ઓછું આપનારાઓના કર્મોના હિસાબ લખાતા પહેલાં જ અપરાધીઓના રજિસ્ટરમાં નોંધાઈ જશે અને તેમણે સખત યાતનાનો સામનો કરવો પડશે અને નેક લોકોના કર્મોનો હિસાબ શ્રેષ્ઠ લોકોના રજિસ્ટરમાં નોંધાશે. આજ કાફિર તેમની હાલતમાં મગ્ન છે અને ઈમાનવાળાઓનો મજાક ઉડાવી રહ્યા છે. તે દિવસે ઈમાનવાળા પોતાની સફળતા અને એશ ઉપર ખુશ ખુશ થશે અને કાફિરોનો મજાક ઉડાવશે.

સૂરઃઈન્શેકાકમાં છે કે ધરતી તેમજ આકાશ એક દિવસે ચૂરે-ચૂરા થઈ જશે એટલા માટે કે અલ્લાહ તેમને એવો આદેશ આપશે. તેઓ આના કાની વગર તેનું અનુકરણ કરશે. તે દિવસે જે કાંઈ ધરતીના પેટાળમાં છે, એટલે કે મૃત્યુ પામેલાઓના શરીર અને તેમના કર્મોની સાક્ષી બધાને તે બહાર કાઢીને ફેંકી દેશે અને તે દિવસે ઈનામ અને સજાનું હોવું એટલું જ નિશ્ચિત છે જેટલું દિવસ પછી રાત્રીનું આવવું. સૂરઃઅલબૂરૂજમાં છે કે કાફિરો ઈમાનવાળાઓ ઉપર જે જુલમ કરી રહ્યા હતાં તેની ઉપર તેમને સાંત્વના આપતાં અસ્હાબુલઉખદૂદનો કિસ્સો સંભળાવ્યો જેમણે ઈમાન લાવનારાઓને આગથી ભરેલા ખાડામાં ફેંકી-ફેંકીને ભૂંજી નાખ્યા હતા. પરંતુ ઈમાન લાવનારાઓએ આગમાં બળવું કબૂલ કર્યું પરંતુ ઈમાનથી ફરી જવાનું સ્વીકાર ન કર્યું. તે જ રીતે હવે ઈમાનવાળાઓએ તકલીફોને સહન કરવી જોઈએ. પરંતુ ઈમાનનો માર્ગ છોડવો ન જોઈએ. અલ્લાહ જોઈ રહ્યો છે, તે જુલ્મીઓને સજા આપીને રહેશે. જુલ્મીઓને કહ્યું કે તેઓ પોતાના ઘમંડમાં ન રહે. ફિરઔન અને સમૂદ જેવા શક્તિશાળીઓના અંજામથી બોધ લે.

સૂરઃ અત-તારીકમાં છે કે સૃષ્ટિના ગ્રહોની વ્યવસ્થા સાક્ષી છે કે અહીં એક વસ્તુ પણ એવી નથી જે એક શક્તિની દેખરેખ વગર પોતાની જગ્યાએ અટલ રહી શકે. સ્વયં મનુષ્ય પાણીના એક ટીપાથી પેદા કરવામાં આવ્યો, તેથી જ

ખુદાએ તેને અસ્તિત્વ આપ્યું તો ચોક્કસ તેને ફરીવાર પેદા કરી શકે છે. જેથી તેના બધા જ કાર્યોની તપાસ કરી શકાય જેની ઉપર સંસારમાં પડદો પડેલો હતો. તે સમયે પોતાના કર્મોની સજા ભોગવવામાંથી કોઈ તેને બચાવી નહીં શકે.

અંતે જણાવ્યું કે કાફિરો સમજી રહ્યા છે કે તેમની ચાલોથી કુર્આનવાળાઓને છેતરી શકશે, પરંતુ તેમને ખબર નથી કે અલ્લાહ પણ તેમની સાથે ચાલ ચાલી રહ્યો છે અને તેની ચાલની સામે કાફિરોની ચાલ કાંઈ જ કામ નહીં આવે. સૂરઃ અલ-આ'લામાં જણાવાયું છે કે અલ્લાહના દરેક કાર્યમાં એક ક્રમ અને તબક્કો છે જે સંપૂર્ણપણે તેની બુદ્ધિમત્તા ઉપર આધારિત છે. જે રીતે ધરતીની વનસ્પતિ ધીરે ધીરે ગીચ અને હરિયાળી બને છે તે જ રીતે અલ્લાહની આ કૃપા, કુર્આન પણ તમારી ઉપર ક્રમાનુસાર ઊતરશે, કંઠસ્થ કરાવવામાં આવશે અને તમે તેના એક શબ્દને પણ નહીં ભૂલો. તે જ રીતે આવનારી મુશ્કેલીઓમાં પણ તે જ ધીરે ધીરે માર્ગ કાઢશે. જણાવ્યું કે તબ્લીગ (પ્રચાર)ની પદ્ધતિ આ છે કે જે બોધ સાંભળવા અને સ્વીકારવા તૈયાર હોય તેમને બોધ આપવામાં આવે અને જે તેના માટે તૈયાર ન હોય તેની પાછળ ન પડવામાં આવે. લોકોને સમગ્ર ચિંતા ફક્ત આ સંસારના આરામની છે. જો કે ખરી ચિંતા તો આખેરતના પરિણામની હોવી જોઈએ. કારણ કે સંસાર તો નાશ્વંત છે અને આખેરત બાકી રહેનાર છે. જેની કૃપાઓ દુનિયાથી અનેકગણી શ્રેષ્ઠ અને અધિકતર છે. સૂરઃગાશીયાહમાં કહેવાયું છે કે તમને એ સમયની પણ કંઈ ખબર છે જ્યારે સમગ્ર સૃષ્ટિ ઉપર છવાઈ જનારી યાતના આવશે? તે દિવસે મનુષ્યોનો એક સમૂહ જહન્નમમાં જશે અને બીજો ઉચ્ચ જન્નતોમાં. આ ઇન્કારીઓ તેમની નજર સમક્ષની વસ્તુઓ ઉપર પણ વિચાર નથી કરતાં. આ ઊંટ જેના વિના રણમાં તેમનું જીવન શક્ય નથી આ આકાશ, પર્વત અને ધરતી શું કોઈના બનાવ્યા વગર જ બની ગઈ. અને જે ખુદા આને બનાવવાનું સામર્થ્ય ધરાવે છે, તે પ્રલય (કયામત) લાવવા, મનુષ્યોને ફરીવાર જીવંત કરવા અને વળતર અને સજા આપવાનું સામર્થ્ય કેમ નથી ધરાવતો? હે નબી સ.અ.વ. આ લોકો ન માનતા હોય તો ન માને તમને તેમની ઉપર ફોજદાર કે બળજબરી કરનાર બનાવીને નથી મોકલવામાં આવ્યા કે જબરદસ્તી મનાવીને જ છોડો. તમારૂં કાર્ય તો બોધ આપવાનું છે. તેથી તમે બોધ આપતા રહો. અને તે લોકોને આવવાનું તો મારી પાસે જ છે. તે સમયે અમે તેમનો પૂરેપૂરો હિસાબ લઈશું.

સૂરઃ અલફજ્રમાં છે કે પ્રભાતથી રાત્રિ સુધીની સમસ્ત વ્યવસ્થા સાક્ષી છે કે

ખુદાનું કોઈ પણ કાર્ય હેતુ અને બુદ્ધિમત્તા વગરનું નથી તો પછી માનવીનું સર્જન હેતુ વગરનું કેવી રીતે હોઈ શકે? માનવ ઇતિહાસમાં આદ-સમૂદ અને ફિરઔન જેઓ યંત્રસામગ્રીના કૌશલ્ય અને સેનાઓના માલિકો હતાં, જ્યારે તે લોકોએ વિદ્રોહ કર્યો અને મર્યાદા ઓળંગીને તબાહી મચાવી દીધી તો અલ્લાહે યાતનાનો કોરડો તેમના ઉપર વીંઝ્યો. વાસ્તવિકતા આ છે કે તમારો રબ વિદ્રોહીઓની ઉપર ઘાત લગાવીને બેઠો છે. અહીં દરેકની પરીક્ષા થઈ રહી છે. જેઓ ન તો સ્વયં અનાથો અને નિઃસહાયોનો વિચાર કરે છે અને અન્ય લોકોને તેમની જરૂરિયાતો પૂરી કરવાની કલ્યાકારી વ્યવસ્થા સ્થાપવા માટે પ્રોત્સાહિત પણ નથી કરતાં. તેઓ એક દિવસે યાતનાનો ભોગ બની ગયા અને જેઓ આજ્ઞાપાલન કરતાં રહ્યાં તેમને કહેવામાં આવશે કે ચાલ તારા રબની પાસે હવે તું તેનાથી પ્રસન્ન અને તે તારાથી પ્રસન્નઃ સામેલ થઈ જા મારા ખાસ બંદાઓમાં અને દાખલ થઈ જા મારી જન્નતમાં!

સૂરઃઅલબલદમાં કહેવાયું છે કે અલ્લાહ મક્કાની ધરતીને ખુશહાલી અને શાંતિનું સ્થળ હઝરત ઇબ્રાહીમ અ.સ.ની દુઆ અને બયતુલ્લાહની બરકતોને કારણે બનાવ્યા. આંખ, જીભ અને હોંઠ આપ્યા, ભલાઈ બૂરાઈની ઓળખ આપી. અલ્લાહના અહેસાનનો તકાદો હતો કે તેનાં આભારી અને તેનાં બંદાઓનાં શુભચિંતક અને મદદ કરનારા બન્યા હોત પરંતુ આ કૃતઘ્ન અને સંપત્તિ તેમજ ઇચ્છાઓના પૂજારી બનીને દોઝખના ઉમેદવાર બની રહ્યા છે, અને જે ઇમાન લાવનારાઓ એક બીજાને ધીરજ અને સહાનુભૂતિની શિખોમણ આપે છે તેઓ જ બરકત અને ખુશનસીબીના હકદાર છે.

સૂરઃઅશ્-શમ્સમાં જણાવવામાં આવ્યું છે કે દિવસ અને રાત્રિ એક બીજાનાં વિરોધી છે તે જ રીતે સારાં અને નરસાં કૃત્યોના પરિણામ પણ જુદાં જ છે અને અલ્લાહે મનુષ્યને બંનેની સમજ આપી છે. હવે જો તે પોતાની ઇચ્છાઓને ખોટાં વિચારોથી પવિત્ર કરશે તો સફળ થશે અને જો ભલાઈની ઇચ્છઆઓને દબાવીને બૂરાઈને વિકસાવશે તો નિષ્ફળ થશે જે રીતે સમૂદની જાતિ નિષ્ફળ થઈ ગઈ.

સૂરઃ અલ લૈલમાં ફરમાવ્યું છે કે જે વ્યક્તિ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરશે અને અલ્લાહથી ડરતી રહે અને ભલાઈને ભલાઈ માને તેના માટે નેકી કરવી સરળ અને જે ગફલત (બેદરકારી) દાખવે, ખુદાની પ્રસન્નતા અને નારાજગીની પરવા ન કરે અને સત્યવાતને જૂઠાડે તેનાં માટે ખોટા માર્ગ સરળ બનાવી દેવામાં

આવે છે. આખેરતમાં આવા લોકોને માટે ભડકે બળતી આગ તૈયાર છે અને ખુદાની પ્રસન્નતાને માટે કામ કરનારાઓથી તે પ્રસન્ન થશે.

સૂરઃ ઝુહાઃ અને અલમ નશ્રહમાં નબી સ.અ.વ.ને સાંત્વના આપવામાં આવી છે કે અલ્લાહ તમને અચૂક સફળ બનાવશે અને માર્ગમાં જે અવરોધો આ સમયે દેખાઈ રહ્યા છે તે બધા દૂર થઈ જશે. આવનારો સમય આનાથી સારો હશે અને અલ્લાહ એવી સફળતાઓ આપશે કે તમારું હૃદય પુલકિત થઈ જશે અને આપનું નામ કયામત સુધી સંસારમાં ગૂંજતું રહેશે. બસ રીત આ જ છે કે દા'વતની તકલીફોની સાથે પોતાના રબની બંદગીમાં મગ્ન થઈ જાઓ.

સૂરઃ તીનમાં અગાઉના મોટા રસૂલોની દા'વતના કેન્દ્રો, અંજીરનો પર્વત એટલે કે જૂદી, જયાં નૂહ અ.સ.ની દા'વત પ્રસરી, જૈતૂનનો પર્વત એટલે ઈસા અ.સ.ની દા'વતનું કેન્દ્ર, બયતુલ મુકદ્દસ, કોહેતૂર મૂસા અ.સ. ઉપર વહીનું સ્થળ અને શાંતિનું સ્થળ મક્કા, ઈબ્રાહીમ અ.સ. અને મુહમ્મદ સ.અ.વ. બંને ઉપર વહીના સ્થળના સોગંધ ખાઈને કહ્યું, અમે માનવીનું સર્વોત્તમ બંધારણ સાથે સર્જન કર્યું છે પરંતુ જે તેની કદર નથી કરતાં તેઓ ધિક્કારના ખાડામાં ફેંકી દેવામાં આવશે. આ ધાર્મિક કેન્દ્રોના ઇતિહાસથી સાબિત જાતિઓના પરિણામ અને સત્કર્મોની પ્રતિષ્ઠા વધારવાના કિસ્સાઓ પછી પણ હવે કઈ દલીલ છે તમારી પાસે વળતર અને સજાને ખોટી ઠેરવવા માટે? શું અલ્લાહ સર્વ હાકીમોથી મહાન હાકેમ નથી. ●

# સત્તાવીસમી તરાવીહ

આજે અલ્લાહના ફઝલથી આખરી તરાવીહ છે. તેમાં ૧૯ સૂરઃઓની તિલાવત કરવામાં આવી.

સૂરઃઅલકની પ્રથમ પાંચ આયતો સૌથી પ્રથમ વહીની હેસિયતથી ગારે હિરામાં નાઝિલ થઈ છે. આમાં અલ્લાહે પોતાના નબી સ.અ.વ.ને આદેશ આપ્યો છે કે પોતાના રબના નામે જે સમગ્ર જગતનો સર્જનહાર છે, લોકોને આ ફરમાન સંભળાવી દો કે તેણે માનવીને લોહીના થીજેલા લોચામાંથી પેદા કર્યો અને આ કૃપા કરી કે ઈલ્મ શીખવાડવા માટે કલમ દ્વારા તેના શિક્ષણની કાયમી વ્યવસ્થા કરી અને તેને એ વાતો બતાવી જે અગાઉ તે જાણતો ન હતો.

નબી સ.અ.વ.ની દા'વતના જવાબમાં કુરૈશના આગેવાનોના વિદ્રોહ પર ચેતવ્યા કે આ ધન અને દરજ્જાના ઘમંડમાં ખુદાથી નિસ્પૃહ અને બેપરવા થઈ ગયા છે. જોકે એક દિવસે બધાએ પોતાના કર્મોનો જવાબ આપવા માટે ખુદાની જ પાસે પાછા ફરવાનું છે. પછી હુઝૂર સ.અ.વ.ને નમાઝ પઢવાથી અટકાવવા વિષે ખૂબ જ ક્રોધ ને કોપ સાથે સવાલ કર્યો છે કે જો અલ્લાહનો એક બંદો હિદાયત અને ખરા માર્ગ ઉપર હોય અથવા ખુદાની પકડથી બચાવનારી વાતો બતાવી રહ્યો હોય અને આ બંડખોરો એને ખોટી ઠેરવી રહ્યા હોય તો શું આ નથી સમજતા કે અલ્લાહ જોઈ રહ્યો છે. જો આ લોકો આ વલણ નહીં બદલે તો અમે તેમને ચોટીથી પકડીને ઘસડીશું. તો બોલાવી લે તેઓ પોતાના હિમાયતીઓને અમે પણ બોલાવી લઈશું પોતાના જાંબાઝોને! (આથી આવ્યા એ જાંબાઝો બદ્રના મેદાનમાં).

સૂરઃઅલ કદ્રના બે અર્થ છે. એક તકદીર બનાવવી, બીજો અત્યંત કદરવાળી વસ્તુ અર્થાત્ એ રાત્રી જેમાં કુર્આન નાઝિલ થયું. બંને ભાવાર્થો પર પૂરી ઉતરે છે. આ રાતમાં કુર્આન અવતરિત કરીને આ માનવતાનું ભાગ્ય બદલવા અને તેના દુર્ભાગ્યને સૌભાગ્યમાં બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો જે આ ધરતી ઉપર પોતાના કરતૂકોના લીધે દરેક જગ્યાએ અપમાનિત કે તિરસ્કૃત થઈ રહી હતી અને આથી જ આ રાત્રી માનવ-ઇતિહાસમાં સૌથી વધુ સન્માનનીય, આદરપાત્ર અને બહુમૂલ્ય રાત્રિ છે કે આમાં માનવતા માટે ભાવિ જગતમાં પ્રગતિ અને ઉચ્ચતા તેમજ આખિરતમાં ભલાઈ અને સફળતાની એ વસ્તુઓ ઉતારવામાં આવી કે જે પાછલા એક હજાર મહિનામાં પણ ક્યારેય ઉતરી શકી ન હતી. હવે દર વર્ષે આ રાત્રે જિબ્રઈલ અ.સ. પોતાની સાથે ફરિશ્તાઓનો સમૂહ લઈને દુનિયામાં ઊતરે છે અને જે લોકો આ રાત્રિમાં જાગીને અલ્લાહને યાદ કરી રહ્યા હોય છે તેમનાથી હસ્તધુનના કરતા મગફિરત (ક્ષમા)ની ખુશખબર સંભળાવે છે. સવાર સુધી આજ કાર્ય ચાલતું રહે છે.

સૂરઃ અલ બૈય્યિનહમાં બતાવ્યું છે કે ગ્રંથવાળા (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ) તથા મુશ્રિકો બંને સાંઠ-ગાંઠ કરીને કુર્આનને જૂઠુ ઠેરવવા માટે આગળ આવ્યા છે. તેના ઉતરાણ વિષે તેઓ શંકામાં પડેલા છે બલ્કે તેનું મૂળ કારણ તેમનો અહમ્ અને ઘમંડ છે. લોકો જો ઇતિહાસની આરસીમાં ગ્રંથવાળાઓની ભૂમિકા જોશે તો તેમના પર વાસ્તવિકતા સ્પષ્ટ થઈ જશે કે તેમની જેમ તેમના બાપ-દાદા (વડવાઓ) પણ પોતાના જમાનામાં પયગમ્બરો પાસે મો'જિઝા (ચમત્કારો)ની માગણી કરતા

રહ્યા, પરંતુ એ ચમત્કારો જોઈ લીધા છતાં પણ ખુદાના ગ્રંથ અને તેના દીનનો ઈન્કાર તેના આદેશોને પોતાની મરજીથી છિન્ન-ભિન્ન કરતા રહ્યા છે.' ઈમાન લાવવાનું ખરૂં માધ્યમ મો'જિઝા (ચમત્કારો) નહીં બલ્કે ખુદાનો ભય છે જેનાથી વંચિત-હોવાને કારણે ખુદાને ત્યાં તેમની ગણના સૌથી ખરાબ મખ્લૂક (સૃષ્ટિ કે સર્જન)માં છે. અને શ્રેષ્ઠ મખ્લૂક એ છે જે ઈમાન લાવીને નેક અમલ અખત્યાર કરશે. તેમનું વળતર જન્નત છે. અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી.

સૂરઃઝિલઝાલમાં જણાવાયું કે એ દિવસ અવશ્ય આવનાર છે જ્યારે માનવીની દરેક નેકી અને બદી ચાહે ગમે તેટલા પર્દાઓમાં કેમ આચરાઈ ન હોય, તેની સામે મૂકી દેવામાં આવશે. એ વાસ્તવિકતાનું આલેખન આ રીતે રજૂ કરવામાં આવ્યું છે.

જ્યારે કે સમગ્ર ધરતી તેની સંપૂર્ણ તીવ્રતા સાથે હચમચાવી કે હલાવી નાખવામાં આવશે અને એ પોતાની ભીતરના સર્વ બોજાઓ કાઢીને બહાર ઠાલવી દેશે અને મનુષ્ય કહેશે કે તેને આ શું થઈ રહ્યું છે? એ દિવસે તે પોતાની ઉપર વીતેલા સમગ્ર બનાવો વર્ણવી દેશે. કારણ કે તેના રબે તેને આમ કરવાનો આદેશ આપ્યો હશે. તે દિવસે લોકો કબરોમાંથી એ રીતે નીકળશે કે કોઈની પણ સાથે ન તો તેમના કુટુંબીજનો હશે, ન જ તેના નોકર-ચાકર, ન જ તેની માલ-મિલ્કત, ન જ તેના સાથી-મિત્રો અને મદદગાર અને ન જ તેણે ખુદા સાથે સામેલ કરેલ ભાગીદારો (ઉપાસ્યો), બલ્કે દરેક પોતાના કર્મોનો જવાબ આપવા માટે પોતાના રબ સમક્ષ એકલો જ હાજર થશે. આ એટલા માટે થશે કે તેમને તેમના કર્મો નરી આંખે બતાવી દેવામાં આવે. પછી જેમણે રજભાર નેકી કરી હશે તે તેને જોઈ લેશે અને જેણે રજભાર બદી કરી હશે એ તેને જોઈ લેશે.

સૂરઃઆદિયાતમાં કહેવાયું છે કે માનવી આખેરતથી ગાફેલ થઈને કેવી નૈતિક અધોગતિમાં જઈ પડે છે. આને સમજાવવા માટે એ આમ અશાંતિ કે અંધાધૂંધીને રજૂ કરવામાં આવી છે જેનાથી સમગ્ર પ્રદેશ ત્રાસી ગયો હતો, દરેક બાજુ લૂંટમાર વધી ગઈ હતી, કબીલાઓ ઉપર કબીલા હુમલા કરતા હતા અને કોઈ પણ વ્યક્તિ રાત્રે ચેનથી ઊંઘી શકતી ન હતી. કારણ કે દરેક સમયે આ આશંકા રહેતી હતી ક્યારે કયો શત્રુ વહેલી સવારે અચાનક જ તેમની વસ્તી ઉપર ત્રાટકે. આ એક એવી પરિસ્થિતિ હતી જેને આખુ આરબપ્રદેશ અનુભવી રહ્યું હતું, પરંતુ કોઈ તેને ખતમ કરવા સંબંધે વિચારતુ ન હતુ.

આ પરિસ્થિતિ ભણી ઘોડાઓ દ્વારા હુમલો કરીને છાપો મારવાનું આલેખન કરતાં ધ્યાન દોરવામાં આવ્યું છે કે મૃત્યુ પછી બીજા જીવન અને તેમાં ખુદા સમક્ષ ઉત્તર આપવાથી બેપરવા થઈને માનવી રબનો અપકારી થઈ ગયો છે એ ખુદાએ આપેલી શક્તિઓને જુલમ-અત્યાચાર અને વિનાશ માટે વાપરી રહ્યો છે. ચાહે એ ધન-દૌલતના મોહમાં અંધ બનીને દરેક રીતે તેને પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરી રહ્યો છે. ચાહે એ ગમે તેવા નાપાક અને ઘૃણાસ્પદ કેમ ન હોય. તેનું આ વલણ કદાપિ ન હોત જો તે એ સમયને જાણતો હોત, જ્યારે કબરોમાંથી જીવિત થઈને ઊભા થવાનું હશે અને જ્યારે તે ઇરાદાઓ અને હેતુઓ સુદ્ધાં હૃદયોમાંથી કાઢીને સામે મૂકી દેવામાં આવશે, જેમના માટે તેણે દુનિયામાં વિવિધ પ્રકારના કર્મો કર્યા હતા. એ સમયે માનવોના રબને સારી પેઠે ખબર હશે કે કોણ શું કરીને આવ્યું છે અને તેની સાથે કેવા પ્રકારનું વલણ અપનાવવું જોઈએ.

સૂરઃઅલ કારિઆમાં છે કે જે કયામતથી ડરાવવામાં આવી રહ્યા છે. તેના સમયની જો કે કોઈને જાણ નથી પરંતુ તેનું આવવું નિશ્ચિત છે. જે રીતે કોઈ અચાનક જ આવીને બારણું ખટખટાવે છે, એ જ રીતે એ પણ અચાનક જ આવી પહોંચશે. એ દિવસે કોઈને પાસે કોઈ શક્તિ તથા સંગઠન નહીં હોય. લોકો કબરોમાંથી એવી રીતે ભયભીત અવસ્થામાં નીકળશે જેવી રીતે વરસાદમાં પતંગિયાઓ નીકળે છે. દરેક ઉપર નફસા-નફસીની હાલત છવાયેલી હશે કોઈપણ કોઈ બીજાની મદદ કરવાની સ્થિતિમાં નહીં હોય. એ દિવસે કિલ્લા, બંગલા અને કોટ તો બાજુએ રહ્યા પહાડો સુદ્ધાંની હાલત આ હશે કે તેઓ પિંજાયેલા રૂની જેમ થઈ જશે. એ દિવસ ફક્ત સદ્કાર્યો જ કામમાં આવશે. અલ્લાહતઆલા પોતાના ન્યાયની તુલા સ્થાપિત કરશે. જેની નેકીઓનું પડલુ ભારે હશે તે જન્નતના ક્યારેય સમાપ્ત ન થનાર એશમાં હશે અને જેની બૂરાઈઓનું પડલુ ભારે હશે તેમને દોઝખના ખાડામાં ભડકે બળતી આગમાં ફેંકી દેવામાં આવશે.

સૂરઃતકાસુરમાં લોકોને આ દુનિયા પરસ્તીના ખરાબ પરિણામથી ચેતવવામાં આવ્યા છે, જેના કારણે એ મૃત્યુપર્યંત વધુમાં વધુ ધન-દૌલત અને દુન્યવી લાભો અને લિજ્જતો તેમજ હોદ્દા અને સત્તા પ્રાપ્ત કરવા તથા તેમાં એકબીજાથી આગળ નીકળી જવા કે વધી જવા અને આ જ વસ્તુઓની પ્રાપ્તિ ઉપર ગર્વ કરવામાં લાગેલા રહે છે. અને આ જ એક ચિંતાએ તેમને આ વિચારવાની તક જ નથી આપી કે ક્યારેક એક નિશ્ચિત તબક્કો હિસાબ-કિતાબ તથા સજા અને વળતરની

પણ આવવાનો છે જેનાથી બેપરવા થઈને જીવન ગુજારનારા જહન્નમનો સામનો કરવો પડશે અને એ દિવસે દરેકથી આ પણ જવાબ માગવામાં આવશે કે તેણે દુનિયામાં જે કંઈ પ્રાપ્ત કર્યું છે એ કયા માર્ગે મેળવ્યું અને કયાં રસ્તે ખર્ચ કર્યું અને અલ્લાહે જે શક્તિઓ, કાબેલિયતો અને ને'મતો તેને આપી હતી તેમનો કેટલો ભાગ એ આપનારની પ્રસન્નતા માટે અને કેટલો ભાગ પોતાના નફસ અને ઇચ્છાઓ તથા શેતાન માટે વાપર્યો.

સૂરઃ અલ-અસ્રમાં બતાવવામાં આવ્યું છે કે જીવનની ખરી કદર અને મૂલ્ય શું છે? માનવીની ભલાઈનો માર્ગ કયો છે અને બરબાદીનો માર્ગ કયો છે? "કાળના સોગંદ" હકીકતમાં માનવી ખૂબ જ ખોટમાં છે, સિવાય એ લોકોના જેઓ ઈમાન લાવ્યા અને સત્કાર્યો કરતા રહ્યા અને એકબીજાને સત્યની શિખામણ અને ધીરજની શીખ આપતા રહ્યા. ઈમાન શાફઈ રહ.એ ફરમાવ્યું કે જો લોકો આ સૂરઃ ઉપર ચિંતન-મનન કરે તો આ જ તેમની કાયમી હિદાયત માટે પૂરતી છે. સહાબાએ કિરામ રદિ. જ્યારે પરસ્પર મળતા તો એકબીજાને આ સૂરઃ સંભળાવ્યા વિના છૂટા પડતા ન હતા.

સૂરઃ અલ હુમઝામાં બતાવવામાં આવ્યું છે કે લોકો પર મ્હેણાં-ટોણાં, એબ અને ખામી શોધવી, ધનની લાલસા અને કંજૂસી દોઝખના ઈંધન બનાવવાના કારણો છે. ફરમાવ્યું વિનાશ છે એ દરેક વ્યક્તિ માટે જે મોઢા મોઢ લોકોને મ્હેણાં અને પીઠ પાછળ બૂરાઈઓ કે નિંદા કરવા ટેવાયેલી છે. જેણે ધન એકત્ર કર્યું અને તે ગણી-ગણીને રાખ્યું, એ સમજે છે કે તેનું ધન હંમેશ તેની પાસે જ રહેશે. કદાપિ નહીં એ વ્યક્તિને તો ભુક્કો ઉડાવી દેનાર જગ્યામાં ફેંકી દેવામાં આવશે. અલ્લાહે ધગધગાવેલી આગ ખૂબ જ ધગધગાવેલી, જે હૃદયો સુધી પહોંચી, એ તેમના પર ઢાંકીને બંધ કરી દેવામાં આવશે. એ સ્થિતિમાં તેઓ ઊંચા ઊંચા સ્તંભોમાં ઘેરાયેલા હશે.

સૂરઃ ફ઼ીલ દ્વારા અલ્લાહે દીનનો વિરોધ કરનારાઓને જણાવ્યું કે જો દીનનો વિરોધ આ રીતે જ ચાલુ રહ્યો તો હાથીઓથી કાબાની રક્ષા કરનાર ખુદા તેમને સ્વાદ ચખાડી દેશે. અર્થાત્ અબ્રહાના એ લશ્કરી હુમલા ભણી ધ્યાન દોર્યું છે કે તેણે બૈતુલ્લાહને તોડી પાડવાના નાપાક ઈરાદાઓથી સાંઈઠ હજારના મહાકાય લશ્કર સાથે મક્કા પર હુમલો કર્યો હતો અને એક મોટી સંખ્યા તેમનામાં હાથીઓની હતી. એવા ભારે લશ્કર સામે આરબો માટે મેદાનમાં નીકળીને લડવું અશક્ય

હતું. આ કારણે તેમણે પહાડીઓમાં સુરક્ષિત થઈને પથ્થરવર્ષાની સ્થિતિમાં સ્વરક્ષાના પ્રયત્ન કર્યા. આ પ્રયત્ન અત્યંત કમજોર હતા. પરંતુ અલ્લાહે આ કમજોર પ્રયત્નોને પોતાના મોકલેલ અબાબીલોના લશ્કરથી મદદ કરી અને અબ્રહા માટે તેણે અલ્લાહનો પ્રકોપ બનાવી દીધો. અને તેનું લશ્કર એવી રીતે નષ્ટ થયુ કે અલ્લાહે તેનું માંસ મક્કાની ખીણમાં ચીલ-કાગડાઓ અને ગિધોને ખવડાવી દીધું. આ બનાવથી સમગ્ર આરબ પ્રદેશનું ધ્યાન દોર્યું કે વિચારો કે મુહમ્મદ સ.અ.વ. જે વસ્તુનું આમંત્રણ આપી રહ્યા છે એ અંતે આ સિવાય બીજું શું છે કે તમામ મઅબૂદો (ઉપાસ્યો)ને છોડીને માત્ર અલ્લાહ વહદહુ લા શરીક (જેનો કોઈ ભાગીદાર નથી)ની ઇબાદત કરે. જેણે હમણાં થોડાક જ વર્ષો પહેલાં અબ્રહાના હુમલાથી કાબાની રક્ષા કરી અને તમારૂં એકેએક બાળક જાણે છે કે એ સમયે કોઈ પણ દેવી-દેવતા તમારા કામ ન આવ્યા.

ટુંકમાં આ કે જો અબ્રહાનો હુમલો સફળ થઈ જાત તો માંત્ર કુરૈશ જ નહીં બલ્કે આખું આરબ-જગત તબાહ થઈ જાત લોકોના ઈમાન અલ્લાહ પરથી ઉઠી જાત કે આ ખુદાનું ઘર છે અને કુરૈશને જે ધાર્મિક દરજ્જો પ્રાપ્ત હતો એ ખતમ થઈ જાત, અને કુરૈશ ગુલામ બની જાત. તે સાથે જ તેમની વ્યાપારિક પોઝીશન પણ ખતમ થઈ જાત અને સમગ્ર વેપાર જેણે તેમને શામ (સીરિયા) અને યમનમાં કારોબાર ઉપર પ્રભુત્વ કે અંકુશ અપાવ્યો હતો એ સમાપ્ત થઈ જાત અને તેઓ ખ્રિસ્તીઓની દયા-કૃપા ઉપર આવી જતા. અલ્લાહે પોતાના આ ઈનામનો ઉલ્લેખ કર્યો કે વેપાર દ્વારા અને અબ્રહાથી છુટકારો અપાવવા દ્વારા આ કાબાતુલ્લાહ તમને શાંતિ-સલામતિમાં પણ બક્ષે છે કે જ્યાં ઇચ્છો ત્યાં જાઓ તમને કોઈ પણ કંઇ જ કહેનાર નથી અને તમે રોજી પણ મેળવી રહ્યા છો. અલ્લાહે તમને ભૂખ અને અશાંતિ બંનેથી પોતાના ઘરના પ્રતાપે બચાવી રાખ્યા છે. આથી આ ઘરવાળાની ઇબાદત કરો.

સૂરઃ અલ માઊનની પ્રથમ ત્રણ આયતોમાં એ કાફિરોની સ્થિતિ વર્ણવવામાં આવી છે જે છડેચોક આખિરતને જુઠી ઠેરવે છે. ફરમાવ્યું તમે જોઈ એ વ્યક્તિને જે આખિરતની સજા અને વળતરને જુઠી ઠેરવે છે? એ જ તો છે જે અનાથને ધક્કા મારે છે, અને લોકોને ગરીબોને ભોજન આપવા માટે ઉત્તેજન નથી આપતા. આના પછી મુનાફિકો (દંભીઓ)ની હાલત વર્ણવી છે જેઓ બાહ્ય રીતે જોતાં મુસલમાન છે પરંતુ હૃદયમાં આંખેરત અને તેની સજા તથા વળતરની સ્પષ્ટ ધારણા નથી ધરાવતા. ફરમાંવ્યું વિનાશ છે એ નમાઝ પઢનારાઓ માંટે જેઓ પોતાની

નમાઝો પ્રત્યે ગફલત દાખવે છે અને પઢે પણ છે તો લોકોને દેખાડવા માટે પઢે છે. અને નાની નાની જરૂરતની વસ્તુઓ પણ લોકોને માગવા છતાં આપવામાં કંજૂસાઈ કરે છે. જાણે સ્પષ્ટપણે બતાવી દીધું આખેરતની કલ્પનામાં ખરાબી કે ખામી માનવીમાં ચારિત્રની કમજોરી અને મનની સંકડાશ જન્માવે છે.

સૂરઃ અલ કૌસરથી અગાઉની સૂરઃનો હેતુ આ બતાવવાનો હતો કે હઝરત ઈબ્રાહીમ અ.સં. એ પોતાની સંતાનને જે હેતુ માટે અહીં લાવીને વસાવી હતી અને શાંતિ તથા રોજીની દુઆ માગી હતી. કુરૈશે તેને સંપૂર્ણપણે નષ્ટ કરી મૂકી છે ન તો તેઓ એક માત્ર અલ્લાહની બંદગી કરે છે અને ન જ ગરીબો અને અનાથોના હક્કોની રક્ષા કરે છે. હવે સૂરઃકૌસરમાં નબી સ.અ.વ.ને સીધેસીધા જ સંબોધીને ખુશખબર આપી છે કે હવે અસીમ ભલાઈઓનો ખજાનો એટલે કે બૈતુલ્લાહને આ દુષ્ટોથી ઝૂંટવીને આપ સ.અ.વ.ને હવાલે કરવામાં આવનાર છે. જ્યારે આવું થાય તો આપ પોતાના રબની નમાઝો પઢો અને તેના માટે કુર્બાની આપો અને મુશ્રિકોની જેમ કોઈ પણ પ્રકારના શિર્કથી તેને કલુષિત ન થવા દો. સાથે વિરોધીઓને ધમકી આપી કે આ લોકોને અલ્લાહ તરફથી જે બરકતો અને રહમતો મળી હતી જ્યારે આ ઘર તેમનાથી ઝૂંટવી લેવામાં આવશે ત્યારે તેઓ એ તમામ બરકતો અને રહમતોથી વંચિત થઈ જશે અને પરિણામે તેમના મૂળ જ કપાઈ જશે આ ખુશખબર અંતે પૂરી થઈ રહી.

સૂરઃઅલ કાફિરૂનથી પહેલાંની તમામ સૂરઃઓમાં કુરૈશના અગ્રણીઓને કોમી અને માનવી આધારો ઉપર સંબોધવામાં આવ્યા છે. ક્યાંય યા,ઐય્યુહલ કાફિરૂન કહીને સંબોધન કરવામાં નથી આવ્યું. આ સૂરઃમાં બતાવવામાં આવ્યું છે કે કુફ્રનો દીન અને દીને ઈસ્લામ એકબીજાથી સંપૂર્ણ અલગ છે. આપણી વચ્ચે દીનના મૂળભૂત મા'બૂદ (ઉપાસ્ય)ના પ્રશ્ન વિશે કોઈ પણ વાત સમાન નથી. એ નતો પહેલાં હતી ન જ આજે છે અને ન જ ભવિષ્યમાં હશે. આ વાત જો કે શરૂઆતમાં કુરૈશના કાફિરોને સંબોધીને કહેવામાં આવી હતી. પરંતુ આ તેમના સુધી જ સીમિત નથી બલ્કે આને કુર્આનમાં નોંધીને તમામ મુસલમાનોને કયામત સુધી આ શિક્ષણ આપવામાં આવ્યું છે કે દીને કુફ્ર જ્યાં જે રૂપમાં પણ હોય આનાથી મુક્તિની જાહેરાત કરવી જોઈએ અને કોઈ પણ બાંધછોડ વિના કહી દેવું જોઈએ કે દીનની બાબતમાં કાફિરો સાથે કોઈ પણ જાતની સમજૂતી થઈ શકે નહીં. આથી સૂરઃએ સમયે પણ પઢવામાં આવતી રહી જ્યારે એ લોકો મરી-ખપી ગયા જેમની વાતોના

જવાબમાં આ નાઝિલ થઈ હતી અને એ લોકો પણ મુસલમાન થયા પછી પઢતા રહ્યા જે આના નાઝિલ થવાના સમયે કાફિર-મુશ્રિક હતા અને તેમના ગુજરી જવાના સૈકાઓ પછી આજે પણ મુસલમાનો આને પઢે છે, કારણ કે કુફ્ર અને કાફિરોથી છુટકારો અને સંબંધ વિચ્છેદ એ ઈમાનનો મૂળ અને કાયમી તકાદો છે.

સૂરઃઅન્‌નસ્ર હજ્જતુલ વિદાઅ પ્રસંગે મિનામાં નાઝિલ થઈ અને ત્યાર પછી હુઝૂર સ.અ.વ. પોતાનો એ જાણીતો ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો જેમાં ફરમાવ્યું કે હું નથી જાણતો કે કદાચ આ પછી તમારાથી મળી શકું. ખબરદાર રહો! તમારા લોહી અને તમારી ઇજ્જતો એકબીજા ઉપર એ જ રીતે હરામ છે જે રીતે આ દિવસ અને આ જગ્યા હરામ છે. આ સૂરઃનું ઉતરણ આ વાતની નિશાની સમજવામાં આવી કે હવે હુઝૂર સ.અ.વ.નો અંતિમ સમય આવી પહોંચ્યો છે અને હવે આના પછી આપ સ.અ.વ. પોતાના રબની સ્તુતિ-પ્રશંસા તથા ઇસ્તિગફાર કરે. આ સૂરઃ બતાવે છે કે કોમોના આમ અગ્રણીઓ, માર્ગદર્શકોમાં અને અલ્લાહના નબીમાં શું ફરક હોય છે. આમ અગ્રણીઓ અને માર્ગદર્શકો જો પોતાના ધ્યેયમાં સફળ થઈ જાય તો સામાન્ય રીતે નેતા અને કોમ ખૂબ જ ઉત્સવ અને જશ્ન મનાવે છે. પરંતુ અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ૨૩ વર્ષની ટુંકી મુદ્દતમાં એક આખી કોમના અકીદા, વિચારો, ટેવો, નૈતિકતા, રહેણીકરણી, કારોબાર તેમજ રાજકારણની રીતો એટલે સુધી કે યુદ્ધ અને સંધિના સિદ્ધાંતો તથા કાનૂનો સુદ્ધાં સંપૂર્ણપણે બદલી નાખ્યા અને જાહેલિયત અને અજ્ઞાનતામાં ડુબેલ કોમને ઉઠાવીને આ લાયક બનાવી દીધી કે એ દુનિયાને સર કરી નાખે અને સમગ્ર વિશ્વની ઈમામ (આગેવાન) બની જાય. પરંતુ આવું મહાન-શાનદાર કાર્ય કે પરાક્રમ આપના હાથે પુરુ થયા બાદ પણ આપને જશ્ન મનાવવાનો નહીં બલ્કે અલ્લાહની પ્રશંસા અને સ્તૃતિ કરવા અને તેનાથી મગફિરત-ક્ષમાની દુઆ માગવાનો હુકમ આપ્યો છે અને સંપૂર્ણ વિનમ્રતા સાથે આપ સ.અ.વ. આ કાર્યમાં લાગી જાય છે. હઝરત આયશા રદિ. ફરમાવે છે કે હુઝૂર સ.અ.વ. પોતાની વફાત અગાઉ "સુબ્હાનકલ્લાહહુમ્મ વ બિ હમ્દિક અસ્તગ્ફિરુક વ અતુબુ ઇલૈહ" (હે અલ્લાહ! તું પાક-પવિત્ર છે, તારી પ્રશંસા કરતાં તારાથી જ મગફિરત ચાહું છું અને તારી કૃપા દૃષ્ટિ ઇચ્છુ છું.) ખૂબ જ પઢતા રહેતા હતા અને હઝરત ઉમ્મે સલમાહ રદિ. ફરમાવે છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.ના

પવિત્ર જીભે અંતિમ સમયમાં ઉઠતા-બેસતાં અને આવતાં-જતાં આ શબ્દો સરતા રહેતા હતા સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી.

સૂરઃ નસ્ર અને સૂરઃ લહબ પૈકી સૂરઃનસ્રમાં મદદ અને ફત્હ (વિજય) તથા પ્રભુત્વની ખુશખબર આપ્યા બાદ સૂરઃ લહબને રાખી જેથી જણાઈ જાય કે અલ્લાહે પોતાના પયગમ્બરને પ્રભુત્વ આપી દીધું અને આપના દુશ્મનને બરબાદ કરી દીધો અને આ આગાહી હતી જે અબૂ લહબના જીવનમાં કરવામાં આવી હતી. એ અલ્લાહને બદલે ધન-દૌલત ઉપર વધુ વિશ્વાસ કરતો હતો અને તેણે જંગે બદ્રમાં જવાને બદલે ધન આપીને ભાડૂતી માણસોને પોતાના તરફથી લડવા મોકલી દીધા હતા. આવા લોકો એટલે સુધી આગળ વધી જાય છે કે તેઓ સમજવા લાગે છે કે જો પૈસા છે તો અમે તેના દ્વારા અલ્લાહની પકડથી પણ સુરક્ષિત રહીશું. આ સૂરઃમાં પૈસાની તુચ્છતાને પણ સ્પષ્ટ કરવામાં આવી છે કે એ તેને કંઈ ખપ નહી લાગે. બલ્કે એ ભડકે બળતી આગમાં જઈ પડશે અને તેની પત્ની પણ ઈંધણનો બોજો ઉપાડીને ત્યાં જ જશે અને તેની ગરદનમાં આગની તપતી રસ્સી હશે.

સૂરઃઅલ-ઇખ્લાસ મક્કા વિજય પછી અકીદાની દૃઢતા અને અડગતા તેમજ મજબૂતી ભણી ધ્યાન દોરતાં સૂરઃઈખલાસમાં જે કંઈ વર્ણવામાં આવ્યું છે તેનો હેતુ એક માત્ર અલ્લાહ ઉપર એ રીતનું ઈમાન લાવવું છે કે તેની જાત કે ગુણ કે ગુણના અનિવાર્ય તકાદાઓમાં કોઈ પણ પાસાથી કોઈ બીજાની ભાગીદારીનો વિચાર સુદ્ધા મનમાં ન રહે. દુનિયામાં અલ્લાહને તો હંમેશા માનવામાં આવતો રહ્યો છે પરંતુ ગુમરાહી આ છે કે શેતાન વિવિધ પ્રકારના ફરેબ ધોખા આપીને એવી ભેળસેળ કરાવતો રહ્યો જેનાથી તેનું (અલ્લાહને) માનવું ન માનવું બંને એક સરખું જ થઈ જાય છે. આથી સ્પષ્ટરૂપે ફરમાવ્યું : કહો, તે અલ્લાહ છે, ફક્ત એક જ અને અદ્વિતીય. અલ્લાહ સૌથી બેનિયાઝ (નિરપેક્ષ, નિસ્પૃહ) છે અને સૌ તેના મોહતાજ છે. ન તેની કોઈ સંતાન છે અને ન તે કોઈનું સંતાન અને કોઈ તેના સમાન અને બરોબર પણ નથી.

સૂરઃઅલક ફલક અને સૂરઃઅન્ નાસ પહેલાંની સૂરઃઈખ્લાસ અંતિમ સૂરઃ નાસ છે, પરંતુ તૌહીદ (એકેશ્વરવાદ)ના ખજાનાની રક્ષા માટે આ બે સૂરઃઓ અલ ફલક અને અન્નાસ મુકવામાં આવી. આમાં બંદાઓને એ તમામ આફતો કે મુસીબતોથી પોતાના રબની પનાહ માગવાનો હુકમ આપવામાં આવ્યો છે જે તૌહીદ વિષે તેમના કદમ ડગમગાવી શકતા હતા. શેતાન સતત બહેકાવવાના કામે લાગેલો

છે. શંકા-કુશંકાઓ નાખે છે અને તેની સંતાન પણ વિવિધ રીતે તેમને (માનવીઓને) બહેકાવવામાં લાગેલ છે. ધાર્મિક લોકોના વેશમાં જેઓ જાદુ-ટોટકા અને જંતર-મંતર દ્વારા તેમને પોતાના માર્ગ પર લગાવી લે છે. આ બંને સૂરઃઓમાં ખુદ શેતાનની શંકા-કુશંકા નાખવા અને તેના એજન્ટોની અદાકારીઓથી પનાહ માંગવાની શિખામણ કે તાકીદ કરવામાં આવી છે અને બતાવવામાં આવ્યું છે કે અલ્લાહ જ પનાહ-શરણ આપી શકે છે જે તમામ માનવોનો રબ, તેમનો ઇલાહ (પૂજ્ય કે ઉપાસ્ય) અને સાચો હાકેમ-બાદશાહ છે. ફરમાવ્યું : કહો, હું શરણ માગું છું, પરોઢના રબનું, દરેક તે વસ્તુની બૂરાઈથી જે તેણે પેદા કરી છે, અને રાત્રિના અંધકારની બૂરાઈથી જ્યારે કે તે છવાઈ જાય, અને ગાંઠોમાં ફૂંકનારાઓ (અથવા ફૂંકનારીઓ)ની બૂરાઈથી, અને ઈર્ષા કરનારાની બૂરાઈથી જ્યારે તે ઈર્ષ્યા કરે. કહો, હું શરણ માગું છું મનુષ્યોના રબ (પ્રભુ-પાલનહાર)નું, મનુષ્યોના સાચા ઉપાસ્ય (મઅ્બૂદ)નું, તે વસ્વસા (ભ્રમ, શંકા-કુશંકાઓ) નાખનારની બૂરાઈથી જે વારંવાર પાછો આવે છે, જે લોકોના હૃદયોમાં વસ્વસા નાખે છે, ચાહે તે જિન્નાતોમાંથી હોય કે મનુષ્યોમાંથી.

અલ્લાહનો આભાર છે કે તરાવીહના કેટલાક મુદ્દાઓ અને ટુંકસારનો આ ક્રમ આ સાથે સમાપન પામે છે. અલ્લાહ આ ભાંગી-તૂટી કોશિશને કબૂલ ફરમાવે. (આમીન.) ●